# હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદની કરામતો

عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان


★ લેખક ★

હઝરત "રાઝ" ઈલાહાબાદી

★ અનુવાદક ★

જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમીવાલા ઝંઘારવી



★ પ્રકાશક ★

અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા

GRWB/059/Bharuch/02

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,

તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦

ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨

મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧ Email ID : islamic@sancharnet.in

પ્રકાશન નં. : ૧૩૭ આવૃત્તિ-૧ પ્રત : ૩૩૦૦

૧-મુહર્રમુલ્ હરામ હિ.સ. ૧૪૨૬ જાન્યુઆરી-૨૦૦૬

નૂરાની આર્ટ-દયાદરા, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


## ★ અનુક્રમણિકા ★


- પ્રકાશકના બે બોલ... *(પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)* 005
- "કરામાતે મુફતીએ આ'ઝમ" رضی اللہ عنہ ગુજરાતી પ્રકાશન ટાણે કંઈક.... 013
- નઝરે અકીદત 019
- સૈયદી અબુલહસન નૂરી رحمۃ اللہ علیہ નું આગમન 022
- સૌ પ્રથમ મુંબઈમાં હઝરત મુફતીએ આ'ઝમે હિંદની ઝિયારત 023
- બાળપણની દુઆ 024
- કામિલ વલીની પેહચાન 025
- હું સૂઈ ગયો અને નસીબ જાગ્યું 026
- હઝરતનો ઈશારો અને ફસાદ 028
- હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની ઝિયારત 029
- હઝરતનો કશ્ફ 029
- હઝરતનો કશ્ફ અને મારા પત્નીને પોતાની બેટી બનાવવી 030
- ઔલાદ માટેની દુઆ કઈ રીતે કબૂલ થઈ ? 033
- સતનામાં એક સીંધી ઔરતનો હેરતઅંગેઝ બનાવ 035
- આ'લા હઝરત અઝીમુલ બરકત હઝરત મૌલાના શાહ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ નું એલાન 036
- હઝરતની પરહેઝગારી 037
- પરહેઝગારીનો બીજો બનાવ 039
- હઝરત મુફતીએ આ'ઝમે હિંદની અસરની નમાઝ 040
- નમાઝ કઝા થવા પર નારાજગી 042
- એક જબરદસ્ત કરામત 043
- ઈસ્માઈલપુરમાં હઝરતનું આગમન 044
- દાઢી મૂંડાવવા પર સખત નારાજગી 045
- હઝરતની જબરદસ્ત કરામત ! 046
- કારી હબીબ અશરફ હજ્જ માટે રવાના 050
- હઝરત મુફતીએ આ'ઝમે હિંદની ઝિયારત હતીમ શરીફમાં 050

## ★ અનુક્રમણિકા ★


- સુલ્તાનુલ્ હિંદ ગરીબ નવાઝે કાદરીની નિસ્બતને લીધે પહેલી હાજરીથી નવાઝયો 053
- હઝરતની દુઆથી ફાંસીથી બચી ગયો ! 056
- અમદાવાદમાં હઝરતની કરામત 060
- એક વલીના કરમનો અંદાઝ 061
- ડગલેને પગલે આગાહી 063
- બહેન મૈમૂના પટેલનો મુંબઈથી પત્ર 065
- હઝરતની ખિદમતમાં જિન્નાતો કઈ રીતે આવે છે 066
- ગાયબ (ગુમ થયેલ) તાવીજ કઈ રીતે મળ્યું ?! 070
- મારું તાવીજ ગુમ થયું ! 071
- હઝરતની ખિદમતમાં એક મઝજૂબની હાજરી 071
- અલ્લાહવાળાઓને દોલતની ખ્વાહિશ નથી હોતી 075
- એક બીમાર ઔરત કઈ રીતે સાજી થઈ 078
- એહકામે શરીઅતની પાબંદી (ફોટો ન પડાવ્યો) 079
- હઝરત મૌલાના સૈયદ શાહ મુહમ્મદ શિફાઉસ્સમદ સાહબ رحمۃ اللہ علیہ 080
- મેહફિલે સમાઅ અને હું 081
- અલ્હાબાદ સ્ટેશન પર એક વેળા 082
- નમાઝને કારણે ગાડી છોડી દીધી 083
- નાગપુરમાં એક ભાઈ ઈમાન લાવ્યા 084
- મરણ પથારીએ પડેલા આદમીનો ઈલાજ ગાડીમાં કર્યો 085
- હઝરતના કદમોની બરકત 086
- ફતેહપુરમાં હઝરતનું આગમન 088
- એક માણસ મરતાં મરતાં બચ્યો ! 089
- જબલપુરનો બનાવ 090
- નાસિકમાં જબરદસ્ત કરામત 091
- સાદાતે કિરામનો એહતેરામ 092




## ★ અનુક્રમણિકા ★


- હઝરતની જબરદસ્ત કરામત ! 093
- અકબરી મસ્જિદ તથા શાહજહાંની મસ્જિદ અજમેર શરીફના ઈમામ સિલસિલાના વર્તુળમાં તેમજ ખિલાફતમાં 094
- ચોર પોતાના નાપાક ઈરાદામાં કામિયાબ ન થયો 095
- બનારસમાં હઝરતનો ફય્ઝાને તસર્રુફ 097
- મુરાદાબાદ જિલ્લામાં અકીદતમંદનો ચોરાયેલો માલ પાછો મળ્યો 098
- હઝરતનો કશ્ફ 100
- હઝરતના કશ્ફનો બીજો બનાવ 101
- મૌલાના નસીમ બસ્તવીનું બયાન 104
- સરાએ ગની (અલ્હાબાદ)માં એકાએક વરસાદનું બંધ પડી જવું 104
- આદમભાઈ લંડનથી ઈલાજ માટે આવ્યા 105
- વિલાયતની નજરો ક્યાં સુધી જુએ છે ? 107
- આસનસોલમાં હઝરતના આગમનની બરકતો 108
- મરતા પહેલાં તૌબાની તૌફીક 109
- હુઝૂર પોતાના ગુલામોની લાજ રાખે છે 110
- જમદાશાહી (જિલ્લે બસ્તી)માં હઝરતની રૂહાનિયતના જલ્વા 112
- માંગ્યા વગર તાવીઝ આપ્યું 113
- જબલપુરમાં હઝરતની રોશનઝમીરીનો અજીબ બનાવ 114
- ખ્વાબમાં રૂહાની હિમાયત પાસબાનીની બશારત 116
- સૈયદના ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ના પીરો મુર્શિદ 117
- આ'લા હઝરત رحمۃ اللہ علیہના આસ્તાના પર યુ.પી.ના ગવર્નરની હાજરી 120
- હઝરત તરફથી ખાવાની દા'વત 121
- હઝરત મખ્દૂમ સિમનાની رحمۃ اللہ علیہ ની ઝિયારત 122
- દુરૂદે જુમ્આ 124
- દુરૂદે જુમ્આની બરકત 125

## પ્રકાશકના બે બોલ

# ખરેખર ! જે ગયા તેમની ખુરશીઓ ખાલી જ છે !

રજૂ. **પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

ઢુંઢતે ઢુંઢતે ઈસ દહરમેં થક જાઓગે
ઐસા મુર્શિદ ન ઝમાનેમેં કહીં પાઓગે !
આંસૂંઓ ! અબ મેરી આંખોં હી મેં રહના સીખો
દામને મુફ્તીએ આ'ઝમ ન કહીં પાઓગે !

કોઈ ખુશનસીબ સવારની દુઆઓમાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ ઘણા જ દર્દમય અંદાઝમાં આ દુઆ કરી હતી, **"હે માલિકે બેનિયાઝ ! હે રબ્બે કરીમ ! મને એવી ઔલાદથી સરફરાઝ ફર્માવ જે દીર્ઘકાળ સુધી તારા દીન અને તારા બંદાઓની ખિદમત કરે."** મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ના મુબારક હોઠોએથી નીકળેલી આ દુઆ કુબૂલિયતના શરફથી સરફરાઝ થઈ અને ૨૨ ઝીલ હજ્જ હિ.સ. ૧૩૧૦ની બાબરકત ઘડીઓમાં એક ખૂબસૂરત અને ખુશ બખ્ત ફરઝંદનો જન્મ થયો. "મુહમ્મદ" નામ પર અકીકો થયો અને "મુસ્તફા રઝા" નામ ઉર્ફ ઠર્યું.

### ★ વલીને વલી જ ઓળખે ! ★

વિલાદતના બરાબર છ મહિના બાદ **હઝરત શાહ અબુલહસન નૂરી** મિયાં મારહરવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ જ્યારે બરેલી શરીફ તશરીફ લાવ્યા તો આ'લા હઝરતને મુબારક બાદ આપીને આ નસીબદાર ફરઝંદના વિશે આ બશારત તથા આગાહી કરી કે :–

★ "આ બાળક દીનો મિલ્લતની મહાન ખિદમત કરશે અને ખુદાની મખ્લૂકને એની જાતથી ઘણો જ ફયૂઝ પહોંચશે. **આ બાળક વલી છે,**



તેની નજરોથી લાખો ગુમરાહ ઈન્સાન હક્ક પર પરત આવશે અને ફયૂઝનો દરિયો વહાવશે."

★ હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رضی اللہ عنہ જયારે નવ વરસના હતા ત્યારે આપના વાલિદે મોહતરમ આ'લા હઝરત, કુત્બુલ ઈર્શાદ, મુજદ્દિદે આ'ઝમ **ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ એ જાહેર મેહફિલની વચ્ચે વિખ્યાત ઉલમા તથા મશાઈખના મજમામાં એલાન કર્યું હતું કે, **"મારો આ બાળક મુસ્તફા રઝા વલી છે, એનાથી લાભ ઉઠાવશો."**

★ જયારે હુઝૂર હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ના વિસાલની ખબર હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ સુધી પહોંચી તો ચાંદ જેવો ચમકતો નૂરાની ચહેરો મુરઝાઈ ગયો, અભાગીઓના ભાગ્યને સમારનારાની ચશ્મે કરમથી અશ્રુધારા ફૂટી નીકળી. સરકાર ધ્રુસ્કે ધ્રુસ્કે રડી રહ્યા હતા. આપની સેવામાં હાજર રહેલા ખાદિમોનાં દિલો આ મંઝરથી ટુકડે ટુકડા થઈ રહ્યાં હતાં.....ઘણીવાર આંસૂંઓનાં મોતી લૂટાવ્યા પછી હઝરત બેચૈનીના આલમમાંથી બહાર આવ્યા તો મોડે સુધી હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ની પ્યારી પ્યારી વાતો કરતા રહ્યા, તેમની ઈલ્મી ઉચ્ચતા, ઝોહદો તકવા તથા પાકીઝગી તથા બુઝુર્ગીનાં ગુણ ગાતા રહ્યા અને છેવટે ફર્માવ્યું, **"આ દુનિયાથી જે લોકો ચાલ્યા જાય છે તેમની જગા ખાલી રહે છે. ખાસ કરીને મોલ્વી અબ્દુલ અઝીઝ** عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ **જેવા જલીલુલ કદર આલિમ, મર્દે મો'મિન મુજાહિદ, અઝીમુલ મર્તબત શખ્સિયત અને વલીની જગા પૂરાવી ઘણી જ મુશ્કેલ છે, આ ખાલી જગા નથી પૂરાઈ શક્તી."** *(અન્વારે મુફ્તીએ આ'ઝમ, પેજ–૨૪)*

આ પરથી બાનીએ જામિઆ અશરફિયા–મુબારકપુર હુઝૂર હાફિઝે મિલ્લત હઝરત અલ્લામા અબ્દુલ અઝીઝ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ની વિલાયત તથા ઉચ્ચ શાન સમજમાં આવે છે. એ જ વલીએ કામિલ હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ પણ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ના માટે શું કહે છે તે સાંભળો ! :–

**"જેને ઝિંદા વલી જોવો હોય તે હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદને જોઈ લે !** જેમને આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْએ બચપનમાં ઈર્શાદ ફર્માવ્યો કે, "આ મારો બાળક વલી છે !" જેથી મારો અકીદો છે કે મુફ્તીએ આ'ઝમ વલી છે."

હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْને તેમના સમકાલિન મહાન મહાન આલિમો બુઝુર્ગો અલલ એલાન "વલીએ કામિલ" કહેતા માનતા હતા.

## ★ શરીઅત વિરૂધ્ધ વર્તનાર પીર કે વલી નથી થઈ શક્તો ! ★

આજે અજબનો દૌર ચાલ્યો છે ! આજે તો જોયા ભાળ્યા વિના શરીઅત વિરૂધ્ધ ચાલતા તથા જાહિલ પીરનો મુરીદ કોઈ બની જાય છે તો તે પોતાના પીરને આરિફ બિલ્લાહ અને કુતુબ અને વલીઓનો સરદાર બનાવી દે છે ! અને તેવો મુરીદ માલદાર થઈ જાય તો તેવા જાહિલ પીરને દેશ વિદેશ મોકલી ઈન્ટરનેશનલ પીર બનાવી દે છે ! જ્યારે હકીકત એથી ઉલ્ટી હોય છે કે એવા પીર ન આલિમ હોય છે ન આલિમની સોહબતને પસંદ કરતા હોય છે. આજે તો કોઈ દાઢી મૂંડો હસ્તી કહેવાય છે તો વળી કોઈ બેનમાઝી વલી કહેવાય છે ! **કોઈ પુષ્કળ તસ્વીરો ફોટાઓ અલલ એલાન પડાવનાર વલીએ કામિલ કહેવાય છે ! તો વળી કોઈ બેપર્દા ઔરતોના ટોળાને લઈને બેસનાર, તેમને હાથ ચૂમાડનાર, તેણીઓના માથે તથા પીઠે હાથ ફેરવી દેનાર, તેણીઓ પાસે પગો દબાવનારને પણ કામિલ હસ્તી કહેવાય છે ! વળી આડેધડ બકવાસ કરનારને મજઝૂબ ઠરાવી દેવામાં આવે છે !**

પણ હે મુસલમાનો ! કોઈના કહેવાતા ચમત્કારો, વહેતી વાતોના આધારે તેને વલી નથી કહી શકાતું, બલ્કે **"વલીની સૌથી મોટી કરામત એ તેની શરીઅત પર અડગતા"** છે. અને એ જ વલીની પેહચાન છે, **જે શરીઅત પર નથી તે હરગિઝ વલી નથી.** સાચા વલીની આબેહૂબ મિષાલ હુઝૂર મુફ્તીએ આ'ઝમ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْની જાત છે.



## ★ શરીઅતની પાબંદી તે આનું નામ ! ★

"અમદાવાદ પોતાના એક અકીદતમંદને ત્યાં જમવાની દા'વતમાં તશરીફ લઈ ગયા. મકાન માલિકના દરવાજે પહોંચીને આપના કદમ અટકી ગયા. ઘરમાલિક આશ્ચર્યમાં પડી ગયો કે છેવટે શું વાત છે ?! અને આપની નજીક પહોંચીને ઘરમાં આવવાની દરખાસ્ત કરી. હુઝૂર મુફ્તીએ આ'ઝમે ફર્માવ્યું, તારું ઘર સનમ ખાનુ (મૂર્તિઓનું ઘર) બનેલું છે ! આ સાંભળતાં જ તે જલ્દી જલ્દી ઘરમાં જઈને સર્વ તસ્વીરો (ફોટાઓ)ને હટાવી લે છે ત્યારબાદ આપ અંદર પ્રવેશ્યા." એટલા માટે કે **જાનદારની તસ્વીર રાખવી હરામ છે** અને હદીષમાં છે કે જે ઘરમાં આવી તસ્વીરો હોય તે ઘરમાં રહમતના ફરિશ્તા નથી પ્રવેશ કરતા.

યા અલ્લાહ ! ક્યાં ગયા આ શરીઅતના પાબંદ સાચા વલીઓ ! આજે તો પીર સાહબ અને વલી સાહબના ફોટા ક્યાંક બની બેઠેલા વલી જાતે જ ઘરમાં લગાડવા આપે છે તો ક્યાંક ફ્રેમિંગ કરીને મુરીદો વેચે છે તો ક્યાંક લોકીટોમાં પીરોના ફોટા વેચાય છે. અસ્તગફિરુલ્લાહ !

હુઝૂર મુફ્તીએ આ'ઝમના તકવાને કોણ પહોંચે ?! આપે બીજીવાર હજ્જમાં જતી વેળા ફોટા વિનાની પાસપોર્ટ પર હજ્જ કરી હતી. (પ્રથમ હજ્જ વેળા તો એ કાનૂન જ ન હતો). સ્ત્રીઓને પર્દામાં હોવા છતાં સામે બેસાડીને મુરીદ કરતા ન હતા બલ્કે ઓઠે બેસાડતા અને તાવીઝ લેવા આવનાર કોઈ સ્ત્રીની મજાલ નથી કે ચહેરો પણ ખોલીને સામે આવે અને જો ભૂલથી કોઈનાથી તાવીઝ લેતી વેળા હાથ ખૂલી જાય તો ધમકાવી કાઢતા પછી પ્યાર મહોબ્બતથી શરીઅતની પાબંદીનો સબક સમજાવતા. આજે ક્યાં આવા પીરો છે ? (ઈલ્લા માશાઅલ્લાહ !) આજે તો બેપર્દા ઔરતોનાં ટોળાં વિના તાવીઝ આપનારાઓને જાણે ચૈન નથી પડતું ! અસ્તગફિરુલ્લાહ ! ખુલે આમ શરીઅતના હુકમોની ધજ્જીઓ ઉડી રહી છે અને એમને લોકો હસ્તી કહી રહ્યા છે !

## ★ શરીઅત પર અડગતાનો અજોડ નમૂનો ★

પોતાની માન્યતા તથા મસ્લક પર મક્કમતા એક મહાન ચીજ છે, એના સંબંધે આપણા ઉલમા તથા બુઝુર્ગાને દીનમાં ઘણા ચમકતા દષ્ટાંતો

મૌજૂદ છે. હુઝૂર ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ આ સંબંધે વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

આપના દૌરમાં ખલ્કે કુર્આન (કુર્આનને મખ્લૂક કહેવાનો) ફિત્નો ઉઠયો જેનો આપે સખ્ત વિરોધ કર્યો. આ ફિત્નો એટલા પ્રમાણમાં ફેલાયો કે અબ્બાસી સલ્તનતના કેટલાય સત્તાધીશો જેમ કે મશ્હૂર અબ્બાસી ખલીફા મામૂન રશીદ પણ ખલ્કે કુર્આનનો પુરજોશ હામી હતો. સલ્તનતના ભયથી સર્વ ઉલમાની જીભો સીવાઈ ગઈ હતી પણ ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ અડગ હતા. મોઅતસિમના ખિલાફતના તખ્ત પર બેસ્યા બાદ ઈમામ અહમદને રુક્કાથી બગદાદ લાવવામાં આવ્યા. ચાર ચાર બેડીઓ તેમના પગોમાં પડી હતી, આપનાથી મુનાઝરા કરવામાં આવ્યા તેમાં ન ફાવ્યા તો મારવાની ધમકીઓ મળી, પણ આપ અડગ રહ્યા. ત્યાર બાદ આપને ૨૮ કોરડા મારવામાં આવ્યા. એક જલ્લાદ ફક્ત બે કોરડા મારતો પછી બીજાને બોલાવવામાં આવતો. કોરડો મારતી વખતે મોઅતસિમ રોક્તો પછી પૂછતો તો આપ તે જ જવાબ આપતા કે, "કુર્આન મખ્લૂક નથી !" પછી તે જલ્લાદને કહેતો કે પૂરી તાકાતથી કોરડો લગાવ ! એ દરમ્યાન આપ બેહોશ થઈ ગયા. કહે છે કે હાથી પર જો એક કોરડો પડતો તો તે ચીસ પાડીને ભાગતો ! એવા સખ્ત કોરડા પડતા હતા.

અમુક લોકોએ સમજાવવાની કોશિશ કરી, જાન બચાવવા એ અકીદાનો સ્વીકાર કરી લેવાની ગુંજાઈશ છે અને પોતાના બચાવ માટેની હદીષો સંભળાવી તો તેમણે કહ્યું કે હઝરત જનાબની આ હદીષનો શું જવાબ છે ? જેમાં કહેવામાં આવ્યું છે કે પહેલાં અમુક અમુક લોકો એવા હતા જેમનાં માથાં પર આરી રાખીને ચલાવવામાં આવતી હતી છતાં પણ તેઓ પોતાના દીનથી નથી હટયા !

દીન પર અડગતાનું આનાથી બેહતરીન તથા ઉચ્ચ દૃષ્ટાંત પેશ કરવું મુશ્કેલ છે. નિઃશંક ! નજીકની ભૂતકાળમાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદની શખ્સિયત આ બારામાં અજોડ જોવા મળે છે. ઈંદિરા ગાંધીના ઈમરજન્સીના સમયમાં નસબંદી માટે ખૂબ ચળવળ ઉઠી હતી ત્યારે આપે નસબંદી હરામ હોવાનો ફત્વો આપ્યો, કેમ કે ઘણા મુસલમાનો પણ એના શિકાર થઈ



ચૂક્યા હતા, પણ આપના ફત્વાથી મુસલમાન કૌમ નસબંદી કરાવવાથી અટકી ગઈ અને તેમના પર એક ધાર્મિક પાબંદી લાગી ગઈ. જો કે આવો ફત્વો બહાર પાડવો એ ગવર્નમેન્ટની નીતિમાં દખલગીરી કરવા સમાન હતું. સર્વ ફિર્કાના દારુલ ઈફતા વેચાઈ ચૂક્યા હતા, સૌ ગવર્નમેન્ટની ચાપલૂશીમાં નસબંદીના ફેવરમાં ફત્વો તથા ટી.વી. પર એલાનો કરી રહ્યા હતા, સિવાય એક બરેલીના આ મર્કઝી દારુલ ઈફતા સિવાય ! હિંદની ગવર્નમેન્ટે ખૂબ કોશિશ કરી કે આપ આપનો ફત્વો બદલી નાખે, આપની ધરપકડની નોબત આવી ગઈ. પણ આપે પુરજલાલમાં અંદાઝમાં કહ્યું કે, "જો જરૂરત પડી તો આ ગવર્નમેન્ટ બદલી નાખવામાં આવશે પણ અમારો ફત્વો બદલાશે નહીં !" જેથી એવું જ થયું કે થોડાક જ સમયમાં દુનિયાએ જોઈ લીધું કે ગવર્નમેન્ટ બદલાઈ ગઈ, પણ મુફતીએ આ'ઝમ પોતાના ફૈસલા પર અડગ રહ્યા.

## ★ છે કોઈ આ રીતે દીનની ખિદમત કરનાર ?! ★

હિંદુસ્તાનમાં એક ચળવળ શુદ્ધિ સંગઠન નામથી મુસલમાનોને હિંદુ બનાવવાની શરૂ થઈ હતી. એના માટે પૂરા માલ દૌલત તથા ધામધૂમ સાથે વાજા ત્રાંસા સાથે આયોજનપૂર્વક એક ટોળી બનાવી એક લીડર નીકળી પડયો હતો. એવા નાઝુક સમયે જ્યારે ઘણા વિસ્તારોમાં મુસલમાન ક્યાંક લાલચમાં તો ક્યાંક ડરના માર્યા ધર્મ બદલવા તૈયાર થઈ જતા હતા, ત્યારે મુફતીએ આ'ઝમે હિંદની ગૈરતની રગ ભડકી ઉઠી અને, એ ફિત્નાને દફેઅ કરવા માટે આપે તેનો પીછો કર્યો અને ગામે ગામ જઈને આપ મુસલમાનોને દીન પર અડગતાથી રહેવાની શીખામણ આપતા. એકવાર ખબર મળી કે આગ્રાથી થોડેક દૂર કોઈ ગામમાં આ ચળવળ ચાલી રહી છે. આપે આપની સાથે શેરબે શએ અહલે સુન્નત હઝરત હશ્મત અલીખાં તથા અન્ય એક સાથીને સાથે લીધા અને જ્યાં સુધી ટ્રેન જતી હતી ત્યાં સુધી ટ્રેન થકી પછી પગપાળા કેટલાયે કિલોમિટર ચાલીને તે ગામમાં પહોંચ્યા. ત્યાં મોટી મોટી કઢાઈઓમાં પૂરીઓ તળાઈ રહી હતી અને કેટલાયે નાઈ અસ્તરા તથા કાતરો લઈને બેઠા હતા અને તખ્ત પર ફિત્નો પેદા કરનાર બેઠો હતો. જોયું કે આખુ મુસ્લિમ ગામ દીનથી ફરી જવા તૈયાર છે. આપ તરત જ મજમાને ચીરતા સ્ટેજ પર પહોંચી ગયા અને તેને કહ્યું કે, "આવો મુનાઝરો કરી

લઈએ !" પણ તેણે ઈન્કાર કર્યો અને બોલ્યો કે આ લોકો ધર્મ પરિવર્તન માટે તૈયાર છે જેથી મુનાઝરાની કોઈ જરૂરત નથી. તો શેરબે શએ અહલે સુન્નતે ઈસ્લામની સચ્ચાઈ રજૂ કરી અને બુત પરસ્તીની રદ કરી પણ મજમા પર કોઈ અસર ન પડી. તો હઝરત મુફતીએ આ'ઝમની ગૈરત જોશમાં આવી અને પંડિતને કહ્યું કે જો તું સાચો છે મારી સાથે તારી આ સળગાવેલી આગમાં કૂદી પડ ! જે બચીને નીકળે તે સાચો ! પછી આગળ વધીને તેનો હાથ પકડયો અને કહ્યું કે ચાલ ! સત્યની પરખ કરી લઈએ ! તો સચ્ચાઈના ભયથી તે ધ્રુજવા લાગ્યો અને એકદમ ચુપ થઈ ગયો. આપે જોશભેર તેને ખેંચવાનું શરૂ કર્યું પણ તે એટલો જાડો હતો કે ટસથી મસ ન થયો. છેવટે એ ખેંચતાણમાં કેટલાક લોકો સ્ટેજ પાસે આવી ગયા અને કહેવા લાગ્યા કે, મોલ્વી સાહબ ! તેનો હાથ છોડી દો ! અમારી સમજમાં આવી ગયું કે સત્ય શું છે ! જો એ સાચો હોત તો આગમાં કૂદવા તૈયાર થઈ જાત ! પછી હુઝૂર મુફતીએ આ'ઝમના હાથ પર સૌએ તૌબા કરી કલ્મો પઢયો અને સાચા પાકા મુસલમાન બની ગયા. *(અન્વારે મુફતીએ આ'ઝમ, પેજ : ૨૮૦, ૨૮૧)*

આ પ્રસંગની સચ્ચાઈમાં કોઈ શંકા નથી કેમ કે ખૂદ હુઝૂર મુફતીએ આ'ઝમે હઝરત મુફતી શરીફુલ હક્ક સાહબને બયાન કર્યો હતો.

અલ્લાહ તઆલા કિયામત સુધી મુસલમાનો પર આવા બુઝુર્ગોના ફયૂઝાનનો સાયો કાયમ રાખે. આ સંક્ષિપ્ત લખાણમાં આપની ખૂબીઓ જમા કરી લેવી મુશ્કેલ છે. આવો ! પ્રસ્તૂત કિતાબ **"મુફતીએ આ'ઝમે હિંદની કરામતો"** વાંચો અને તમારા દિલો દિમાગને નૂરે ઈમાનથી ભરી દો. મૌલા તઆલા આપણને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُના નકશે કદમ ચાલવાની તૌફીક અતા કરે. (આમીન)

તા. ૨૯/૧/૨૦૦૬ **-પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
વાર : રવિવાર *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*



# જો ખ્વાબ મેં કભી આએેં હુઝૂર આંખોં મેં

[**અઝ** : હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝખાં "નૂરી" (عليه الرحمة والرضوان)]

(ઉર્સ : ૧૪ મુહર્રમુલ હરામ)

જો ખ્વાબ મેં કભી આએેં હુઝૂર આંખોં મેં
સુરૂર દિલ મેં હો પૈદા નૂર આંખોં મેં

હટા દેં આપ અગર રૂખ સે ઈક ઝરા પર્દા,
ચમક ન જાએ અભી બર્કે તૂર આંખોં મેં

ખુલે હંય દીદએ ઉશ્શાક કબ્ર મેં યોં હી
હય ઈન્તઝાર કિસી કા ઝરૂર આંખોં મેં

ખુદા હૈ તૂ ન ખુદા સે જુદા હય અય મૌલા
તેરે ઝહૂર સે રબ કા ઝહૂર આંખોં મેં

ખુદા સે તુમ કો જુદા દેખતે હંય જો ઝાલિમ
હય ઝૈગ કલ્બ મેં ઉન્કે, ફુતૂર આંખો મેં

ઉમંડ કે આહ નહીં આએ અશ્ક હાએ ખૂં
યે આ રહા હય દિલે ના સબૂર આંખોં મેં

હુઝૂર આંખોં મેં આએેં, હુઝૂર દિલ મેં સમાએેં
હુઝૂર દિલમેં સમાએેં હુઝૂર આંખોં મેં

નઝર નઝીર ન આયા નઝર કો કોઈ કહીં
જચે ન ગિલ્માં નઝર મેં ન હૂર આંખોં મેં

મએ મહબ્બતે મહબૂબ સે યે હંય સર સબ્ઝ
ભરી હૂઇ હય શરાબે તહૂર આંખોં મેં

હુવા હય ખાતિમા ઈમાન પર તેરા "નૂરી"
જભી હંય ખુલ્દ કે હૂરો કુસૂર આંખોં મેં

# "કરામાતે મુફતીએ આ'ઝમ" رضی اللہ عنہ ગુજરાતી પ્રકાશન ટાણે કંઈક....

**અઝ :** ખાદિમુલ ઉલમા વ મશાયખ ગુલામે અહલે બયત

**ઈસ્માઈલ મુહમ્મદ હાફિઝ નબીપુરી**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

## "મવતુલ આલિમે મવતુલ આલમ"

**ભાવાર્થ :** આલિમનું મૌત દુનિયાનું મૌત છે.

ઉપરોક્ત હદીષે પાકની રોશનીમાં આજે આપણે સુન્ની દુનિયાએ જેમને મુફતીએ આ'ઝમ કહ્યા એવા અલ્લાહના તે બરગુઝીદા, વલીયે કામિલ, ઈલ્મી રહસ્યોમાં ગિઝાલી, રાઝીની યાદ તાજી કરનાર, હદીષે પાકને પોતાનો વિષય બનાવે તો બુખારી અને મુસ્લિમની મેહફિલ શણગારાય જાય, લખવા પર આવે તો પોતાના યુગના કલ્મી શહેનશાહ ઘૂંટણ ટેકવી દે, જાહેરી ઈલ્મના ઠાઠ મારતા સાગર, બાતિની ઈલ્મના વજનદાર પર્વત, ઈલ્મના કિલ્લાના શહેનશાહ અને રૂહાની શહેનશાહિયતના તાજદાર હુઝૂર શિમ્મએ નૂર, સરાપા નૂરો સુરૂર હુઝૂર મુફતીએ આ'ઝમ મુસ્તફા રઝાખાં رضی اللہ عنہના અસંખ્ય ફઝલો કમાલને સાદાઈમાં છુપાવી અસંખ્ય પ્રયત્નો દ્વારા ઈસ્લામી જગતમાં મઝહબે હક્ક અહલે સુન્નત વ જમાઅતની જ્યોત પેટાવીને પોતાની રૂહાનિયતથી સુન્નિયતના ઉપવનમાં રેલાવેલ મહકની ખિરાજે અકીદતરૂપ આપના એક ચહિતા અને નિકટવર્તી મુરીદ તથા સુન્ની દુનિયાના આગલી હરોળના આશિકે રસૂલ શાયર હઝરત ''રાઝ'' ઈલાહાબાદી دامت برکاتہم العالیہની એક કૃતિ "કરામાતે મુફતીએ આ'ઝમ" (ઉર્દૂ)નો ગુજરાતી અનુવાદ **"હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદની કરામતો"** નામે જનાબ હાજી ઈબ્રાહીમભાઈ વેમીવાલા તરફથી આપણા દસ્તે હસીનમાં સરકાર મુફતીએ આ'ઝમની સનદી કરામતોના ગુલદસ્તાના તોહફારૂપ મેહકી રહ્યો છે. આ હસીન ગુલદસ્તાનો ના'રો છે કે :–



તુમ્હીં હો તાજદારે અહલે સુન્નત મુફતીએ આ'ઝમ
જલાઈ આપ હી ને શમ્એ ઈર્ફાં મુફતીએ આ'ઝમ

કરામાતે મુફતીએ આ'ઝમ رضی اللہ عنہની વિશિષ્ટતાઓ પૈકીની એક વિશિષ્ટતા એ છે કે, હઝરત રાઝ સાહબે કરેલ કરામતોના સંપાદનમાં પ્રથમ પોતાના ઘર, કુટુંબ, શહેર અને એ પછી મુહક્કિક ઉલ્મા, મશાયએખોના સનદી વર્ણનને જ મહત્વતા આપી છે જેનો અઝીઝી વેમીવાળાએ સિફતપૂર્વક અનુવાદ કરીને પોતાના સાહિત્યક કમાલનો ગુજરાતી ભાષી વાંચકોને રસાસ્વાદ ચખાડયો છે. ''કરામાતે મુફતીએ આ'ઝમ'' رضی اللہ عنہમાં માત્ર તહકીકી કરામાતો જ સંગ્રહવામાં આવી હોય એનું વાંચન અલ્લાહવાળાઓની રૂહાની શક્તિ પોતાના ચાહકો, આશિકોને કઠણાઈ વેળા કેવી સહાય કરે તેના ખ્યાલથી રૂહાનિયતના કમાલોનો ખ્યાલ આપી જાય છે.

કિસ લિયે માંગું મેં જાકર ગૈરસે આબેહયાત
મેરે મુર્શિદકી નઝરમેં ઝિંદગી પોશીદા હૈ

સુન્ની બિરાદરો ! કરામાતે મુફતીએ આ'ઝમ رضی اللہ عنہ (ગુજરાતી)ના ભાષાંતરને ઉર્દૂને ગુજરાતીમાં ઢાળવા ભાષાંતરનો શ્રમ દાદ માંગનાર ઉપરાંત દરેક ગુજરાતી ભાષી સુન્ની ભાઈ બહેનોને સરકાર મુફતીએ આ'ઝમ رضی اللہ عنہની ઝાતે ગિરામીનો ફયૂઝ પહોંચે તથા તાજદારે અહલે સુન્નત મુજદ્દિદે મેઅતે માઝીયા (વિતેલી સદીના મુજદ્દિદ) મુઅય્યીદે મિલ્લતે તાહેરા, આ'લા હઝરત અઝીમુલ બરકત, ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વીના મિશનથી કોઈ સુન્ની અપરિચિત ન રહે એવા જઝબાતનો આ નિચોડ પણ કહી શકાય.

જ્યારે આકાએ નેઅમત હુઝૂર મુફતીએ આ'ઝમની કરામાતોનો ગુલદસ્તો આપની ખિદમતમાં પેશ થઈ રહ્યો છે ત્યારે આપની પાકીઝા ઝાતેવાલા સિફતથી અવામ પરિચિત બને એવું વિચારતાં આકાએ નેઅમતના વિસાલ પ્રસંગે શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન શહનશાહે ખિતાબત, સરતાજુલ મુફસ્સિરીન, ઈમામુલ ખુત્બા ફકીહુલ અસ્ર, ઝીનતે બઝમે મશાઈખ, જાંનશીને મુહદ્દિષે આ'ઝમ હઝરત અશ્શાહ હુઝૂર

અલ્હાજ **સૈયદ મુહમ્મદ મદનીમિયાં** અશ્રફીયુલ જીલાની કિછોછવી (دامت برکاتہم العالیہ)એ બારગાહે મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہમાં પેશ કરેલ તારીખી (ઐતિહાસિક) રૂહપરવર ઈમાન અફરોઝ, નૂરાની બુનિયાદી ખિરાજે અકીદતના ચંદ ફકરા પેશ કરી રૂહાની કયફ ઉત્પન્ન કરવા પણ અલ્પ પ્રયાસ કર્યો છે.

હુઝૂર શૈખુલ ઈસ્લામ અલ્હાજ સૈયદ મુહમ્મદ મદનીમિયાં دامت برکاتہم العالیہ અશ્રફીયુલ જીલાનીની બારગાહે મુફતીએ આ'ઝમ رضی اللہ عنہમાં ખિરાજે અકીદત :–

કિસ લિએ માંગૂ મૈં જા કર ગૈરસે આબે હયાત
મેરે મુર્શિદ કી નઝરમેં ઝિંદગી પોશીદા હૈ

"બુખારી અને મુસ્લિમને સાંભળનાર જે શ્રધ્ધા અને આત્મસંતોષથી કહે શકે કે અમે રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمના અકવાલો (ઈર્શાદો)ને સાંભળ્યા છે એવી જ શ્રધ્ધા અને આત્મસંતોષ સહિત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رضی اللہ عنہને જોનારને એ હક્ક છે કે તે કહે કે અમે રસૂલે કરીમની હરતી ફરતી સાચી તસ્વીર જોઈ."

## ★ દીને હક્કના રક્ષક ★

"હુઝૂર મુફતીએ આ'ઝમ رضی اللہ عنہના હિમ્મતપૂર્વકના કદમોએ દીને મુસ્તફાને બચાવી લીધું જેથી દુનિયા પર જાહેર થઈ ગયું કે, **મુસ્તફા રઝાખાં નામ છે દીને મુહમ્મદીની હિફાઝત (રક્ષણ)ના માટે ખુદાઈ ઈન્તેખાબ (પસંદગી)નું"**

"હુઝૂર મુફતીએ આ'ઝમ رضی اللہ عنہની દીદારબાઝી કરનારાઓ ! ખુદાઈ અમાનતના અમીન હોવા પર મારાથી હાર્દિક મુબારકબાદ લો ! પરંતુ ખબરદાર ! હોશિયાર ! આ તસ્વીરની અઝમત (મહાનતા)ને ડાઘ લાગવા ન પામે." તમે સારી રીતે જાણો છો કે **હુઝૂર મુફતીએ આ'ઝમ رضی اللہ عنہ તે ઘરમાં પ્રવેશ કરતા ન હતા જેમાં કોઈ જાનદારની તસ્વીર (ફોટા) હોય.** એટલા માટે તમારા માટે જરૂરી છે કે પોતાના દિલો દિમાગને ગૈર શરઈ ખયાલોથી પાક સાફ રાખો જેથી આ અમાનત ચિંતન મનનની જન્નત બની રહે. ખુદા તઆલાની આ અમાનત ગૈર શરઈ ખ્યાલોની સાથે



ક્યાં સુધી રહી શકશે ?!

## ★ રસૂલે આ'ઝમ صلی اللہ علیہ وسلم નો મો'જિઝો અને ગૌષે પાક رضی اللہ عنہ ની કરામત ★

"મને ન પૂછો કે હુઝૂર મુફતીએ આ'ઝમ رضی اللہ عنہપર રબ્બે કરીમની વિશિષ્ટ નવાઝિશોનો શો આલમ હતો ? જેમના બાપ ઈમામ અહમદ રઝા હોય, તે અહમદ રઝા જેમને આરિફો ગૌષે આ'ઝમ رضی اللہ عنہની રોશન કરામત, રસૂલે આ'ઝમ صلی اللہ علیہ وسلمનો મહાન મો'જિઝો અને કાદિરે મુત્લક (અલ્લાહ તઆલા)ની સંપૂર્ણ અતા ઠરાવતા હોય, જેમના ભાઈ સૌંદર્યવાન શક્લ, ઉચ્ચ સીરત, ઈલ્મો ફઝલની સંપૂર્ણતા ધરાવતા હોય, પ્રકાશ અને નૂરના તે પયકર હોય કે દુનિયા જેમને હુજ્જતુલ ઈસ્લામ કહીને પણ શરમિન્દા રહી કે હક્ક તો તે હતો જે અદા ન થયો ! જેમના ભત્રીજા આજપર્યંત મુફસ્સિરે આ'ઝમ (મહાન તફસીરવેત્તા)ના નામે જાણીતા હોય.

જેમના શયખ (પીર) શયખુશ્શુયૂખ (મહાન શયખ) નૂરુલ અન્વાર (મહાન પ્રકાશ) સૈયદુસ્સાદાત (સાદાતોના સરદાર) આયાતે રબ્બાની, સિર્રે ઈલાહી (અલ્લાહના ભેદ) તરીકતના આકાશના મહાસૂર્ય અને શાહ બરકાતના પ્રકાશની બરકતો હોય. આ નૂરી પયકર પણ પોતે નૂરી કહેવાયું અને હુઝૂર મુફતીએ આ'ઝમને પણ 'નૂરી' બતાવી દીધા.

આ સંબંધોની મહાનતાને એક તરફ મૂકી દો અને ખૂદ પ્રસંશા પામનારના જમાલ તથા કમાલ પર વિચારણા કરીશું તો ઈલ્મો દાનિશની તે કઈ મેહફિલ હશે જેના તેઓ (સરકાર મુફતીએ આ'ઝમ) તાજદાર ન હતા ? તકવો પાકીઝગી, ઝોહદો કનાઅત (ધીરજ) શરાફત, કરામત, મુજાહિદા, રિયાઝત, ખોજ, અડગતા, સંશોધન વિગેરેનો કયો માર્ગ છે જ્યાં તેમના કદમ ન પડયા હોય ?!

અમારી પ્રસંશા પામનાર પોતાના બાપની પૈદાઈશની તસ્વીર હતા અમારી પ્રશંસા પામનારની **સૌથી મહાન કરામત દરેક હાલમાં શરીઅત પર તેમની અડગતા છે.** તેઓ ઈસ્લામના એટલા મહાવીરલ અને અડગતાના મહાપર્વત હતા કે નાઝુકથી નાઝુક સમયે પણ તેમની અડગતા ડગી શકી નહીં.

## ★ વજનદાર તાઈદ (સમર્થન) ★

હુઝૂર મુફતીએ આ'ઝમ رضی اللہ عنہના એક ફત્વાની તસ્દીક (સચ્ચાઈ)ના અનુમોદનમાં મખ્દૂમુલ મિલ્લત, હુઝૂર મુહદ્દિષે આ'ઝમ رضی اللہ عنہએ માત્ર એક જ જુમ્લો (વાક્ય) લખતાં આ વાક્ય ફર્માવ્યું હતું :–

''હાઝા હુકમુલ આલિમુલ મુતાઅ વ મા અલૈના ઈલ્લલ ઈત્તિબાઅ.'' (આ એક આમિલે મુતાઅની આજ્ઞા છે અને **અમારા માટે તેની પયરવી સિવાય કોઈ ચારો નથી.)**

વાતચીતની મહાનતા વાત કરનારની મહાનતાથી ઓળખી શકાય છે. (આ કલામ) જો કોઈ એવા તેવાનો હોત તો તેની યોગ્યતા કોઈ વાક્યના પાયે રખાય એવું ન હોત પરંતુ આ તેમનો જુમ્લો (વાક્ય) છે જે માત્ર એટલું જ નહીં કે તેઓ મુતકલ્લિમીન (શરીઅતના બુદ્ધિજીવી), સંશોધકોના સરદાર, ઉલ્માઓ મશાયેખીનના શિરોમણી અને અશ્રફીયહ ખાનવાદાના દીપક હતા અને એથીય વધુ ખૂદ હુઝૂર મુફતીએ આ'ઝમ رضی اللہ عنہની બેપનાહ અકીદત મહોબ્બત તથા અનમીટ નિયાઝમંદીના કિબ્લઓ કા'બા હતા.

મારો એ ખ્યાલ છે કે આજપર્યંત હુઝૂર મુફતીએ આ'ઝમ رضی اللہ عنہના પરિચયમાં જે કાંઈ લખવામાં આવ્યું છે અને ભવિષ્યમાં લખાશે એ બધાને (ત્રાજવાના) એક પલ્લા પર અને હુઝૂર મુહદ્દિષે આ'ઝમ رضی اللہ عنہની કલમથી નીકળેલ પ્રસ્તુત ફકરા (વાક્ય)ને બીજા પલ્લામાં રાખવામાં આવે તો તેનું વજન વધારે હશે.

તેઓ કૂવો ન હતા કે લોકો ત્યાં જઈ તૃષા બુઝાવે બલ્કે તેઓ વાદળ હતા કે દરેક જગાએ પોતે જઈ વર્ષી આવતા.

પોતિકાઓથી વરસ્યા, અન્યો પર વરસ્યા પર્વતો પર વરસ્યા, જંગલો, રણો, શહેરો, મેહલાતો, ઝુંપડાઓમાં વરસ્યા, એ જ કારણ છે કે જ્યારે તેઓ નિગાહોથી અદશ્ય થયા ત્યારે દુનિયાએ ચીસ પાડી અને એક અંદાજે ૨૦ લાખ માનવીઓના મહાન ગિરોહે આપની નમાઝે જનાઝા પઢી.

## ★ અલ્લાહની રઝામંદીનું પરિણામ ★

મુફતીએ આ'ઝમ رضی اللہ عنہની અંતિમ ઈચ્છા હતી કે મારી નમાઝે



જનાઝા આલેરસૂલ, ફરઝંદે ગૌષુલ આ'ઝમ પઢાવે. રબ્બે કરીમે પોતાના ફઝલો કરમથી પૂરી ફર્માવી દીધી અને ફરઝંદે ગૌષુષ્ષકલૈન સજ્જાદાનશીન આસ્તાના અશ્રફીયા સરકારે કલાં મૌલાના સૈયદ મુખ્તાર અશરફ અશ્રફીયુલ જીલાની (دامت برکاتہم العالیہ)ને કિછોછા શરીફથી બરેલી શરીફ પહોંચાડી દીધા. જે ખુદાની રઝામંદીમાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદે સમગ્ર જીવન વિતાવ્યું તે ખુદા હુઝૂર મુફતીએ આ'ઝમની રઝામંદી પૂર્ણ કરવા પોતાના ઝીમ્મે કરમમાં કેમ ન રાખે ?!

નૂરે અહમદ કા રૂખે પાક પર હાલા હોગા<br>
રોઝો શબ મર કદે નૂરી મેં ઉજાલા હોગા

## હઝરત મુફતીએ આ'ઝમે હિંદની શકલ મુબારક

### કતઅ

**તાલિબે નૂરે મુસ્તફાઈ હૈ<br>
દિલ મેરા કાસએ ગદાઈ હૈ<br>
દેખ કર શક્લ મુફતીએ આ'ઝમ<br>
ગૌષુલ આ'ઝમ કી યાદ આઈ હૈ**

★ ★ ★

કભી શાહ અહમદ રઝા યાદ આએ<br>
કભી હમ કો ખ્વાજા પિયા યાદ આએ<br>
કભી શાહ ગૌષુલવરા યાદ આએ<br>
કભી સરવરે અંબિયા યાદ આએ<br>
ખુદા કી કસમ વો ખુદા કા વલી હૈ<br>
જિસે દેખનેસે ખુદા યાદ આએ

## નઝરે અકીદત

# હઝરત મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લા

અઝ : "રાઝ" અલ્હાબાદી

પીને વાલે પી રહે હૈં બેખૂદી પોશીદા હૈ
ક્યા મેરે સાકી તેરી દરયા દિલી પોશીદા હૈ

નૂરે હક્ક ચેહરે પે હૈ, નૂરે નબી પોશીદા હૈ
ચાંદ તો નિકલા હૈ લેકિન ચાંદની પોશીદા હૈ

ઉનકી હર હર બાતમેં ઈશ્કે નબી પોશીદા હૈ
ઉનકે હી દામનમેં ફૈઝે કાદરી પોશીદા હૈ

કિસ લિયે માંગુ મૈં જા કર ગૈરસે આબે હયાત
મેરે મુર્શિદ કી નજરમેં ઝિંદગી પોશીદા હૈ

આ'લા હઝરત કી ગલી મેં મુફતીએ આ'ઝમ કો દેખો
એક વલી હૈ સામને ઔર એક વલી પોશીદા હૈ

ઉનકે દામનસે જો લિપટા મંઝિલોંકો પા ગયા
ઔલિયા કે રાસ્તોંમેં રાસ્તી પોશીદા હૈ

અબ ચિરાગે ઈશ્ક લેકર ઢુંઢિયે તો ઢુંઢિયે
શમ્અ તો રોશન હૈ લેકિન ચાંદની પોશીદા હૈ

"રાઝ" હઝરત મુફતીએ આ'ઝમ કી ચશ્મે પાકમેં
ગૌરસે દેખ તૂ કૈફે સરમદી પોશીદા હૈ

**અલ્લાહના એક વલીની ઓળખ**

હમ નશીં તૂને કહીં તો, ઉન્હેં દેખા હોગા
ચાંદની જૈસા બદન, ચાંદ સા ચેહરા હોગા



**આરિફ બિલ્લાહ સૈયદી વ મુર્શિદી હઝરત મુફતીએ આ'ઝમે હિંદ હજ્જે બયતુલ્લાહથી પાછા ફરતાં :-**

હરમ કી શમ્અકા દિલમેં ઉજાલા લે કે આયે હૈં
નઝરમેં ગુંબદે ખિદરા કા નક્શા લે કે આયે હૈં

ગરીબો બઢ કે ચૂમો, મુફતીએ આ'ઝમ કે હાથોં કો
રસૂલે પાક કી અઝમત કા સિક્કા લે કે આયે હૈં

વોહ આંખેં જો ગિલાફે કા'બા સે મિલ મિલ કે રોઈ થીં
ઉન્હી આંખોંમેં દેખો નૂરે કા'બા લે કે આયે હૈં

ગમોં કી ધૂપમેં અય જલનેવાલો છાંવમેં આઓ
મદીને કે દરખ્તોંકા યે સાયા લે કે આયે હૈં

ફરિશ્તોં કી તરફસે ગુંબદે ખિદરા કી જુરમત મેં
જો સુબ્હો શામ બટતા થા, વો સદકા લે કે આયે હૈં

વો એક ટુકડા કે જિસ્કો તાજવાલે ભી તરસતે હૈં
મેરે મુર્શિદ મદીને સે વો ટુકડા લે કે આયે હૈં

જિન્હેં કેહતે હૈં દુન્યામેં સભી અહમદ રઝાવાલે
રસૂલે પાક કી અઝમત કા સિક્કા લે કે આયે હૈં

બરેલી મેં ચિરાગે ઈશ્ક કી લૌ તેઝ કરને કો
અરબ કી ચાંદની રાતોં કા જલ્વા લે કે આયે હૈં

હમેં ભી અય વલી ઈબ્ને વલી તયબહ્મેં પહોંચા દો
મદીના જાને કી હમ ભી તમન્ના લે કે આયે હૈં

મુરીદો પીર મેં ક્યા ફર્ક હૈ યે "રાઝ" તો સમઝો
મૈં પ્યાસા બનકે આયા હૂં વો દરિયા લે કે આયે હૈં

—"રાઝ" અલ્હાબાદી

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે મિલ્લત.....મઅતે હાઝીરા હઝરત મૌલાના અહમદ રઝા ખાં સાહબ رحمۃ اللہ علیہ જાતે ગિરામીથી ઈસ્લામી જગતમાં કોણ અજાણ છે ?! એમની બુઝુર્ગી, એમના ઈલ્મ, એમના રૂહાની ફયૂઝ તથા બરકતોના ઝિક્રથી શુબ્હ શામની હરપળ ગુંજી રહી છે. બરેલીની સરઝમીન પર એ એક એલ બરકતવંત હસ્તી પેદા થઈ હતી જે એક તરફ ઈલ્મો માઅરેફતનો દરિયો હતી તો બીજી તરફ ઈશ્કે રસૂલ ﷺમાં ગળાડૂબ મસ્ત હતી. જેમના ઈલ્મની આણ અરબ, અજમ તેમજ પોતાના અને પરાયાએ પણ સ્વીકારી. જે વિષય સંબંધી એમણે કલમ ઉપાડી તેને પૂરો કરીને જ છોડયો. એ વલીએ કામિલે બારગાહે સમદિયતમાં રડી રડીને દુઆ માંગી હતી કે યા રબ ! મને એક ઔલાદ અતા ફર્માવ જે દીર્ઘકાળ સુધી તારા દીને ઈસ્લામની અને તારા બંદાઓની ખિદમત કરે. જેથી ખાલિકે કાઈનાતે પોતાના આ નેક બંદાની નેક દુઆને કબૂલિયત બખ્શી. અને ૧૮૯૨માં બરેલી શરીફમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ ને ત્યાં એક એવી જ ઔલાદની વિલાદત થઈ. આ'લા હઝરત તે વખતે મારેહરા શરીફમાં પોતાના પીરો મુર્શિદ સિરાજુસ્સાલેકિન હઝરત સૈયેદના આલે રસૂલ મારેહરવી رحمۃ اللہ علیہના આસ્તાના પર રોકાયેલા હતા. એ વખતે કુતુબે વક્ત નૂરૂલ આરેફિન હઝરત સૈયદ શાહ અબુલહસન નૂરી رحمۃ اللہ علیہ હયાત હતા. અસરની નમાઝ બાદ હઝરત નૂરીમિયાં رحمۃ اللہ علیہ મસ્જિદના પગથિયાં ઉતરી રહ્યા હતા અને આ'લા હઝરત એમની પાછળ પાછળ આવી રહ્યા હતા. એટલામાં અચાનક હઝરત નૂરિમિયાં સાહબે ફર્માવ્યું કે મૌલાના સાહબ ! બરેલીમાં આપના ઘેર એક સાહબઝાદાની વિલાદત થઈ છે, મને ખ્વાબમાં બતાવવામાં આવ્યું છે કે એનું નામ આલે રહમાન રાખવામાં આવે.

અલ્લાહ ! અલ્લાહ ! બુઝુર્ગોનો કશ્ફ, એમની કરામતો ! જ્યારે કે બરેલી શરીફ મારેહરા શરીફથી ૬૦–૭૦ માઈલ દૂર છે છતાં કેટલા વિ□ાસથી ફર્માવ્યું ! આ'લા હઝરતે સાંભળીને ચૂપકીદી સેવી, અદબ જાળવી



કોઈ જવાબ ન આપ્યો પરંતુ ખુદાવંદે કરીમનો શુક્ર અદા કર્યો. હઝરત સૈયદી અબુલહસન નૂરી رحمۃ اللہ علیہ તે સમયના કામિલ વલી હતા અને એમની કરામતોની ચર્ચા હિંદુસ્તાનમાં હતી. એમણે ફર્માવ્યું કે મૌલાના ! હું બરેલી આવીશ તો એ બાળકને જરૂર જોઈશ, તે ઘણું જ મુબારક બાળક છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہ તે પછી બરેલી શરીફ આવવા માટે રવાના થયા. જ્યારે બરેલીમાં આ'લા હઝરત તશરીફ લાવ્યા તો માલૂમ પડયું કે હકીકત બિલકુલ સત્ય હતી. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ના મોટા સાહબઝાદા હઝરત હુજ્જતુલ ઈસ્લામ હઝરત મૌલાના હામિદ રઝા ખાં સાહબ رحمۃ اللہ علیہ પહેલેથી હતા જ. તેઓ પણ પોતાના સમયના એક ફયૂઝવંત બુઝુર્ગ, જબરદસ્ત આલિમ, અરબી ભાષાના જબરદસ્ત ખતીબ, અદીબ તથા એટલા બધા ખૂબસૂરત હતા કે બાજુ જતા હતા તે બાજુ એમના દર્શનાર્થીઓની ભીડ લાગી જતી. અલ્લાહે તે હુસ્નો જમાલ અતા કર્યું કે એમને જોતાં જ (શિકલ, સૂરત જોતાં જ) બદ્અકીદા લોકો પોતાના બાતિલ અકીદાથી તૌબા કરતા હતા. એમના બારામાં ઈન્શાઅલ્લાહ ! આગળ લખવામાં આવશે.

## ★ સૈયદી અબુલહસન નૂરી رحمۃ اللہ علیہનું આગમન ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ પોતાના નવજન્મિત સાહબઝાદાનાં કેટલાં નામો રાખ્યાં, એક નામ તો આલે રહમાન રાખવામાં જ આવ્યું, બીજું નામ મુહમ્મદ રાખવામાં આવ્યું. જો કે મુહમ્મદ મુસ્તફા અબુલ બરકત ઈ.સ. ૧૮૯૨માં વિલાદત થઈ. એ એતેબારથી ૯૨ (શબ્દ)માં મુહમ્મદના અદદ નીકળે છે. પોતાના કહેવા પ્રમાણે કુતુબે મિલ્લત હઝરત સૈયદ અબુલ હસન નૂરી رحمۃ اللہ علیہબરેલી શરીફ આ'લા હઝરત رحمۃ اللہ علیہ ના ઘરે તશરીફ લાવ્યા અને હઝરત સૈયદી વ મુર્શિદી વ મૌલાઈ આકાએ નેઅમત તાજદારે અહલે સુન્નત ઈમામુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, આરિફ બિલ્લાહ, હઝરત મૌલાના શાહ મુસ્તફા રઝાખાં સાહબ, મુફતીએ આ'ઝમે હિંદ دامت برکاتہم العالیہની ઉંમર શરીફ તે વખતે ૬ મહિનાની હતી. હઝરતે અકદસ પર હઝરત નૂરીમિયાં સાહબની જેવી નજર પડી કે હઝરત નૂરીમિયાં સાહબે આ'લા હઝરત رحمۃ اللہ علیہ મુબારક બાદી આપી કે, **''આ બાળક દીનો મિલ્લતની ઘણી ખિદમત કરશે અને એની જાતથી ખુદાની**

**મખ્લૂકને ખૂબ ફયઝ પહોંચશે. આ બાળક વલી છે એની નિગાહોથી લાખો ગુમરાહ ઈન્સાનો દીને હક્ક પર કાયમ થશે. એ ફયઝનો દરિયો વહેવડાવશે.''** એવું કહીને હઝરત મુફતીએ આ'ઝમે હિંદના મુબારક મોઢામાં પોતાની આંગળીઓ નાંખી અને તે જ વખતે બયઅત ફર્માવ્યા. અને ફક્ત છ મહિનાની ઉંમરમાં હઝરત નૂરીમિયાં رحمۃ اللہ علیہ એ તમામ સિલસિલાની ઈજાઝત તથા ખિલાફતથી સરફરાઝ કરી દીધા. જુઓ ! એક વલીએ કામિલની નિગાહ ક્યાં સુધી જુએ છે ? એનો અંદાઝ લગાડો ! હવે જો આપને જોવું હોય કે ૮૩ વર્ષ પહેલાં હઝરત નૂરીમિયાંએ હઝરત મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લાના બારામાં જે કંઈ ઈર્શાદ ફર્માવ્યો હતો તે કેટલે સુધી દુરુસ્ત છે, તો આવો ! એ વલીએ કામિલ, આબિદ, ઝાહિદ, આરિફ બિલ્લાહની જિંદગીનો અભ્યાસ કરીએ જેમની સવાર સાંજ બલ્કે જિંદગીની હરપળ ખુદાની યાદ અને મહોબ્બતે રસૂલ ﷺથી ભરેલી છે. હઝરત મુફતીએ આ'ઝમે હિંદની નજીક બેસી જાવ, આખો દિવસ બેસો, આખી રાત બેસો અને જુઓ કે કયુ કામ (એવું) છે કે જે સુન્નતોની ખિલાફ થઈ રહ્યું છે. જો તમારી આંખો પર પક્ષપાત તથા સંકૂચિત દષ્ટિની પટ્ટી નથી લાગી અને હકીકતમાં તમે ઈન્સાફ પસંદ સ્વભાવના હશો તો તમે યકીન માનજો કે, આપ હઝરતની જિંદગીની કોઈપણ ઘડી (પળ) એવી નહીં કાઢી શકો (શોધી શકો) કે જેમાં તેઓ યાદે ખુદાથી ગાફિલ હોય અને કોઈ પળ (ઘડી) એવી નહીં હોય જેમાં સુન્નત છૂટી હોય.

હવે મારી પાસેથી એવા વાકેઆ (બનાવો) સાંભળો, જેને મેં મારી આંખોથી જોયા છે અથવા ઘણા વિ□ાસપાત્ર હઝરાતે જોયા છે અને બતાવ્યા છે. જે હઝરાતની હજારો કરામતોમાંથી ખાસ ખાસ (મુખ્ય) છે તેને રજૂ કરીશ.

## ★ સૌ પ્રથમ મુંબઈમાં હઝરત મુફતીએ આ'ઝમે હિંદની ઝિયારત ★

આજથી લગભગ ૧૮ કે ૧૯ વર્ષની વાત છે. હું મુંબઈમાં હતો રાતમાં મહોર્રમ શરીફની મજલિસો થાય છે. એ મજલિસોમાં હું (કેટલાય) દિવસોથી ઉલમાએ કિરામ પાસેથી લગાતાર સાંભળી રહ્યો હતો કે



શાહઝાદાએ આ'લા હઝરતનું બરેલી શરીફથી આગમન થશે. સાંભળતાં સાંભળતાં મને પણ આતૂરતા પેદા થઈ કે આ કોણ આટલી મોટી બુઝુર્ગ હસ્તી છે કે જેના બારામાં લોકો દરરોજ એલાન કરે છે તથા સમાચારપત્રોમાં પણ ખબરો આપવામાં આવે છે ! લોકો તે સવારની બેકરારીપૂર્વક ઈન્તેજારી કરી રહ્યા છે, જે સવારે વિલાયતનો સૂરજ મુંબઈમાં દેખાવાનો છે (ઊગવાનો) છે. છેવટે તે સવાર પણ આવી ગઈ. પોતાના સમયના ખ્યાતનામ આલિમો સ્ટેશન પર મૌજૂદ હતા કે અંદાજે ૧૦ હજાર જેટલી મેદની શાહઝાદાએ આ'લા હઝરતના આગમનની પ્રતિક્ષા કરી રહી હતી. હું હેરાન હતો કે આખરે કોણ અલ્લાહનો બંદો હશે જેની ઝિયારત માટે આટલો બધો હુજૂમ (જનમેદની) છે એ સમૂહમાં હિંદુ, પારસી, ઈસાઈ મતલબ કે દરેક મઝહબના લોકો હતા. અજીબ દશ્ય હતું ! અચાનક ટ્રેન પ્લેટફોર્મ પર આવી ઊભી. પરંતુ હઝરત મુફતીએ આ'ઝમ સુધી મારી નજર મહામુશ્કેલીએ પહોંચી શકી. કેમ કે ભીડ એટલી બધી હતી કે હું આગળ જઈ શક્તો ન હતો. હું વિચારવા લાગ્યો કે એક આલિમની ઝિયારત (દર્શન) માટે આટલી બધી ભીડ કે લોકો પડે આખડે છે એની શું જરૂર હતી ? હું આ પ્રમાણે એટલા માટે વિચારતો હતો કે મારી આંખોએ એ હસ્તીના દીદાર કર્યા ન હતા, મારા દિલ પર તંગ નજર (ટૂંકી નજર) અને અંધકારનો મજબૂત પડદો પડેલો હતો. એટલામાં અચાનક મેં જોયું કે શેર બશએ અહલે સુન્નત, હઝરત મૌલાના શાહ હશ્મત અલીખાં સાહબ رحمۃ اللہ علیہ હઝરતને લઈને આગળ વધી રહ્યા છે, અને મુસલમાનોનું ટોળું હાથ પગ ચૂમી રહ્યું હતું બલ્કે અકીદતમંદીથી લોકો હઝરતનાં કપડાંને ચૂમી રહ્યા હતા. અને હઝરત મુફતીએ આ'ઝમે હિંદની આંખો બંધ હતી. આ રીતે મેં પ્રથમવાર એક કામિલ વલી, ખુદા રસીદા બુઝુર્ગના દીદાર કર્યા. હઝરતને લઈને એ સમૂહ સ્ટેશનની બહાર આવી પહોંચ્યો, એમને ખુલ્લી કાર (ટેક્ષી)માં બેસાડવામાં આવ્યા. હું પણ હજારોના સમૂહની સાથે ચાલતો રહ્યો. નારએ તકબીર, નારએ રિસાલતથી મુંબઈની ફિઝા ગુંજી રહી હતી.

## ★ બાળપણની દુઆ ★

મેં મારાં માતા પિતાથી સુલ્તાનુલ્ હિંદ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہની કરામતો સાંભળી હતી. બાળપણથી જ મારા દિલમાં

એવી ઈચ્છા રહેતી હતી કે હું પણ અલ્લાહના વલીઓના દીદાર કરું, પરિણામે અલ્લાહ તઆલાએ મારી એ ઈચ્છા પૂરી કરી. મારા જેવો જાહિલ આદમી કેવી રીતે સમજે કે કોણ વલી છે ? અને વલીની ઓળખ શું છે ? પરંતુ કુર્બાન જાઉં તે રહીમો કરીમની કરમ નવાજીઓ પર કે જેણે મને પોતાના મહબૂબ બંદાઓની ઝિયારત કરાવી. હું મોટા ભાગે મજઝૂબો પાછળ ફરતો રહેતો હતો. એ દરમ્યાન અલ્હાબાદમાં એક બુઝુર્ગ હઝરત મૌલાના સૈયદ શાહ મુહમ્મદ શિફાઉસ્સમદ સાહબ رحمۃ اللہ علیہ ની ઝિયારત નસીબ થઈ. એમની વિલાયતની નિગાહે મને નવાજયો હતો. બચપનથી એમની સેવા કરતો રહ્યો, તે પણ એક કામિલ બુઝુર્ગ હતા. પરંતુ તેઓ ઘણા ઓછા લોકોને મુરીદ બનાવતા હતા. તેઓ ઘણા એકાંતવાસી બુઝુર્ગ હતા. એમની ઈલ્મી ખ્યાતિ તો આજે પણ છે અને (તેઓ) સાચા આશિકે રસૂલ صلی اللہ علیہ وسلم હતા.

## ★ કામિલ વલીની પેહચાન ★

હું હજુ સુધી કોઈથી કાયદેસર રીતે મુરીદ થયો ન હતો. બલ્કે પીરો મુર્શિદની જેમ હઝરત મૌલાના સૈયદ શાહ મુહમ્મદ શિફાઉસ્સમદ સાહબ رحمۃ اللہ علیہ ને સમજતો હતો. હિંદુસ્તાનના ઘણા જલ્સાઓમાં, મુશાયરાઓમાં જવાનો ઈત્તેફાક થતો રહ્યો. એક વખત મેં હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ કિબ્લા رحمۃ اللہ علیہ ને અર્ઝ કરી કે, હુઝૂર ! હું આજ સુધી કોઈનાથી કાયદેસરનો મુરીદ થયો નથી. તો હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે, બાકાયદા મુરીદ થવું જરૂરી છે. જેથી મેં મુર્શિદે કામિલની તલાશ શરૂ કરી. હઝરત મૌલાના સૈયદ શાહ મુહમ્મદ શિફાઉસ્સમદ સાહબ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ નો વિસાલ થઈ ચૂક્યો હતો. જે બાજુ નજર જતી (નજર દોડાવતો) તો નજર ઠહેરતી ન હતી. બસ ! એક તલાશ હતી કે કોઈ વલીએ કામિલ મળી જાય વલીએ કામિલ પ્રાપ્ત કરવાની ખૂબ તલબ હતી જે મારી વિસાતથી (હૈસિયત) કંઈ ગણી બુલંદ હતી. પરંતુ નિય્યત નેક હતી. હું અલ્લાહ عزوجل પાસે એના મજઝૂબોની ઝિયારત (દીદાર)માંગી રહ્યો હતો. એણે મારા જેવા ગુનેહગારની દુઆ કબૂલ ફર્માવી. એક રાત્રે મેં સ્વપ્ન જોયું જેની તાબીર કિતાબોમાં જોઈ, ઈલ્મવાળાઓને પૂછયું તો જાણવા મળ્યું કે એ સ્વપ્નની તાબીર એ છે કે કોઈ મર્દે બુઝુર્ગની મુલાકાત થશે. પછી તો મારી ખુશીની હાલત ન પૂછો. દિવસો (ઘણા અઠવાડિયાં) પસાર



થઈ ગયા પણ કોઈની મુલાકાત ન થઈ કે જેને હું વલી સમજી શકું યા એમનામાં એવી કોઈ વાત હોય. (જેને હું વલી સમજી શકું એવા કોઈની પણ દિવસો સુધી મુલાકાત ન થઈ.)

સંજોગોવશાત હું એક મુશાયરાના સિલસિલામાં જબલપુરમાં હતો. હું સ્ટેશન પર હતો તે વેળા અનવરખાં મેહબૂબ કંપનીના ત્યાંના માણસો મને લેવા માટે આવ્યા હતા. જેવો હું જીપમાં બેઠો કે કોઈએ મને કહ્યું કે હઝરત મુફતીએ આ'ઝમે હિંદ, શાહઝાદાએ આ'લા હઝરત رحمۃ اللہ علیہ તમને કાલના વારંવાર યાદ કરી પૂછયા કરે છે કે ''રાઝ'' આવવાના છે કે નહીં ?! મુફતીએ આ'ઝમે હિંદથી મને પહેલેથી અકીદત હતી. અને મુંબઈની ઝિયારત પછીથી પણ ઘણીવાર ઝિયારત કરી ચૂક્યો હતો. જયારે પણ હઝરતને જોતો હતો, દિલ ચાહતું હતું કે એમના કદમ ચૂમી લઉં, એમના નૂરાની ચેહરાને જોતો જ રહું. પરંતુ મને આલિમોએ બતાવ્યું હતું કે, મુફતીએ આ'ઝમે હિંદ મહાન ફકીહ છે (ઈલ્મે ફીકહના આલિમ) પરંતુ મારી તે જીદ (હતી) કે કોઈ અલ્લાહનો વલી મળશે તો મુરીદ થઈશ. ખૈર ! હું અન્વરખાં મેહબૂબ કંપનીમાં ગયો, ન્હાઈ ધોઈ, (ગુસ્લ કરી) ખાઈને સૂઈ ગયો. અને એવો ઈરાદો કર્યો કે સાંજે હઝરતની મુલાકાત કરીશ. હઝરત મુફતીએ આ'ઝમે હિંદનો મુકામ મુફતીએ આ'ઝમ મધ્યપ્રદેશ બુરહાને મિલ્લત હઝરત મૌલાના બુરહાનુલ હક્ક સાહબને ત્યાં હતો.

## ★ હું સૂઈ ગયો અને નસીબ જાગ્યું ★

અંદાજે ચાર વાગ્યે મેં ફરીથી એ જ ખ્વાબ જોયો. જેની તાબીર એ હતી કે કોઈ મર્દે બુઝુર્ગની મુલાકાત થશે. પરંતુ એ દિવસે સ્વપ્નમાં કોઈનો અવાજ સંભળાયો કે ઊઠો ! જલ્દી કરો, આળસ ન કરો. અને જલ્દીથી મળો. (મુલાકાત કરો) હું જલ્દી જલ્દી ઉઠયો, વુઝૂ કરીને હઝરત મુફતીએ આ'ઝમે હિંદની બારગાહમાં હાજર થયો. જેવી હઝરત પર નજર પડી કે હઝરત મુસ્કુરાયા, મેં મુસાફો (હાથ મેળવ્યા) કર્યો, હાથ ચૂમ્યા અને બેસી ગયો. મારી બેચેની (બેકરારી)ની હાલત ન પૂછો, પરંતુ ધીમે ધીમે મારા દિલને એક અજીબ પ્રકારની લિજ્જત મળવા લાગી. હઝરત આંખો બંધ કરતા, કોઈવાર ખોલતા. મને ઈર્શાદ ફર્માવ્યો કે મેં સાંભળ્યું હતું કે તમે મુશાયરામાં

આવવાના છો એટલા માટે હું પૂછતો હતો કે ક્યારે આવશે ?! પોતાની પાસેના પાનના ડબ્બામાંથી એક પાન કાઢી મને આપ્યું. જબલપુરવાસીઓ રશ્ક કરવા લાગ્યા (એટલે કે કાશ ! અમને પણ પાન મળી જાય એવું વિચારવા લાગ્યા) મેં હઝરતને મારા સ્વપ્નની વાત કહી. હઝરતે સાંભળીને ફર્માવ્યું કે, ''ખુદા મુબારક ફર્માવે, ખ્વાબ સારો છે.'' મેં ખ્વાબની તાબીર પણ કહી સંભળાવી તો હુઝૂરે ફર્માવ્યું કે, ''તલાશ કરો ! કોઈ જરૂર મળશે.'' મેં કહ્યું કે, હુઝૂર મળી ચૂક્યા છે ! હઝરતે ફર્માવ્યું કે, ''ના ! હું નથી, બીજો કોઈ હશે.'' મેં કહ્યું કે, હુઝૂર ! મારા ઈન્તેઝારની ઘડીઓ (પ્રતિક્ષાનો સમય) પૂરી થઈ ગઈ. બસ ! મેં દીદાર કરી લીધા. હઝરત ઈન્કાર કરતા રહ્યા. હું જબલપુરથી પરત આવ્યો, પરંતુ મારા દિલમાં એવો જ ખયાલ હતો કે હું હઝરતથી બયઅત થાઉં તો મારા જ શહેરમાં અને મારા વાલિદૈન સાથે (થઈશ). ત્યાર બાદ દર વર્ષે કોઈ ન કોઈ જગ્યાએ હઝરતની મુલાકાત થઈ જતી પરંતુ બયઅતનો વખત મળતો ન હતો. આ બાજુ મારા શહેરમાં વહાબિયત વધી રહી હતી. મેં આ'લા હઝરત رحمۃ اللہ علیہ ના આસ્તાના પર જઈને દરખાસ્ત કરી કે, હુઝૂર ! મારા શહેરમાં વહાબિયત વધી રહી છે, વહાબિયતની મિશનરી પૂરજોશમાં કાર્યરત છે. અમારા આલિમો બરાબર તકરીરો કરે છે પણ જોઈએ તેવી અસર થતી નથી. ખુદાની ખાતર આપના શેહઝાદાની નજર અમારા શહેર તરફ કરાવો અને (જો) તેઓ તશરીફ લાવશે તો યકીનન ! એમની જાતની (એમનાથી) લોકોને અસર થશે. મેં એટલા કારણે આવી અર્ઝ કરી હતી કે મેં મુફતીએ આ'ઝમે હિંદને કેટલાયે શહેરોમાં જોયા હતા કે (એઓ) જ્યાં જ્યાં તશરીફ લઈ જતાં ત્યાં ઈમાનનો ચશ્મો ઉભરાવા લાગતો હતો. એમના કદમોની બરકતથી સુન્નિયત રોશન થતી હતી. અને દરેક જગ્યાએ હજારો લોકો સિલસિલામાં દાખલ થતા હતા તેમજ દીનદાર, નમાઝી બનતા હતા. અને બાતિલ અકીદાઓથી તૌબા કરતા હતા. પરિણામે એક દિવસ અચાનક હઝરત મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લાનો તાર આવ્યો કે થોડાક કલાક માટે અલ્હાબાદ, આવી રહ્યો છું. અમે લોકો સ્ટેશન પર ગયા. હઝરત મૌલાના મુશ્તાક એહમદ સાહબ નિઝામી, હઝરત મૌલાના હકીમ મુહમ્મદ યૂનુસ સાહબ નિઝામી, કારી ફસીહુલ્લાહ સાહબ જામેઅ મસ્જિદ બહાદુરગંજના ઈમામ સાહબે,



હઝરતની ખિદમતમાં અર્ઝ કરી કે, હુઝૂર ! આજની રાત અલ્હાબાદમાં રોકાઈ જાવ. હઝરતે સ્વીકાર કર્યો. જલ્દી જલ્દી શહેરમાં એલાન કરવામાં આવ્યું, રાત્રે લોકો હઝરતની ઝિયારત માટે આવવા લાગ્યા. પહેલી જ વખત મારા શહેરના લોકોએ હઝરત મુફતીએ આ'ઝમે હિંદની ઝિયારત કરી અને સવારથી જ લોકો સિલસિલામાં દાખલ થવા લાગ્યા. જે કામ વર્ષોથી તકરીરોથી ન થયું તે કામ એક મર્દે મો'મિનની ખામોશ નિગાહોથી બે દિવસની અંદર થઈ ગયું. લોકો નમાઝી બન્યા, અલ્હાબાદની વહાબિયત ધ્રુજવા લાગી. હઝરત બીજી વખત જ્યારે અલ્હાબાદ તશરીફ લાવ્યા ત્યારે પ્યાસા લોકો જેમ પાણી તરફ દોડે છે એ રીતે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ તરફ દોડવા લાગ્યા. મારા મહોલ્લાના એક નેક મુખ્લિસ ઈન્સાન અલ્હાજ ઈદુભાઈ જે મર્હૂમ સુલેમાન મિસ્ત્રીના મોટા સાહબઝાદા છે, એમના આગ્રહને કારણે હઝરત એમના મકાન પર તશરીફ લઈ ગયા. ત્યાં હું પણ સિલસિલામાં દાખલ થયો. મારા વાલિદ સાહબ અને હાજી ઈદુભાઈ અને તેમની વાલિદા તેમજ ઘણા લોકો સિલસિલામાં દાખલ થયા. (મુરીદ બન્યા) ચાર દિવસ સુધી મર્હૂમ સુલેમાન મિસ્ત્રીના મકાન પર મુસલમાનોની ખૂબ ભીડ રહી, અને હઝરતની દુઆઓ માટે હિંદુઓ તથા મુસલમાનો જમા થતા રહ્યા. હઝરત મુફતીએ આ'ઝમે હિંદ જે દિવસે બરેલી શરીફ જવા લાગ્યા તો હઝરતે ઈદુભાઈ, એમના ભાઈઓ માટે એમના કારોબાર માટે દુઆ ફર્માવી અને મને કહ્યું કે તમે નમાઝ પછી હિસાર (હદબંદી) કર્યા કરો, ખુદા મેહફૂઝ રાખશે.

## ★ હઝરતનો ઈશારો અને ફસાદ ★

કોને ખબર હતી કે એક અઠવાડિયા પછી અલ્હાબાદમાં શું થવાનું છે ? પરંતુ આ એક નવાઈ પમાડે એવી હકીકત છે કે અલ્હાજ ઈદુભાઈ માટે મૌલાના હકીમ મુહમ્મદ યૂનુસ સાહબ નિઝામીએ દુઆ કરાવી કે, એમની દુકાનો અને મોટરોના ધંધામાં નુકસાન થતું હતું. હઝરતે દુઆ ફર્માવી કે ઈદુભાઈની દુકાન વગેરે તમામ બલાઓથી મેહફૂઝ રહે. હઝરતે દુઆ ફર્માવી અને કહ્યું કે જાઓ, ઈન્શાઅલ્લાહ ! તમારી દુકાન મેહફૂઝ રહેશે અને નુકસાનથી અલ્લાહ عزوجل બચાવશે. હઝરતના પાછા ફર્યા બાદ બરાબર એક અઠવાડિયા પછી અલ્હાબાદમાં ૨૦ વર્ષ બાદ કોમી ફસાદ

થયો. ઈદુભાઈની દુકાન એવી જગ્યા પર છે કે વાત ન પૂછો. તે જગ્યા પર બીજા મુસલમાનોની ચાર દુકાનો હતી તે તમામ લૂંટાઈ ગઈ અને ઈદુભાઈનું કારખાનુ સલામત રહ્યું, જો કે એને પણ બરબાદ કરવાની કોશિશો કરવામાં આવી હતી પરંતુ અલ્લાહના એક નેક બંદાએ દુઆ ફર્માવી હતી. (પરિણામે એ સલામત રહ્યું.)

## ★ હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ની ઝિયારત ★

હઝરતની ગુલામીમાં આવ્યાને મને ચાલીસ દિવસ થયા હતા. એટલામાં એક દિવસ મારુ નસીબ બુલંદ થયું. મારા જેવા ખતાકાર સિયાહકારને કાદરી નિસ્બતનો ફય્ઝ હાંસલ થયો. હું રાત્રે સૂઈ રહ્યો હતો, મેં સ્વપ્નમાં જોયું કે, અલ્હાબાદમાં એક મકાનમાં કોઈ વ્યક્તિ મને બોલાવીને લઈ ગઈ, હું ત્યાં પહોંચ્યો તો એક મોટો હોલ જેવો રૂમ જોયો. એ રૂમમાં એક ઊંચી ચાર પાઈ મૂકેલી છે જેના પર ઉમદા પ્રકારનો બિસ્તર બિછાવેલો (પાઠરેલો) છે. એક માણસે આગળ વધીને મને કહ્યું કે, જુઓ ! આ હઝરત અલી كرم الله تعالى وجهه الكريم છે. જેવી મારી નજર પડી કે મેં અદબથી નજરો નીચી કરી લીધી અને મારા આખા શરીરમાં કંપારી (ધ્રુજારી) પેદા થઈ ગઈ. એ દરમ્યાન મારી આંખ ખૂલી ગઈ. હું મારા નસીબ પર ખુશ હતો. મેં ગણતરી કરી તો મને હઝરતથી બયઅત થવાને ચાલીસ દિવસ થયા હતા.

## ★ હઝરતનો કશ્ફ ★

મારા મહોલ્લામાં મારા મકાન નજીક એક એવો માણસ રહેતો હતો જે ઘણો જ બદ્નામ હતો. અલ્લાહ એમની મગફેરત ફર્માવે. પરંતુ અલ્લાહવાળાઓ તમામને નવાજે છે. એક રાત્રે હઝરત મારે ઘેર પધાર્યા. એમની સાથે ઘણા માણસો આવ્યા હતા. ખૂબ ભીડ થવાની બીકે મેં ઘરનો મુખ્ય દરવાજો બંધ રાખ્યો હતો. પછીથી હઝરત રાતના ૧૦.૦૦ વાગે ઈદુભાઈના ઘેર જતા રહ્યા. અને લોકોએ વિનંતી કરવાથી તાવીઝો લખવા લાગ્યા. બધા લોકો સૂઈ ગયા પરંતુ હું ખિદમતમાં હાજર રહ્યો. લગભગ ૧.૩૦ (દોઢ) વાગ્યા સુધી હઝરતે બધા તાવીઝો લખી નાંખ્યા. અને મને તાવીજો આપીને ફર્માવ્યું કે સવારે દરેકને તાવીજ આપી દેજો. પરંતુ મેં



જોયું કે હઝરતના હાથમાં એક નાનુ સરખું તાવીઝ રાખેલું છે. હું એ તાવીઝના બારામાં વિચારતો હતો એટલામાં હઝરતે ફર્માવ્યું કે આ તાવીઝ તમારી પાસે રાખજો અને જો કોઈ જરૂરતમંદ માંગે તો તેને આપી દેજો. મેં અર્ઝ કરી કે હુઝૂર ! આ તાવીઝ શા કામ માટે આપી દઉં ?! (શેના ઈલાજ માટે આપું ?) હુઝૂરે ફર્માવ્યું કે દમના રોગ માટે છે. જેના પર દવા અસર ન કરે તેના પર આ તાવીઝ અસર કરશે. મેં (તાવીઝ) રાખી લીધું. સવારમાં હઝરત તશરીફ લઈ ગયા. મેં મારી પત્નીને કહ્યું કે માલૂમ પડે છે કે આપણા ઘરમાં કોઈને આ રોગ હશે અથવા તો કોઈ લેવા (તાવીઝ) આવનાર છે. એ દિવસે સાંજના મહોલ્લાની એક ઔરત આવી અને કહેવા લાગી કે, ભાઈ ! પરમ દિવસે રાત્રે અમે ઘણી જ આશાથી આવ્યા હતા. અમે સાંભળ્યું હતું કે બરેલીવાળા મિયાં તમારે ત્યાં આવેલા છે, અમારી ફરિયાદ (દુ:ખ) એમને સંભળાવત, પરંતુ દરવાજો બંધ હતો જેથી અમે રડી રડીને ચાલ્યાં ગયાં. મેં કહ્યું કે શું વાત કહેવા માંગતાં હતાં ?! એણે કહ્યું કે મારા પતિની તબિયત ઘણી ખરાબ છે. મહિનાઓથી ઈલાજ ચાલુ છે પરંતુ કોઈ ફાયદો થતો નથી. મેં પૂછયું કે શી બીમારી છે ? એમણે બતાવ્યું કે □ાસ ખૂબ ચાલે છે, દમ થાય છે, ખૂબ તકલીફ છે. હું અને મારાં પત્ની નવાઈ પામતાં એકબીજા તરફ જોવા લાગ્યાં. અને એને આખી વાત સંભળાવતાં કહ્યું કે હઝરત તમારા પતિ માટે તાવીઝ આપતા ગયા છે. તે પણ હેરાન થઈ ગઈ કે મેં તો કોઈને કહ્યું પણ નથી ! ફક્ત આ વાત તો મારા દિલમાં હતી. પરંતુ મેં કહ્યું કે તમારી રડતી આંખોમાંથી નીકળેલાં આંસૂંઓ પાંખ લગાડીને અલ્લાહના એક બરગુઝીદા બંદાના દામન સુધી પહોંચી ગયાં અને તમારી ગમજનક હાલતને વિલાયતની આંખોએ દિવાલોના પડદા ચીરીને દૂરથી જોઈ લીધી. જાઓ ! આ તાવીઝ લઈ જાઓ. તે ઔરત તાવીઝ લઈ ગઈ અને પોતાના પતિના ગળામાં નાંખી દીધું. (પહેરાવ્યું) તેને તાત્કાલિક આરામ થઈ ગયો.

## ★ હઝરતનો કશ્ફ અને મારા પત્નીને પોતાની બેટી બનાવવી ★

એક વખત મૌલાના મુશ્તાક અહમદ નિઝામી સાહબને ત્યાં હઝરત તશરીફ લાવ્યા. મારા બંને પુત્રો કમાલ અખ્તર ઉર્ફે રેશમ અને જમાલ

અખ્તર ઉર્ફે અકરમ, મારાં પત્ની, મારા વાલિદા એ બધાં હઝરતથી બયઅત થઈ ચૂક્યાં હતાં. મારા પત્નીએ કહ્યું કે, હઝરત આપણા ઘેર આવે તો ઘણું સારું થાત, મેં હઝરતને અર્ઝ કરી તો હઝરતે ફર્માવ્યું કે, ઈન્શાઅલ્લાહ ! મગરિબની નમાઝ પછી આવીશ. (હું મગરિબનીનમાઝ પછીના બદલે ઈશાની નમાઝ પછી હઝરતને લઈને ઘેર પહોંચ્યો.) એ દરમ્યાન હઝરતના આગમન પહેલાં મારા પત્નીએ બેઠા બેઠા વિચાર્યું કે (આજે) મારા વાલિદ સાહબ હયાત નથી, નહીંતર આજે તેઓ હઝરતની ઝિયારત કરતા. અને આવું વિચારતાં વિચારતાં રડવા લાગી. ત્યારબાદ એમણે પોતે જ ફેંસલો કરી નાંખ્યો કે, અત્યારે મારા વાલિદ સાહેબ (હયાત) નથી તો શું થયું ? હવે તો મારા પીરો મુર્શિદ જ મારા પિતા છે. એમણે પોતે જ આ પ્રમાણેનો ફેંસલો કરી લીધો. હું ઈશાની નમાઝ પછી હઝરતને લઈને મારા ઘેર પહોંચ્યો, મને શું ખબર કે એમણે (પત્નીએ) શું વિચાર્યું છે ?! હું તો આખો દિવસ હઝરતની સેવામાં હતો. હઝરત સમક્ષ કંઈક નાસ્તો તથા ચા રજૂ કરવામાં આવી. હઝરતે ફાતેહા પઢયા અને મીઠી ચીજ ચાખી લીધી, અને ચા પીને દુઆ કરવા લાગ્યા. હઝરતે ફર્માવ્યું કે, તમારાં બધાં બાળકો છે ? તમારાં બહેન પણ છે, જેની ઉંમર ત્રણ વર્ષની હતી ? હઝરતે એ બાળકીને ખૂબ ચાહતા હતા. મેં જવાબ આપ્યો કે હુઝૂર બધાં જ હાજર છે. હઝરતે પોતાના ગજવામાંથી પૈસા કાઢયા અને મારાં બાળકોને આપ્યા, મારી બહેનને આપ્યા અને પાંચ રૂપિયાની નોટ (હાથમાં) લઈને એને (નોટને) ખામોશીથી જોતા રહેતા હતા, મારા પત્ની તથા વાલિદા પડદામાં રહીને આ બધું જોઈ રહ્યાં હતાં. હઝરતે એ નોટ મને આપી અને ફર્માવ્યું કે આ પાંચ રૂપિયા મારી બેટી (દિકરી)ને આપી દેજો. મેં વિચાર્યું કે શાયદ ! મારા વાલિદાને આપવા માટે દીધી હશે. હજુ હું વિચારતો જ હતો કે, હઝરતે ફર્માવ્યું કે, એને (નોટને) તમારાં પત્ની અને મારી દિકરીને આપી દો. જો કે મારાં પત્નીના દિલના ઈરાદાથી હું બિલકુલ અજાણ હતો. તેમ છતાં મેં શુક્ર અદા કર્યો કે એક આરિફ બિલ્લાહ જે ઔરતને પોતાની જીભે પોતાની બેટી કહે તો શું ઓછું છે ? મેં એ નોટ મારાં પત્નીને આપી દીધી. સવારમાં સૂઈને ઉઠયો તો મારા પત્નીએ કહ્યું કે, મેં તો મારા દિલમાં એવો ફેંસલો કર્યો હતો કે, મારા વાલિદ નથી તો શું થયું ?! મારા પીરો મુર્શિદ જ



મારા પિતા છે. મને નવાઈ લાગે છે કે હઝરતને આ વાતની ખબર કઈ રીતે પડી ગઈ હશે ?! મેં કહ્યું કે કશ્ફ આનું જ નામ છે. અલ્લાહ પોતાના મેહબૂબ, પાક બંદાઓને એ દોલત અતા કરે છે.

બીજે દિવસે મૌલાના મુશ્તાક અહમદ નિઝામીને ત્યાં મારાં પત્ની ફરીવાર હઝરતની ઝિયારત માટે ગયાં, મેં હઝરતને અર્ઝ કરી કે, હુઝૂર આપની ખાદિમા આવી છે. હઝરતે તરત જ જવાબ આપ્યો કે, મેં એમને મારી દિકરી કહી છે, હવેથી એ કાયમને માટે મારી દિકરી છે, ત્યાર પછી મેં રાતના બનાવની હકીકત બધાંની રૂબરૂ બતાવી કે હુઝૂર ! તમારા આગમન પહેલાં જ એમણે પોતાના દિલમાં ફેંસલો કરી લીધો હતો કે હવેથી હું હઝરતને જ મારા પિતા સમજીશ. અને ત્યાર બાદ જ એવું બન્યું કે હઝરતે (આપે) એને પોતાની દિકરી કહી ખુશકિસ્મત બનાવી દીધી. હઝરતે ફર્માવ્યું કે તેઓ પડદામાં બેઠાં છે એમને મના કરી આપો કે મને આ વાતની બિલકુલ ખબર ન હતી, આ તો મારા દિલમાં એકાએક જ આ વાત આવી ગઈ કે હું હંમેશાં એમને મારી દિકરી સમજું, પરંતુ એમને તાકીદ કરજો કે મને પહેલેથી કંઈ ખબર ન હતી. એ તો ફક્ત ઈત્તેફાક છે કે એમણે વિચારેલી વાત મારા મોઢેથી નીકળી ગઈ. એમને કહેજો કે અલ્લાહ પોતાના પસંદીદા બંદાઓને (આવી) દોલત અતા કરે છે. (ફર્માવે છે) કદીપણ એમાંનો હું નથી.

અલ્લાહ ! અલ્લાહ ! આટલો બધો શરીઅતનો લિહાઝ ! આટલી બધી ઈન્કેસારી ! કરામત પર કરામત જાહેર થઈ રહી છે પરંતુ કદમ કદમ પર શરીઅતની પાબંદી છે. રસૂલુલ્લાહ ﷺના ગૈબના ઈલ્મના ઈન્કાર કરનારા ક્યાં છે ?! અરે ! સરકારે મદીના ﷺ તો સૌથી વધીને મેહબૂબ પૈગંબર છે એમની અઝમત તથા રફઅતનું શું કહેવું ? જુઓ ! એમના ગુલામ દર ગુલામની ચશ્મે બસીરત ક્યાં સુધી જુએ છે ? અલ્લાહનો શુક્ર છે કે અમે લોકો રૂહાનિયતના આવા નૂરથી ફય્ઝયાબ થઈ રહ્યા છીએ કે જે નૂરમાં ઈશ્કે મુસ્તફાનો ચિરાગ રોશન છે. જેનો નૂરાની ચેહરો જુઓ તો ખુદા યાદ આવી જાય. અલ્લાહના વલીની એ જ ઓળખ બતાવવામાં આવી છે. જેમનો ચેહરો (શક્લ મુબારક) હુઝૂર ગૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہને મળતો આવે છે, જેમની આદતો (રહેણીકરણી) રસૂલુલ્લાહ ﷺની સુન્નત

મુતાબિક છે. જેમના તકવાને જોઈને આલિમો (આજના)ને પરસેવો થઈ જાય. જેમણે કદી પણ બદ્‌મઝહબની તા'ઝીમ નથી કરી. દેશમાં હજારો ઈન્કિલાબ આવ્યા, અને કેટલાયે આલિમોએ પોતાનું ઝમીર વેચ્યું, પરંતુ શાહઝાદાએ આ'લા હઝરત એક પહાડની જેમ પોતાની જગ્યા પર મસ્લેહતોની હવાઓની સામે અડગ ઊભા રહ્યા. અય આ'લા હઝરત ! رحمۃ اللہ علیہ અલ્લાહ તઆલા આપની કબર પર કયામતની સવાર સુધી રહમતોના ફૂલ વરસાવે. આજે આપના શાહઝાદા ગામ ગામ, શહેર શહેર રૂહાનિયતના ઊંઘી રહેલા ચશ્માઓને જગાડી રહ્યા છે. જેમને ન એક પૈસાની લાલચ છે કે ન દુનિયાની કોઈ ચીજની લાલચ છે. ફક્ત ખુદાની મખ્લૂકની સેવા કરવાની જ ખ્વાહિશ છે. અને આપના શાહઝાદા આખી આખી રાત એક પગે બેસીને લોકો માટે તાવીઝ લખી રહ્યા છે. (જેમાં) સારા પણ છે, ખરાબ લોકો પણ છે, હિંદુઓ પણ છે, શીખ પણ છે તેમજ ઈસાઈ પણ છે, પરંતુ ઈસ્લામના ફયૂઝથી બધાંને ફયૂઝયાબ કરી રહ્યા છે. ક્યાં છે આરામ ?! ક્યાં છે ઊંઘ ?! (આરામ કે ઊંઘની પરવા કર્યા વગર બધાંને ફયૂઝયાબ કરી રહ્યા છે) ખરેખર ઈસ્લામનો ફેલાવો આવા જ બરગુઝીદા બંદાઓથી થયો છે.

## ★ ઔલાદ માટેની દુઆ કઈ રીતે કબૂલ થઈ ? ★

મારા મામા જેમનું નામ ગુલઝારઅલી છે. તેઓ બખ્શી બજારમાં વહાબિયતના મર્કઝથી આશરે સો કદમ દૂર રહે છે તેમને કોઈ ઔલાદ ન હતી. આમ તો અલ્લાહે એમને ખૂબ ખૂબ નવાઝેલ છે, ફક્ત ઔલાદની કમી હતી તેમની સાથે મારા માસીના નિકાહ થયેલા છે. (પરણેલા છે.) એક વખત અચાનક હઝરત મુફતીએ આ'ઝમે હિંદ અલ્હાબાદ આવ્યા. અને સાંજે જ્યારે તેઓ પાછા ફરી રહ્યા હતા ત્યારે મેં હઝરતને વિનંતી કરી કે, હુઝૂર ! મારા માસીને ત્યાં આપના કદમ મુબારક પડી જાય (માસીને ત્યાં પધારો) તો ખૂબ ખૂબ બરકત થશે. હઝરતે કબૂલ કર્યું. લોકો બધા સામાન લઈને સ્ટેશન પર પહોંચી ગયા છે અને હું હઝરતને માસીના ઘેર લઈ ગયો. તેમણે મીઠી ચીજ મંગાવી રાખી હતી અને વુઝૂ કરવા માટે પાણી ગરમ કર્યું. હઝરતે ત્યાં અસરની નમાઝ અદા કરી અને મીઠી ચીજ પર ફાતેહા પઢી, ચા પીને જવા લાગ્યા. મેં માસીને કહ્યું કે, હઝરત જઈ



રહ્યા છે, તેઓ દિવાલની આડમાં ઊભા રહી ગયાં અને કહેવા લાગ્યાં કે હઝરત ! મારા માટે દુઆ કરો. હઝરતે ફર્માવ્યું કે, મેં અસરની નમાઝ પઢી તમારા માટે દુઆ કરી છે, તેમ છતાં તેમણે કહ્યું કે હઝરત મારા માટે દુઆ કરો ! પછી તો હઝરતે અલ્લાહની બારગાહમાં દુઆ કરવા માટે હાથ ઉઠાવ્યા. હઝરતના હાથમાં હમેશાં એક મોટો લાંબો રૂમાલ રહેતો હતો હંમેશની આદત મુજબ તે રૂમાલ હઝરતના હાથમાં જ હતો એનો એક છેડો (હવામાં) ઉડયો અને તે મારા માસીના હાથ સુધી પહોંચી ગયો. પછી તો પૂછવું જ શું ?! તેમણે એ છેડો પકડી લીધો અને પોતાની આંખોએ લગાડી રડવાનું શરૂ કરી દીધું. હઝરત કહેતા રહ્યા કે મારો રૂમાલ છોડી દો ! મેં અલ્લાહની બારગાહમાં તમારા માટે દુઆ કરી છે, અલ્લાહ તમારી મુરાદ પૂરી કરશે. પરંતુ તેઓ રૂમાલ છોડતાં ન હતાં. હઝરતે નારાજ થઈને ઘણીવાર કહ્યું કે મારો રૂમાલ છોડી દો, પરંતુ તે બરાબર રડતાં રહ્યાં હતાં. હઝરત (છેવટે) ખફા થઈને બોલ્યા કે, મારો રૂમાલ છોડી દો, તમારે ત્યાં ઈન્શાઅલ્લાહ ! પુત્રનો જન્મ થશે ! બસ, એમણે રૂમાલ છોડી દીધો. જ્યારે હઝરત સ્ટેશન તરફ જવા લાગ્યા તો રસ્તામાં ફર્માવ્યું કે, રાઝ સાહબ ! તમારા માસીને ત્યાં ઈન્શાઅલ્લાહ ! પુત્ર પેદા થશે. (પુત્ર જન્મ થાય તો) એને હઝરત ગૌષુલ આ'ઝમ رضی اللہ عنہ ના હવાલે કરજો. એ ખાતૂને (આપણને) માંગવાનો તરીકો બતાવી આપ્યો કે એક અલ્લાહના વલી પાસે કઈ રીતે દુઆ કરાવવામાં આવે છે. બહરહાલ ! અગ્યાર મહિના પછીથી એમને ત્યાં બાળકનો જન્મ થયો. આ બનાવ મહોલ્લામાં મશ્હૂર થયો. એમના ઘેર તથા અમારા ઘરમાં ખૂબ ખૂબ ખુશી મનાવવામાં આવી કેમ કે ખૂબ ખૂબ કોશિશો અને દુઆઓ પછીથી એક મર્દે હક્ક આગાહ, એક વલીએ કામિલે એમના માટે દુઆ કરીને એમના ઘરને એક ચિરાગથી રોશન કર્યું હતું. મને ખબર થઈ એટલે મેં એ બાળકને બગદાદના શહેનશાહે રૂહાનિયત સરદાર હુઝૂર સૈયદના અબ્દુલકાદિર જીલાની, ગૌષુલ આ'ઝમ رضی اللہ عنہ ના સુપુર્દ કર્યું. અને બાળકનું નામ હઝરત મુફતીએ આ'ઝમે હિંદના નામ પર રાખ્યું અર્થાત ગુલામ મુસ્તફા રઝા નામ રાખ્યું. હઝરતની દુઆઓથી એમનો ખોળો ભરાયો, દોઢ માસ પછી હઝરત અલ્હાબાદ પધાર્યા તો એ બાળકને સિલસિલામાં દાખલ કર્યું. સેંકડો લોકો હઝરતને

લેવા માટે સ્ટેશન પર પહોંચી ગયા હતા. એક બાજુ વહાબિયોમાં બેચેનીનો આલમ કે એમની જ નજદીકમાં હઝરતથી એક આટલી મોટી કરામત જાહેર થઈ હતી. તેઓ પણ છાના છાના લોકોને પૂછયા કરતા હતા કે એ બુઝુર્ગ ક્યારે આવશે ?! અને આમ તેમ જોઈને ઝિયારત માટે આવ્યા અને આ બનાવની સચ્ચાઈનો અંદાજો લગાડી ચાલ્યા ગયા. અત્યારે એ બાળક ત્રણ વર્ષનું છે. આ વર્ષે એમને ત્યાં બીજા બાળકનો જન્મ થયો છે. મારા માસીના ઘરનાં બધા હઝરતના દામનથી વાબસ્તા છે. (મુરીદ છે.)

## ★ સતનામાં એક સીંધી ઔરતનો હેરતઅંગેઝ બનાવ ★

હઝરત સતનામાં બે દિવસ રોકાઈને બરેલી શરીફ જઈ રહ્યા હતા. હાજી અબ્દુલકરીમ રઝવી સાહબ તથા સતનાના સેંકડો માણસો સ્ટેશન પર છોડવા આવ્યા હતા. હઝરત ટ્રેનમાં બેસી ચૂક્યા હતા. અચાનક હઝરતે ખડિયો (કલમ) માંગી અને જલ્દી જલ્દી તાવીજ લખવા માંડયા. તાવીઝ લખ્યા પછી હઝરતે એક ભાઈને તાવીઝ આપ્યું અને કહ્યું કે, જુઓ ! જ્યારે તમે સ્ટેશનની બહાર નીકળો તો બહારના ભાગે (સ્ટેશનની બહાર) એક ઔરત પીળી ચાદર ઓઢીને જ્યાં ટિકિટ બારી છે ત્યાં ઊભી હશે તેને આ તાવીઝ આપી દેજો. પરંતુ એને (ઔરતને) તમે કંઈ પૂછશો નહીં. ગાડી ઉપડયા પછી બધા લોકો સ્ટેશનથી બહાર નીકળ્યા. તો તે જગ્યા (ટિકિટ બારી) પાસે પીળી ચાદર ઓઢેલી એક નવજવાન સીંધી ઔરત ઊભેલી હતી, તે રડી રહી હતી. તેણી બિલકુલ નામેહરૂમી અને નાકામીની એક જીવંત તસ્વીર સમ બની ગઈ હતી અને અફસોસ કરતી તે આમ તેમ જોવા લાગી. જે હઝરતે જેમને તાવીઝ આપ્યું હતું તેઓ એની (ઔરતની) પાસે ગયા અને કહ્યું કે, બેટી ! કોને શોધી રહી છે ? એ ઔરતે મુસલમાન ચેહરો જોઈને (મુસલમાન વ્યક્તિને જોઈને) કહ્યું કે, મેં હમણાં એક ઔરત પાસેથી સાંભળ્યું હતું કે બરેલીવાલા હઝરત આજે સતનામાં આવ્યા છે. હું એમની પ્રતિક્ષા ઘણા દિવસોથી કરતી રહી છું. (તે ઔરત પાસેથી સાંભળ્યા બાદ) હું એમના ઉતારે પહોંચી તો જાણવા મળ્યું કે, હઝરત સ્ટેશન પર પહોંચી ચૂક્યા છે. હું અહીં સ્ટેશન પર આવી તો જાણ્યું કે હઝરત ગાડીમાં ચાલ્યા



ગયા છે, ટ્રેન ગાડી ઉપડી ગઈ છે, હું મારી ફરિયાદ એમને ન કહી શકી. આમ કહેતાં કહેતાં તે રડવા લાગી. આજુબાજુના લોકો હેરાનથી એના તરફ જોઈ રહ્યા હતા. એટલામાં હાજી સાહબે જણાવ્યું કે, અય ગમઝદા ઔરત ! અલ્લાહના બંદાઓ (આપણી) નજરોથી છુપાય જાય છે પરંતુ તેમની વિલાયતની નિગાહો જોતી હોય છે. હાજી સાહબે કહ્યું કે, હઝરતે તારા માટે તાવીઝ આપ્યું છે અને તારી નિશાની (ઓળખ) પણ અમને બતાવીને કહ્યું કે તમને એક ઔરત બહાર મળશે જેણે પીળી ચાદર ઓઢી હશે તેને આ તાવીઝ આપી દેજો. તે ઔરત હેરાન રહી ગઈ કે હું આ શું સાંભળું છું ! મેં તો હઝરતને હજુ સુધી જોયા પણ નથી બલ્કે (અન્ય) ઔરતો પાસેથી એવું સાંભળ્યું છે કે તેઓ નામુરાદોને પોતાની દુઆઓથી માલામાલ કરી દે છે. હાજતમંદોને ખાલી હાથે પાછા જવા દેતા નથી. ત્યારપછી હાજી સાહબે તેને પૂછયું કે બેટી ! શું વાત છે ? તું કઈ વાતથી પરેશાન છે ? તેણે નીચી નજર કરી અને કહેવા લાગી કે મિયાં ! મને કોઈ ઔલાદ નથી અને હું બેઔલાદ હોવાને કારણે મારો પતિ મને છોડી દેવા ચાહે છે. મેં હરેક પ્રયત્નો કર્યા છે. હાજી સાહબે કહ્યું કે તું ખુશ નસીબ છે કેમ કે તને જોયા વગર, તારા કહ્યા વગર તને હઝરતે તાવીઝ આપ્યું છે, હવે તું એ બતાવ કે તું ક્યાં રહે છે ? તેણીએ પોતાનું ઠેકાણું બતાવ્યું અને હાજી સાહબને સલામ કરી તાવીજ લઈ ચાલી ગઈ. કહેવામાં આવે છે કે એક વર્ષ પછી હાજી સાહબને જાણવા મળ્યું કે તે ઔરત એક બાળકની માતા બની ચૂકી હતી.

## ★ આ'લા હઝરત અઝીમુલ બરકત હઝરત મૌલાના શાહ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہનું એલાન ★

એક વખત ઘોસીમાં જલાલતુલ ઈલ્મ, હાફિઝે મિલ્લત મૌલાના અબ્દુલ અઝીઝ સાહબ, શૈખુલ હદીષ અશરફિયહ્–મુબારકપુર, આઝમગઢથી મુલાકાત થઈ. હાફિઝે મિલ્લત ૪૦ વર્ષથી દર્સે હદીષ પઢાવે છે. હજારો આલિમો એમના શાગિર્દ છે અને વિશાળ હૃદયી, નિષ્પક્ષ વ્યક્તિ છે. હાફિઝે મિલ્લતને જ્યારે જાણવા મળ્યું કે હું હુઝૂર મુફતીએ આ'ઝમથી બયઅત થઈ ચૂક્યો છું (મુરીદ બની ચૂક્યો છું) તો હઝરતે ઘણી જ ખુશી જાહેર

કરી (ખૂશ થયા). અને હઝરત મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લાના બારામાં ઘણા વાકેઆ (બનાવો) બતાવ્યા. એમણે ફર્માવ્યું કે, તમારા પીર અલ્લાહના વલી છે, એમની વિલાયતમાં શક કરવો ગુમરાહી છે. કેમ કે હઝરત મુફતીએ આ'ઝમે હિંદ જ્યારે નવ (૯) વર્ષના હતા ત્યારે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ખ્યાતનામ આલિમોની હાજરીમાં, બરેલીમાં સ્પષ્ટ એલાન ફર્માવ્યું કે, આ મારો બાળક વલી છે, એમનાથી ફાયદો હાંસલ કરજો. જાહેર છે કે જેને ૬ (છ) મહિનાની ઉંમરમાં ખિલાફત મળે અને જે ફક્ત ૧૩ (તેર) વર્ષની ઉંમરમાં ફતવા લખવાનું શરૂ કરી લે તેમના ઈલ્મ તથા ઝોહદનો શો અંદાઝ ! અલ્લાહ જેને નવાઝે, અલ્લાહની રહમતો જેને મળી હોય !

## ★ હઝરતની પરહેઝગારી ★

હઝરત ખાવા પીવામાં ખૂબ કાળજી રાખતા હતા. મુસલમાન સિવાય બીજા કોઈના ઘરની કોઈ ચીજ ખાતા ન હતા એટલે સુધી કે વહાબીઓના ઘરનું ખાવા પણ ખાતા ન હતા. એક વખત ઈદુભાઈને ત્યાં અચાનક હઝરત થોડા સમય માટે તશરીફ લાવ્યા. ઈદુભાઈએ હઝરત માટે નાશ્તાની વ્યવસ્થા શરૂ કરી, એમણે ઉતાવળે મીઠાઈ મંગાવી, મીઠાઈ આવી એટલે હઝરત સમક્ષ નાસ્તા માટે મૂકી. હઝરત મૌલાના રય્હાન રઝાખાં ઉર્ફે રહમાનીમિયાં જેઓ હઝરતના નવાસા અને આ'લા હઝરતના પૌત્ર પણ છે તેઓ એમની સાથે હતા. ઈદુભાઈએ મીઠાઈ જોઈ તો ગભરાઈ ગયા. હવે શું કરવું બોલવાથી કંઈ બનવાનું નથી તેમ ચૂપ રહેવાથી પણ કંઈ બનવાનું નથી (ફેર પડવાનો નથી). આવા સમયે મેં કહ્યુ કે, ચૂપ રહેજો. હઝરત બિલકુલ ખાવાના જ નથી (અને) બન્યું પણ એવું જ હઝરતે મીઠાઈનો ટુકડો લીધો અન મોઢા સુધી લઈ ગયા બાદ ફર્માવ્યું કે મારું મોઢું ખરાબ છે, (એટલે) હું મીઠું (મીઠાઈ) નહીં ખાઉં. જુઓ કેટલી મોટી કરામત છે ! પરંતુ કરામત જાહેર થવાથી કઈ રીતે બચી રહ્યા છે ! જો એમ કહી દે કે મીઠાઈ નાપાક છે તો એ કરામત જાહેર થઈ ગણાશે બલ્કે એવું કહી રહ્યા છે કે મારું મોઢું ખરાબ છે. નાપાકને ત્યાંનું ખાવા પીવાથી મના ફર્માવે છે. હવે આપણે અંદાજો લગાડો કે આપણે સવાર સાંજ શું કરીએ છીએ ?! હું એક વખત મુંબઈથી આવી રહ્યો હતો, મુંબઈ હાવરા મેલમાં એક ભાઈ સાથે હઝરતની વાત નીકળી (ચર્ચા થઈ). તેઓ આઝમગઢના



હતા, તેમણે મને કહ્યું કે (પૂછયું) રાઝ સાહબ તમે દાઢી ક્યારની રાખી ?! મેં એમને કહ્યું કે બે વર્ષ થયાં. એમણે કારણ પૂછયું તો "ફાની"ના શેઅરથી (જવાબ આપ્યો) :–

તઝકેરા જબ છેળા કયામત કા
બાત પહોંચી તેરી જવાની તક

મેં મારા પીરો મુર્શિદની રૂહાની ઓળખ આપી. તેઓ હઝરતના બારામાં પહેલેથી સાંભળી ચૂક્યા હતા. કહેવા લાગ્યા કે ઘણા સમયથી હું એમની તલાશ (શોધ)માં છું, જોઉં છું ખુદા ક્યારે મેળવી આપે છે (મુલાકાત કરાવે છે). મેં કહ્યું કે, મિયાં ! હું પણ હઝરતને જોવા માટે (મુલાકાત માટે) ત્રણ મહિનાથી બેતાબ છું, કાશ ! અલ્લાહ તઆલા કોઈ સબબ બનાવી દે અને હઝરત પીરો મુર્શિદથી મુલાકાત થઈ જાય. રાત્રે આ વાત થઈ હતી, સવાર થતાં ફરીવાર હઝરતની ચર્ચા થવા લાગી. કેટલાક હિંદુ મુસાફરો પણ હઝરત વિશેની વાતો સાંભળીને આકર્ષાયા હતા. દિવસ દરમ્યાન બપોરના એક વાગે જબલપુરના સ્ટેશન પર ગાડી થોભી. મેં નીચે ઉતરી પાન લેવા જવા વિચાર્યું, મેં જોયું તો સ્ટેશન (પ્લેટફોર્મ) પર મુસલમાનોની ખૂબ ભીડ હતી. હઝરત બુરહાને મિલ્લત મૌલાના બુરહાનુલ હક્ક સાહબ મુફતીએ આ'ઝમ મધ્યપ્રદેશ અને સેંકડો મુસલમાનો એમની સાથે પ્લેટફોર્મ પર હાજર હતા. મેં (એમને) સલામ અર્ઝ કરી, બુરાહને મિલ્લતે ફર્માવ્યું કે, હઝરત મુફતીએ આ'ઝમ આ ગાડીથી આસનસોલ જઈ રહ્યા છે, જાઓ, વેઈટીંગ રૂમમાં હઝરત બેઠા છે. હું દોડયો, હાથ ચૂમ્યા, હઝરતે ફર્માવ્યું, ખુશહાલ છો ? મારી ખુશીનો કોઈ પર ન હતો, અલ્લાહ તઆલા મહાન કુદરતવાળો છે, એણે મારા પીરો મુર્શિદની ઝિયારત કરાવી. મારા ડબ્બામાં હિંદુ–મુસ્લિમ મુસાફરો જેઓ રાતથી જ હઝરતના બારામાં વાતો સાંભળી રહ્યા હતા, તેઓ હેરાન થઈ ગયા, કહેવા લાગ્યા કે આ તો અજીબ બુઝુર્ગ છે. હઝરતનો બીજો ડબ્બો હતો. પરંતુ હઝરતે મારા ડબ્બામાં બેસવા કહ્યું, ડબ્બાવાળા (મુસાફરો) ખુશી થયા. હઝરત (અમારા) ડબ્બામાં આવીને બેઠા, જબલપુરના મુસલમાનો રડતી આંખોએ એમને વિદાય આપવા લાગ્યા. અજબ પ્રકારનો દેખવા હતો. ગેર મુસ્લિમો ઉપર પણ આની ઘણી અસર પડી ગાડી ઉપડયા બાદ ડબ્બામાંના હિંદુ મુસ્લિમ

મુસાફરો હઝરત પાસે આવીને બેસી ગયા, દરેક જણ કંઈ ને કંઈ પૂછતા રહ્યા, મતલબ કે દરેક પોત પોતાની મશ્કેલીઓ બયાન કરતા હતા. હઝરતે ફર્માવ્યું કે, હું તમને તાવીઝ આપું પણ મારો સામાન બીજા ડબ્બામાં છે. મારી પાસે પેન કે કાગળ કંઈ નથી, કોઈની પાસેથી કાગળ અને પેન્સિલ મેળવી લો તો હું તમને (તાવીઝ) લખી આપીશ. એક ભાઈએ કાગળ આપ્યો હઝરતે એને તાવીઝ લખી આપ્યું. જે અડધો કાગળ બચ્યો હતો તેના પર એક હિંદુ ભાઈ જેઓ પટણાના રહેવાસી હતા તેમને માટે તાવીઝ લખ્યું. પરંતુ જ્યારે એને તાવીઝ દેવા લાગ્યા ત્યારે એને કહ્યું કે જે ભાઈનો કાગળ હતો (જેણે કાગળ આપ્યો હતો) તેને બોલાવો. લોકોએ કહ્યું કે, હુઝૂર ! તે તો બાજુના ડબ્બામાં બેઠા છે. હઝરતે કહ્યું કે (ત્યાંથી) બોલાવી લાવો ! એક ભાઈ જઈને એને બોલાવી લાવ્યા. હઝરતે તે ભાઈને કહ્યું કે (તમે આપેલા કાગળમાંથી) જે અડધો કાગળ બચ્યો હતો એના પર મેં તાવીઝ લખ્યું છે, જો તમે રજા આપો તો એ તાવીઝ હું આ ભાઈને આપું. આ સાંભળી તે ભાઈ બોલ્યા કે, હુઝૂર એમાં પૂછવાનું શું હોય ?! આ તો નાનો સરખો કાગળનો ટુકડો છે, હું તમારા માટે મારી જાન આપવા પણ તૈયાર છું ! હઝરતે કહ્યું કે, નાની હોય કે મોટી, પણ એ (કાગળ) તમારી અમાનત હતી, પૂછયા વગર બીજાને આપી શક્તો ન હતો. આ વાતથી ડબ્બામાંના લોકો ચોંકી ઉઠયા, કહેવા લાગ્યા કે ઈસ્લામમાં આટલી હદની દયાનતદારી ! અમે તો વિચારી પણ શક્તા ન હતા.

## ★ પરહેઝગારીનો બીજો બનાવ ★

મારી પાસે મુંબઈની થોડીક અફલાતુન મીઠાઈ અને નાનખટાઈ હતી. મેં અફલાતુન મીઠાઈને હઝરતની ખિદમતમાં પેશ કરી. હું જાણતો હતો કે એ (ત્યાંના) એક વહાબી મોટા વેપારીને ત્યાંની છે, છતાં હઝરત સમક્ષ મૂકી દીધી (ખાવા માટે મૂકી.) હું હઝરતને વારંવાર કહેતો રહ્યો કે, હઝરત જરા ચાખી તો લો, પરંતુ હઝરત ના પાડતા રહ્યા. પછી મને અચાનક ખ્યાલ આવ્યો કે એ તો વહાબીને ત્યાંની મીઠાઈ છે. (પછીથી) મેં મારી પાસેની નાન ખતાઈ જે એક સુન્નીને ત્યાંથી લીધેલી હતી તે હાજર કરી. હઝરતે તરત જ ચાખી લીધી. જોયું ! અલ્લાહ તઆલા પરહેઝગાર બંદાઓને કેવી રીતે બચાવી લે છે !



## ★ હઝરત મુફતીએ આ'ઝમે હિંદની અસરની નમાઝ ★

એક વખત બલરામપુરથી હઝરતને લઈને બસમાં અલ્હાબાદ આવી રહ્યો હતો. હઝરત મૌલાના મુફતી રિઝવાનુર્રહમાન સાહબ જેઓ એક જબરદસ્ત આલિમ છે તેઓ પણ સાથે હતા. અલ્હાબાદની નજીક ફાફામઉના પુલ પર બસ થોભી. ગંગા નદી પર આ પુલ આવેલો છે. પુલ પર (સાંકડા રસ્તાને કારણે) એક જ બસ આવજા કરી શકે એમ હતું, બસ એટલા માટે થોભી હતી કે સામે આવતી બસ નીકળી જાય, પછીથી (અમારી) બસ નીકળે. હઝરતે સામે નજર કરી તો જોયું સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. હઝરતે ફર્માવ્યું કે અસરની નમાઝ ક્યાં પઢીશું ? મેં કહ્યું કે હઝરત અલ્હાબાદ પઢીશું. હઝરતે કહ્યું કે અલ્હાબાદ પહોંચતાં તો સૂરજ આથમી જશે. આવું કહેતાં કહેતાં તો હઝરત હાથમાં લોટો અને મુસલ્લો લઈને જલ્દીથી બસમાંથી ઉતરી પડયા. સડકના કિનારા પર, ઘણા ઊંડા ખાડામાં વરસાદનું પાણી ભરેલું હતું. એ પાણીને જોઈને કહેવા લાગ્યા કે હું ત્યાં વૂઝુ કરી લઈશ અને એમ કહેતા હતા ઊંડા ખાડામાં ઉતરવા લાગ્યા, ખૂબ ખફા હતા. હું તથા મુફતી રિઝવાનુર્રહમાન ડરવા લાગ્યા કે આજ સુધી આટલી હદે રંજીદા (નારાજ) થતા નથી જોયા. હઝરતના મુખેથી વારંવાર એક જ વાત નીકળતી હતી કે, "અરે ! મારી અસરની નમાઝ ! મારી અસરની નમાઝ ! યા અલ્લાહ કરમ ફર્માવ ! કે જેથી હું અસરની નમાઝ અદા કરી લઉં. શો ગઝબ છે કે સૂરજ આથમી રહ્યો છે ! આમ કહેતાં કહેતાં હઝરત બેધડક ખાડા તરફ ઉતરવા લાગ્યા. રસ્તે જનારા એમને રોકી રહ્યા છે, પોલીસવાળા પણ બૂમ પાડી કહી રહ્યા છે કે, તમે પડી જશો. પરંતુ તેઓ (હઝરત) ઘણી ઝડપથી ઉતરી રહ્યા હતા. મેં દોડીનો હઝરતનો એક હાથ પકડયો. પરંતુ એટલી બધી તાકાત કે પૂછવું જ શું ? હમણાં પડી જવાશે, હમણાં પડી જઈશું, એવુ લાગતું હતું, પણ હઝરત પાણીની નજીક પહોંચી ગયા. પછીથી જ્યારે પાણીમાં લોટો નાંખ્યો તો પાણીની સાથે કાદવ પણ કિનારા પર અર સાથે નીકળ્યો. હઝરતે એમનો રૂમાલ મારા તરફ ફેંકીને મને કહ્યું કે, તમે તો નમાઝ પઢી લો કેમ કે તમારે તો વૂઝુ છે. મેં હુકમનો અમલ કર્યો અને નમાઝ પઢવા લાગ્યો. ત્યારબાદ

હું જોઉં છું તો હઝરત પાણીની વચમાં પહોંચી ગયા અને પાણીની વચમાં એક પથ્થર ઉભરી આવ્યો છે તેના પર બેસીને હઝરત વુઝૂ કરી રહ્યા છે. હું નવાઈ પામી ફાટી આંખે જોતો રહ્યો, યા અલ્લાહ ! આ એક દુબળો પાતળો, કમજોર બુઝુર્ગ કઈ રીતે પાણીમાં પહોંચી ગયો. અને પાણીની વચ્ચે આ પથ્થર કોણે, ક્યારે મૂક્યો ?! હઝરતે વુઝૂ કર્યું અને ચાલીને કિનારે આવ્યા. અને મુસલ્લો બીછાવી અસરની નમાઝ પઢવી શરૂ કરી દીધી. બીજી બાજુ મેં જોયું તો લોકો સડક પર હેરતથી આ તમામ હકીકત જોઈ રહ્યા છે. એક્ષપ્રેસ બસ હતી તે જઈ ચૂકી હતી. સામાન બસમાં હતો પણ મુફતી રિઝવાનુર્રહમાન સાહબ બસમાં હતા. મારી હેન્ડબેગ જેમાં ત્રણસો રૂપિયા હતા તે હઝરતની સીટની નીચે બસમાં પડી હતી (મૂકી હતી). ત્યારબાદ હઝરતે નમાઝ પૂરી કરી. દુઆ ફર્માવી પછીથી ઉપર આવ્યા તો (હઝરતના ચેહરા પરથી) તમામ ઉલઝન, નારાજગી ખતમ થઈ ચૂકી હતી. જાણે કશું બન્યું જ નથી. લોકો દોડી આવ્યા અને કહેવા લાગ્યા કે, હઝરત (અમે) ગમે ત્યાંથી અમે વુઝૂ માટે પાણી લાવી આપતા. પરંતુ હઝરતે ફર્માવ્યું કે દરેક પાણીથી વુઝૂ નથી થતુ, આટલુ બોલીને ખામોશ થઈ ગયા. લોકો હાથ મેળવવા લાગ્યા, અને હઝરતના નૂરાની ચેહરાના દીદાર કરતા રહ્યા. પોલીસવાળાઓએ બીજી બસ થોભાવી તેમાં હઝરતને બેસાડયા. મને મારી હેન્ડબેગ યાદ આવી. મેં હઝરતને અદબપૂર્વક વાત કરી કહ્યું કે, હઝરત આપની સીટ નીચે મારી બેગ મૂકી હતી, મુફતી સાહબને મારી આ બેગ વિશે ખબર હશે કે કેમ ? કેમ કે બાકીનો બધો સામાન ઉપરના ભાગે મૂકેલો છે, એટલે નીચેના ભાગ પર (સીટ નીચે) એમની નજર જ નહીં પડે એટલે હેન્ડબેગ લેવાના જ નથી. હઝરત ચૂપ રહ્યા પછીથી ફર્માવ્યું કે, અલ્લાહ હિફાઝત કરનાર છે તમે ગભરાઓ નહીં ! ઈન્શાઅલ્લાહ ! બેગ મળી જશે. જ્યારે અમે ઉતારે પહોંચ્યા, જોયું તો બધો સામાન મૌજૂદ હતો, અને સામાનના ઉપરના ભાગે મારી બેગ મૂકેલી હતી. તમે જોયું ? અલ્લાહવાળાઓની નમાઝ આવી હોય છે ! કોઈ પણ હાલતમાં નમાઝ કઝા નથી થતી. નમાઝની કેટલી બધી ફઝીલત અને અહમિયત છે. બેનમાઝી પીર નહીં કે જાઓ બસ મુરીદ થઈ જાવ ! નમાઝ, રોઝા, બધુ માફ ! બલ્કે પોતાના મુરીદને એક સાચો મુસલમાન બનાવી દે છે, અમલ



કરનાર બનાવી દે છે, જિંદગીની રૂખ બદલી નાંખે છે, દિલમાં અલ્લાહનો ખૌફ પેદા કરી દે છે. અને આવા લોકો જ સાચા અર્થમાં પીરો મુર્શિદ કહેવાના હક્કદાર હોય છે. જેઓ શરીઅત, તરીકતના સંગમ છે. શરીઅત વગરની તરીકત ક્યાં ? શરીઅતની પાબંદીઓથી તો ઈમાન ઉજ્જવળ બને છે.

## ★ નમાઝ કઝા થવા પર નારાજગી ★

એક વખત ફતેહપુરમાં હઝરતના આગમન વેળા ઈદે મિલાદુન્નબી ﷺનો અઝીમુશ્શાન જલ્સો રાખવામાં આવ્યો હતો. દૂર દૂરથી હજારો મુસલમાનો હઝરતની ઝિયારત માટે ઉમટી પડયા હતા. રાતના બે વાગે જલ્સો પૂરો થયો. બે વાગ્યા પછી હઝરતે સેંકડો મુસલમાનોને મુરીદ બનાવ્યા, હું રૂમમાં એક ખૂણામાં જઈને સૂઈ ગયો. ફજરની નમાઝ કઝા થઈ ગઈ. એ દિવસે હઝરત અલ્હાબાદ જવાના હતા. હું સવારમાં ઉઠીને હઝરતની ખિદમતમાં હાજર થયો, પરંતુ હઝરતે મારા તરફ નજર ન કરી, મને કંઈ પૂછયું પણ નહીં, ફક્ત સલામનો જવાબ આપી દીધો. કલાકો સુધી હું બેસી રહ્યો પરંતુ મને કંઈ કહ્યું જ નહીં. બપોરે ઝહોરની નમાઝ વખતે હઝરત ઉઠયા, કેમ કે સવારથી જ સેંકડો માણસોની ભીડ જામેલી હતી એટલે બે વાગી ગયા હતા. હઝરત ઝહોરની નમાઝ માટે તશરીફ લઈ ગયા તો હું હઝરતની આરામગાહ જે અમીનુદ્દીન ચેરમેનના મકાનમાં હતો ત્યાં લાંબો થઈ ગયો અને ચેરમેન સાહબના એન્જિનીયર સાહબઝાદા મારી સાથે હઝરતના બારામાં વાતો કરવા લાગ્યા.

મેં વિચાર્યું કે હઝરત નમાઝ પઢીને આવશે ત્યાં સુધી જરા ઊંઘી લઉં અને જ્યારે હઝરત (નમાઝ પઢીને) આવશે ત્યાર પછી હું જઈને નમાઝ પઢી લઈશ, આવા વિચારમાં વાતો કરતો કરતો હું ઊંઘી ગયો. ત્યારબાદ કોઈએ મારા કાનમાં કહ્યું કે, ઉઠો ! હઝરત આવી રહ્યા છે. હું ઉઠીને ઊભો ગઈ ગયો. એન્જિનીયર સાહબ પણ સૂઈ રહ્યા હતા. તેઓ કહેવા લાગ્યા કે સૂઈ જાઓ, હઝરત તો હજુ મસ્જિદમાં છે અને ત્યાં તો ભીડ જમા થએલી છે. મેં કહ્યું કે નહીં સાહબ ! હઝરત હમણાં આવવાના જ છે, હું એમ કહી રહ્યો હતો કે હઝરત આવી રહ્યા છે. હું આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો કે

જ્યારે સૂતી વખતે મારા કાનમાં કોઈએ કંઈ કહ્યું જ નથી તો પછી એ અવાજ કોનો હતો ? હઝરત આવ્યા કે તરત પાછી ભીડ જામી ગઈ. બધાએ હઝરતને ચારપાઈ પર બેસી આરામ કરવા કહ્યું એટલે હઝરત ચારપાઈ પર બેસી ગયા. હઝરત જેવા ચારપાઈ બેઠા કે તરત મેં પગ દબાવવા શરૂ કર્યા. હઝરતે નારાજગી વ્યક્ત કરી ફર્માવ્યું કે, નહીં ! પગ છોડો ! મેં કહ્યું કે હઝરત થોડીક તો સેવા કરવા દો. એટલે હઝરત ગુસ્સે થઈ કહેવા લાગ્યા કે, જાઓ ! પહેલાં નમાઝ અદા કરો, ફર્ઝ છોડીને મારી ખિદમત કરવા તૈયાર થયા છો ?! હવે બતાવો ! હઝરતને કઈ રીતે ખબર પડી કે મેં ફજરની કે ઝહોરની નમાઝ પઢી નથી ?! આ છે હઝરતના કશ્ફનો ઈલ્મ ! મુરીદથી નમાઝ કઝા થાય તો એના તરફ નજર સુદ્ધાં ન કરે ! અલ્લાહ ! અલ્લાહ ! શું આરિફાના મુકામ છે ? એક આરિફની આ તો પેહચાન છે.

## ★ એક જબરદસ્ત કરામત ★

અલ્હાબાદથી થોડે દૂર પશ્ચિમમાં ઈસ્માઈલપુર નામનો મશહૂર કસ્બો આવેલો છે, જે કળાની નજીકમાં આવેલો છે. ત્યાંના લોકો હઝરતનું નામ સાંભળી, કુંડા, જિલ્લે પ્રતાપગઢના જલ્સામાં ગયા. લોકોએ પરચામાં હઝરતનું નામ છાપી દીધી હતું, બિલ્કુલ જિમ્મેદારી વગર લોકોએ હઝરતનું નામ છાપી દીધું હતું. હઝરત એ જલ્સામાં આવ્યા નહીં. ઈસ્માઈલપુરના લોકોએ બે દિવસ સુધી હઝરતની રાહ જોઈ જ્યારે પાછા ફર્યા તો આવતી વખતે એ લોકોએ પોત પોતાની જુદી જુદી હાજતો એક કાગળ પર લખીને એક ભાઈને આપી હતી. પાછા ફરતી વેળા લોકો હઝરતની ઝિયારતથી મેહરૂમ હતા તેમજ નાસીપાસ થયા હતા. જે માણસને એમણે ચિઠ્ઠીઓ આપી હતી તે ભાઈએ કહ્યું કે, ભાઈઓ ! તમારી ચિઠ્ઠીઓ લઈ લો, એને બરેલી શરીફ મોકલી આપજો. (આ સાંભળી) એક ભાઈ, ગુસ્સાપૂર્વક બોલ્યા, ચિઠ્ઠીઓ ફેંકી દો, બહુ મોટું નામ સાંભળ્યું હતું અને જ્યારે અમે ગયા તો (પોતે) આવ્યા નહીં ! નાહક્ક ! આટલી બધી તકલીફ લીધી. જો એ બુઝુર્ગ જ હોત તો અમારું બધાંનું જરૂર કામ બની જાત. જે માણસ પાસે ચિઠ્ઠીઓ હતી તેમણે જ્યારે ચિઠ્ઠીઓ કાઢી તો જોયું કે જેટલી ચિઠ્ઠીઓ હતી તે દરેક ચિઠ્ઠીના પાછળના ભાગે હઝરતના હસ્તાક્ષરથી દરેક સવાલનો જવાબ લખાયેલો હતો, એટલે સુધી કે અલગ અલગ તાવીજો લખેલાં હતાં.



એક ચિઠ્ઠીમાં મસ્અલો પૂછવામાં આવ્યો હતો તેનો જવાબ પણ લખેલો હતો અને હઝરતની સહી પણ હતી. લોકો આશ્ચર્યમાં પડી ગયા. ડોકટર હાફિઝ શેરઝમાં ખાનસાહબ જેઓ ઈસ્માઈલપુરની જાણીતી વ્યક્તિ છે અને તેઓ હઝરતના મુરીદ પણ છે એમની પાસે હઝરતના ઘણા કાગળો હતા. તે કાગળો સાથે ચિઠ્ઠીઓ પરના અક્ષરો મેળવ્યા તો બિલકુલ એક જ પ્રકારના અક્ષરો માલૂમ પડયા, જરા પણ ફેરફાર ન હતો. એ પરચાને લોકોએ પોતાની પાસે કાયમ માટે રાખી લીધા. એક ભાઈ તો એટલે સુધી બોલ્યા કે, કોઈ મને દસ હજાર રૂપિયા આપે તો પણ હું આ પરચો કોઈને નહીં આપું બલ્કે હું આ પરચાને મારી કબરમાં મૂકાવીશ.

## ★ ઈસ્માઈલપુરમાં હઝરતનું આગમન ★

ઈસ્માઈલપુરના લોકોની વિનંતિને માન આપી બીજે વર્ષે હઝરતે ઈસ્માઈલપુર આવવાનું મંજૂર કર્યું, એ જલ્સામાં હું પણ ગયો હતો. બિલકુલ નાનો કસ્બો છે પરંતુ એટલી બધી ભીડ હતી કે શહેરમાં થતા જલ્સામાં આટલી ભીડ થતી ન હતી, જંગલમાં મંગલ હતું. મગરિબની નમાઝ સુધી હઝરત આવ્યા ન હતા અને એવું માલૂમ પડતું હતું (વિચારાતુ હતું) કે હઝરત (કદાચ) નહીં આપે. (કેમ કે) ગામડુ અને વળી રસ્તા સારા નહીં. મેં કહ્યું કે હવે હઝરતની આવવાની બિલકુલ આશા નથી પરંતુ ત્યાંના લોકોને પૂરેપૂરું યકીન હતું, તે લોકો કહેવા લાગ્યા કે હઝરતે કહ્યું છે કે હું કોઈ પણ હાલતમાં તમારે ત્યાં જરૂર આવીશ. ઈશાની નમાઝ થઈ રહી હતી, મસ્જિદ નમાઝીઓથી ભરેલી હતી. સિદ્દીકી સાહબ જેઓ કળાના રહેવાસી હતા તેઓ નમાઝ પઢી રહ્યા હતા. જેવી એમણે સલામ ફેરવી કે એકાએક બોલી ઉઠયા, તેઓ (હઝરત) આવી પહોંચ્યા. બધાએ સાંભળ્યું, તેઓ પોતે પણ મને કહેવા લાગ્યા કે સાહબ ! મને ઘણી નવાઈ લાગે છે કે, મારાથી આમ કેમ બોલાય ગયું કે તેઓ આવી ગયા ! તેઓ આ પ્રમાણે વિચારી જ રહ્યા હતા કે દૂરથી નારએ તકબીરનો અવાજ સંભળાવા લાગ્યો અને લોકો સડક પર દોડવા લાગ્યા. મેં જોયું તો દૂરથી કાર (ટેક્ષી)નો અવાજ આવી રહ્યો હતો. ખેતરો પસાર કરીને જેમ જેમ કાર નજીક આવતી હતી તેમ તેમ ભીડ બેતાબ હતી. નારએ તકબીર, નારએ રિસાલતની અવાજ

વાતાવરણમાં ગુંજતી હતી. હઝરતની કાર આવીને થોભી કે લોકો જાણે કાર પર તૂટી પડતા હતા. ગામડાના નવજવાનો લાકડીઓનું એક વર્તુળ બનાવી ઊભા થઈ ગયા. ત્યારબાદ શાહઝાદાએ આ'લા હઝરત رحمۃ اللہ علیہ તાજદારે અહલે સુન્નત, આરિફ બિલ્લાહ પોતાના નૂરાની ચેહરાની ઝલક બતાવતા દેખાયા. જે રીતે વાદળમાંથી અચાનક ચંદ્ર નીકળે (નમૂદાર થાય) એ રીતે, ઘટાટોપ અંધારામાં જે રીતે રોશનીનું કિરણ પ્રગટે એ રીતે ઘણા સમયથી દીદારના પ્યાસા લોકો હઝરત પર નિસાર (કુર્બાન) થવા લાગ્યા. વિલાયતની એક શમ્અ રોશન હતી અને ચોતરફ પરવાના નિસાર થઈ રહ્યા હતા. અજીબ ઈમાન અફરોઝ મંઝર હતો, ઠંડીની રાત હતી છતાં એટલી બધી ભીડ હતી કે પગ મૂકવાની જગા ન હતી. હજારો મુસલમાનો સિલસિલામાં દાખલ થયા.

## ★ દાઢી મૂંડાવવા પર સખત નારાજગી ★

ઓગસ્ટ–૧૯૭૨માં હઝરત અલ્હાબાદ આવ્યા અને અલ્હાજ ઈદુભાઈને ત્યાં મુકામ કર્યો. તાવીઝ લેનારાઓની ભીડ જામેલી હતી, મારા મહોલ્લાના એક ભાઈ જેમનું નામ શાહઝાદા છે તેઓ પણ તાવીઝ લેવા માટે ઘણા સમયથી હઝરતની ખિદમતમાં બેઠા હતા. હઝરતે જેવું તાવીઝ એના તરફ ધર્યું તો એમણે પોતાનો ડાબો હાથ આગળ કર્યો (તાવીઝ લેવા માટે). બસ પૂછવુ જ શું ! હઝરત ખૂબ નારાજ થયા અને કહેવા લાગ્યા કે, શું આફત આવી ગઈ છે કે, લોકો પોતાનું ગળું ખુલ્લું રાખે છે, માથા પર ટોપી પહેરતા નથી અને તેમના તરફ જોઈને નારાજગી વ્યક્ત કરી કહેવા લાગ્યા કે ડાબો હાથ આગળ ધરો છો ? બસ, સવાર સાંજ દાઢી મૂંડાવવી, દાઢી સફાચટ કરાવવી એમનો નિત્યક્રમ બની ગયો છે, અને વળી પોતાના ઘરોમાં બરકત શોધે છે ! તેમજ બે બરકતીની ફરિયાદ કરે છે ! એટલા બધા નારાજ હતા કે એમને જોઈને લોકો ગભરાયા ગયા, પરંતુ શાહઝાદા સાહબ નીચુ માથું રાખી ખામોશીથી બધું સાંભળી રહ્યા હતા. ત્યારબાદ હઝરતે એમને જમણા હાથમાં તાવીઝ આપી ખૂબ ધીમે અવાજે તાવીઝ અંગેની જરૂરી હિદાયત આપી અને કહ્યું કે, દરેક નમાઝ પછી આ પઢજો, આ પઢજો, અલ્લાહ બરકત આપશે. સવારમાં મને ખબર પડી કે ભાઈએ



એક વર્ષ પહેલાંથી દાઢી રાખી હતી પરંતુ છ મહિના પહેલાંથી એમણે દાઢી મૂંડાવી નાંખી હતી. વિચારો ! હઝરતની સેવામાં આમ તો હજારો દાઢીમૂંડા સવાર સાંજ હાજરી આપતા હોય છે પરંતુ તેમાંથી કોઈને એટલા ધમકાવ્યા નથી. વિલાયતની નિગાહ ક્યાં સુધી જોઈ શકે છે ? બીજા દિવસથી જ શાહઝાદામિયાં નમાઝ પઢવા લાગ્યા, અલ્લાહ પાક એમને હંમેશ માટે નમાઝી બનાવી દે. મુરીદ બનતા પહેલાં હું પણ દાઢી રાખતો ન હતો, મુરીદ બન્યા પછી અજીબ પ્રકારની ઉલઝન રહ્યા કરતી. કોઈવાર એવું મેહસૂસ થતું કે જાણે મારા મોઢા પર હમણા કોઈ તમાચો મારી દેશે, આવું દરરોજ થતું મને કંઈ સમજ પડતી ન હતી. (આખરે કેમ આવું થાય છે ?) પછી જ્યારે હું અરીસામાં મારો ચેહરો જોતો તો નિહાયત મકરૂહ માલૂમ પડતો. મારો પોતાનો ચેહરો જોયા પછી મને ગભરામણ થવા લાગી. એક રાત્રે મેં સ્વપ્ન જોયું કે હું પલંગ પર સૂતો છું, મારી સામે એક બુઝુર્ગ કે જેમની દાઢી મુબારક ખૂબ નૂરાની છે અને એમની નૂરાની દાઢીમાંથી એવી રોશની પ્રગટ થતી હતી કે જાણે રાતના અંધકારમાં કોઈ ગેસ સળગાવી રહ્યું છે. હું સૂતો સૂતો ખ્વાબમાં આ જોઈને વિચારતો હતો કે આવી દાઢી તો કોઈની જોઈ નથી કે દાઢીમાં આટલી બધી રોશની હોય ! દાઢી ઘણી જ ખૂબસૂરત લાગતી હતી અને એ બુઝુર્ગનો દેખાવ ઘણો જ નૂરાની હતો. તેઓ દૂરથી મને જોઈને બીજી ગલીમાં ચાલ્યા ગયા અને હું એમની નજીક ન પહોંચી શક્યો. બીજે દિવસથી મેં નક્કી કરી લીધું કે આજથી દાઢી રાખી લઈશ. એ દિવસથી જ મને મારો ચેહરો સારો લાગવા માંડયો.

## ★ હઝરતની જબરદસ્ત કરામત ! ★

કારી અલ્હાજ હઝરત મૌલાના હબીબ અશરફ સાહબ સંભલી જેઓ દેશના એક મહાન મુકર્રિર તથા અચ્છા કારી છે. તેમણે કહ્યું કે, મારા ઘેર બધા ભાઈઓ જેમાં મૌલાના કારી મુહમ્મદ હસન સંભલી જેઓ કાનુપરમાં ઈમામ છે. અને મૌલાના અહમદ હસન (જે પૈકી) સંભલી તથા વાલિદ સાહબ હઝરત મૌલાના હામિદ હસન અશરફી સંભલી એક વખત બેઠા બેઠા વાતચીત કરી રહ્યા હતા, મને કહેવામાં આવ્યું કે હબીબ અશરફ ! હવે તમે કોઈના મુરીદ બની જાવ, આલિમ તો બની ચૂકયા છો. તકરીરો કરવા બધે જાઓ છો (તો) કોઈથી ફક્ત બયઅત લઈ લો. વાલિદ સાહબે

કહ્યું કે તમે પોતે જ આ બાબતમાં વિચારી લો તેઓ કહે છે કે મારી સમક્ષ એક મુશ્કેલ પ્રશ્ન આવીને ઊભો થઈ ગયો કેમ કે હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ હયાત હતા. અને હઝરત મુફતીએ આ'ઝમે હિંદ પણ બરેલી શરીફમાં મૌજૂદ હતા. આ બંને બુઝુર્ગો મારી નજરમાં હતા, એ બંનેમાંથી મારે કોની બયઅત લેવી એ નક્કી કરવાનું મારા માટે મુશ્કેલ હતું. તેમણે કહ્યું કે મેં દિલમાં નક્કી કર્યું કે એ બંને બુઝુર્ગો પૈકી સૌથી પહેલાં જે બુઝુર્ગની મુલાકાત થાય અને (તે વેળા) જેમના હાથમાં ગુલાબનું ફૂલ હશે તેમનો મુરીદ બની જવું. આવો ફૈસલો (દિલમાં) કરી હું સૂઈ ગયો. બીજે દિવસે સવારમાં ફજરની નમાઝ બાદ કોઈએ મારા ઘરનો દરવાજો ખટખટાવ્યો, મેં દરવાજો ખોલ્યો તો નવાઈ પામ્યો, જોયું તો મારા મકાનના દરવાજા પર તાજદારે અહલે સુન્નત, આરિફ બિલ્લાહ એકલા ઊભા છે, રીક્ષા બાજુમાં ઊભેલી જોઈ, અને ગળામાં ગુલાબના ફૂલોનો હાર પહેરેલો છે. મેં તરત જ હઝરતની કદમબોસી કરી, અને હઝરતને મકાનમાં લાવ્યો, મારાં વાલિદૈન પણ આશ્ચર્યમાં પડી વિચારતા હતા કે આટલી મોટી શખ્સિયત કે જેમની આગળ પાછળ હજારો માણસો ચાલતા હોય છે તેઓ એકાએક સવારના પહોરમાં કઈ રીતે આવી ગયા ! વળી બરેલી શરીફ તો સંભલથી સેંકડો માઈલ દૂર છે, હઝરત આવવાના હોત તો પહેલેથી ખબર મળત, સ્વાગતની તૈયારીઓ થાત, શહેરમાં એલાન કરાત, (પણ) આ શી હકીકત છે કે હઝરત અચાનક જ એકલા આવી પહોંચ્યા. પરંતુ મારાં વાલિદૈન તેમજ મારા ભાઈઓને શું ખબર કે રાતમાં મેં મારા દિલમાં શું નક્કી કર્યું હતું ? હઝરત જેવા ઘરમાં પધાર્યા કે તરત એમણે પેહરેલો ગુલાબનો હાર ઉતારીને મારા ગળામાં પહોરાવી દીધો. અને કહેવા લાગ્યા કે ભાઈ ! હવે તો તમે આલિમ બની ચૂક્યા છો, કારી પણ બની ગયા છો, (અને) મેં તમને કોઈ ઈનામ (પણ) આપ્યું નથી. ખુશીના માર્યા મારી આંખોમાં આંસૂ આવી ગયાં અને હું વિચારવા લાગ્યો કે, અય મારા રબ ! તેં કેવા કેવા બંદાઓ પેદા કર્યા છે ! એ તારા ચાહવાવાળા, મુકર્રબ બંદાઓ કેટલો બધો ઈલ્મ રાખે છે. અય અલ્લાહ ! છેવટે તેઓ પણ તારા બંદાઓ જ છે, જેઓ તારા મહબૂબના ઈલ્મે ગેબને માનનાર નથી ! હું આવું બધું વિચારું છું. હું દોડીને મારાં વાલિદા પાસે પહોંચીને કહેવા લાગ્યો કે સદ્‌ભાગ્યે મને પીરે



કામિલ મળી ગયા, હું મુરીદ બનવા જાઉં છું. વાલિદાએ મને હઝરતને આપવા માટે થોડાક કપડાં તથા નજરાણા માટે કંઈક રકમ આપી, હું ખુશી ખુશી આવ્યો અને હઝરતની ગુલામીમાં દાખલ થઈ ગયો. મુરીદ બન્યા બાદ મેં રાતનો બનાવ કહી સંભળાવ્યો તો હઝરતે ફર્માવ્યું કે હબીબ અશરફ ! તૌબા કરો ! મને બિલકુલ ખબર ન હતી (હું કંઈ જાણતો ન હતો). આ તો (બન્યું એમ કે) રાતના એક ભાઈ મારી પાસે બરેલી આવ્યા હતા, જેઓ અહીં નજીકમાં જ રહે છે. એમની ઔરત સખત બીમાર છે, તેમને મુરીદ બનાવવા માટે મને બરેલી શરીફથી કાર (ટેક્ષી)માં લઈ આવ્યા. સવારમાં ફજરની નમાઝ બાદ મસ્જિદમાં મેં વિચાર કર્યો કે તમને મળી લઉં અને હું મસ્જિદમાંથી સીધો નીકળી તમારા ઘરનું ઠેકાણું પૂછી રીક્ષા લઈને અહીં આવી પહોંચ્યો છું. મને શી ખબર કે તમે શો નિર્ણય કર્યો હતો ? આ તો એક (કુદરતી) મોકો મળ્યો કે અલ્લાહ પાકે મને તમારે ત્યાં મોકલી આપ્યો. મૌલાના હબીબ અશરફ સાહબ તથા એમના વાલિદા સમજી ગયા કે, હઝરતની આ જબરદસ્ત કરામત છે, પરંતુ પોતે છુપાવી રહ્યા છે. આટલીવારમાં લોકોની ભીડ જામી ગઈ અને દુઆ તાવીઝ શરૂ થઈ ગયું.

મૌલાના હબીબ અશરફ સાહબ જણાવે છે કે, આ બનાવ પછી હું અમદાવાદના જલ્સામાં ગયો. પાછા ફરતાં સુલ્તાનુલ્ હિંદ, ગરીબનવાઝ હુઝૂર ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ દરબારમાં હાજરી આપી. મેં ખ્વાજાની બારગાહમાં અર્ઝ કરી કે, હુઝૂર ! હું હઝરત મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની ગુલામીમાં આવી ચૂક્યો છું, હજુ એક તમન્ના બાકી છે કે દરબારે મુસ્તફા (صلی اللہ علیہ وسلم)માં હાજરી આપું અને હજજનો ફર્ઝ અદા કરી લઉં. બસ ! આટલી જ વિનંતિ (ઈચ્છા) કરી હું વિદાય લઈ રહ્યો છું, સરકાર ગરીબનવાઝ ! તમે કોઈને નામુરાદ પાછો કાઢયો નથી, મને પણ નવાઝી દો. હું સવાલી અજમેર શરીફથી ખાલી હાથે પાછો ફરનાર નથી. મેં રડી રડીને ખ્વાજાના દરબારમાં આવી દુઆ માંગી હતી. બસ ! પછી તો પૂછવું જ શું ? ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ખરેખર ગરીબ નવાઝ જ છે. તેમને ત્યાં સારા કે ખરાબ, બધાંની જ વાત સાંભળવામાં આવે છે, તેઓ સુલ્તાનુલ્ હિંદ છે, અલ્લાહના મહબૂબ છે. (ત્યારબાદ) હું સ્ટેશન પર આવ્યો અને

ગાડીમાં સેકન્ડ કલાસના ડબ્બામાં આરામથી સૂઈ ગયો. રાતના બાર વાગ્યા હશે, મેં સ્વપ્નમાં જોયું તો હું (અરબસ્તાન) મક્કા શરીફમાં પહોંચ્યો છું. એક ભાઈ સાદા પહેરવેશમાં મારી સામે આવ્યા અને કહેવા લાગ્યા કે, સહાબાએ કિરામની ઝિયારત કરશો ? મેં જવાબ આપ્યો કે એનાથી વધીને મારે માટે ખુશીની બીજી શી વાત હોઈ શકે ?! તેમણે મને એમની પાછળ પાછળ આવવાનો ઈશારો કર્યો. હું (એમની પાછળ) ચાલવા લાગ્યો તો એમણે કહ્યું કે આ હતીમ શરીફ છે. ત્યાં જુઓ ! હબીબ અશરફ સાહબ કહે છે કે જેવી મેં નજર કરી તો ચાર બુઝુર્ગો જોયા જેમણે સફેદ અમામા, તેહબંદ અને કુર્તા પહેરેલા હતા. મેં અદબથી માથું ઝુકાવ્યું અને નજર નીચી કરી ઊભો રહ્યો. એવામાં અવાજ આવ્યો કે અય હબીબ અશરફ ! શું તમે જાણો છો કે હઝરત ઉમ્મે હાની હુઝૂરનાં કોણ હતાં ? (શી સગાઈ હતી ?) આ અવાજ જયારે મેં સાંભળ્યો તો (મને લાગ્યું કે) આ અવાજ તો મારા પીરો મુર્શિદનો હતો એટલે કે હઝરત મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લા મને પૂછી રહ્યા છે. મેં નજર ઉપર કરી તો એ જ ચાર બુઝુર્ગો દેખાયા. મેં અર્ઝ કરી કે, હુઝૂર ! હું જાણું છું પણ અત્યારે મારી જીભ સૂકાઈ ગઈ છે. હઝરતે ફર્માવ્યું કે, ચાલો ! તમને હઝરત ઉમ્મે હાની رضی اللہ عنہا નું મકાન બતાવું. મારી સાથે એ ચારે બુઝુર્ગો ચાલવા લાગ્યા. બે કદમ જ આવ્યા હશે કે સામે એક મકાન આવ્યું એ બુઝુર્ગો મને મકાનની છત પર લઈ ગયા અને મને ફર્માવ્યું કે, જુઓ ! અહીંથી સરકારે મદીના મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم ના રોઝા મુબારક દેખાય છે. નજર પડતાં જ હું સલાતો સલામ પઢવા લાગ્યો. નજર નીચી કરી મેં અર્ઝ કરી કે મને નવાઈ લાગે છે કે મદીના શરીફ તો અહીંથી ઘણુ દૂર છે છતાં રોઝા મુબારક આટલો ચોખ્ખો દેખાય છે ? તો હઝરતે ફર્માવ્યું કે, હા ! મક્કા શરીફમાં આ એક જ મકાન એવું છે કે જયાંથી રોઝા મુબારક ચોખ્ખો દેખાય છે. તેઓ કહે છે કે મેં જોરથી (મોટેથી) યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم નો ના'રો લગાડયો અને તે વખતે મારી આંખ ઉઘડી ગઈ. મારા ડબ્બાના મુસાફરો હેરતમાં પડી ગયા, આખા ડબ્બામાં સુગંધ ફેલાઈ ગઈ. દિલ પર એક અજબ કૈફિયત છવાઈ ગઈ. આખી રાત હું ખુલ્લી આંખે (જાગૃત અવસ્થામાં) સ્વપ્નાની મજા માણતો રહ્યો, બધા મુસાફરો ઊંઘતા હતા, મારું નસીબ જાગતુ હતું. મારી આંખો



જાગતી હતી (ઉઘાડી હતી). મેં મારા મુર્શિદની આ બીજી કરામત તથા એમની મંઝિલ જોઈ. જો પીર ચાહે તો તે પોતાના મુરીદને શું નથી બતાવી શક્તા ?! પરંતુ જોવાવાળી આંખો હોવી જોઈએ, દિલ તથા નજર વિશાળ હોવાં જોઈએ. મૌલાના હબીબ અશરફ કહે છે કે હું ઘેર આવ્યો અને તરત કાનુપર જવાનું થયું, ત્યાં તકરીર (કરવાની) હતી. તકરીર પૂરી થયા બાદ એક ભાઈ મને મળ્યા જેઓ મારા ચાહક હતા, તેમણે કહ્યું કે આ વર્ષે હું હજજમાં જવાનો છું, વિચારું છું કે (હજજમાં) તમારો સાથ હોય તો કેટલું સારું ? મેં કહ્યું કે મિયાં ! આંધળો શું માંગે ? બે આંખો !

## ★ કારી હબીબ અશરફ હજ્જ માટે રવાના ★

તેઓ જણાવે છે કે મારી અરજી મંજૂર થઈ ગઈ. મેં હઝરત પીરો મુર્શિદની બારગાહોમાં હાજરી આપી દુઆ કરાવી હતી. પછીથી જયારે હું હરમૈન શરીફની સફર માટે રવાના થવાનો હતો ત્યારે હઝરતની ખિદમતમાં હાજર થયો. મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામે અહલે સુન્નત, અઝીમુલ બરકત હઝરત મૌલાના અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ના આસ્તાના મુબારક પર હાજરી આપી અને હજજની સફરે ઉપડી ગયો.

## ★ હઝરત મુફતીએ આ'ઝમે હિંદની ઝિયારત હતીમ શરીફમાં ★

હઝરત હિંદુસ્તાનમાં હતા અને હું અરબસ્તાન પહોંચ્યો, મારી સાથે કાનપુરના હાજી સાહબ પણ હતા. અમે લોકો હતીમ શરીફ તરફ નજર કરી રહ્યા હતા કે અચાનક લોકોની ભીડમાં હઝરત પીરો મુર્શિદ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ તે જ પોષાકમાં દેખાયા જે પોષાક મેં ખ્વાબમાં પહેરેલો જોયો હતો. પરંતુ આ તો ખ્વાબ ન હતો બલ્કે એક હકીકત હતી જેને હું મારી આંખોથી જોઈ રહ્યો હતો. જેવો હું હઝરત તરફ દોડયો તો હઝરત ભીડમાં ગાયબ થઈ ગયા. તેઓ કહે છે કે, મારું આખુ શરીર ધ્રુજવા લાગ્યું, હું કંઈ બોલી શક્તો ન હતો. હું જાણતો હતો કે હઝરત હજજમાં તશરીફ લાવ્યા જ નથી, વળી હજજમાં આવવાની એમની કોઈ તૈયારી પણ ન હોતી. અલ્લાહ ! અલ્લાહ ! મારા પીરો મુર્શિદની મકબૂલિયત અલ્લાહની બારગાહમાં કેટલી છે ! તેઓ કહે છે કે હું ચોતરફ નજર દોડાવતો

રહ્યો, શોધતો રહ્યો કે ફરીથી એકવાર હઝરતની ઝિયારત નસીબ થઈ જાય. તેઓ કહે છે કે હું ઈમામે અહલે સુન્નત, અઝીમુલ બરકત આ'લા હઝરત رحمۃ اللہ علیہના ખલીફા હઝરત મૌલાના ઝિયાઉદ્દીન સાહબ કિબ્લા જેઓ આ'લા હઝરત رحمۃ اللہ علیہના ઈર્શાદ મુજબ હિંદુસ્તાનથી હિજરત કરી મદીના મુનવ્વરામાં ઘણા સમયથી છે. હજ્જથી ફારિગ થઈને મહબૂબે રબ્બુલ આલમીન, ગુંબદે ખિદરાના મકીંની બારગાહે બેકસ પનાહમાં સદ્‌ભાગ્યે હાજર થયો તો તે વખતે મદીના શરીફમાં એમની ખિદમતમાં હાજર થયો. તેઓ ત્યાંના જબરદસ્ત આલિમોમાંના એક હતા અને હજારો આલિમો એમના શાગિર્દ તથા મુરીદો છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہના સાચા નાયબ છે અને રસૂલે અકરમ صلی اللہ علیہ وسلمના રોઝા મુબારકની નજીક એક મકાનમાં રહે છે. તેમને આખી વાત કહી સંભળાવી, તેમણે કહ્યું કે મૌલાના ! હજુ તો તમે ઘણા નાના છો આ'લા હઝરત رحمۃ اللہ علیہના મકામ (દરજ્જા)ને મોટા મોટા સમજી શક્યા નથી કે તેઓ સરકારે અબદ કરાર મદની તાજદાર સૈયદે આલમ, નૂરે મુજસ્સમ صلی اللہ علیہ وسلم ના કેટલા આશિક છે. એમની પહોંચ બારગાહે મહબૂબ صلی اللہ علیہ وسلم સુધી છે. હઝરત અલ્લામા અલ્હાજ ઝિયાઉદ્દીન સાહબ કહેવા લાગ્યા કે મને ફાલિજ (લકવા)ની અસર થઈ. હાથ પગ લૂલા થઈ ગયા, હું કાયમ સૂઈ રહેતો (પથારીવશ રહેતો). આ'લા હઝરતે મને સરકારે દો આલમ صلی اللہ علیہ وسلم ની બારગાહમાં પોતાના તરફથી ખાદિમ બનાવીને મોકલ્યો હતો. એક રાત્રે મેં બારગાહે મુસ્તફા صلی اللہ علیہ وسلم માં રડી રડીને અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મને મારા પીરો મુર્શિદે આપની બારગાહમાં ખાદિમ બનાવીને મોકલ્યો હતો. અય મારા આકા ! અય સરકાર ! મારાથી કોઈ ભૂલ થઈ હશે જેની સજા મને મળી હોય, મારા પીરો મુર્શિદના સદકામાં મને માફ કરી દો અને આપના રોઝા મુબારકની ખિદમત કરવાનો શર્ફ અતા કરો, અને આ જ રીતની દુઆ મેં સરકારે બગદાદ મહબૂબે સુબ્હાની, કુત્બે રબ્બાની હઝરત સૈયદના મોહયુદ્દીન અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہની બારગાહમાં પણ કરી. બસ પછી તો પૂછવું જ શું ?! રાત્રે હું સૂતો. મેં જોયું કે આ'લા હઝરત رحمۃ اللہ علیہ તેમની સાથે બીજા ત્રણ બુઝુર્ગો જેમના ચેહરા ખૂબ જ નૂરાની હતા તેઓને લઈને મારા મકાનમાં પધાર્યા. અને આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે,



ઝિયાઉદ્દીન ! આજે તમે એવી દરખાસ્ત કરી કે મારા ગૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہજાતે તશરીફ લાવ્યા અને આ'લા હઝરત رحمۃ اللہ علیہબીજા એક બુઝુર્ગ તરફ ઈશારો કરી કહેવા લાગ્યા કે, જુઓ ! આ સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہ છે. પછીથી સરકાર ગૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہએ મારા શરીર પર હાથ ફેરવ્યો અને ફર્માવ્યું કે ઊઠો ! ખ્વાબમાં હું ઊભો થયો તો એ ત્રણે બુઝુર્ગો નમાઝ પઢવા લાગ્યા. મારી આંખો ખુલી તો હું પલંગની નીચે ઊભેલો હતો. મેં નારએ રિસાલતનો નારો માર્યો, મારા બાળકો દોડી આવ્યાં અને મને જોઈને હેરતમાં પડી ગયાં. મેં તરત જ કહ્યું કે, પહેલાં આ સામેના ફર્શ પર લોખંડની અલમારી મૂકી દો કેમ કે એ જગ્યા પર હમણાં મારા પીરો મુર્શિદ અને હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી તથા સૈયદના ગૌષુલ આ'ઝમ (علیہم الرحمہ) એ નમાઝ પઢી છે. હઝરત મૌલાના ઝિયાઉદ્દીન સાહબ કિબ્લા ફર્માવે છે કે (જુઓ) હું બિલકુલ તમારી સામે જ બેઠો છું. જોયો, આ'લા હઝરતની મકબૂલિયતનો મકામ ! મિયાં ! તમારા પીરો મુર્શિદ આ'લા હઝરતના જાનશીન છે, એમના શાહઝાદા છે, પોતાના સમયના આરિફ છે, કુતુબ છે. તમે એમને શું સમજ્યા છે ! કેમ કે હઝરત મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લા دام ظلہ العالیના ચેહરા પર ઉલ્માએ ઝાહેરીને ફક્ત મુફતીએ આ'ઝમે હિંદનો પડદો નાંખેલો છે પરંતુ એક વલીનો ચેહરો છુપાવવાથી ક્યાં છુપાઈ છે ? સુગંધ કદી છુપાતી નથી.

निकल के सहने गुलिस्तां से दूर दूर गई
ये बूए गुल भी कहीं कैद रहनेवाली है –રાઝ

એ જ હાલ હઝરતની વિલાયતનો છે. આજે ફક્ત હિંદુસ્તાનમાં જ નહીં પરંતુ સમગ્ર ઈસ્લામી જગતમાં હઝરતની બુઝુર્ગી, પરહેઝગારીની ચર્ચા છે. એ જ કારણે અંદાજે સાતસો જેટલા ખુશનસીબ લોકો અરબસ્તાનમાં હઝરતના દામનથી વાબસ્તા થયા. જેમાં મોટા મોટા આલિમો પણ છે, સાલેહીન પણ છે. મક્કા શરીફમાં તથા મદીના શરીફમાં ઘણા આલિમોને હઝરતે ખિલાફતથી નવાજ્યા છે અને રઝવી સિલસિલાની ઈજાઝત અર્પણ કરી. હવે અજમેર શરીફમાં હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ બારગાહમાં હઝરતની મકબૂલિયતનો આલમ પણ જુઓ.

હઝરત મુફતીએ આ'ઝમે હિંદ બિલકુલ પાબંદીથી દર વર્ષે ઉર્સમાં હાજરી આપે છે.

## ★ સુલ્તાનુલ્ હિંદ ગરીબ નવાઝે કાદરીની નિસ્બતને લીધે પહેલી હાજરીથી નવાઝયો ★

(દુરવેશે કામિલ, ફકીહે આ'ઝમ, મુજાહિદે મિલ્લત હઝરત મૌલાના શાહ હબીબુર્રહમાન સાહબ કિબ્લા دام ظلہ العالی) પાસેથી એક અજીબો ગરીબ બનાવ મારા સાંભળવામાં આવ્યો. એનું તાત્પર્ય એ છે કે, હઝરત ગરીબ નવાઝ رحمۃ اللہ علیہનો ઈર્શાદ છે કે જે માણસ મારી કબર (આસ્તાના મુબારક) પર સવારના પહોરમાં (વહેલી સવારે) સૌથી પહેલો હાજર થશે અને તે જે કંઈ કહેશે તે વાત તેની પૂરી થશે. મેં ઘણીવાર ઈચ્છા કરેલી કે કોઈપણ હાલતમાં મારી પહેલી હાજરી થઈ જાય, પરંતુ જ્યારે પણ અજમેર જતો તો ત્યાં ગયા પછી આ વાત ભૂલી જતો. સવારના સમયે ફજરની નમાઝ પહેલાં હઝરત ગરીબ નવાઝ رحمۃ اللہ علیہનો આસ્તાના ખુલે છે, તે વખતે સેંકડો માણસો એ લાલચમાં (પ્રથમ હાજરીની) બેસી રહે છે. પછી જેની હાજરી ગરીબનવાઝ કબૂલ ફર્માવે (તે ખરી). સાંભળવામાં આવ્યું છે કે પહેલી હાજરી માટે ત્યાંના ખાદિમોની ઘણી ખિદમત કરવી પડે છે, અને ખાદિમ ઘણા પ્રયત્નો કરે છે ત્યારબાદ જ પહેલી હાજરી નસીબ થાય છે. ઉર્સના મોકા પર આ કામ ઘણુ મુશ્કેલ હોય છે.

એક વખત હું રેલ્વેના મુશાયરામાં અજમેર ગયો. હોટલમાં ઉતર્યો એ દિવસે મને યાદ હતું. વળી હું હઝરતથી મુરીદ પણ બની ચૂક્યો હતો. મેં વિચાર્યું કે આજે રાતનો મુશાયરો પૂરો થયા પછી આસ્તાના મુબારક પર હાજરી આપીશ, એટલા માટે મેં ત્યાંના એક ખાદિમ ફઝલે મતીન સાહબ, જેઓ શાયર પણ હતા તેમને કહી રાખ્યું હતું કે મારી પહેલી હાજરી કરાવી આપો તો તમારી મહેરબાની થશે. તેમણે કહ્યું કે મુશાયરો પૂરો થયા પછી તમે મારી પાસે આવી રહેજો, હું જરૂર કોશિશ કરી જોઈશ, ગરીબ નવાઝ કબૂલ ફર્માવી લે તો ઠીક છે. બાકી વર્ષો સુધી પડી રહેવા છતાં હાજરી ન થાય. રાતના બે વાગ્યે મુશાયરો પૂરો થયો, હું આસ્તાના પર પહોંચ્યો અજીબ રૂહપરવર મંઝર હતો. હઝરત ખ્વાજા ગરીબ નવાઝના રોઝાનો



ગુંબદ રોશન હતો. મેં જોયું તો લોકો રાતના બે વાગ્યે ગરીબનવાઝના રોઝા મુબારકની દિવાલને પકડીને ખૂબ ખૂબ રડી રહ્યા છે, કોઈ ગોદડી પોશ ફકીર ગુંબદને એકીટશે જોઈ રહ્યો છે, તો કોઈ રડી રહ્યો છે, તો કોઈ ફરિયાદ કરી રહ્યો છે તો કોઈ કુર્આન શરીફની તિલાવત કરી રહ્યો છે, કોઈ નફ્લ પઢી રહ્યો છે, કોઈ તહજ્જુદ અદા કરી રહ્યો છે, મેં આવો મંઝર કદી પણ જોયો ન હતો. મારા દિલ પર અજબ પ્રકારની કૈફિયત છવાઈ ગઈ. મેં જોયું તો સુલ્તાનુલ્ હિંદ, ગરીબ નવાઝની ચોખટ પર મારા જેવી તમન્ના લઈને હજારો અકીદતમંદો મારાથી પહેલાં બેઠા હતા. બધાની સાથે ગરીબ નવાઝના ખાદિમોની સિફારશો હતી, દરેકે નઝરો હાજર કરી હતી. મારું કોણ હતું ? ફક્ત ખુદાવંદે કુદ્દૂસ મારા હાલથી વાકિફ હતો. (અને) ગરીબ નવાઝની સમંદર જેવી રૂહાનિયત જોઈ રહી હતી. મેં ગરીબ નવાઝના રોઝાના દરવાજા તરફ આરઝૂભરી નજરે જોયું અને બેકાબૂ બની રડવા લાગ્યો. મારી ગરીબી, બદ્અમલી પર નજર દોડાવી અને હું મારી જાતને એ લાયક ન સમજ્યો કે હઝરત ગરીબ નવાઝ મારી હાજરીને સૌ પ્રથમ કબૂલ ફર્માવશે. પરંતુ વાહ રે ગરીબ નવાઝ ! વાહ ! સુલ્તાનુલ્ હિંદ ! કુર્બાન જાઉં આપની ગરીબ નવાઝી પર ! ખરેખર ! આપ સખી ઈબ્ને સખી છો ! તમે મારી બદ્આમાલીઓને ન જોઈ, મારી સિયાહકારીઓને નઝર અંદાઝ કરી, તમે મુજ ગરીબ પર કરમની નજર કરી, રડતાં રડતાં જેમ જેમ મને કોઈએ સહારો આપી દીધો, મારી આંખો સૂકાઈ ગઈ, આંસૂંઓ થંભી ગયાં.

ઈકબાલ સફીપુરીનો શેઅર સાંભળો;

કૌન યાદ આ ગયા, અશ્કે ગમ થમ ગએ
દિલને આવાઝ દી, રૂક ગયા કારવાં

મને મારા પીરો મુર્શિદ યાદ આવ્યા, એમનો નૂરાની ચેહરો નજર સમક્ષ તરી આવ્યો. એમની ગુલામીની નિસ્બત યાદ આવી ગઈ, ગરીબ નવાઝના રોઝાના બંધ દરવાજા તરફ રૂખ કરી મેં અર્ઝ કરી કે, હુઝૂર ! હું સિયાહકાર છું, બદ્કાર છું, ગરીબ છું પરંતુ એક નિસ્બત રઝવી, કાદરી ધરાવું છું, બસ ! એ નિસ્બત પર મને ફખ્ર છે, હું હઝરત મૌલાના શાહ મુસ્તફા રઝાખાં મુફતીએ આ'ઝમે હિંદનો ગુલામ છું. એ ગુલામીના

સદકામાં મને આપના મઝાર શરીફ પર પહેલી હાજરીનો શર્ફ અતા કરો ! મારી પાસે એટલી રકમ પણ નથી કે જે હું અહીંના ખાદિમોને નજરાણારૂપે આપી શકું, હું એક ગરીબ શાયર છું. આવું કહીને હું નમાઝ પઢવા લાગ્યો, ત્યારબાદ મેં જોયું કે એક સાહબ રોઝા મુબારકની સામે ખૂબ ઝડપથી આમતેમ આંટા મારતા હતા તેમના હાથમાં કૂંચી જોવામાં આવી. હું સમજી ગયો કે આ જ માણસ હશે જે દરવાજો ખોલવાના હશે. મેં તેમને રોકીને ખુશામદ કરતો હોય એ રીતના અંદાજથી કહ્યું કે, તમે મારી હાજરી જેને પહેલી હાજરી કહેવામાં આવે છે તે કરાવી દો ! તેમણે મને કહ્યું કે, રાહ જુઓ જેની કિસ્મતમાં હશે તેમને જ એ ખુશ નસીબી પ્રાપ્ત થશે. મેં જોયું કે મારા જેવા સેંકડો મુસલમાન એ જ આરઝૂમાં હઝરત ગરીબ નવાઝના દરવાજા પાસે બેઠા હતા જેને જોઈ મારું દિલ તૂટી ગયું અને ફરીથી આંખોમાંથી આંસૂંઓ વહેવા લાગ્યાં. આવી હાલતમાં થોડો વખત પસાર થયા બાદ રાતના ચાર વાગ્યે મેં જોયું કે એક દુબળા પાતળા અને કમજોર જેવા બુઝુર્ગ આવ્યા અને તેમણે પેલા માણસ પાસેથી કૂંચી લઈને પ્રથમ હઝરતના દરવાજા પર ફજરની અઝાન દીધી અને દરવાજો ખોલવાની જેવી તૈયારી કરી કે બધા લોકો ઊભા થઈ ગયા, લાઈન લાગી ગઈ. મને આજ સુધી એ વાતની ખબર નથી પડી કે લાઈનમાં સૌથી પહેલો હું કઈ રીતે આવી ગયો, જ્યારે પણ (આ વાતનો) વિચાર કરું છું, મારું માથુ ચકરાવા લાગે છે. પછી તો હું લાઈનમાં સૌથી પહેલો ઊભેલો હતો, તે બુઝુર્ગે દરવાજો ખોલ્યો, મારા દિલની બેકરારી વધવા લાગી, આંખોમાંથી શ્રાવણ ભાદરવો વરસવા લાગ્યો, લોકો મને હેરતથી જોતા હતા. ખાદિમો પણ મને જોઈ રહ્યા હતા, તેઓ વિચારતા હશે કે સૌથી પહેલાં (આગળ) આ કોણ આવીને ઊભો થઈ ગયો છે ? પછી તે બુઝુર્ગે બીજો દરવાજો ખોલ્યો, બેકરારીની હાલતમાં મેં જલ્દીથી મારો કદમ અંદર મૂકી દીધો, પછી અંદરથી અવાઝ આવ્યો કે ઝિયારત કરવાવાળાઓ હમણાં થોભી જાવ, પહેલાં ખાદિમો હાજરી આપશે. ત્યાર પછી બૂમ પાડવામાં આવશે અને ઝિયારત કરનારાઓમાંથી જે પ્રથમ આવશે તેની હાજરી પહેલી માનવામાં આવશે, (એટલે) હું રોકાઈ ગયો, અંદર ખાદિમો કંઈક પઢી રહ્યા હતા. દીવા બત્તીઓ સળગાવતા રહ્યા, મઝાર શરીફ પરથી રાતનાં



ફૂલો ઉતારી રહ્યા હતા તેમજ ચાદર બદલતા હતા. હું બેકરારીની હાલતમાં આ બધું જોતો હતો, પછીથી અવાજ આવ્યો કે હવે આવો ! હું પડતો આખડતો અંદર પહોંચી ગયો અને જતાંની સાથે ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના મઝાર શરીફને પકડી રડવા લાગ્યો. મારે શું કહેવું હતું (શી અર્ઝ કરવી હતી) તે પણ ભૂલી ગયો. મારા દિલ પર ગરીબ નવાઝની ગરીબ નવાઝીનો સિક્કો લાગી ચૂક્યો હતો. ઘણીવાર પછી મેં મારો મકસદ રજૂ કર્યો, ફાતેહા પઢી, પાછો ફર્યો. જે મકસદ મેં રજૂ કર્યો હતો તે પૂરો થઈ ગયો. જોયું ! આ હાજરી એક ગરીબ નવાઝની હાજરી હતી અને તે પણ કોના દરબારમાં, ગરીબ નવાઝના દરબારમાં. મારી પાસે શું હતું ? ન સારા અમલો હતા કે ન ઈલ્મ હતો, તકવો, પરહેઝગારી કે રૂપિયા પૈસા, આમાનું કશું જ ન હતું. ફક્ત મારા પીરો મુર્શિદની ગુલામીની નિસ્બત હતી, જેને સુલ્તાનુલ હિંદ ગરીબ નવાઝે જોઈ લીધી. મારા ગળામાં એમની ગુલામીનો પટ્ટો છે. હું કંઈ નથી, પરંતુ ખ્વાજા ગરીબને ત્યાં મારા પીરો મુર્શિદની મકબૂલિયતના કારણે ખ્વાજા ગરીબ નવાઝે મને નવાજ્યો.

## ★ હઝરતની દુઆથી ફાંસીથી બચી ગયો ! ★

મારા મહોલ્લામાં ખૂન થયું એમાં ત્રણ છોકરાઓને ગિરફતાર કરવામાં આવ્યા હતા. એમાં એક છોકરાનું નામ મુહમ્મદ આલમ હતું તેને સેશન્સ જજે ફાંસીની સજાનો હુકમ કર્યો હતો અને એના નાના ભાઈ આફતાબને ઉમરકેદ તેમજ બીજાને પણ ઉમરકેદ સજાનો હુકમ કર્યો હતો. મુહમ્મદ આલમ મારા મહોલ્લામાં જ રહેતો હતો, જેલમાંથી એણે મને કહેવડાવ્યું કે, બરેલીવાલા બાવાસાહબ પાસે મારા અને મારા ભાઈ માટે દુઆ કરાવજો, તમારું એ એહસાન હું મરતાં સુધી ભૂલીશ નહીં. વળી એ છોકરાના માં બાપ પણ મને ખૂબ આજીજીપૂર્વક કહેવા લાગ્યાં એટલે મેં કહ્યું કે, કંઈ વાંધો નહીં, હું દુઆ માટે જરૂરી કહીશ. હું અજમેર શરીફ ઉર્સમાં ગયો, ત્યાં સરકાર મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લા પણ તશરીફ લાવેલા હતા. મને ખબર હતી કે ખાસ કરીને રાતના બાર વાગે હઝરત સુલ્તાનુલ હિંદ ગરીબ નવાઝના આસ્તાના મુબારક પર હાજરી આપે જ છે. હું રાહ જોઈને જ બેઠો હતો કે હઝરત જાય એટલે એમને અર્ઝ કરી દઉં. રાત્રે બાર વાગે

હઝરતે વુઝૂ કર્યું અને ચાલવા લાગ્યા. તો મુહમ્મદઆલમ અને એના ભાઈ માટે મેં અર્ઝ કરી કહ્યું કે, હઝરત મુહમ્મદ આલમે જેલમાંથી કહેવડાવ્યું છે કે તમે એના માટે અને એના ભાઈ માટે દુઆ કરો. હઝરતે સાંભળ્યા પછી ધીમેથી બોલ્યા કે, ફાંસીથી બચાવવો જોઈએ, અહીંની ફાંસી હરામ છે, એટલું જ બોલ્યા. ત્યારબાદ એમ કહ્યું કે સારું ! હું સુલ્તાનુલ્ હિંદની બારગાહમાં હાજર થઈ રહ્યો છું ત્યાં પણ અર્ઝ કરજો. ઘણા માણસોએ આ વાત સાંભળી. તેમાં એક આલિમ સાહબે પણ આ વાતચીત સાંભળી હતી. તેઓ મને કહેવા લાગ્યા કે, રાઝ સાહબ ! હઝરતે એમ કહ્યું છે કે ફાંસી હરામ છે એટલે એ છોકરાને ફાંસી તો નહીં થાય પરંતુ સજા થશે. અને બાકીના બંનેની સજા કાયમ રહેશે, એટલે તમે જલ્દી કરો અને હઝરતને વિનંતિ કરી કહો કે હઝરત ! એ બધા જ નિર્દોષ છૂટી જાય એવ દુઆ કરો. હું હઝરતની પાછળ પાછળ ખ્વાજાના દરબારમાં પહોંચ્યો, હઝરત આસ્તાના મુબારકમાં જેવા હાજર થયા કે તરત લોકો એમના તરફ દોડવા લાગ્યા, ઔરતો પણ પાછળ પાછળ ચાલવા લાગી, જેના (કારણે) હજરત નારાજ થઈ ગયા, એટલી બધી ભીડ જમાવી દીધી કે ચાલવું પણ મુશ્કેલ બની ગયું. કોઈ હાથ ચૂમી રહ્યા છે, કોઈ કદમબોસી કરી રહ્યું છે. હઝરત નારાજ થઈ કહેવા લાગ્યા કે, આ ઔરતો જ્યાં જાય છે ત્યાં નાકમાં દમ લાવી દે છે પણ અકીદતમંદો ક્યાં સાંભળવા તૈયાર હતા, ભીડ વધતી જતી હતી. હઝરત ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના આસ્તાના પર જન્નતી દરવાજા સામે મસ્જિદના પગથિયા પર હઝરત ઊભા થઈ ગયા અને સેંકડો માણસો હઝરતના ચેહરા મુબારકના દીદાર કરતા રહ્યા, શું નૂરાની ચેહરો હતો, (જાણે) નૂર ટપકી રહ્યું છે. હઝરતે ફાતેહા માટે હાથ ઉઠાવ્યા, લોકો ચોધાર આંસૂંએ રડતા હતા અને પોત પોતાને માટે હઝરત પાસે દુઆ કરાવતા રહ્યા, હઝરત દુઆ કરતા રહ્યા. એ વખતે મેં પણ મુહમ્મદ આલમ અને બીજાઓ માટે દુઆ કરવા હઝરતને વિનંતિ કરી. હઝરતે દુઆ ફર્માવી, પછીથી જ્યારે હું અજમેર શરીફથી પાછો ફરતો હતો તે વેળા મેં હઝરતને પૂછયું કે, હુઝૂર ! મુહમ્મદ આલમ માટે શું કહો છો ? હઝરતે કહ્યું કે, જાઓ ! એમના માં બાપને કહી દો કે અપીલ કરે, એ બધા નિર્દોષ છૂટી જશે. ઈન્શાઅલ્લાહ ! ઘેર આવી મેં મુહમ્મદ આલમના પિતાને કહ્યું, તેમણે અપીલ કરી દીધી.



મુહમ્મદ આલમે જેલમાં એક રાત્રે ખ્વાબ જોયો. જેમાં એક બુઝુર્ગ જોયા, તેમણે ફર્માવ્યું કે બેટા ! ખૂબ નમાઝ પઢો, ખૂબ દુઆ કરો અને ચોખા વહેંચી આપજો. મુહમ્મદ આલમ નમાઝ પઢતો રહ્યો, ત્યાર પછી એક (રાત્રે) એણે ખ્વાબમાં જોયું કે એક બુઝુર્ગ જેલમાં આવ્યા અને કહેવા લાગ્યા કે મુહમ્મદ આલમ આવો ! હું તમને જેલમાંથી બહાર કાઢું. મુહમ્મદ આલમની આંખ ખૂલી તો તે જેલમાં જ હતો, પરંતુ સમજી ગયો કે કોઈ મને મદદ કરી રહ્યું છે. જો કે મુહમ્મદ આલમે કદી પણ હઝરતને જોયા ન હતા પરંતુ મુહમ્મદ આલમે ખ્વાબમાં જોયેલા બુઝુર્ગની જે મુખાકૃતિ (ચેહરો, કદ વગેરે) બતાવી તે હઝરતને મળતી આવે છે. સંજોગોવશાત ! દારુલ ઉલૂમ ગરીબ નવાઝના દસ્તારબંદીના જલ્સામાં હઝરત તશરીફ લાવ્યા. જેમાં મુહમ્મદ આલમના વાલિદ મુહમ્મદ સમીઅ, મારા વાલિદ સાહબ હાજી આબિદ અલી સાથે હઝરતની ખિદમતમાં હાજર થયા. દારુલ ઉલૂમ ગરીબ નવાઝમાં હઝરતનો મુકામ હતો, મુહમ્મદ સમીઅને મેં બધી રીત ભાત (તરીકો) શીખવી દીધી હતો. હઝરત આરામ કરવા માટે જેવા પલંગ પર બેઠા કે મુહમ્મદ સમીઅએ હઝરતના કદમ પકડી લીધા. હઝરતે કહ્યું કે મારા પગ છોડી દો. શું વાત છે ? મુહમ્મદ સમીઅએ હઝરતને કદી જોયા ન હતા, તે તો હઝરતનો પુર જલાલ ચેહરો જોઈ ગભરાય ગયા હતા, માંડ માંડ બે ચાર વાક્યો બોલી શક્યા. હઝરતે કહ્યું કે, હા ! મેં અજમેર શરીફમાં રાઝ સાહબને કહી દીધું છે કે ઈન્શાઅલ્લાહ ! એ બધા છૂટી જશે, તમે ગભરાશો નહીં. ત્યાર પછી હઝરત જ્યારે બેઠકખંડમાં આવ્યા તો મુરીદ થનારાઓની ભીડ જામી ગઈ, તે વખતે મુહમ્મદ સમીઅ પણ મુરીદ બન્યા. પછીથી મેં મુહમ્મદ સમીઅને કદમ મુબારક પકડવાનું કહ્યું એટલે તેમણે હઝરતના કદમ પકડી લીધા. હઝરતે એમને ફરીવાર દિલાસો આપ્યો અને કહ્યું કે મારા પગને ન પકડો, તમારા બંને છોકરા અને ત્રીજો માણસ પણ છૂટી જશે, હું તાવીઝ બનાવી આપું છું હઝરતે મુહમ્મદ આલમ માટે તાવીઝ આપ્યું. મુહમ્મદ સમીઅએ એ તાવીઝને જેલમાં પહોંચાડી આપ્યું. ત્રણ મહિના પછી હાઈકોર્ટમાં એકાએક મુહમ્મદ આલમના મુકદમાની તારીખ નીકળી. મુહમ્મદ સમીઅએ મને કંઈ કહ્યું ન હતું (તારીખની બાબતમાં). બે દિવસ સુધી મેં મુહમ્મદ સમીઅને મસ્જિદમાં

જોયા નહીં એટલે ફિક્ર થવા લાગી. એ રાત્રે હું સૂઈ રહ્યો હતો, રાતના ચાર વાગે ખ્વાબ જોયો. ખ્વાબમાં જોઉં છું કે હઝરત પીરો મુર્શિદ વરસતા વરસાદમાં છત્રી ઓઢીને તશરીફ લાવ્યા. મેં હઝરતને ખ્વાબમાં જ જોઈને કહ્યું કે, હઝરત ! આવો, બેસો. હઝરતે ફર્માવ્યું કે, હું ખૂબ ઉતાવળમાં છું અને એમ કહીને એક રજીસ્ટર લઈ એના પર ત્રણ વખત લખ્યું અને કહ્યું કે મુહમ્મદ સમીઅ, મુહમ્મદ સમીઅ, મુહમ્મદ સમીઅ, મેં અર્ઝ કરી કે હઝરત આનો મતલબ મને સમજાયો નહીં. હઝરતે કહ્યું કે આનો મતલબ આવતી કાલે સમજમાં આવી જશે. બીજે દિવસે મગરિબની નમાઝ વખતે મસ્જિદમાં વુઝૂ કરી રહ્યો હતો એ દરમ્યાન મુહમ્મદ સમીઅ મારી બાજુમાં ગોઠવાઈ ગયા. મેં એમના તરફ જોયું તો એમના ચેહરા પર દરરોજની માફક રોશની ન જણાયી. મેં કહ્યું કે ભાઈ સમીઅ ! આજકાલ ક્યાં હતા ? શું મુહમ્મદ આલમની કોઈ તારીખ નીકળી છે ? તેઓ હસીને કહેવા લાગ્યા કે, રાઝ સાહબ ! તમારું એહસાન હું જિંદગીભર નહીં ભૂલું, મુહમ્મદ આલમની તારીખ ત્રણ દિવસથી પડેલી હતી (ત્રણ દિવસથી કેસ ચાલતો હતો) ન્યાયધીશે આજે બધાને નિર્દોષ છોડી દીધા.

આ સાંભળી મારા મોઢેથી નારએ તકબીરનો નારો નીકળી ગયો અને અત્યંત ખુશ થયો. નમાઝ પઢયા પછી બધી હકીકત જાણવા મળી. બીજે દિવસે સાંજે મુહમ્મદ આલમ આવી ગયો, અને એનો ભાઈ તથા ત્રીજો માણસ પણ છૂટી ગયો. મુહમ્મદ આલમને મેં કહ્યું કે મસ્જિદમાં ચાલો અને તમારા ગુનાહોની માફી માંગી નમાઝે શુક્રાના અદા કરો. મુહમ્મદ આલમે કહ્યું કે, મારા મુકદમાનું હીયરીંગ સોમવારથી શરૂ થવાનું હતું (સોમવારથી કેસ ચાલવાનો હતો) એ દરમ્યાન રવિવારના રોજ જેલમાં મારી કોટડી (રૂમ) સામે એક માણસ આવ્યા અને બહારથી જ એમણે મને કહ્યું કે, મુહમ્મદ આલમ તમે છૂટી ગયા. મેં એ માણસને અગાઉ કદી જોયા ન હતા. મેં કહ્યું કે ભાઈ ! મારો કેસ તો આવતી કાલે ચાલવાનો છે અને તમે આજે કહો છો કે હું છૂટી ગયો ! તે માણસ હસતા હસતા ચાલ્યા ગયા અને એવું કહેતા રહ્યા કે તમે છૂટી ગયા ! મુહમ્મદ આલમના માં બાપ હઝરતના ગુલામ બની ચૂક્યાં છે. કાશ ! (તેઓ) ગુલામીનો હક્ક અદા કરતા. અલ્લાહ એમને અને મને તથા દરેકને નેક અમલ કરવાની તૌફીક અતા કરે.



## ★ અમદાવાદમાં હઝરતની કરામત ★

હઝરત મૌલાના સાજિદખાન સાહબ જેઓ હઝરતના જમાઈ થાય છે તેઓ કહેવા લાગ્યા કે એક વખત હઝરત અમદાવાદ આવ્યા હતા. તે વખતે એક બેગુનાહ માણસને ફાંસીની સજાનો હુકમ થયો હતો અને એક દિવસ બાદ તેને ફાંસી થવાની હતી. એની પત્ની પોતાના બાળકોને સાથે લઈને હઝરતની ખિદમતમાં આવી અને કહેવા લાગી કે, હઝરત ! મારાં આ બાળકો યતીમ થઈ જશે. આ સાંભળી હઝરતની આંખમાં આંસૂઓ આવ્યાં. હઝરતે તરત જ તાવીઝ આપ્યું અને કહ્યું કે એના ગળામાં પહેરાવી દો. લોકોએ કહ્યું કે, હઝરત પરમ દિવસે તો ફાંસી થવાની છે. હઝરતે કહ્યું કે અલ્લાહ મહાન કુદરતવાળો છે, તે ચાહે તો શું નથી થઈ શક્તું ? આ હું જે લખીને આપી રહ્યો છું તે એનું જ કલામ છે, જાઓ, તે છૂટી જશે ! તે ઔરત તાવીઝ લઈને જેલમાં ગઈ. તેણીએ પોતાના પતિને બધી વાત કરી તાવીઝ બતાવ્યું તો તે કહેવા લાગ્યો કે, હવે શું વળવાનું છે, પરમ દિવસે સવારમાં તો ફાંસી થવાની છે ! તેમ છતાં ઔરતે તેને તાવીઝ પહેરાવી દીધું અને તેણે પણ અલ્લાહનું નામ લઈ તાવીજ પહેરી લીધું.

હવે કરામત જુઓ ! તેને ફાંસીઘર લઈ જવામાં આવ્યો, મોં પર કાળુ કપડું, પહેરાવવામાં આવ્યું, એના ગળામાં પહેરેલા તાવીઝ તરફ કોઈની નજર ન ગઈ, જાણે બધા આંધળા થઈ ગયા. તે તાવીઝ પહેરેલી હાલતમાં જ ફાંસીઘર ગયો હતો એને ગાળિયું પહેરાવી લટકાવી દેવામાં આવ્યો, હવે બન્યું એવું કે લાઈટ ગઈ, વીજળીનું બટન પાડયા પછી જેનાથી ગળું દબાઈ જાય તે દબાયું જ નહીં અને તે માણસ તો ફાંસીના ફંદામાં લટકી રહ્યો છે. જે ન્યાયાધીશે ફાંસીનો હુકમ કર્યો હતો તે પણ હાજર હતો, તેણે તાવીઝ જોઈ લીધું. તેણે કહ્યું કે, બસ ! વખત પૂરો થઈ ગયો. હવે પછી હું તમારા કેસની ફરીથી સુનાવણી કરીશ. એણે ગુનેહગારને પૂછયું કે શું તું બેગુનાહ છે ? તેણે કહ્યું કે હા ! (હું નિર્દોષ છું). ન્યાયાધીશે તેને પૂછયું કે આ તાવીઝ કેવું પહેર્યું છે ? એણે જવાબ આપ્યો કે એક બુઝુર્ગે આપેલું છે જે મારી પત્ની મને આપી ગઈ છે. ન્યાયાધીશે ફરીથી કેસ ચલાવ્યો, આખા શહેરમાં આ વાત ફેલાઈ ગઈ, તે દિવસે હઝરત બરેલી શરીફ આવ્યા હતા, જજે આરોપીને પિંજરામાં ઊભો કરી સવાલ કર્યો. આરોપીએ જવાબ

આપ્યો કે ખરેખર ! હું નિર્દોષ છું. ન્યાયાધીશે એકાએક આરોપીની સાથે જ પિંજરામાં એક સફેદ દાઢીવાળા તથા નૂરાની ચેહરાવાળા બુઝુર્ગને જોયા. ન્યાયાધીશ સમજી ગયા તેમણે એને છોડી મૂક્યો અને પૂછયું કે, જેમણે તમને તાવીજ આપ્યું તે બુઝુર્ગ ક્યાં ગયા ? તેણે જવાબ આપ્યો કે હું નથી જાણતો પણ આ વાત મારી પત્ની જાણે છે. એની પત્નીને પૂછવામાં આવ્યું તો તે કહેવા લાગી કે શાયદ ! તેઓ બરેલીમાં રહે છે. શહેરના મુસલમાનો ઘણા ખુશ થયા. માલદાર માણસોએ તે ગરીબ આદમીને નાણાકીય સહાય કરી અને બરેલી શરીફ હઝરતની ખિદમતમાં ઘણા માણસો લઈ આવ્યા. પરંતુ હઝરત બરેલી શરીફથી અલ્હાબાદ આવી ચૂક્યા હતા. તે લોકો હઝરતની મુલાકાત માટે મુંબઈ સુધી ગયા અને ત્યાં હઝરતની મુલાકાત થઈ.

તમે જોયું ! અલ્લાહના બરગુઝીદા બંદાઓ જેની મદદ કરવા ચાહે તેને ફાંસીના માંચડેથી ઉતારી લાવે છે. જેના પર નજરે કરમ પડે તેને એક પળમાં ચોરમાંથી વલી બનાવી દે છે. મારા મહોલ્લામાં એક છોકરાને સેશન્સ કોર્ટમાં ૯ (નવ) મહિનાની સજા થઈ હતી. તે હઝરતની ખિદમતમાં હાજર થયો, હઝરતે એને કલાકો સુધી બેસાડી રાખ્યો અને પછીથી તાવીઝ આપ્યું. હાઈકોર્ટમાં જ્યારે એના કેસના કાગળો ન્યાયાધીશ સમક્ષ રજૂ કરવામાં આવ્યા તો જજે હસતાં હસતાં કાગળો એક બાજુ પર હટાવી દીધા. ત્યારબાદ જાણવા મળ્યું કે તે છૂટી ગયો છે.

## ★ એક વલીના કરમનો અંદાઝ ★

હઝરત ઝાંસીની મસ્જિદમાં એક રૂમમાં રોકાયા હતા. સવારથી સાંજ સુધી હાજતમંદોની ભીડ લાગેલી રહેતી તે જોઈ એક વૃદ્ધ હિંદુ ભાઈએ એક મુસ્લિમ પોલીસ કોન્સ્ટેબલને પૂછયું કે આ શું મામલો છે ? એણે કહ્યું કે એક બુઝુર્ગ આવેલા છે એમની મુલાકાત માટે લોકો આવે છે. તે વૃદ્ધ માણસ પણ (હઝરત પાસે) ગયો અને કહેવા લાગ્યો કે, હઝરત ! મારી છોકરીની શાદી કરી હતી, તે (મારો જમાઈ) છોકરીને ખૂબ મારે છે. વળી તે બદ્‌ચલન અને શરાબી છે, જૂગારી અને બદ્‌નામ આદમી છે, મારી છોકરી કોઈપણ હાલતમાં એના ઘેર જવા માંગતી નથી. એણે મારા પર દાવો કર્યો છે અને કાલે તારીખ છે અને (છોકરીએ) હાજર થવાનું છે. હઝરતે ફર્માવ્યું



કે, છોકરી (કોર્ટમાં) કહી દે કે એ મારો શોહર (પતિ) નથી. તમારામાં તો આગની સમક્ષ કસમ ખાવામાં આવે છે. તે (છોકરી) ઈન્કાર કરશે તો આગ થોડી ગવાહી આપવા આવવાની છે ? તે માણસે કહ્યું કે મારી છોકરીના હાથ પર એના ધણીનું નામ કોતરેલું છે. હઝરતે ફર્માવ્યું કે, હાથ પર નામ કોતરાવવું હરામ છે પણ તમે લોકો એને હરામ સમજતા નથી. જાઓ ! જ્યારે છોકરી કોર્ટમાં ઈન્કાર કરશે ત્યારે છોકરો મેજીસ્ટ્રેટ સામે એ જ સાબિતી (દલીલ) રજૂ કરશે. (હાથ પર નામ કોતરાવેલું) એ સિવાય એના પાસે બીજી કંઈ સાબિતી છે ? છોકરી જ્યારે એનો હાથ દેખાડશે તો એના પર નામ (કોતરેલુ) નહીં મળે. તે માણસ ગયો અને એની છોકરીને એ પ્રમાણે કહ્યું. એટલે છોકરી તૈયાર થઈ ગઈ અને કહેવા લાગી કે હું બિલકુલ ના પાડી દઈશ. તે છોકરીને પોતાના બાપ કરતાં હઝરતની વાત પર યકીન હતું. કોર્ટમાં કેસ ચાલુ થયો તો છોકરીએ સાફ સાફ ના પાડી દીધી. આખો મામલો જ બદલાય ગયો. વકીલ પણ હેરાન હતો, તે જાણતો હતો કે છોકરીના હાથ પર એના ધણીનું નામ કોતરાવેલું છે, પરંતુ છોકરીએ જવાબ આપ્યો કે, ભલે ! તમે એ શરત મૂકો (હાથ બતાવવાની) હું તમને કમાલ કરી બતાવીશ કેમ કે એક બુઝુર્ગે કહ્યું છે તે વાત થઈને રહેશે. પરિણામે છોકરીના વકીલે કહ્યું કે, હુઝૂર ! જો છોકરીના હાથ પર એના ધણીનું નામ કોતરેલું હોય તો ? મેજીસ્ટ્રેટે કહ્યું કે, તમારી એવી શરત છે તો ભલે, હું છોકરીને બોલાવી જોઈ લઉં છું. જ્યારે છોકરીએ પોતાનો હાથ મેજીસ્ટ્રેટે બતાવ્યો તો નામ કંઈ પણ જોવા ન મળ્યું. એનાથી એનો ધણી દંગ રહી ગયો અને છોકરીનો વકીલ પણ, કેમ કે થોડી વાર પહેલાં જ એણે (વકીલે) છોકરીના હાથ પર ધણીનું નામ કોતરેલું જોયું હતું. જેથી મેજીસ્ટ્રેટે છોકરાનો દાવો રદ કરી દીધો. આ બનાવને જોયા પછી એક હેડ કોન્સ્ટેબલ જેનું નામ અબ્દુલ ગફ્ફાર હતું જે પહેલાં એક બદ્‌કાર સિપાહી હતો તેણે પોતાના ગુનાહોથી તૌબા કરી હઝરતના હાથ પર બયઅત લીધી. ત્યારપછી એણે નિવૃત્તિ લઈ લીધી અને અલ્હાબાદ આવી રહેવા લાગ્યા હતા. અલ્લાહપાક મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન)

હવે જરા મુંબઈ તરફ જઈએ, અને જોઈએ, જ્યાં હઝરતના મુરીદોની સંખ્યા ઓછામાં ઓછી ૧૫ થી ૨૦ હજાર હશે.

# ★ ડગલેને પગલે આગાહી ★

એક બિલ્ડીંગમાં બીજા મજલા પર હઝરતનો મુકામ હતો. સામેની બિલ્ડીંગમાં એક મદ્રાસી રહેતો હતો, જે ઘોડાની રેસ રમી રમીને બરબાદ થઈ ચૂક્યો હતો અને ઘણો કરજદાર બની ગયો હતો. તે પોતાની બારીમાંથી દરરોજ હઝરતના નૂરાની ચેહરાને જોયા કરતો હતો તેમજ એવું વિચાર્યા કરતો કે એ બુઝુર્ગની ખિદમતમાં હું કઈ રીતે હાજરી આપું ? એક દિવસ હિંમત કરીને એણે બિલ્ડીંગમાં આવવા નક્કી કર્યું અને હઝરતના એક મુરીદને પૂછયું કે હું બાબા સાહબને મળી શકું છું ? તેણે કહ્યું કે, જાવ ! પણ ઘોડાનો નંબર ન પૂછશો, તેઓ નારાજ થઈ જશે ! તે નિરાશ થઈ પાછો ફર્યો, તેની આશાઓ પર પાણી ફરી વળ્યું. તે ફરીથી પોતાના મકાનની બારીમાંથી ઊભો ઊભો આશાભેર હઝરતના રૂમ તરફ જોતો રહ્યો. હઝરતે કોઈને મુરીદ બનાવ્યા અને મીઠાઈના બે લાડુ તે મુરીદ બનનારને આપ્યા. લાડુ આપતી વખતે અચાનક હઝરતની નજર પેલા મદ્રાસી પર પડી. મદ્રાસીનું શું પૂછવું ? તે તો આ જોઈને દોડયો અને બે નંબરના ઘોડા પર બાજી લગાડી દીધી, અને તે જ ઘોડો કામિયાબ થયો, મદ્રાસીની જીત થઈ. બીજે દિવસે ન્હાય ધોયને બે હજાર રોકડા અને દસ કિલો અફલાતુન લઈને હઝરતની ખિદમતમાં હાજર થયો. હઝરતે ફર્માવ્યું શું છે ? તેણે કહ્યું કે, હુઝૂર ! તમારી મહેરબાનીથી હું બે લાખ રૂપિયા જીત્યો છું. આ બે હજાર રૂપિયા આપના નજરાણા માટે છે અને અફલાતુન પર ફાતેહા પછી જે રીતે તમે લાડુ વહેંચ્યા હતા એ રીતે તમારા હાથે બધાને વહેંચી આપજો. આ સાંભળતાં જ હઝરતે એને ખૂબ ખૂબ ધમકાવ્યો, તે ધ્રુજવા લાગ્યો. હઝરતે કહ્યું કે, અહીંથી ચાલ્યો જા ! મેં તને ક્યારે ઘોડાની રેસ રમવાનું કહ્યું હતું ? તે ડરનો માર્યો નાઠો ! લોકોએ એને પૂછયું કે શું થયું છે ? લોકોએ એની પાસેથી આખો બનાવ સાંભળ્યો તો બધા ખામોશ થઈ ગયા. એક ભાઈ જે હઝરતના સ્વભાવથી વાકેફ હતા તેમણે કહ્યું કે તમે અહીં બેસી જાવ. અને મીઠાઈ તમે અમને ખવડાવો તથા વહેંચી દો. જ્યારે હઝરતનો ગુસ્સો નરમ પડશે ત્યારે એઓ કહેશે કે પેલા ભાઈને બોલાવો. હઝરતની આદત જ છે કે જ્યારે પણ કોઈનાથી નારાજ થઈ જાય છે ત્યારે (થોડીવાર પછી) તેના પર કરમ ફર્માવે છે, એને તાવીઝો પણ આપતા હોય છે. હવે



તું અનુભવ કરજે તને જરૂર બોલાવશે. તે વખતે તું તારી આખી વાત કહી દેજે. તે મદ્રાસી બહાર બેસી રહ્યો. અડધો કલાક પછી હઝરતે કહ્યું કે, પેલો મદ્રાસી જે સામેની બિલ્ડીંગમાં રહે છે તેને બોલાવો, હું એની ગલતફહેમી દૂર કરી દઉં. બહરહાલ ! મદ્રાસી બીજીવાર હાજર થયો. તેણે કહ્યું કે હઝરત, મારી ભૂલ માફ કરી દો. હઝરતે કહ્યું કે, તેં ઘણા માણસોની હાજરીમાં એવું કહ્યું છે કે, તમારી દુઆથી હું રેસ જીત્યો છું અને એ વાતના બધા ગવાહ બની ગયા. હવે આવતી કાલે ખુદાપાક મને સવાલ કરશે કે તારા ઈશારા પર એક માણસ જૂગાર રમ્યો, અને આ બધા એ વાતના ગવાહ છે તો હું શું જવાબ આપીશ ? હઝરતે એવા અંદાજથી વાત રજૂ કરી કે સાંભળનારા તમામ રડવા લાગ્યા. અલ્લાહ ! અલ્લાહ ! આ ખૌફ ! શરીઅતનો આટલો ખ્યાલ ! મદ્રાસીએ જવાબ આપ્યો કે તમે મને ઈશારો કર્યો ન હતો બલ્કે મુરીદોને લાડુ વહેંચતી વખતે તમારી નજર મારા પર પડી હતી એટલે હું સમજી ગયો કે મારું કામ થઈ ગયું. ત્યારબાદ હઝરતે હાજર રહેલા તમામને કહ્યું કે, તમે આ ભાઈની વાત સાંભળી ?! મેં તો એના તરફ નજર કરી હતી, મેં એને કોઈ ઈશારો કર્યો ન હતો, લોકોએ કહ્યું કે હઝરત ! તમે ઠીક કહી રહ્યા છો. પછીથી એમણે પેલા મદ્રાસીને પ્રેમપૂર્વક કહ્યું કે, આ તમારા બે હજાર રૂપિયા લઈ જાવ અને હવે પછી આવી કોઈ હરકત કરશો નહીં. તે મદ્રાસી હિંદુ હતો તેણે હઝરતથી વાયદો કર્યો કે હવે પછી હું કદી પણ રેસ રમીશ નહીં. જોયું ! અકીદો આને કહે છે, એના દિલમાં અલ્લાહના નેક બંદાની અકીદત હતી, પરંતુ તે મુસલમાનો ફક્ત નામના જ મુસલમાનો છે જેમના દિલમાં અલ્લાહવાળાઓની મહોબ્બત તથા અઝમત નથી, તેઓ અહીંયાં તેમજ આકેબતમાં પણ નુકસાનમાં રહેશે. અલ્લાહ તઆલા એમને નેક અમલ કરવાની તૌફીક આપે, અને સાચા રસ્તે ચલાવે, અને અલ્લાહ પાક આપણા જેવાઓને ઔલિયાએ કિરામના દામનથી વાબસ્તા કરે. એ અલ્લાહવાળા છે, અલ્લાહ એમનો છે અને એઓ અલ્લાહના મહબૂબ બંદાઓ છે. એ બંદાઓએ અલ્લાહની યાદમાં પોતાની હસ્તી મિટાવી દીધી છે, તેઓ હમેશાં પોતાની જીભે હક્ક વાત ઉચ્ચારે છે, તેઓ ફક્ત અલ્લાહની રઝાના જ તાબેદાર છે.

## ★ બહેન મૈમૂના પટેલનો મુંબઈથી પત્ર ★

મુંબઈથી નૂરમુહમદ પટેલની સાહબઝાદી મૈમૂના પટેલ જેમનું આખુ ઘર હઝરતનું મુરીદ છે, તે લખે છે કે, "રાઝ" સાહબ ! તમે હઝરત મુફતીએ આ'ઝમે હિંદની કરામતો બાબતની જે કિતાબ લખી છે એ કિતાબ જોયા પછી અમને અમારા બનાવ જેમાં હઝરતની કરામતો જોવા મળી તે યાદ આવ્યા. એમાં ઘણા મુખ્ય બનાવો છે પરંતુ એ બધામાંથી હું એક જ બનાવ લખું છું. તેણી લખે છે કે, મારાં માસી જેઓ એક તરફથી મારાં કાકી પણ થાય છે તે એક વખત ખાવા પકાવતાં દાઝી ગયાં, એમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં. એ વખતે મારા વાલિદ સાહબ બરેલી શરીફમાં હઝરત મુફતીએ આ'ઝમે હિંદની ખિદમતમાં હતા. આ બાજુ માસીની તબિયત ઘણી ખરાબ હતી. મારાં વાલિદાએ એક રાત્રે ચાર વાગે ખ્વાબ જોયો, તેમાં જોયું કે હઝરત એમને કહી રહ્યા છે કે તમે અહીં સૂઈ રહ્યાં છો, હોસ્પિટલમાં જાવ અને જુઓ ત્યાં શું થઈ રહ્યું છે ?! મારી અમ્મા સાહબ તરત જ ઉઠી બહાર જવા લાગ્યાં, અમે પૂછયું તો કહેવા લાગ્યાં કે હું મઝાર શરીફ પર જઈ રહી છું. તેઓએ અમને એટલા માટે એવું કહ્યું કેમ કે એકાએક પરેશાન ન થઈ જઈએ. આખરી વખત હતો (સકરાંતની હાલત હતી), એમણે પોતાની બહેનને છેલ્લીવાર જોયાં અને માસીએ છેલ્લી હિચકી ખાધી. બીજી બાજુ મારા વાલિદ સાહબ બરેલી શરીફમાં હતા હઝરતે એમને એકાએક કહ્યું કે, પટેલ સાહબ ! તમે મુંબઈ જાવ ! મારા વાલિદ સાહબને આ સાંભળી દુઃખ થયું, તેઓ વિચારવા લાગ્યા કે જ્યારે હું રજા માગું છું તો રજા આપતા નથી અને આજે પોતે સામે ચાલીને (માગ્યા વગર) મને રજા આપે છે ? મારા વાલિદ સાહબે કહ્યું કે, હુઝૂર ! હું આવતી કાલે જઈશ. હજુ (એક દિવસ) આપની ખિદમતમાં રહીશ. હઝરતે કહ્યું કે, નહીં, હમણાં તમે જાવ, પાછળથી ફરી આવજો. આનાથી વાલિદ સાહબને શંકા ગઈ કે, જરૂર કંઈ બન્યું હોવું જોઈએ. એના બીજા દિવસે આ બનાવનો તાર (માસી ગુજરી ગયાનો) મળ્યો, જેના કારણે વાલિદ સાહબ મુંબઈ દોડયા. પરંતુ જનાઝામાં શરીક થઈ શક્યા નહીં. બે દિવસ પહેલાંથી જ હઝરત કહી રહ્યા હતા કે મુંબઈ જાવ ! મુંબઈ જાવ ! પરંતુ અલ્લાહવાળાઓની વાતોને સમજવી આસન નથી. જો બે દિવસ પહેલાં જ



હઝરતના કહેવા પ્રમાણે વાલિદ સાહબ મુંબઈ ચાલ્યા આવત તો માસીની છેલ્લી મુલાકાત પણ થાત અને દફનવિધિમાં પણ હાજર રહી શકતા.

## ★ હઝરતની ખિદમતમાં જિન્નાતો કઈ રીતે આવે છે ★

અલ્લાહના વલીઓની બારગાહમાં જિન્નાતો હમેશાં હાજર થતા હોય છે, તેઓ અજીબ અજીબ પ્રકારની શિક્લમાં (આવતા) હોય છે. અલ્લાહની આ મખ્લૂક મદ્રસાઓમાં ઈન્સાની શિક્કલમાં તા'લીમ લેતી હોય છે. મેં ઘણીવાર સાંભળ્યું હતું કે બરેલી શરીફમાં હઝરતની ખિદમતમાં આવા લોકો હાજર થાય છે. કિબ્લા સાજિદઅલી ખાં સાહબ જેઓ હઝરતના જમાઈ થાય છે અને દારુલ ઉલૂમ મઝહરે ઈસ્લામના મોહતમિમ છે તેમણે એક વખત કહ્યું કે, હઝરત મહિનાઓ સુધી સફરમાં રહે છે, પાછા ફરવાની અમને કોઈ જાણ નથી હોતી. પરંતુ કોઈ દિવસ એવું બને છે કે હઝરતને મળવા માટે કેટલાક માણસો આવે છે, એમને કહેવામાં આવે છે કે, હઝરત ક્યારે આવશે તે અમો જાણતા નથી. તેમ છતાં પણ તે લોકો રોકાય જાય છે અને મસ્જિદમાં જઈને આરામ કરવા લાગે છે. અને તે જ દિવસે થોડાક કલાકો પછી હઝરત પાછા ફરતા હોય છે. તેઓ (સાજિદ અલી ખાં) કહે છે કે, મને એક વાતની નવાઈ લાગે છે કે, એક રાત્રે આવા જ કેટલાક લોકો આવ્યા તેઓને કહેવામાં આવ્યું કે, ભાઈ ! હઝરતનું પાછા ફરવાનું કોઈ ઠેકાણું નથી. તેમણે કહ્યું કે અમે રાત રોકાઈ જઈશું, હઝરતની રાહ જોઈશું કામ થઈ જશે (મુલાકાત થઈ જશે) નહીંતર, સવારમાં પાછા ચાલ્યા જઈશું. તેઓ ઘણા માણસો હતા, મસ્જિદમાં જઈને સૂઈ ગયા, રાતના આશરે બારેક વાગે હઝરત સફરેથી પાછા ફર્યા, જેઓ મહિનાઓ પછી પાછા ફર્યા હતા. તે લોકો રાતના સમયે જ હઝરતને મળ્યા, વાતચીત કરી અને તે જ રાત્રે પાછા જતા રહ્યા.

એક વેળા હું તથા અલ્હાજ ઈદુભાઈ અને મારો નાનો પુત્ર મુહમ્મદ જમાલ અખ્તર ઉર્ફે અકરમ ઉર્સે રઝવીમાં ગયા હતા. હઝરતે મને કહ્યું કે તારા છોકરા માટે તથા બીજા એક ભાઈ જેમણે તાવીઝ મંગાવ્યું હતું તેમના માટેનાં તાવીઝ જતાં પહેલાં મારી પાસેથી લેતા જજો. રાતના જલ્સો પૂરો

થયો, ઈદુભાઈ અને મારો છોકરો બંને જણા મસ્જિદે બીબીજીના દારુલ ઉલૂમ મઝહરે ઈસ્લામમાં રોકાયા હતા, રાતના બે વાગે ચાલ્યા ગયા, મેં કહ્યું, હું આવું છું (તમે જાઓ). સવારના ૭.૦૦ વાગે પંજાબ મેલમાં અમારે અલ્હાબાદ આવવાનું હતું, પરિણામે હું મુંઝવણમાં હતો કે હઝરત પાસેથી તાવીઝો ક્યારે લેવા અને જતા પહેલાં હઝરતની મુલાકાત પણ નહીં થાય એ બાબતનું દુઃખ થતુ હતું. હઝરત ફજરની નમાઝ પછી સવારના નવ વાગે ઘરેથી નીકળે છે તે વખતે રાતના બે વાગ્યા હતા, હઝરત આરામ ફર્માવી રહ્યા હતા. હું સાજિદ અલી ખાં સાહબને રૂમની સામે (બહાર) કહી રહ્યો હતો કે શું કરું ? સાજિદ અલી ખાં સાહબે કહ્યું કે અત્યારે કોઈની મજાલ નથી કે ઉપર જઈને હઝરતની મુલાકાત કરે, તમે જતા રહો, હું તાવીઝો મોકલી આપીશ. અમે વિચારી જ રહ્યા હતા કે હઝરત એક હાથમાં હુક્કો લઈને મકાનની બહાર તશરીફ લાવ્યા. મૌલાના સાજિદ અલી ખાં સાહબ તો એકદમ ગભરાય ગયા, હઝરત ! અત્યારે એકાએક ઘરની બહાર કેમ નીકળ્યા હશે ?! હઝરત મને જોઈને કહેવા લાગ્યા કે, મેં ''રાઝ''ને વાયદો કર્યો હતો કે જતી વખતે હું તમને તાવીઝો આપીશ. એ તો સવારમાં પંજાબ મેલથી જતા રહેશે એટલા માટે હું આવ્યો છું, રૂમ ખોલો હું બેસીશ. ત્યારબાદ રૂમ ખોલવામાં આવ્યો, રૂમ ઉઘાડતાં જ ન જાણે ક્યાંથી લોકો આવીને બધા (હઝરતની ખિદમતમાં) બેસી ગયા !

હઝરતનો કરમ અને એમનો કશ્ફ જ હતો કે રાતના બે વાગે તશરીફ લાવ્યા અને મારા જેવા ગરીબ આદમી માટે તકલીફ લીધી. હવે સાંભળો ! રૂમમાં લાઈટ જતી રહી હતી, અંધારું હતું, એક નાની સરખી મીણબત્તી સળગતી હતી. હઝરતે ફક્ત બે તાવીઝો લખ્યાં એટલામાં મીણબત્તી બુઝાવા લાગી, હાજર રહેલા (માણસો) નિરાશ થઈ ગયા. હઝરતે કહ્યું કે, હવે શું કરીશું ? મીણબત્તી બુઝાવા લાગી છે, અહીં આજુબાજુમાં કોઈ ઠેકાણેથી (મીણબત્તી) મળશે ? એક ખૂબસૂરત નવજવાન મારી બાજુમાં બેઠો હતો તે બોલી ઉઠયો કે હઝરત હું મીણબત્તી લઈ આવું ? હઝરતે એના તરફ જોઈને કહ્યું કે, લઈ આવો ! તે છોકરો બહાર ગયો. એક મિનિટ પણ પૂરી નથી થઈ અને તે હાથમાં બે મોટી સાઈઝની મીણબત્તી લઈ હાજર થયો. આ જોઈ હું તો નવાઈ પામ્યો, કેમ કે દૂર સુધી કોઈ દુકાન ન હતી અને



રાતના બે વાગ્યાનો સમય હતો, મેં તે નવજવાનને પૂછયું કે, મિયાં ! આટલી જલ્દી ક્યાંથી લાવ્યા ?! તેણે જવાબ આપ્યો કે, ગમે ત્યાંથી લાવ્યો, તમારે શું મતલબ ? મેં તેને કહ્યું કે મને નવાઈ લાગે છે કે ક્યાંથી લાવ્યા હશે ? મારી વાત સાંભળી તે મારા તરફ કરડાકીભરી નજરે જોવા લાગ્યો, હું ગભરાય ગયો. હઝરત મુસ્કુરાયા, કહેવા લાગ્યા કે, તમે એને કંઈ ન પૂછો, રહેવા દો. હું વ્યવસ્થિત સંભાળીને બેસી ગયો. હઝરતે તે નવજુવાનને કહ્યું કે, તમારું કામ હું પછીથી કરી આપીશ, આ લોકો સવારના પહેલી ગાડીથી જવાના છે એટલે એમનું કામ થઈ જવા દો, મારી સમજમાં આવી ગયું કે આ (નવજુવાન) કોણ છે ?

બહરહાલ ! હું તાવીઝ લઈ મસ્જિદ બીબીજી મદ્રસામાં પહોંચ્યો. તો દરવાજા પર એક કાળો કૂતરો પેહરો ભરતો જોવામાં આવ્યો, તે મારા તરફ જોવા લાગ્યો. તેની આંખોમાંથી જાણે અંગારા વરસતા હતા. રાતના ત્રણ વાગ્યા હતા, હું એકલો હતો દરવાજો અંદરથી બંધ હતો અને કૂતરો દરવાજા પર બેઠો હતો. હું કઈ રીતે દરવાજો ઉઘાડાવું ?! બીકના માર્યા મારી હાલત ખરાબ હતી, ન આગળ જઈ શક્તો હતો ન પાછો ફરી શક્તો હતો. મારા પગ ભારે થઈ ગયા હતા, દિલમાં ગભરામણ થતી હતી. જેમ તેમ કરી હું એટલું બોલી શક્યો કે, હું હઝરત મુફતીએ આ'ઝમે હિંદનો ગુલામ છું અને આ'લા હઝરત رحمۃ اللہ علیہનો મેહમાન છું, મને પરેશાન ન કર, દરવાજા પરથી ખસી જા અને મને જવા દે. આટલું સાંભળતાં જ તે કૂતરો ઉપર ચાલ્યો ગયો. મેં બૂમ પાડી, દરવાજો ખુલ્યો, કલાકો સુધી હું પરેશાન રહ્યો. સવારે હું અલ્હાબાદ ચાલ્યો આવ્યો. સને. ૧૯૭૧નો બનાવ છે. હું હઝરત મુફતીએ આ'ઝમે હિંદ સાથે નાગપુર ગયો. જુદી જુદી જગ્યાએ ફરતા ફરતા એવતમહલ (જિલ્લા બરાર) સુબા બરાર પહોંચ્યો. એક રાત્રે હઝરતના રૂમની સામે (બહાર) સૂઈ ગયો. હઝરતના રૂમમાં બીજુ કોઈ ન હતું, રાતના બે વાગ્યા હતા, તમામ આલિમો બીજા રૂમમાં આરામ કરી રહ્યા હતા. હું હઝરતના રૂમની બહારના ભાગે જમીન પર સૂઈ રહ્યો હતો મને ઊંઘ ન આવતી ન હતી, ખાલી આંખો બંધ રાખી સૂઈ રહ્યો હતો. એટલામાં હઝરતના રૂમમાંથી અવાજ આવ્યો, મારા પગ છોડી દો, મારા પગ છોડી દો. મારે પગ દબાવવા નથી. મેં જ્યારે આ સાંભળ્યું

તો મેં વિચાર્યું કે રાતના સમયે કોઈ ભાઈ રૂમમાં ગયા હશે અને તે પગ દબાવવા ચાહે છે અને હઝરત કદમ દબાવવા માંગતા નથી એટલે આ રીતે મના કરી રહ્યા છે. હું ઊભો થયો, દરવાજો ખુલ્લો હતો, ફક્ત પડદો પડેલો હતો, પડદો હટાવી જેવો હું અંદર દાખલ થયો. હઝરત પલંગ પર બેઠા હતા, મને જોતાં જ ચૂપચાપ સૂઈ ગયા. મને એવું મેહસૂસ થયું કે કોઈ ભારી ચીજ મારા ખભા સાથે અથડાયને બહાર જતી રહી, હું ગભરાય ગયો. હઝરત આંખો બંધ કરી આડા પડયા હતા. હું પાછા પગે બહાર નીકળી ગયો. (એ વખતે) બીજા રૂમમાં એક જબરદસ્ત ફકીહ આલિમ, બુઝુર્ગ, દુરવેશે કામિલ મુજાહિદે મિલ્લત હઝરત મૌલાના હબીબુર્રહ્માન સાહબ કિબ્લા રાતના સમયે જ્યારે કે લોકો મીઠી નિંદ્રામાં પોઢી રહ્યા છે ત્યારે ખુદાની યાદમાં મશગૂલ છે, ઝિક્રે ખુદાવંદી કરી રહ્યા છે, હું ચૂપચાપ તેમની ખિદમતમાં હાજર થયો, મેં તેમને વાત કરી કે, હુઝૂર ! આ શું વાત છે કે હઝરતના રૂમમાં કોઈ ન હતું, પછીથી તેઓ પગ દાબવાથી કોને રોકી રહ્યા હશે ? હઝરત મુજાહિદે મિલ્લત મુસ્કુરાયા અને ધીમેથી બોલ્યા કે, લોકો હર વખત એમની પાસે ભીડ લગાડી બેસી રહે છે એમની પાસે લોકોની ભીડ લાગેલી જ રહે છે, એકલા પડવા (એકાંતનો)નો આ થોડોક સમય મળ્યો હતો તેમાં કોઈ જિન્નાત કે હવામાં ઊડનાર કોઈ એમની ખિદમતમાં હાજર થયું હશે. ઔલિયાએ કિરામની બારગાહમાં દરેક પ્રકારના લોકો આવતા હોય છે તમે નાહક્ક ત્યાં પહોંચી ગયા. જો તમે હઝરતના મુરીદ ન હોત તો તમારા બુરા હાલ થાત (ખરાબ હાલત થાત). તમે તે બિચારાનું કામ બગાડયું, થોડીવારમાં હઝરતના રૂમમાંથી હુક્કો પીવાનો અવાજ આવ્યો, હું હિંમત કરી અંદર ગયો તો જોયું કે હઝરત હુક્કો પી રહ્યા છે, હું ઘણો હેરાન થયો કે આ હુક્કો કોણે ભરી આપ્યો હશે ? કેમ કે હઝરતના ખાદિમ તો સૂઈ રહ્યા હતા અને એ વખતે ત્યાં આગ પણ ન હતી. હઝરતે મને કહ્યું કે, લો ! હુક્કો પીઓ ! મેં અર્ઝ કરી કે, હુઝૂર ! આ હુક્કો કોણે ભરી આપ્યો ?! હઝરતે કહ્યું કે, કેરી ખાઓ, ગોટલીઓ ન ગણો ! હું ચૂપ થઈ ગયો.

એ વર્ષે ઉર્સની હાજરીમાં મારી સાથે મારા પત્ની, મારો પુત્ર મુહમ્મદ કમાલ અખ્તર ઉર્ફે રેશમ, મુહમ્મદ જમાલ અખ્તર ઉર્ફે અકરમ અને બીજા



ઘણા લોકો બરેલી શરીફમાં હાજર હતા. હઝરતની ખિદમતમાં મેં નાની ઉમરના બે છોકરાઓ જોયા, તેઓ ઉર્સમાં અજબ તરીકાથી કામ કરી રહ્યા હતા. મેં કહ્યું કે મિયાં ! પાન લાવી આપશો ? તે નજરોથી ગાયબ થયો અને એક મિનિટમાં લગભગ બાર પાન લઈને હાજર થઈ ગયો. હઝરતે જ્યારે કંઈ કામ હોય, કંઈ મંગાવવું હોય તો તે છોકરાને કહેતા, એનું નામ જાણું છું પરંતુ નામ લખતો નથી, કેમ કે તે છોકરો અત્યારે તા'લીમ લઈ રહ્યો છે, જો એનું નામ બતાવું તો એનો ભેદ ખુલી જાય. મેં બધાની હાજરીમાં એમના વિશે હઝરત મૌલાના સાજિદ અલી ખાં સાહબને પૂછયું કે આ બંને છોકરા કોણ છે ? ક્યારે આવ્યા ?

સાજિદ અલી ખાં મુસ્કુરાયા અને કહેવા લાગ્યા કે, ભાઈ ! તમે તો ગજબના માણસ છો ! મોટી ઓળખ રાખો છો અને કેમ ન હોય કેમ કે તમારા પર તો હઝરતનો ખાસ કરમ છે. એ બંને છોકરા ઉડનારાઓમાંથી છે, બસ એટલું જ. બાકી ભેદની વાત છે. હું ચૂપ થઈ ગયો, તે બંને છોકરા હર વક્ત મારા માટે હાજર હતા જે કંઈ વસ્તુની જરૂર પડે, તરત લાવી આપતા, મારી પાસે એમણે નઅત શરીફ લખાવી અને કહેવા લાગ્યા કે અમે પઢીશું. વળી મને બે રૂપિયા આપ્યા જે મેં સ્વીકારી લીધા. મેં કહ્યું કે તમે મસ્અલો નથી જાણતા કે કોઈ પણ નાબાલિગ પાસેથી કોઈ ચીજ ભેટ લઈ શકાતી નથી, જ્યાં સુધી કે એના માં બાપ કે વાલી વારસો રજા ન આપે. તેમણે કહ્યું કે હું પૈસા (બે રૂપિયા) પાછા નહીં લઉં, મારા વારિસ હઝરત છે, તમે એમને પૂછી લેજો. મારામાં હિંમત જ ક્યાં હતી કે હું હઝરતને કંઈ પૂછી શકું !

## ★ ગાયબ (ગુમ થયેલ) તાવીજ કઈ રીતે મળ્યું ?! ★

હઝરતે મારાં પત્નીને એક તાવીજ આપ્યું હતું, જેને બાંધતાં જ એની બીમારી જતી રહી હતી (શિફા મળી હતી). નહીંતર એ દર વરસ બીમાર પડી જતી હતી, અને બિલકુલ પીળી પડી ગઈ હતી. પરંતુ એ તાવીઝે ઈન્જેક્શન જેવી અસર કરી. તે બિલકુલ તંદુરસ્ત થઈ ગઈ હતી. બે વરસ પછી અચાનક એ તાવીઝ ગુમ થઈ ગયું, મેં હઝરતને કાગળ લખી એ વાત જણાવી. રાતના મારાં વાલિદા બેઠાં બેઠાં વાતો કરી રહ્યાં હતાં અને કહેતાં

હતાં કે હઝરતની ખિદમતમાં જિન્નાતો રહે છે, તો તાવીઝ મળી જવું જોઈએ (કેમ કે) તે લોકો તાવીઝ લાવીને આપી શકે છે. રાત્રે આ વાત થઈ, સવારમાં આઠ વાગે મારો છોકરો ગલીમાં નીકળ્યો તો દરવાજાની સામે જ તાવીઝ પડેલું હતું, છોકરાએ ઉઠાવી લીધું અને ઘરમાં આવી અમને બતાવ્યું. તાવીઝ ગુમ થવાને ચાર દિવસ થઈ ગયા હતા અને તે દિવસથી જ ફરીથી તકલીફ થઈ ગઈ હતી. અમે સમજતા હતા કે જેવો કાગળ મળશે કે તરત હઝરત બીજું તાવીઝ પોસ્ટથી જરૂર મોકલી આપશે, પરંતુ તે દિવસે સવારમાં તાવીઝ મળતાં જ મારાં પત્નીએ બાંધી દીધું. તાવીઝ બાંધતાં જ દર્દ જતું રહ્યું, એ તાવીઝ અત્યાર સુધી છે.

### ★ મારું તાવીજ ગુમ થયું ! ★

હઝરતે મને એક તાવીઝ આપ્યું હતુ. તે એક મહિના સુધી મારા ગળામાં હતું. તે એક રાત્રે અચાનક ગુમ થઈ ગયું. તે વરસે બીજે મહિને હું ઉર્સે રઝવી પર ગયો આ'લા હઝરત અઝીમુલ બરકત મૌલાના શાહ અહમદ રઝા ખાં સાહબ બરેલ્વી رحمۃ اللہ علیہ ના આસ્તાનાની સાથે જે મસ્જિદ છે ત્યાં અસરની નમાઝ પઢી રહ્યો હતો, જોયું તો મસ્જિદની અદર એક ખૂંટી પર તે તાવીઝ લટકતું હતું, હું જોઈને હેરાન થઈ ગયો. પરંતુ મેં વિચાર્યું કે હઝરતની રજા લીધી પછી જ એ તાવીઝ લઈશ, જેવો હુકમ આપશે એવું કરીશ. અસરની નમાઝ પછી મેં હઝરતને આ વાત કરી. હઝરતે કહ્યું કે, હવે બીજું તાવીઝ લો અને હઝરતે તે વખતે જ મને બીજુ તાવીઝ આપ્યું. પછીથી હું તે વખતે જ મસ્જિદમાં ગયો અને તાવીઝ જોયું તો ખૂંટી પરથી તાવીઝ ગાયબ થઈ ગયું હતું ! આજ સુધી હું એ ભેદને સમજી શક્યો નથી.

રાઝ કી જુસ્તજૂમેં મરતા હૂં
ઔર મેં હૂં એક પર્દએ રાઝ

### ★ હઝરતની ખિદમતમાં એક મઝજૂબની હાજરી ★

ગોંધા જિલ્લાના એક મશહૂર કસ્બામાં હઝરત ગયા હતા. સાથે અન્ય આલિમો પણ હતા. આ બનાવની રિવાયત કરનાર મૌલાના મુહમ્મદ અહમદ માહિરુલ કાદરી છે. તેઓ કહે છે કે, જ્યારે અમે હઝરત સાથે પહોંચ્યા તો તે વખતે પુષ્કળ ગરમી હતી, તમામ આલિમોને લોકો પંખા



નાખતા હતા, હઝરત મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લાનો મુકામ બીજા રૂમમાં હતો. થોડી વાર પછી એક જાણીતા મઝજૂબ, જે ઘણા સમયથી પાડોશના વિસ્તારમાં રહેતા હતા, તે વધારે પડતા બસ્તી શહેરમાં રહેતા હતા. અચાનક બિલ્કુલ નગ્ન હાલતમાં ચાલ્યા આવ્યા. આવતાંની સાથે હાથમાં પંખો લઈ આલિમોને પંખો નાખવા લાગ્યા અને એક ખાસ અંદાઝમાં દુરૂદ શરીફ પઢતા રહ્યા, પરંતુ તેઓ હમેશાં નગ્નાવસ્થામાં જ રહેતા હતા. ઉલ્મા પણ હેરાન હતા. તેઓ વિચારતા કે આ માણસ અહીંયા કેવી રીતે આવી ગયા ?! તેમને (મજઝૂબ)ને પૂછયું તો કહેવા લાગ્યા કે, હું તો હાથ દેવા આવ્યો છું, જાઓ ! બાજુના રૂમવાળાને જઈને પૂછી જુઓ કે તેઓ મારો હાથ પોતાના હાથમાં લેશે ?! હું રાહ જોઉં છું. જો કે તેમની જબાન ગામડિયા હતી અને તેઓ પોતે પોતાની રીતે ગામડીયા ભાષામાં વાત કરતા હતા. એક આલિમ સાહબ વાત સમજી ગયા, તેમણે હઝરતની ખિદમતમાં જઈને વાત કરી. હઝરતે કહ્યું કે, ન્હાય, ધોઈ લે, કપડાં પહેરી લે, પછીથી એમને મારી સામે લાવો. પછીથી મજઝૂબને આ વાત કહેવામાં આવી તો મજઝૂબ કહેવા લાગ્યા કે, તમે જાઓ અને એમને પૂછો કે મારા ગુસ્લની જવાબદારી તમે લો છો ? જો તેઓ જવાબદારી લેતા હોય તો હું ગુસ્લ કરી લઉં. હઝરતને કહેવામાં આવ્યું તો હઝરત મુસ્કુરાયા અને કહેવા લાગ્યા કે, એમને કહી દો ત્યાં જઈને ગુસ્લ કરે. પછી તો એમના ગુસ્લ માટેની તૈયારી વખતે ખાસી ભીડ જામી ગઈ. દરેક માણસ એમને ન્હાતા જોવા માટે આતુર હતા કેમ કે એમણે કદી પણ ગુસ્લ કર્યું ન હતું કે કપડાં પણ પહેર્યાં ન હતાં તે હમેશાં મસ્ત રહેતા હતા. અલ્લાહ રે ! શરીઅતનો લિહાઝ તો જુઓ કે શરીઅતના કાનૂન સામે પોતાનું મસ્તક નમાવી દીધું. એમને જ્યારે કૂવાના થાળા પર બેસાડવામાં આવ્યા એ દરમ્યાન વાદળ છવાય ગયું અને વીજ ચમકવા લાગી હતી. એવું લાગતું હતું કે હમણાં જ વરસાદ વરસવા લાગશે તેઓ હસતાં હસતાં કહેવા લાગ્યા કે, ભાઈ ! કૂવાના પાણીથી ન્હાવું કે ઉપરના પાણીથી ? જાઓ, એ પણ રૂમમાં આરામ ફર્માવનારને પૂછી આવો. હઝરતને પૂછવામાં આવ્યું તો હઝરતે કહ્યું કે એમના ગુસ્લનો બંદોબસ્ત ઉપરથી થઈ ગયો છે, જે પાણીથી ગુસ્લ કરવું હોય તે પાણીથી કરે એમની મરજીની વાત છે, પરંતુ ગુસ્લ કરેલું હોવું જોઈએ. તેઓ સાંભળતા રહ્યા

અને ગુસ્લ કરતા રહ્યા. વરસાદ વરસવાની તૈયારી હતી (વાદળો ઘેરાયેલાં હતા) કૂવાનું પાણી રેડયું તો ઉપરથી વરસાદ પણ પડવો શરૂ થઈ ગયો. આમ પણ અનાવૃષ્ટિનો વખત હતો, સખ્ત ગરમી પડતી હતી, જમીન બિલ્કુલ સૂકી (પાણીની તરસી) હતી, ખેડૂતો વરસાદના પાણી માટે તરસતા હતા. જુઓ તો ખરા ! વરસાદ વરસવા લાગ્યો, એક દીવાનો કે જેની દીવાનગી પર હજારો અક્લ–દાનાઈ કુર્બાન ! હોશ–કોશ કુર્બાન ! પોતે તો ન્હાય છે, સાથે સાથે બીજાઓને પણ નવડાવ્યા. ત્યારબાદ હઝરતે હુકમ કર્યો કે એમને કપડાં પહેરાવો, મઝજૂબ ન્હાય ચૂક્યા હતા. એહરામ બાંધે છે એ રીતે એમણે એક લુંગી પહેરી અને હઝરતની ખિદમતમાં હાજર થયા. એમને જોઈને હઝરત મુસ્કુરાયા, તેઓ નીચે નજરે બેસી ગયા. હઝરતે એમને પૂછયું કે, બોલો ! શું ઈચ્છો છો ? એમણે ખામોશીથી પોતાના બંને હાથ હઝરત તરફ લંબાવ્યા. હઝરતે એમને સિલસિલએ કાદરિય્યહ્, રઝવિય્યહ્માં દાખલ કર્યા અને તાકીદ કરી કે હવે પછી તમે આ લૂંગી કાઢશો નહીં (લુંગી કાયમ પહેરી રાખજો). અત્યારે તે મઝજૂબ નગ્ન રહેતા નથી બસ્તી જિલ્લામાં તેઓ ફરતા રહે છે.

હઝરત મૌલાના મુફતી અબ્દુર્રશીદ સાહબના સાહબઝાદા એક કામિલ મઝજૂબ છે. હઝરત મૌલાના મુફતી અબ્દુર્રશીદ સાહબ નાગપુરના ખ્યાતનામ મદ્રસા જામિયહ્ અરબિયહ્ના બાની અને મોહતમિમ છે. જેઓ અંદાઝે ૪૦ વરસથી નાગપુરમાં દીનની ખિદમત કરી રહ્યા છે, હજારો મશહૂર આલિમો એમના શાગિર્દ છે. એમના સાહબઝાદા મૌલ્વી અબ્દુલલતીફ સાહબ એક કામિલ મઝજૂબ થઈ ગયા. અલ્હાબાદમાં આશરે ૭–૮ વરસથી છે, હમેશાં ખામોશ રહે છે કંઈ બોલતા જ નથી.ઉઘાડા માથે અને ઉઘાડા પગે સડકો પર ચાલતા રહે છે પરંતુ એમના ચેહરા પર ઈલ્મી વજાહત શરાફત દેખાતી રહે છે. પહેલાં તો હું એમને ઓળખતો ન હતો પરંતુ ઘણા સમય પછી જ્યારે કે હઝરત મૌલાના મુફતી અબ્દુર્રશીદ ખાં સાહબ અલ્હાબાદમાં એમની શોધ માટે આવ્યા ત્યારે મને ખબર પડી. મારા મહોલ્લામાં એક ડોકટર પીર મુહમ્મદ સાહબ રહે છે એ મજઝૂબ એમને ત્યાં દરરોજ આવે છે. મૌલાના અબ્દુર્રશીદ સાહબ પણ એમની (ડોકટર) પાસે આવ્યા. ફળિયાના છોકરાઓએ મને કહ્યું કે, બાબાના વાલિદ



સાહબ આવ્યા છે, મેં જઈને જોયું તો મુફતી અબ્દુર્રશીદ સાહબ પોતે હતા, હું તો હેરાન પડયો, તેઓ પણ મને જોઈને ખુશ થઈ ગયા. મેં તેમને આગમનનું કારણ પૂછયું તો કહેવા લાગ્યા કે આ મારા સાહબઝાદા છે, વરસોથી હું એમની શોધમાં હતો, પતો મળતો ન હતો, હવે માલૂમ પડયું કે એ અલ્હાબાદમાં છે. મેં એમને કહ્યું કે એ તો અહીં ઘણા વખતથી છે મારી સાથે હમેશાં દુઆ સલામ થતી રહે છે, હાથ પણ મેળવે છે, પરંતુ કંઈ બોલતા નથી. જ્યારે જઝબની હાલત વધતી જાય છે ત્યારે બોલે છે. એ વખતે એમની હાલત જોવા લાયક બની જાય છે. જે રીતે વાઘ ઘૂરકે છે એ રીતે એઓ જોર જોરથી ચીખે છે, કોઈને ઓળખતા નથી, કોઈને મારતા નથી, જલાલમાં ઘૂમતા હોય છે, કદી પણ કોઈની પાસે કંઈ માંગતા નથી, એમને ખાતા પીતા પણ મોટે ભાગે જોવામાં આવ્યા નથી. અલ્હાબાદમાં સિલસિલા કાદરિયહ્ના એક કામિલ વલી હઝરત સૈયદ શાહ મુનવ્વરઅલી رحمۃ اللہ علیہના આસ્તાના પર એ દરરોજ જાય છે અને દરવાજા પાસે ચૂપચાપ ઊભા રહે છે, ત્યારબાદ શહેરમાં ખાસ ખાસ જગ્યાઓ પર રસ્તે ચાલતા જોવા મળે છે. મોટે ભાગે મારા મહોલ્લામાં વધારે પડતા રહે છે. મુફતી અબ્દુર્રશીદ સાહબે કહ્યું કે, આજ સુધી ખબર નથી પડી કે એ કોના મુરીદ છે, તમે શોધી કાઢજો (કોના મુરીદ છે). મેં એક કાગળમાં લખીને એમને પૂછયું તો એમણે હઝરત મુફતીએ આ'ઝમે હિંદના નામ પર પોતાની આંગળી મૂકી એટલે કે હઝરત મુફતીએ આ'ઝમે હિંદના મુરીદ છે.

હઝરત મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લાએ પણ એ વાતનો સ્વીકાર કર્યો. માલૂમ પડયું કે ઘણા વખત પહેલાં જબલપુરમાં દારુસ્સલામમાં હઝરત મૌલાના બુરહાનુલ હક્ક સાહબ મુફતીએ આ'ઝમ મધ્યપ્રદેશના ઘેર એઓ હઝરતના મુરીદ બન્યા હતા. પીરો મુર્શિદે કોણ જાણે એમને કંઈ મંઝિલ પર પહોંચાડયા છે કે કંઈ બોલતા નથી અને જ્યારે બોલે છે ત્યારે ઘણા ખતરનાક બોલ બોલે છે. જેને સાંભળીને પોલીસવાળાઓએ એમને ખૂબ માર્યા, એમને શું ખબર કે આ કોણ છે ? એમણે સહન કરી લીધું પરંતુ જે પોલીસવાળાએ એમને માર્યા હતા તે બીજા જ મહિને કોઈ ગુનાહમાં સપડાવાથી ડીસમીસ થયો. શાહ અબ્દુલ લતીફ અત્યારે પણ મારા મહોલ્લામાં છે, પરંતુ ખામોશ રહે છે હવે તેઓ મારી સાથે પણ બોલતા

નથી કેમ કે એમનો ભેદ ખોલી નાખ્યો છે.

## ★ અલ્લાહવાળાઓને દોલતની ખ્વાહિશ નથી હોતી ★

સને ૧૯૭૧માં અલ્હાબાદમાં દારુલ ઉલૂમ ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના દસ્તારબંદીના જલ્સામાં હઝરત આવ્યા હતા તે વેળા ત્યાંના એક મુસલમાન સદ્ગૃહસ્થ અમીર હાજી અબ્દુલહમીદ સાહબ, માલિક લાઅલ મુહમ્મદ બીડીવાલાના પત્ની અને એમના સંબંધી ભાઈ અન્વાર અહમદ સાહબનાં પત્ની (બંને) હઝરતનાં મુરીદ બન્યાં. હાજી અબ્દુલ હમીદ સાહબના ખૂબ આગ્રહ તેમજ વિનંતિને માન આપી હઝરતે એમની દા'વત કબૂલ કરી, અને એમના મકાન બહાદુરગંજ. ફિરોઝ મંઝિલમાં તશરીફ લઈ ગયા, લગભગ બે કલાક રોકાયા. હાજી અબ્દુલહમીદ તથા એમનાં ઘરવાળાંઓ મહોબ્બત અને અકીદતમંદી સાથે હઝરતની ખિદમતમાં લાગેલાં રહ્યાં. મારા વાલિદ અને હઝરતના ખાદિમ રૂમ બહાર હતા, હઝરત અંદરના રૂમમાં હતા. હાજી અબ્દુલ હમીદ સાહબે ઘણા તાવીઝો લખાવ્યા. ઔરતો પોત પોતાની હાજતોને લઈને હાજર થતી હતી. બીજી બાજુ દારુલ ઉલૂમ ગરીબ નવાઝમાં સેંકડો માણસો હઝરતના ઈન્તેઝારમાં હતા. અન્વાર સાહબ મારી પાસે આવ્યા અને મને પૂછવા લાગ્યા કે, હઝરતને શું નજરાણુ આપીએ ? મેં કહ્યું કે, તમારી જે ઈચ્છા હોય તે નજરાણુ આપજો. તેઓ મને પૂછવા લાગ્યા કે નજરાણામાં કેટલા (રૂપિયા) આપવા જોઈએ ? મેં કહ્યું કે, એક રૂપિયો ! તો તે હસવા લાગ્યા, એક લખપતિ માણસને એમ કહેવું કે, તમારા પીરો મુર્શિદની ખિદમતમાં એક રૂપિયો નજરાણુ આપો કહેવાથી હસવું ન આવે તો શું થાય ? જાહેર છે કે જે જરૂર હસવું આવે. પરંતુ મેં કહ્યું કે, ભાઈ ! એ એવા પ્રકારના બુઝુર્ગ નથી કે એવા પીર નથી જે દૌલતની લાલચમાં ફરતા હોય ! ભલે, હઝરતની ખિદમતમાં એક રૂપિયો કે બે રૂપિયા નજરાણાના આપશો તો તેઓ સ્વીકારી લેશે. જો કે હાજી અબ્દુલહમીદ સાહબનાં પત્ની હઝરતનાં મુરીદ છે અને મર્હૂમ હાજી અહમદ સાહબના સાહબઝાદા જનાબ અન્વાર સાહબનાં પત્ની પણ હઝરતનાં મુરીદ છે. હઝરતની વિદાય વેળાએ હાજી અબ્દુલહમીદ સાહબે રૂપિયા એક હજાર એકસો હઝરતની ખિદમતમાં નજરાણુ રજૂ કર્યું, પરંતુ હઝરતે સ્વીકાર્યા નહીં, કહેવા લાગ્યા કે આ તો ઘણા છે (ખૂબ વધારે) એને



તમારી પાસે રાખી લો, જાઓ મેં કબૂલ કરી લીધા બસ ! પરંતુ હાજી અબ્દુલહમીદ સાહબે ખૂબ આગ્રહ કર્યો એટલે એમનું દિલ રાજી રાખવા એક રૂપિયો કબૂલ કર્યો અને બાકીની રકમ એમને પાછી આપી દીધી. હકીકતમાં હઝરત મુશ્કેલીથી નજરાણુ કબૂલ ફર્માવે છે. મેં જોયું છે કે હઝરત પાસે નજરાણાની જે કંઈ રકમ હોય તે રકમ હઝરત ગરીબ આલિમો, તલ્બાઓ તથા જરૂરતમંદ ગરીબોને ચૂપકીદીથી એવી રીતે આપી દેતા કે બીજાને ખબર પણ ન પડે. ખબર નહીં, કેટલાયે ગરીબ માણસોની છોકરીઓની શાદીઓ હઝરતે કરાવી આપી છે. સવાર સાંજ સંખ્યાબંધ મહેમાનોની હાજરી રહેતી હતી, દરેકની સેવા ચાકરી હઝરત તરફથી કરવામાં આવતી. અલ્લાહવાળાઓ દુનિયાની દૌલતને ઠુકરાવે છે, જ્યારે દૌલત એમના કદમ ચૂમતી હોય છે. એઓ (અલ્લાહવાળાઓ) દુનિયાની રંગતથી એમના દામનને પાક રાખે છે, એમની સામે તાજ તખ્તની કોઈ વિસાત નથી.

એક વખત હઝરત મુફતીએ આ'ઝમે હિંદ, અલ્હાબાદમાં કેટલીક જગ્યા પર તશરીફ લઈ ગયા, બપોરના બે વાગ્યા હતા, મને કહ્યું કે, મેં સાંભળ્યું છે કે હકીમ યૂનુસ સાહબ બીમાર છે, હું એમને જોવા માટે જવાનો છું. એમની દા'વત મૌલાના મુશ્તાક અહમદ નિઝામી સાહબને ત્યાં હતી, લોકો બેચેનીથી એમની રાહ જોઈ રહ્યા હતા, મને ભૂખ લાગી હતી એટલે મેં હઝરતને કહ્યું કે, હુઝૂર ઘણુ મોડુ થયું છે, ત્યાં રાહ જોઈ રહ્યા હશે. હઝરતે ફર્માવ્યું કે હું પહેલાં હકીમ સાહબને જોઈ લઈશ. મેં વિનંતિ કરી કે, હુઝૂર ! ખૂબ ભીડ ભાડને કારણે આપને તકલીફ થાય છે એ વાતનો મને અફસોસ છે, વળી બહુ મોડુ થયું છે એટલે તમને પણ ભૂખ લાગી હશે. આવા મહાન બુઝુર્ગને મારે આ રીતની વાત કરવી ન જોઈતી હતી. પરંતુ મારા મોઢેથી આવી વાત નીકળી ગઈ. જેનાથી હુઝૂર મુસ્કુરાયા ! કહેવા લાગ્યા કે એ તો વાત છે કે મને ન ભૂખ લાગે છે કે ન તરસ લાગે છે. આ વાક્ય સાંભળીને હું ચોંકી ઉઠયો ! આ બે વાકયોમાં કેટલો મોટો ભેદ છુપાયેલો હતો. હું એક બુઝુર્ગનો વાકેઓ સાંભળી ચૂક્યો હતો તે યાદ આવી ગયો. તે ઈમાન અફરોઝ, નસીહતરૂપી બનાવ (વાત) આ પ્રમાણે છે :–

એક બુઝુર્ગ હતા, જેઓ ઘણો ખોરાક લેતા હતા, એક વખત એમનો

એક મુરીદ વિચારવા લાગ્યા કે, મારા પીરો મુર્શિદ આટલા મોટા બુઝુર્ગ છે અને ખોરાક ખૂબ ખાય છે. આવું વિચારતો જ હતો કે એ વલીએ કામિલે પોતાની રૂહાની નિગાહોથી મુરીદના વસવસાને જાણી લીધો. બુઝુર્ગે મુરીદને કહ્યું કે આ હાંડલીમાં ખીર છે એને લઈને તમે દરિયા કિનારે જાઓ. કિનારા પર તમને એક બુઝુર્ગ મળશે, તેમની ઓળખ માટેની નિશાનીઓ આ પ્રમાણેની છે. તમે એમને મારા તરફથી આ ખીર આપી દેજો. મુરીદે કહ્યું કે, હુઝૂર ! દરિયામાં તોફાન છે, કોઈ વહાણ કે નાવડુ જતું નથી પછી હું સામે પાર કઈ રીતે જઈશ ? બુઝુર્ગે કહ્યું કે, જાવ ! અને કહેજો કે, અય દરિયા ! મને રસ્તો આપ, મને એણે મોકલ્યો છે, જેણે બાર વર્ષથી આજ સુધી કંઈ ખાધું નથી. મુરીદે પાણીને એ પ્રમાણે કહ્યું તો પાણીનાં મોજાં એકાએક પલટાઈ ગયાં, પાણી ફાટી ગયું અને દરિયામાં આ પારથી પેલે પાર સુધીનો એક રસ્તો બની ગયો. મુરીદ પાણીમાં તે રસ્તે ચાલી નીકળ્યો. જ્યારે તે પાર (કિનારે) પહોંચ્યો તો જોયું કે એક બુઝુર્ગ પોતાના બાલ બચ્ચાંઓ સાથે કિનારા પર હતા. મુરીદે જઈને તે હાંડલી બુઝુર્ગને આપી અને કહ્યું કે મને મારા પીરો મુર્શિદને મોકલ્યો છે તે બુઝુર્ગે હાંડલી લીધી, તેમનાં પત્નીને તથા બાળકોને બોલાવ્યાં. ભેગાં મળીને બધાએ ખીર ખાધી. પછી તે મુરીદે કહ્યું કે હઝરત ! હવે હું પેલે પાર કઈ રીતે જાઉં ?! તો તે બુઝુર્ગે કહ્યું કે, જાઓ ! દરિયાને કહી આપો કે, અય દરિયા ! મને રસ્તો આપ, અને એમણે મોકલ્યો છે જેણે પોતાની ઔરતનું મોઢું કદી જોયું નથી. હવે એ મુરીદ ખૂબ નવાઈમાં પડયો. અજબ તમાશો છે. મારા પીરો મુર્શિદે કહ્યું કે મેં કશું ખાધું નથી. જ્યારે કે મારી (હાજરીમાં) તો દરરોજ ખાય છે, પીએ છે અને આ બુઝુર્ગ કહે છે કે મેં બાર વર્ષથી મારી ઔરતનું મોઢું જોયું નથી. તે મુરીદ તો હૈરતમાં પડી ગયો (નવાઈ પામ્યો !). તેણે જોયું તો દરિયાના પાણીએ એને રસ્તો આપી દીધો, આસાનીથી સામે પાર પહોંચી ગયો. આવીને પોતાના પીરો મુર્શિદના કદમ પકડીને આજીજીપૂર્વક વિનંતિ કરવા લાગ્યો કે, હઝરત ! આ શું હકીકત છે, મને નવાઈ લાગે છે. આ સાંભળી હઝરતે કહ્યું કે, તેં મારા ખાવા પર બદ્ગુમાની પેદા કરી હતી, તારી સમજમાં શું આવશે ?! (તુ શું સમજી શકીશ ?) અલ્લાહવાળાઓ કદી પણ કોઈ કામ પોતાના નફ્સ માટે નથી કરતા. હું જે ખાઉં છું તે મારા



નફ્સ માટે નથી ખાતો, એ રીતે તેમણે પોતાની ઔરતનું મોઢું કદી પણ પોતાના નફ્સ માટે જોયું નથી. બલ્કે સુન્નતે રસૂલે કરીમ صلی اللہ علیہ وسلم અદા કરી છે. યાદ રાખ ! અમે કોઈ કામ અમારા નફ્સ માટે નથી કરતા. આ બનાવની રોશનીમાં હઝરત મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનું મને કહેવું કે મને નથી ભૂખ લાગતી કે નથી તરસ લાગતી ! એ બે વાક્યોમાં કેટલી મોટી વાત કહી દીધી. પરંતુ અલ્લાહ (જો) અક્કલની સાથે સાથે દિલ પણ અતા કરે તો એ વાત સમજમાં આવી જાય.

## ★ એક બીમાર ઔરત કઈ રીતે સાજી થઈ ★

બરેલી શરીફમાં એક વખત મેં આશરે ૧૨ થી ૧૩ વરસની ઉંમરની એક છોકરીને હઝરતના મકાન પર જોઈ. તે સખત બીમાર હતી, મોઢામાંથી લોહી પડતું હતું. એનાં ગરીબ માં બાપે ખૂબ ઈલાજ કરાવ્યો પરંતુ સારી ન થઈ. છેવટે એ છોકરીને હઝરતના મકાન પર લાવવામાં આવી, એને કોઈએ ઘણી સહેલી દવા બતાવી આપી. એટલે કે જ્યારે હઝરત મોઢામાંથી પાન ચાવીને બહાર ચલમચીમાં કાઢતા તેને છોકરી ચૂપકીથી ખાય લેતી (હઝરતનું એઠુ પાન ખાય લેતી). તે દિવસથી જ એના મોઢામાંથી નીકળતું લોહી બંધ થઈ ગયું. અત્યારે તે તંદુરસ્ત છે. તેણીએ આ સિવાય (એઠુ પાન ખાવા) બીજી કોઈ દવા ખાધી નથી. કેમ ન થાય ?! સરકારની હદીષ મુબારક છે કે મુસલમાનના એઠામાં શિફા છે. (જ્યારે) તે તો એક મર્દે મો'મિનનું એઠુ હતું. એવા જ મર્દે મો'મિન માટે ઈકબાલે કેટલું સરસ કહ્યું છે :–

જો હો ઝૌક઼ે અમલ પેદા તો કટ જાતી હૈં ઝંજીરેં
નિગાહે મર્દે મો'મિનસે બદલ જાતી હૈં તકદીરેં

હઝરત મૌલાના મુફતી અનીસ આલમ સાહબ જેઓ મુફતીએ નેપાલના નામે મશહૂર છે, તેમણે કહ્યું કે, હું બરેલી શરીફમાં આ'લા હઝરતની ખિદમતમાં જ્યારે રહેતો હતો ત્યારે એક દિવસ એક ઔરત માથુ દુઃખવાના દર્દને લઈને આ'લા હઝરત رحمۃ اللہ علیہની ખિદમતમાં આવી, તે વખતે આ'લા હઝરત કિતાબો લખવાના કામમાં એટલા બધા લાગેલા હતા કે એમને એ કામ (ઔરતના દર્દના ઈલાજ) માટે જરા પર ફૂરસદ ન

હતી. અચાનક આ'લા હઝરત رحمۃ اللہ علیہની નજર મુફતીએ આ'ઝમે હિંદ પર પડી. એમણે ઈર્શાદ ફર્માવ્યો કે, સુબ્હાનલ્લાહ ! મુસ્તફા રઝાની દાઢી ખૂબ નૂરાની છે, ઘણી ખૂબસૂરત છે. આટલું કહીને પછીથી તે ઔરતને કહ્યું કે, જાવ ! મારા મુસ્તફા રઝાની દાઢીમાંથી નીગળતું પાણી પી લે, સારી થઈ જઈશ. જ્યારે હઝરત મુફતીએ આ'ઝમે હિંદને આ વાતની ખબર પડી તો તેઓ શરમ અનુભવવા લાગ્યા, પરંતુ આ'લા હઝરત رحمۃ اللہ علیہનો ઈર્શાદ હતો, એમાં જરા પણ ફેરફાર કરવાની એમની શી મજાલ ! પરિણામે જ્યારે મુફતીએ આ'ઝમે હિંદ વુઝૂ કરી ચૂક્યા તો એમની દાઢીમાંથી નીકળતું પાણી તે વૃદ્ધ ઔરતે પી લીધું અને ત્યાંને ત્યાં જ પાંચ મિનિટમાં બિલકુલ ઠીક થઈને ચાલી ગઈ, એ સમયે મુફતીએ આ'ઝમે હિંદ યુવાન હતા. પછી તો એ પ્રમાણેનો સિલસિલો દરરોજ ચાલુ રહેવા લાગ્યો, જ્યારે પણ કોઈનું માથુ દુઃખતું કે બીજા કોઈ દર્દ થતું તો હઝરતની દાઢીમાંનું બચેલું પાણી લઈ જતો, અલ્લાહ તઆલા એને શિફા આપતો.

### ★ એહકામે શરીઅતની પાબંદી (ફોટો ન પડાવ્યો) ★

આજના સમયમાં ભારત તથા સઊદી અરબની ગવર્નમેન્ટમાં હાજીઓ માટે ફોટાનો હુકમ છે કેમ કે પાસપોર્ટમાં ફોટો લગાડવો જરૂરી છે. આખી દુનિયા આ વાત જાણે છે. પરંતુ વાહ રે ! પાકબાઝ મર્દે મો'મિન ! હઝરતે ઈર્શાદ ફર્માવ્યો કે મારા પર જે હજ્જ ફર્ઝ હતી તે મેં કરી લીધી. હવે બીજીવારની હજ્જ માટે હું એટલું મોટું નાજાઈઝ કામ (ફોટો પડાવવાનું) કરીને દરબારે મુસ્તફવીમાં કઈ રીતે હાજરી આપી શકું ?! હું ફોટો નહીં પડાવું ! જ્યારે પહેલીવાર ગયો હતો ત્યારે ફોટાની પાબંદી ન હતી. ઘણી અફસોસની વાત છે કે જે રસૂલે મોહતરમ ﷺની શરીઅતમાં ફોટો પડાવવો, રાખવો, બનાવવો હરામ છે એ રસૂલે મોહતરમ ﷺની બારગાહમાં હું ફોટો પડાવીને જાઉં ?! એ મારાથી નહીં થાય. પરિણામે ! એક આશિકે રસૂલ ﷺ શરીઅતના હુકમની પાબંદી કરી તો અલ્લાહ عزوجل જે દરેક ચીજ પર કુદરત રાખે છે તેનો કરમ થયો અને હઝરતને ફોટો પડાવ્યા વગર પાસપોર્ટ બનાવવાની પરવાનગી ભારત સરકારે આપી.



આજે પણ કોઈ પોતાના દીન પર (શરીઅતની પાબંદી) અમલ કરે અને (દરેક અમલમાં) ફક્ત ખુદાવંદી કરીમની ખુશ્નુદી જ નજર સામે રાખે તો દુનિયા એના તાબે થઈ જાય છે. જેથી હઝરત ફોટો પડાવ્યા વગર (પાસપોર્ટ તૈયાર કરાવી) હજ્જમાં તશરીફ લઈ ગયા. એ એમના તકવા અને પરહેઝગારીની દલીલ છે. અલ્લાહની નજીક તકવો અને પરહેઝગારી ઘણી પસંદ છે. બલ્કે તકવા અને પરહેઝગારીથી આદમી એનો (અલ્લાહનો) મહબૂબ બની જાય છે.

### ★ હઝરત મૌલાના સૈયદ શાહ મુહમ્મદ શિફાઉસ્સમદ સાહબ رحمۃ اللہ علیہ ★

હઝરત મૌલાના સૈયદ મુહમ્મદ શિફાઉસ્સમદ સાહબ رحمۃ اللہ علیہ થી મને ખૂબ અકીદત છે અને હતી. જ્યારે હું હઝરત મુફતીએ આ'ઝમે હિંદનો મુરીદ બની ચૂક્યો તો મને વિચાર થયો કે હું મૌલાના સાહબના મઝાર પર જઈને અર્ઝ કરું. જેથી હું મીનાપુર કબ્રસ્તાનમાં ગયો અને મૌલાના સાહબ رحمۃ اللہ علیہના મજાર પર જઈને અર્ઝ કરી કે, હઝરત ! હું મુરીદ બની ચૂક્યો છું. આપની હયાતીમાં (જાહેરી જીવનમાં) મુરીદ ન બની શક્યો જેનો મને અફસોસ છે, આપ મને તમારા ફય્ઝ (બરકતો)થી નવાઝો. એ રાત્રે મેં મૌલાનાને ખ્વાબમાં જોયા, મને ફર્માવ્યું કે, કોના મુરીદ બન્યા ? મેં જવાબ આપ્યો કે આ'લા હઝરત رحمۃ اللہ علیہના શાહઝાદા હઝરત મુફતીએ આ'ઝમે હિંદનો મુરીદ બન્યો છું. મૌલાનાએ ફર્માવ્યું કે, સારી વાત છે, હું ખુશ છું. ખાસ વાત એ છે કે મૌલાના સૈયદ મુહમ્મદ શિફાઉસ્સમદ સાહબ ખૂબ દુબળા પાતળા અને કમજોર બુઝુર્ગ હતા, કમરેથી વાંકા હતા. પરંતુ ખ્વાબમાં મેં એમને બિલકુલ તંદુરસ્ત અને કમરેથી સીધા જોયા. આ શું વાત છે ? આના પર વિચાર કરો ! હદીષ શરીફ છે કે, જે માણસ જન્નતમાં હશે, ભલે તેની ઉંમર હજારો વરસની હશે પરંતુ તે પણ ચાલીસ વરસનો જવાબ બની જશે.

મેં હઝરત મૌલાના સૈયદ શિફાઉસ્સમદ رحمۃ اللہ علیہને ખ્વાબમાં વાતચીત કરતા જોયા તો ખુદાની કસમ ! તેઓ ચાલીસ વરસના જવાન હતા. કમર બિલકુલ સીધી સાદી, કમજોરી વગેરે બિલકુલ ગાયબ. કુર્બાન જઈએ

સરકારે દો આલમ ﷺની હદીષ મુબારક પર ! મારા આકાની જબાનનો દરેક શબ્દ, દરેક વાક્ય કેટલું બધું સત્ય છે ! આ વાકેઆથી નસીહત હાંસલ કરશો. આ એક ખ્વાબ ન હતો બલ્કે એ મારા ઈમાનમાં મજબૂતી પેદા કરવાનો એક ઝરિયો છે.

## ★ મેહફિલે સમાઅ અને હું ★

અલ્હાબાદમાં હઝરત સૈયદ શાહ અબ્દુલ હલીમ અબુલ ઉલાઈ رحمۃ اللہ علیہની મશ્હૂર ખાનકાહ છે જેમના સજ્જાદાનશીન હઝરત મૌલાના સૈયદ શાહ અઝીઝ અહમદ સાહબ કિબ્લા છે. જેઓ પોતાના અખ્લાક, મહોબ્બત તથા મુરવ્વતના બારામાં ઘણા જ ખ્યાતનામ છે. હઝરત મૌલાના અબ્દુર્રશીદ સાહબ બિહારી رحمۃ اللہ علیہ જેમની પોતાના સમયના મશ્હૂર આલિમોમાં ગણતરી થતી હતી અને આ'લા હઝરત رحمۃ اللہ علیہના શાગિર્દ હતા. મૌલાના સૈયદ શાહ અઝીઝ અહમદ સાહબ તેમના જ પુત્ર છે. ખાનકાહે હલીમીયહ્ અબુલઉલાઈયહ્માં ઉર્સનો પ્રસંગ હતો. હું પણ ઉર્સમાં નિયમિત હાજરી આપું છું. છેલ્લે દિવસે એક કવ્વાલે ગઝલ સંભળાવી જેનો મતલબ હતો :–

વોહી આબ્લે હૈં, વહી જલન, અભી સોઝે દિલ, દિલમેં કમી નહીં,
જો લગા કે આગ ગએ હો તુમ વોહ લગી હુઈ હૈ, બુઝી નહીં

આ શેઅર પર કેટલાયે લોકોને હાલ ચઢયો (વજ્દમાં આવ્યા), મારા દિલ પર એ શેઅરની એટલી હદે અસર થઈ કે એ બાબતમાં હું શું કહું ? મેહફિલે સમઅ પૂરી થઈ તો પણ એ શેઅરની કૈફિયતની અસર મારા દિલ, દિમાગ પર કાયમ રહી અને હર ઘડીએ રડવાનું મન થઈ આવતું. હું સમજી ગયો કે એ એની જ અસર છે. મેં વિચાર્યું કે મારા પીરો મુર્શિદ સમક્ષ મારી વાત રજૂ કરું. મહિનાઓ સુધી આ હાલત રહી. અચાનક એક જગ્યાએ હઝરતની મુલાકાત થઈ. મેં વિચાર્યું કે હવે રજૂઆત કરી દઉં, પરંતુ હઝરતે પાણી લાવવા કહ્યું, મેં પાણીનો ગ્લાસ આપ્યો. હઝરતે એક ઘૂંટ પાણી પીધું અને મને આપી દીધું. હું તરત જ સમજી ગયો કે મારા કહેતા પહેલાં જ મારા પીરો મુર્શિદ મારી હાલતને જાણી ગયા, મેં પાણી પી લીધું.



## ★ અલ્હાબાદ સ્ટેશન પર એક વેળા ★

એક વેળા હઝરત અલ્હાબાદ સ્ટેશન પર આવ્યા અને કહ્યું કે હું અસરની નમાઝ પઢીશ. પ્લેટફોર્મ પર જ જમાઅતની વ્યવસ્થા થવા માંડી. ગાડી ઉપડવાને ફક્ત દસ મિનિટ બાકી હતી. દસ મિનિટ તો હઝરતના વુઝૂ કરવામાં જ પૂરી થઈ હતી. મુસલ્લો પાથરવામાં આવ્યો. જમાઅતવાળાઓનો બધો સામાન ગાડીમાં મૂકેલો હતો. કોની મજાલ હતી કે હઝરતને કહે કે, હઝરત ! ગાડી જઈ રહી છે ! બધા નમાઝમાં હતા અને સિગ્નલ અપાઈ ચૂક્યો હતો. એન્જિન વ્હીસલ મારતુ હતું પરંતુ ગાડી ઉપડતી ન હતી, પાછળથી ખબર પડી કે ડબ્બો ખરાબ થઈ ગયો છે. હઝરતે નમાઝ પૂરી કરી, પછીથી વઝીફો પઢવા લાગ્યા. મુસાફરો ફાટી આંખે જોઈ રહ્યા હતા. ત્યારબાદ હઝરત નમાઝથી ફારિગ થઈ ડબ્બામાં બેઠા તો હાજતમંદોની ભીડ જામી ગઈ. એક સૈયદ સાહબે જેઓ ખૂબ ગરીબ હતા અને દરેક વખતે હઝરત પાસે તાવીઝ લખાવ્યા કરતા હતા. હાલમાં જ એમનો ઈન્તેકાલ થઈ ગયો છે ખુદા એમની મગફેરત ફર્માવે. તેમણે હઝરતને તાવીઝની ફર્માઈશ કરી, હઝરતે તરત જ ફર્માવ્યું કે, ભાઈ ! કલમ (ખડિયો) કાઢો, હું સૈયદ સાહબને લખી આપું. એક વાત કહેતો ચાલું કે હઝરતને સાદાતે કિરામની જેટલી અદબ (એહતેરામ) કરતા જોયા છે તેટલી અદબ (એહતેરામ) કરતો આ યુગમાં મુશ્કેલથી બીજો કોઈ જોવા મળશે. હઝરતે કહ્યું કે, સૈયદ સાહબ ! એક ગાડી તો શું, ભલે દસ ગાડીઓ છોડવી પડે પણ હું આપનો હુકમ તરછોડવાનો નથી ! આમ કહેતા કહેતા સૈયદ સાહબના તાવીઝ લખવા લાગ્યા. એમને તાવીઝ લખતા જોઈને હિંદુ–મુસલમાન બધા જ રજૂઆત કરવા લાગ્યા, ભીડ જામી ગઈ. હઝરતે બધાને એક એક તાવીઝ આપ્યું. એક બાજુ ડ્રાયવર તથા ગાર્ડ પરેશાન હતા કે ગાડી કેમ ઉપડતી નથી. છેવટે ગાર્ડ સાહબે જ્યારે હઝરતને જોયા તો ત્યાં જ ઊભા થઈ ગયા અને કહેવા લાગ્યા કે, ભાઈઓ ! જ્યાં સુધી આ બાબા તાવીઝ આપવાનું બંધ નહીં કરે ત્યાં સુધી ગાડી ઉપડવાની નથી. છેલ્લે હઝરતે જેવો ખડિયો (કલમ) મૂકાવી દીધી કે અન્જિન પણ દુરુસ્ત અને ડબ્બો પણ ઠીકઠાક થઈ ગયો.

મર્દે મો'મિનની નિગાહથી ન જાણે કેટલાયે ઈન્કિલાબ પેદા થાય છે.

એમની નિગાહની જુંબીશથી જમાનાની રફતાર રોકાય જાય છે તો આ તો ફક્ત એક ગાડી હતી.

## ★ નમાઝને કારણે ગાડી છોડી દીધી ★

એક વખત અલ્હાબાદથી અકોલા જઈ રહ્યા હતા. રસ્તામાં મગરિબની નમાઝનો વખત થયો. એ ડબ્બામાં બીજા કેટલાક મુસલમાનો હઝરતની સાથે બેઠા હતા. જેઓ એમની સાથે જઈ રહ્યા હતા. એમાં બે બદ્અકીદા મુસલમાનો કોટ પાટલુન પહેરી બેઠા હતા. હઝરતે પૂછયું કે હવે ગાડી ક્યાં ઊભી રહેશે ? મગરિબની નમાઝનો વખત થઈ ગયો છે અને હું નમાઝ પઢીશ. એ સમયે ગાડી એક સ્ટેશન પર ઊભેલી જ હતી. લોકોએ (સાથેના મુસાફિરોએ) કહ્યું કે આ મેલગાડી છે, ઘણી વાર પછી થોભશે. હઝરતે કહ્યું કે તો પછી નમાઝ કઝા થઈ જશે, કેમ અહીંયા જ ન પઢી લેવામાં આવે ? એક સાહબે જેઓ મોર્ડન મુસલમાન હતા એમણે કહ્યું કે, ચાલુ ગાડીમાં જ નમાઝ પઢી લે જો, શા માટે ગાડીમાંથી નીચે પ્લેટફોર્મ પર ઊતરો છો ?! તમારી નમાઝની રાહ ગાડી જોવાની નથી. બસ ! તે ભાઈનું એટલું જ કહેવું હતું કે હઝરત જલાલમાં આવી ગયા. હઝરતે ફર્માવ્યું કે જો મારી નમાઝની રાહ ગાડી જોવાની નથી તો શું થઈ ગયું ! ખુદા હાફિઝ !

આમ કહેતા કહેતા ગુસ્સામાં આવીને હઝરત મુસલ્લો અને લોટો લઈને પ્લેટફોર્મ પર ઊતરી પડયા, હઝરતની સાથે જેઓ હતા તે બધા જ ઊતરી પડયા. હઝરતે વુઝૂ કર્યું, મગરિબની નમાઝની જેવી નિય્યત બાંધી કે ગાડી ઊપડી ગઈ. હઝરતનો બધો સામાન તેમજ સાથવાળાઓનો સામાન ગાડીમાં રહી ગયો હતો. જ્યારે ગાડી ઉપડવા લાગી તો કોઈએ જ ડબ્બામાંથી મજાક ઉડાવી બોલવા માંડયું કે, મિયાંની ગાડી ગઈ ! મિયાંની ગાડી ગઈ ! પરંતુ એ બદ્નસીબને ક્યાં ખબર હતી કે એ કોણ છે ? જમાઅતથી નમાઝ પઢવામાં આવી, નફ્લો પઢવામાં આવી તો જોયું કે પ્લેટફોર્મ ખાલી હતું. લોકો હઝરતને જોઈ રહ્યા હતા અને એકબીજા સાથે વાતો કરતા કહી રહ્યા હતા કે, જુઓ ! મૌલાના સાહબ નમાઝ માટે ગાડીમાંથી નીચે ઊતર્યા અને ગાડી ચાલી ગઈ. પરંતુ હઝરત એટલા બધા



સંતૃષ્ટ હતા કે જાણે કંઈ બન્યું જ નથી. પરંતુ લોકો પરેશાન હતા કેમ કે એમનો બધો સામાન ગાડીમાં હતો. હજુ આમ વિચારતા હતા એટલામાં જોયું તો સામેથી ગાર્ડ સાહબ હાથમાં બત્તી લઈને દોડતા આવી રહ્યા હતા એમની સાથે ઘણા પેસેન્જરો પણ દોડતા આવતા હતા. ગાર્ડે આવીને કહ્યું કે, હઝરત ! ગાડી રોકાય ગઈ છે. હઝરતે પૂછયું કે ગાડી રોકાય ગઈ છે કે એન્જિન ખરાબ થઈ ગયું છે. ગાર્ડ કરગરી કહેવા લાગ્યો કે હઝરત એન્જિન જ ચાલતુ નથી. અમારાથી મોટી ગુસ્તાખી થઈ છે, અમને માફ કરી દો. આ મેલગાડી (એક્ષપ્રેસ) છે. અમે થોભાવી શક્તા ન હતા, અમે મજબૂર હતા. હઝરતે કહ્યું કે, નહીં ! મારા ડબ્બામાં એક નામનો મુસલમાન બેઠો છે તે કહેતો હતો કે શું નમાઝ માટે ગાડી રાહ જોવાની છે ? સ્ટેશન માસ્તરે કહ્યું કે હવે બીજું એન્જિન લગાડવું (જોડવું) પડશે. હઝરતે કહ્યું કે જો ગાડી પાછી લાવો તો એન્જિન ચાલશે. ત્યારબાદ એ પ્રમાણે કરવામાં આવ્યું, ગાડી પાછી લાવવામાં આવી એટલે એન્જિનની ખરાબી દૂર થઈ ગઈ. પરંતુ આ દરમ્યાન ગાડી ૪૫ મિનિટ લેટ પડી. ગાડીમાંના તમામ મુસાફરોને આ વાતથી હેરત થઈ. કંઈક નસીહત પણ મળી. પેલા બંને મોડર્ન મુસલમાનોની આંખો ઊઘડી ગઈ હતી, હઝરતને જોઈને માફી માંગી. હઝરતે એમને માફ કર્યા. આ બનાવથી ઈસ્લામની હક્કાનિયતનો અંદાજો લગાડી એક શીખ ઈમાન લાવ્યો.

## ★ નાગપુરમાં એક ભાઈ ઈમાન લાવ્યા ★

નાગપુરમાં ઘણા લોકો હઝરતનું નામ સાંભળીને દૂર દૂરથી આવ્યા અને જલ્સાગાહમાં બેસી ગયા. એક ભાઈએ હઝરતને જોયા કે તરત જ પોતાના સાથીઓને કહેવા લાગ્યા કે, ભાઈ ! આ ચેહરો તો ઘણો ખૂબસૂરત લાગે છે, જેવો જલ્સો પૂરો થયો કે તરત તે ભાઈ હઝરતના હાથ પર ઈમાન લાવ્યા. જો કે તે ઈજ્જતદાર (મિલ્કતવાળા) આદમી હતા. ગયા વર્ષે નાગપુરમાં એમની મુલાકાત થઈ હતી. હઝરતે એમનું નામ ગુલામ મોહયુદ્દીન રાખ્યું છે એમણે પોતે જ મને આ બનાવ કહ્યો છે.

અબ્દુલઅઝીઝ ખાન સાહબ જેઓ નાગપુરમાં રહે છે, અને હઝરતના મોટા જાંનિષારોમાંના એક છે. એમનાં પત્નીને હોસ્પિટલમાં ડોકટરોએ

કહ્યું કે, જ્યાં સુધી ઓપરેશન નહીં કરવામાં આવે, બાળક (છોકરો) પેદા નહીં થાય, કેમ કે તેઓ હામેલા (ગર્ભવતી) હતાં. એમનાં પત્ની અને અબ્દુલઅઝીઝ સાહબ બંને જણા પીરો મુર્શિદ પર ખૂબ વિ□ાસ રાખતા હતા અને રાખવો પણ જોઈએ. એમણે ડોકટરોને કહ્યું કે અમે વિચાર કરી જોઈએ, પછી તમને જણાવીશું. આવતાંની સાથે એમણે હઝરતને કાગળ લખ્યો કે જો હઝરત ઓપરેશન કરાવવાની રજા આપે તો જ કરાવવું નહીં તો કરાવવું નહીં. કાગળ મળતાં તરત જ હઝરતે ત્રણ તાવીઝો લખીને એક કવરમાં રવાના કર્યા અને લખ્યું કે ઓપરેશન કરાવશો નહીં, ઈન્શાઅલ્લાહ ! ખૈરિયતની સાથે બાળકનો જન્મ થશે. તાવીઝ પહેર્યા પછી જ્યારે ખૈરિયતની સાથે બાળકનો જન્મ થયો ત્યારે એ જોઈને હોસ્પિટલના સિવિલ સર્જન પણ નવાઈ પામ્યા.

## ★ મરણ પથારીએ પડેલા આદમીનો ઈલાજ ગાડીમાં કર્યો ★

૧૯૭૧ની સાલમાં હું નાગપુર જવા માટે હઝરતની સાથે હતો. હઝરત સ્લીપરમાં બેઠા હતા. માણેકપુર જંકશન પર અચાનક બે આદમી ત્રીજા એક બીમાર માણસને લઈને ગભરાતા ગભરાતા મારા ડબ્બામાં આવ્યા, તે બધા રેલ્વેના માણસો હતા. એક બીમાર આદમીની હાલત એટલી બધી ખરાબ હતી કે મારાથી જોવાતુ ન હતું. તે પોતાની છાતી દબાવીને રડી રહ્યો હતો, અને બોલતો હતો કે, બસ ! મારો જીવ જાય છે, હું મરી રહ્યો છું ! એની સાથેના માણસો ગભરાય ગયા. મેં તેમને કહ્યું કે, પેલા સામે જે બુઝુર્ગ બેઠા છે તેમની પાસે જાવ અને તેમના કદમ પકડી લો, તેઓ હમણાં જ ઈલાજ કરી આપશે. તેઓએ દોડીને હઝરતના કદમ પકડી લીધા. હઝરતે જલ્દી જલ્દી પોતાના કદમ ખેંચી લીધા અને પૂછયું કે શું છે ? મેં એમની હાલત (હઝરતને) જણાવી. હઝરતે બીમાર માણસની છાતી પર પોતાનો હાથ મૂક્યો પઢીને દમ કર્યો (ફૂંક મારી) અને પાણીને દમ કરી પીવડાવ્યું. બસ ! પછી તો પૂછવું જ શું ? તે માણસને પાંચ મિનિટમાં ઊંઘ આવી ગઈ અને એક સીટ પર સૂઈ ગયો. વાહ રે ! કુદરત તો જુઓ ! જે ડબ્બામાં હઝરત બેઠા હતા તે ડબ્બામાં જ અલ્લાહ તઆલાએ પોતાના એક બીમાર બંદાને મોકલી આપ્યો.



હર મર્ઝ કે લિયે ખાલિકને દવા પેદા કી
મુઝ કો બીમાર કિયા, ઉસકો મસીહા કર કે

જ્યારે તે માણસ સૂઈને ઉઠયો તો હઝરતે એનું નામ પૂછયું. એણે રામનાથ નામ બતાવ્યું. હઝરતે તરત બે તાવીઝો આપ્યાં, ડબ્બામાં બેઠેલા બધા મુસાફરો આ બનાવથી એટલા બધા પ્રભાવિત થયા હતા કે બધા જ આ વાતની ચર્ચા કરતા હતા. એ જ ડબ્બામાં એક ભાઈ પોતાની બેશરમ ધર્મપત્ની સાથે બેઠા હતા. પત્ની (દેખાવે) ખૂબ જ મોર્ડન હતી. તેના ખોળામાં એક બાળક પણ હતું તેણીએ એવાં કપડાં પહેર્યા હતાં કે શરીર નગ્ન જણાતું હતું. હઝરતને આવા લોકો ઘણા જ નાપસંદ છે. હઝરતે કહ્યું કે, આ ઔરત જે મારી પાછળની સીટ પર બેઠી છે તે બીજી બાજુ જતી રહે (બેઠક બદલી નાંખે) તો શું વાંધો છે ? એક હિંદુ ભાઈએ તે મોડર્ન બીવીને કહ્યું કે તમે મારી સીટ પર આવી જાવ, તમારા કારણે બાબાને દુ:ખ થાય છે. પેલી ઔરતો જવાબ આપ્યો કે, નહીં ! હું સીટ નહીં છોડું, અહીં બારીને લીધે હવા આવે છે. એનો જવાબ સાંભળીને ડબ્બાના મુસાફરો નારાજ થઈ ગયા, પરંતુ બધા ચૂપ રહ્યા. હજુ પાંચ દસ મિનિટ થઈ હશે એટલામાં બારીની ફટક એટલા જોરથી નીચે પટકાઈ, તે ઔરતના હાથ પર પડી કે તેનો હાથ લોહી લોહાણ થઈ ગયો. એનો ધણી ઘણો શરમાયો. છેવટે તે ઔરતને હોશ આવ્યો અને બારી પાસેથી હટીને બીજી સીટ પર જઈને લાંબી થઈને સૂઈ ગઈ. એની હમદર્દી માટે ડબ્બામાંથી એક પણ માણસ ન નીકળ્યો. (કોઈએ પણ હમદર્દી ન બતાવી) એનો ધણી હઝરતથી માફી ચાહવા લાગ્યો, ઔરતની હાલત બુરી હતી બધી જ તરક્કી પસંદી એક મિનિટમાં ચાલી ગઈ હતી. ખુદાવંદે કુદૂસનો ઈર્શાદ છે કે જેણે મારા વલીને તકલીફ આપી એણે જાણે મારાથી લડાઈ ખરીદી લીધી.

## ★ હઝરતના કદમોની બરકત ★

મુરાદાબાદના કસ્બામાં એક ગરીબ માણસ રહેતો હતો જેના ઘરમાં ખાવા પકાવવા માટેનાં પૂરતાં વાસણો પણ ન હોતાં. જ્યારે હઝરત તે કસ્બામાં ગયા તો તે માણસે હઝરતને વિનંતિ કરી કે, આપ મારા ગરીબના ઝુપડામાં પધારો તો મારે ત્યાં બરકત થશે. હઝરતની આદત છે કે તેઓ

કોઈની દા'વતને ઠુકરાવતા નથી. હઝરતે કહ્યું કે, હું તમારા ઘેર આવીશ. હઝરત તે ગરીબ આદમીને ત્યાં ગયા એની પત્નીએ બે કપ ચા બનાવી હતી તે હઝરત સામે મૂકી. ઘણી ખુશીની સાથે તે પીધી. તે મુસલમાન (ગરીબ માણસ) કઠિયારાનું કામ કરતા હતો. લાકડાં કાપી પોતાના પરિવારનું ગુજરાન કરતો હતો. હઝરતે દુઆ કરી, પછી તે ગરીબ માણસે હઝરતને પાન ખાવા આપ્યું તો હઝરતના મોઢામાં જે પાન હતું તે એમણે મોઢામાંથી કાઢી બહાર એક બાજુ ખૂણામાં ફેંકી દીધું. ત્યારબાદ હઝરત ત્યાંથી નીકળી ગયા. થોડા દિવસો પછી તેને જંગલમાં લાકડાં કાપવાનો ઈજારો મળ્યો. અલ્લાહે એના ધંધામાં બરકત અતા કરી. હઝરતે પોતાના મોમાંનું પાન જે ખૂણામાં નાખ્યું હતું ત્યાં આગળ જમીનમાંથી જમરૂખી ઊગવા લાગી. જેમ જેમ જમરૂખીનું ઝાડ મોટું થતું ગયું તેમ તેમ તે માણસની આર્થિક હાલત સુધરતી ગઈ. પાંચ વર્ષ પછી હઝરત ફરીવાર તે કસ્બામાં ગયા તે વખતે હું પણ એમની સાથે હતો. લોકોએ મને બતાવ્યું, જે જગ્યા પર એક ઝૂપડું હતું ત્યાં આજે એક મોટી ઈમારત ઊભી થઈ ચૂકી છે, પરંતુ એણે તે જગ્યાને એવીને એવી જ રહેવા દીધી હતી જે જગ્યા પર જમરૂખીનું ઝાડ હતું.

હઝરત મૌલાના સાજિદ અલી ખાન સાહબ, મોહતમિમ દારુલ ઉલૂમ મઝહરે ઈસ્લામ બરેલી શરીફએ કહ્યું કે હઝરત કાનપુરમાં હતા, એક ગરીબ મુરીદે અર્ઝ કરી કે, હુઝૂર ! હું ઘણો ગરીબ છું પરંતુ મારી ઈચ્છા છે કે હઝરત આપ મારા ઘરે પધારો. હઝરતે કબૂલ કર્યું. મગરિબની નમાઝ બાદ હઝરત એના ઘેર ગયા તો ત્યાં ઘણા લોકો ભેગા થઈ ગયા. એ ગરીબ માણસે તો ફક્ત ૧૫ (પંદર) માણસોનું ખાવા પકાવ્યું હતું જ્યારે ગણતરી કરી જોઈ તો ૭૫ (પંચોતેર) માણસો બેઠા હતા. અને તે એવા લોકો હતા કે જેમને ઉઠાડી શકાય એમ ન હતા. એક જાણીતા આલિમે જ્યારે આ દશ્ય જોયું તો એમણે પોતાની પાસેથી અમુક રકમ પેલા ગરીબ માણસને છાનામાના આપીને કહ્યું કે જાવ ! બજારમાંથી રાંધેલા ચાવલ લઈ આવો. એક તરફ તે માણસ બજાર જવા વિચારતો હતો ત્યારે જ બીજી બાજુ હઝરતે કહ્યું કે, જે જગ્યાએ પકાવવામાં આવ્યું છે તે જગ્યા પર મારે જવું છે. પરિણામે તે મુરીદે અંદર પડદો કરાવી દીધો, હઝરત અંદર તશરીફ લઈ



ગયા અને રાંધેલા ચાવલ પર હઝરતે સૈયદના અબ્દુલકાદિર જીલાની ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના ફાતેહા દીધા, અને ફર્માવ્યું કે આમાંથી ચાવલ કાઢીને બધાંને આપતા રહેશો, તપેલાનું ઢાંકણું ઊઘાડી અંદર જોશો નહીં. અલ્લાહ બરકત આપનાર છે. આમ કહીને હઝરત બધાંની વચમાં હાજર થઈ ગયા. તે ગરીબ માણસે ચાવલ કાઢવાના શરૂ કર્યા, જેટલા બધા હાજર હતા તે તમામે પેટ ભર ખાવા ખાધું, એના ઘરવાળાંઓએ પણ ખાધું. પછીથી હઝરતે ફર્માવ્યું કે પાંચ માણસોનું ખાવા કાઢી લો અને પાડોશમાં જઈને જુઓ, જે ગરીબ ઔરત યા મુસલમાન મર્દ હોય તેમને ખવડાવો. એક મોટા થાળમાં (વાસણમાં પાંચ આદમીઓનું ખાવા લઈને તે મુરીદ ગયો અને પાંચ ગરીબોને ખવડાવી પાછો ફર્યો. જ્યારે લોકોને આ વાતની ખબર થઈ તો લોકો હેરાન થઈ ગયા (આશ્ચર્યમાં પડી ગયા).

## ★ ફતેહપુરમાં હઝરતનું આગમન ★

એક વખત ફતેહપુરમાં હઝરત આવવાના હતા એ બાબતનું એલાન આગલા દિવસે જમાલ સિદ્દીક સાહબે કર્યું હતું. પરંતુ હઝરત આવ્યા નહીં બીજે દિવસે હજારો માણસો નિરાશ ચેહરે હઝરતની રાહ જોઈ રહ્યા હતા. સાંજ સુધીમાં હઝરત આવી શક્યા નહીં, હું પોતે પણ એ જલ્સામાં હાજર હતો, જલ્સો શરૂ થયો, બધા જ આલિમોની તકરીરો થઈ. છેલ્લે સલાતો સલામ પઢવામાં આવી. ત્યારબાદ સૈયદ મુઝફ્ફર હુસૈન સાહબ લોકોને આ□ાસન આપી કહી રહ્યા હતા કે જરૂર, કંઈ ખાસ વાત બની હશે જેને કારણે હઝરત તશરીફ લાવી શક્યા નહીં હોય. તમે લોકો નિરાશ ન થશો, તાર આવ્યો છે, જો હઝરત હમણાં આવી નહીં શકે તો ઈન્શાઅલ્લાહ ! સવારે જરૂર આવી જશે. જ્યાં જલ્સો થઈ રહ્યો હતો તેની બાજુમાં એક બુઝુર્ગની દરગાહ શરીફ હતી, સેંકડો માણસોએ મકબરામાંથી નારએ તકબીરનો અવાજ આવતો સાંભળ્યો, આવો અવાજ બે વખત સંભળાયો. સ્ટેજ પર બેઠેલા માણસો નવાઈ પામી મકબરા તરફ જોવા લાગ્યા, જોયું તો સામેથી આફતાબે વિલાયત રોશન થયો અર્થાત સામેથી હઝરતની ગાડી આવી પહોંચી. આશરે પાંચ હજાર આદમીઓનો સમૂહ ભેગો થયો હતો. દરેક માણસ દોડીને સૌથી પહેલાં હઝરતની ઝિયારત કરવા ઈચ્છતો હતો, હઝરતની ઝિયારત કરવા લોકો બેચૈન હતા, લોકોની ખૂબ ભીડ હતી,

હઝરત મુશ્કેલીથી કારમાંથી બહાર નીકળવા પામ્યા, કારમાંથી ઉતરીને સીધા સ્ટેજ તરફ આગળ વધવા લાગ્યા. ભીડ બેકાબૂ બની ગઈ હતી. દરેકને પોતાના રૂહાની પેશ્વાના દીદાર કરવાની ઉતાવળ હતી. ત્યારબાદ થોડીવાર માટે જલ્સો ફરીથી શરૂ થયો અને ફરીથી સલાતો સલામ અને દુઆ કરી જલ્સો પૂરો થયો. દરેક માણસ હઝરતના જમાલથી પોતાની રૂહને જાગૃત કરી રહ્યા હતા. ઈમાનમાં જોશ પેદા થઈ રહ્યો હતો. ફતેહપુરમાં મુસલમાનોએ કદી આવા બુઝુર્ગને જોયા ન હતા. રાતના એક વાગ્યા પછી હઝરતે મુરીદ બનાવવાનું શરૂ કર્યું, સાડા ત્રણ વાગ્યા સુધી આ કામ ચાલ્યું, ફજરની નમાઝ પછી પણ લોકો હઝરતના મુરીદ બનવા લાગ્યા.

## ★ એક માણસ મરતાં મરતાં બચ્યો ! ★

જનાબ જમાલ સિદ્દીકી સાહબ, ફતેહપુરના એક મુસલમાનના બારામાં કહે છે કે, એક મુસલમાન હઝરતનો મુરીદ બનવા ઈચ્છતો હતો, ઘણા વખતથી એના દિલમાં આ બાબતની તડપ હતી. તે માણસ સખત બીમાર પડયો, એક દિવસ તે રડતાં રડતાં કહેવા લાગ્યો કે, હઝરત મુફતીએ આ'ઝમ અત્યારે અહીં હાજર નથી, ઉપરાંત કોણ જાણે તેઓ ક્યાં હશે અને ક્યારે મુલાકાત થશે (મુલાકાત થાત તો) ઓછામાં ઓછું હું મુરીદ તો બની જાત ! કેમ કે ઓપરેશન ખતરનાક છે. ડોકટરોએ કહ્યું છે કે જો ઓપરેશન સફળ થશે તો બચી જશે, નહીંતર જીવવાની કોઈ આશા નથી, એટલા માટે જ તે માણસ રડી રડીને કહેવા લાગ્યો કે, હું એમને કઈ રીતે કહું ? એઓ કઈ રીતે મારી વિનંતિ સાંભળશે કે જેથી તેઓ (હઝરત) મારી મદદ કરશે ?! આવું કહેતો કહેતો તે (બીમાર) માણસ સૂઈ ગયો. એણે ખ્વાબમાં હઝરતને જોયા, હઝરત આવ્યા અને એના ગળા પર હાથ મૂકી, ફૂંક મારી અને ફર્માવ્યું કે હવે તમે સારા થઈ જશો. બીજે દિવસે એની હાલત વધારે બગડી તો લોકો એને હોસ્પિટલમાં લઈ જવા લાગ્યા, ઘરમાં રડારોળ શરૂ થઈ, લોકો રડતા હતા અને તે માણસ બેહોશ હતો. પરંતુ હોસ્પિટલ જતાં રસ્તામાં જ ગળાની અંદરનો ફોલ્લો કોઈપણ જાતની દવા વગર આપમેળે જ ફૂટી ગયો. મોઢામાંથી લોહી નીકળવા લાગ્યું, હોસ્પિટલ પહોંચ્યા તો ડોકટરો એને જોઈને હેરાન થઈ ગયા કે આખરે કઈ દવાથી ફોલ્લો ફૂટી ગયો ?! જ્યારે એ હોશમાં આવ્યો તો એણે કહ્યું કે,



એક બુઝુર્ગ મુફતીએ આ'ઝમે હિંદએ મને ફૂંક મારી હતી અને કહ્યું કે હવે તું સાજો થઈ જઈશ, હવે મને દવાની કોઈ જરૂરત નથી, દૂર રહીને મારા મસીહાએ મારો ઈલાજ કરી દીધો. ડોકટરોએ કહ્યું કે, ભાઈ ! તમે નસીબદાર છો બાકી એ ફોલ્લો જાન લેનાર હતો, પરંતુ કોઈપણ જાતની દવા વગર એ આપોઆપ ફૂટી ગયો, હવે દવા પી લો પરંતુ એણે કહ્યું કે હવે કઈ દવા પીઉં ? તેમ છતાં લોકોએ જબરદસ્તીથી દવા પીવડાવી અને ખુશી ખુશી તે મુસલમાન ઘેર પાછો ફર્યો. એક અઠવાડિયામાં તે બિલકુલ સાજો થઈ ગયો. તમે જોયું ! બુઝુર્ગો કઈ રીતે મદદ ફર્માવે છે ?! મૌલાના નૂર મુહમ્મદ શાહ રઝવી, કાદરી જબલપૂરીએ કહ્યું કે, એક વખત હઝરતે ફર્માવ્યું કે તે શૈખ શું ? કે જે પોતાના મુરીદ તેમજ અકીદતમંદના હાલથી નાવાકેફ હોય !

## ★ જબલપુરનો બનાવ ★

જબલપુર એવું ખુશનસીબ શહેર છે કે જ્યાં હઝરત મુફતીએ આ'ઝમે હિંદ એક વર્ષમાં એક મહિનો કે ઓછામાં ઓછા વીસ દિવસ મુકામ કરે છે. એ શહેરના લોકોમાં મઝહબી જાગૃતિ ભરી પડી છે, દરેક માણસ અહલે સુન્નતના મસ્લકનો આયનો છે. કેમ કે એ તે શહેર છે જ્યાં ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન આશિકે રસૂલુલ્લાહ ﷺ એકવાર રોકાયા હતા અને એ તે જ શહેર છે જ્યાં આ'લા હઝરત અઝીમુલ બરકત હઝરત મૌલાના શાહ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہના ખલીફા ઈદુલ ઈસ્લામ હઝરત મૌલાના શાહ મુહમ્મદ અબ્દુસ્સલામ رحمۃ اللہ علیہનું રહેઠાણ હતું અને છે. અને અત્યારે (હાલમાં) બુરહાને મિલ્લત હઝરત મૌલાના શાહ બુરહાનુલ હક્ક સાહબ مدظلہ العالی રોનક અફરોઝ છે, જેમને આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પોતાના રૂહાની બેટા કહ્યા છે. જબલપુર હિંદુસ્તાનનું બીજુ બરેલી શરીફ છે, અહીંના લોકોના અખ્લાક ખૂબ ઊંચા છે. અને અહીંના લોકો પોતાના દિલમાં ઉલમાએ કિરામની મહોબ્બત રાખે છે એ મૌલાના અબ્દુસ્સલામ رحمۃ اللہ علیہના રૂહાની બાતિની ફયૂઝનું કારણ છે અને બુરહાને મિલ્લતના કદમોની બરકત છે. મૌલાના નૂર મુહમ્મદ શાહ રઝવી, કાદરીના એક મિત્ર મૌલ્વી જમીલ સાહબે મને જબલપુરમાં કહ્યું કે, એક વખત મને નોકરીમાંથી છૂટો કરવામાં

આવ્યો હતો, હું સખ્ત તકલીફમાં હતો. હઝરત પીરો મુર્શિદ જબલપુરમાં તશરીફ લાવ્યા તો મેં વિચાર્યું કે હઝરતને અર્ઝ કરું કે હઝરત દુઆ કરો કે જેથી મને કોઈ જગા મળી જાય. આમ વિચાર કરતો કરતો હું હઝરતની સેવામાં પહોંચ્યો, હઝરતે મને જેવો જોયો કે તરત જ કહ્યું કે, જમીલ સાહબ, આવો ! શું આજકાલ તમે નોકરી પર નથી ? આ સાંભળતાં જ મારું દિલ ભરાઈ આવ્યું, પરંતુ હઝરતની મુલાકાતની એટલી બધી ખુશી હતી કે જેથી હું મારી પરેશાની ભૂલી ગયો. હઝરતે મને તરત જ એક તાવીઝ આપ્યું અને કહ્યું કે, જાવ ! અલ્લાહ રઝ્ઝાક છે, આ છે કશ્ફ (છુપી વાતને જાણવી)નો આલમ ! હજુ તો જીભ પર વાત પણ ન આવી અને કામ બની ગયું. થોડાક સમયોમાં જ નોકરી મળી ગઈ.

## ★ નાસિકમાં જબરદસ્ત કરામત ★

હઝરત મુફતીએ આ'ઝમે હિંદ જ્યારે હરમૈન શરીફૈનની હાજરીથી પાછા ફર્યા તો હઝરતના સ્વાગત માટે મુંબઈમાં પચાસ જેટલા જલ્સા થયા અને સ્વાગતનું જુલૂસ પણ એટલું શાનદાર નીકળ્યું. કહે છે કે જુલૂસમાં પચાસ હજાર માણસો હતા. જ્યારે રેલી કાઢી તે વખતે છાપાવાળાઓ હઝરતનો ફોટો પાડવા ચાહતા હતા પણ એમાં તેઓ નિષ્ફળ ગયા. નાસિક જિલ્લામાં હઝરતના આગમનની ખૂબ રાહ જોવાતા હતી. જે વખતે હઝરત ત્યાં પહોંચ્યા તો પોતાના રૂહાની પેશ્વાને જોવા માટે એટલા બધા લોકો ઉમટી પડયા હતા કે જેના કારણે પોલીસને દખલગીરી કરવી પડી. જે વખતે હઝરત મોટરકારમાંથી ઉતર્યા તે વખતે પચાસ હજાર હિંદુ–મુસ્લિમોની ભીડ હતી એ ભીડમાં એક યતીમ બાળક નીચે પડી ગયું. લોકોએ બૂમો પાડવા માંડી કે, દસ વરસનું એક બાળક જમીન પર નીચે પડી ગયું છે. લોકોએ જોયું કે હઝરતે પોતાનો એક હાથ આગળ ધરી પેલા બાળકને ઉઠાવી લીધું અને બીજા હાથ પર લઈને લોકોને હવાલે કરી દીધું. જોનારાઓએ જોયું હતું કે બાળક તો હઝરતથી ઘણે દૂર જમીન પર પડી ગયું હતું, હઝરતનો હાથ એટલે દૂર સુધી જમીન પર કઈ રીતે પહોંચી ગયો ?! પોલીસવાળાઓ અને લોકો અચંબામાં પડી ગયા, એ વખતે જ આટલી જાહેર કરામતને જોઈને હજારો લોકો મુરીદ બની ગયા. મોડી રાત



સુધી બયઅત લેવાનો સિલસિલો ચાલુ રહ્યો. એક નવયુવાન છોકરો હતો જે મુસલમાન હોવા છતાં દીનની વાતો તરફ જરા પણ દિલચશ્પી રાખતો ન હતો તે તો એ જ વખતે મુરીદ બની ગયો.

## ★ સાદાતે કિરામનો એહતેરામ ★

હઝરત સૈયદેના આ'લા હઝરત رحمۃ اللہ علیہપણ સાદાતે કિરામનો ઘણો એહતેરામ કરતા હતા. આ બારામાં એમના કેટલાયે બનાવો મશ્હૂર છે. મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએમના જ શાહઝાદા છે, સાદાતે કિરામના એહતેરામ બાબતના એમના પણ કેટલાક બનાવો છે, હઝરત મૌલાના સૈયદ મુઝફ્ફરહુસૈન કિછોછવી સાહબ જેલમાં હતા. હઝરતે સાંભળ્યું તો ફૈઝાબાદની જેલમાં તશરીફ લઈ ગયા જેલરને ખબર પડી તો એણે ફાટક ખોલી, હઝરત અંદર ગયા અને હઝરત મૌલાના સૈયદ મુઝફ્ફરહુસૈન સાહબને જોયો પછીથી કહ્યું કે, હવે પછી તમારા કેસની જે તારીખ પડે તેની જાણ મને જરૂરથી કરજો. મુજાહિદે વક્ત હઝરત સૈયદ મુઝફ્ફરહુસૈન સાહબ કહે છે કે, મને ઘણી જ ખુશી થઈ કે મારા આટલા મોટા રૂહાની રહનુમા મારી હાલત પર આજે આટલી બધી હમદર્દીપૂર્વક વિચારી રહ્યા છે ! તેઓ કહે છે કે એ વખતે મારા અચંબનો કોઈ પાર ન હતો. જ્યારે કે મને મેજીસ્ટ્રેટ સમક્ષ કઠેરામાં હાજર કરવામાં આવ્યો તો હું કઠેરામાં ઊભો હતો તે વખતે મને જણાતુ હતું કે પાછળથી કોઈ પગને અડકી રહ્યું છે. મેં પાછા ફરી જોયું તો પ્રેક્ષક ગેલેરીમાં હઝરત મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લા પોતાના નૂરાની ચેહરા સહિત હાજર હતા. મેજીસ્ટ્રેટ હઝરતને જોઈને એકાએક ગભરાઈ ગયા, એણે મને પૂછયું તો મેં કહ્યું કે એઓ અમારી જમાઅતના સૌથી મોટા પેશ્વા છે, મેજીસ્ટ્રેટે ખુરશી મૂકાવી. હઝરત થોડીકવાર માટે બેસી ગયા ત્યારબાદ કંઈક પઢયા અને દમ કરી ચાલ્યા ગયા. છેવટે થોડા દિવસો પછી હું છૂટી ગયો.

એક વખત ઉર્સે રઝવીના મોકા પર એક ફાટેલાં તૂટેલાં કપડાં પહેરેલા ગરીબ સૈયદ નવયુવાન આવ્યા, તે દીવાનાઓની જેમ વાત કરતા હતા. ઝિયારત કરવાવાળાઓ માટેનું ખાવા પાકી ચૂક્યું હતું. તેમણે (સૈયદ સાહબે) વ્યવસ્થાપકોને કહ્યું કે, સૌ પ્રથમ મને ખાવાનું આપો,

વ્યવસ્થાપકોએ ના પાડી. એટલીવારમાં દીવાનગીની હાલતમાં તે હઝરતની ખિદમતમાં જવા લાગ્યા, આલિમોએ એમને રોક્યા, પરંતુ ખેંચતાણ કરી તો હઝરત મુફતીએ આ'ઝમે હિંદ સામે જઈને ઊભા થઈ ગયા અને કહેવા લાગ્યા કે હઝરત ! આ લોકો મને ખાવા આપતા નથી, હું ભૂખ્યો છું, સૈયદ છું. આ સાંભળતાં જ હઝરત ઊભા થઈ ગયા અને તેમનો (સૈયદનો) હાથ પકડી પોતાના (તખ્ત) બેઠક પર બેસાડયા અને ખૂબ જ વિનમ્રભાવે કહ્યું કે, હુઝૂર ! પહેલાં તમને જ ખાવા મળશે. આ બધું તમારું છે અને અમે પણ તમારા જ છીએ. તે સૈયદ સાહબ ઘણા ખુશ થયા. હઝરતે સાજિદ અલી ખાન સાહબને બોલાવ્યા અને કહ્યું કે, આ સૈયદ સાહબને લઈ જાવ, એમની હાજરીમાં ફાતેહા અપાવજો અને સૌથી પહેલાં એમને ખવડાવજો, એમના ખાધા પછી જ બધાંને ખવડાવજો. પછી તો પૂછવું જ શું ? સૈયદ સાહબ રૂઆબભેર નીકળ્યા અને કહેવા લાગ્યા કે, જોયું ! જોયું ! મને ઓળખવાળા ઓળખે છે.

હઝરત કોઈ પણ નાના બાળકને જુએ અને એમને ખબર પડે કે એ (બાળક) સૈયદ છે તો એનો ઘણો એહેતેરામ કરે છે, પરંતુ આજે લોકો સાદાતે કિરામની કદર કરતા નથી. આપણે એમનાં (સૈયદનાં) કામો ન જોવાં જોઈએ. રસૂલે અકરમ ﷺની મહોબ્બતનો તકાઝો છે કે, સાદાતે કિરામનો બની શકે તેટલો એહતેરામ કરવો, સાદાતે કિરામે પણ પોતાના જદ્દે અમજદ (બાપ દાદાના) દીન પર સહીહ તરીકાથી કાયમ રહેવું જોઈએ. એવું ન બને કે બાતિલ અકીદાઓ ધરાવતા હોય અને આપણે એમની તા'ઝીમ કરવાથી મેહરૂમ રહી જઈએ.

## ★ હઝરતની જબરદસ્ત કરામત ! ★

હું જ્યારે પણ મારી અંગત ઉલઝનોમાં પડી જાઉં છું ત્યારે મને ઘણી ગભરામણ થાય છે. બીજી વાત એ છે કે મારા બાળકો પ્રત્યે મને અનહદ (દીવાનગીની હદ સુધીની) મહોબ્બત છે. મારા દોસ્તો આ બાબતમાં ઘણીવાર મ્હેણાં મારે છે. એક દિવસ એવો બનાવ બન્યો જેને જાહેર કરવો યોગ્ય સમજતો નથી. હું ખૂબ જ પરેશાન હતો, મારા પત્નીએ મને કહ્યું કે, આટલીવારમાં તમે આટલા બધા ગભરાય જાવ છો ? મેં કહ્યું કે મારું દિલ





જ એવા પ્રકારનું છે. અનેક વખત મેં વિચાર કર્યો કે લાવ, હઝરતને કહું કે હઝરત મારા દિલમાં કુટુંબીઓ તથા બાળકો માટેની જે આટલી બધી વધારે પડતી મહોબ્બત છે તે કાઢી નાંખો, મને એવી કોઈ જ ચીજ અતા કરો કે જેથી હું આ રીતે પરેશાન થયા ન કરું. હું આટલું કહી રડવા લાગ્યો. છેવટે હઝરતને હું ક્યારે કહું ? કેમ કે હઝરત પાસે તો કાયમને માટે ભીડ લાગેલી જ હોય છે, હવે પછી જ્યારે પણ મળશે ત્યારે જરૂરી કહી દઈશ. આવી વાતો કરતો કરતો હું સૂઈ ગયો. મારું નસીબ જાગ્યું, હઝરત મારા ખ્વાબમાં આવ્યા તે એક તખ્ત પર બેઠા હતા, હઝરતે મને સામે બેસાડીને કહ્યું કે, ઝિક્રે અન્ફાસ કર્યા કરો, ખ્વાબમાં જ મેં હઝરતને પૂછયું કે, એના કરવામાં શો ફાયદો છે ? હઝરતે કહ્યું કે એ ઘણી મોટી ચીજ છે. જો તમે એ ઝિક્ર કરશો તો તમારા રૂવાં રૂવામાંથી અલ્લાહની સદા આવવા લાગશે. આગળ બીજી એક વાત પણ હઝરતે કહી પરંતુ હું તે વાત નહીં લખું. મારી આંખ ખુલી ગઈ. મેં વિચાર્યું કે કોઈને પૂછી જોઈશ (ખ્વાબની તાબીર). પરિણામે મેં હઝરત મૌલાના સૈયદ શાહ અઝીઝ અહમદ સાહબને વાત કરી તો એમણે કહ્યું કે તમે ઘણા જ ખુશનસીબ છો કે તમને ખ્વાબમાં તા'લીમ આપી, ખબર નથી આમાં શી મસ્લેહત છે. ત્યારબાદ જબલપુરમાં મેં હઝરત મુફતીએ આ'ઝમે હિંદને આખો વાકેઓ કહી સંભળાવ્યો અને હઝરતે મને ઝિક્રે અનફાસની તા'લીમ આપી.

## ★ અકબરી મસ્જિદ તથા શાહજહાંની મસ્જિદ અજમેર શરીફના ઈમામ સિલસિલાના વર્તુળમાં તેમજ ખિલાફતમાં ★

સુલ્તાનુલ્ હિંદ હુઝૂર ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી ગરીબનવાઝ رحمۃ اللہ علیہના આસ્તાના પર જે મસ્જિદે અકબરી છે, જેને હિંદુસ્તાનના બાદશાહ જલાલુદ્દીન અકબરે બંધાવી હતી, તે મસ્જિદના પેશઈમામ કારી મુહમ્મદ શબ્બીર સાહબ છે જેઓ હઝરત મુફતીએ આ'ઝમે હિંદના મુરીદ બન્યા છે અને હઝરતે મારી વિનંતિ પર એમને અને એમના મામા મૌલાના કારી યહ્યા સાહબને મુરીદ બનાવ્યા બાદ રઝવિય્યહ્, કાદરિય્યહ્ની

ખિલાફત અર્પણ કરી છે. કારી શબ્બીર સાહબ કહે છે કે હું દરરોજ હુઝૂર ખ્વાજા ગરીબનવાઝની બારગાહમાં ફાતેહા ખ્વાની માટે હાજરી આપું છું. હું કોઈનો મુરીદ બન્યો ન હતો, એક દિવસ મેં હઝરત ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہની બારગાહમાં અર્ઝ કરી કે, હુઝૂર ! મને કોઈ બાઅમલ પીરની તલાશ છે, પરંતુ અત્યાર સુધી મને એવી કોઈ વ્યક્તિ મળી નથી કે જેના હાથ પર હું બયઅત કરી શકું. હઝરત આપ જ કરમ ફર્માવો ! તેઓ કહે છે કે, એ જ રાત્રે અલ્લાહે મારી દુઆની અસર દેખાડી. હું મારા રૂમમાં સૂતો હતો, અડધી રાત પસાર થઈ હશે, મેં સ્વપ્નામાં જોયું કે, મસ્જિદે અકબરીના મિમ્બર પર એક બુઝુર્ગ ઊભા છે અને કંઈક ઈર્શાદ ફર્માવી રહ્યા છે. એ વખતે કોઈકે મને કહ્યું કે મિમ્બર પર ઊભેલા આ બુઝુર્ગ મુફતીએ આ'ઝમે હિંદ, બરેલીના રહેવાવાળા છે તમે એમનાથી બયઅત કરી લો ! હું ખ્વાબમાં જ એમની કદમબોસી માટે ઉઠયો કે મારી આંખ ઉઘડી ગઈ. બીજે દિવસે સવારમાં મેં અજમેર શરીફના ઈલ્મવાળાઓને મારા આ ખ્વાબની વાત કરી તો તેમણે કહ્યું કે હકીકતમાં મુફતીએ આ'ઝમે હિંદ એવી જ બુઝુર્ગ શખ્સિયત છે, તેઓ કહે છે કે હું હઝરતની રાહ જોતો હતો કે તેઓ ગરીબનવાઝના ઉર્સમાં જરૂર હાજરી આપશે જ. મારા ઈંતેઝારની ઘડીઓ પૂરી થઈ, હઝરત સુલ્તાનુલ્ હિંદ رحمۃ اللہ علیہ ના આસ્તાના પર ઉર્સની તૈયારીઓ શરૂ થઈ અને એક દિવસ મારો ખ્વાબ હકીકતમાં બદલાઈ ગયો. જે લિબાસમાં એ મર્દે મો'મિનને રોશન તથા ચમકતા ચહેરા સાથે મેં જોયા હતા એ જ લિબાસમાં મેં એમના મારી જાગતી આંખોએ દીદાર કર્યા અને હઝરતનો મુરીદ બન્યો. તેઓ કહે છે કે, મેં મામા મૌલાના કારી મુહમ્મદ યહ્યા સાહબ કે જેઓ શાહજહાંની મસ્જિદના ઈમામ છે તેમને વિનંતિ કરી તો તેઓ પણ હઝરતની ખિદમતમાં હાજર થઈ મુરીદ બની ગયા. અત્યારે એ બંને હઝરાત અજમેર શરીફમાં હઝરત મુફતીએ આ'ઝમે હિંદના મુરીદ અને ખલીફા છે. હઝરતે કારી મુહમ્મદ યહ્યા પાછળ નમાઝ પણ પઢી.

## ★ ચોર પોતાના નાપાક ઈરાદામાં કામિયાબ ન થયો ★

હઝરત મુફતીએ આ'ઝમે હિંદના એક મુરીદ કોકોબાર, જિ. બિલાસપુરની એક ફેકટરીમાં નોકરી કરે છે. તેઓ કહે છે કે, એક વખત



મારી રાતની ડયુટી હતી. તેઓ ફેકટરીમાં મશીનમેન છે એમનું નામ મુહમ્મદ અસગર ફારૂકી રઝવી છે. તેમને મશીનની સંભાળ, દેખરેખ રાખતાં રાખતાં એકાએક ઊંઘ આવી ગઈ, તેઓ સૂઈ ગયા. ખ્વાબમાં તેમણે જોયું કે, એમના મકાનની બહારના ભાગે આવેલી બારીને કોઈ માણસ તોડી રહ્યો છે, તે માણસ ફટકો મારી જેવો બારી તોડવા પ્રયત્ન કરવા લાગ્યો એવામાં એણે જોયું કે હઝરત મુફતીએ આ'ઝમે હિંદ એ ચોરની પાછળ ઊભા થઈ ગયા. હુઝૂરે લીલા રંગનો ઝબ્બો પહેરેલો હતો, હઝરતના મુબારક હાથમાં એક લાકડી હતી, હઝરતે ચોરની પીઠ પર લાકડીના બે સપાટા જોરથી માર્યા, ચોર ત્યાંથી ભાગી છૂટયો, ત્યારબાદ એમની આંખ ખૂલી ગઈ. તેઓ તરત જ એમના ઘર તરફ ચાલી નીકળ્યા અને ઘેર પહોંચતાં જ બૂમ મારી. રાતના બે વાગ્યા હતા એમની વાલિદાએ દરવાજો ખોલ્યો, એમનાં પત્ની પણ ઉઠીને ચા બનાવવા લાગ્યાં, તેઓ આમ તેમ નજર દોડાવતા રહ્યા. એમની વાલિદાએ પૂછયું કે, બેટા ! આજે અચાનક કેમ ચાલ્યા આવ્યા ?! શું તબિયત ખરાબ છે ? એમણે જવાબ આપ્યો કે વાલિદા ! મારો જીવ ગભરાયો, તેથી હું ચાલ્યો આવ્યો, અહીં બધુ સલામત તો છે ને ? વાલિદાએ જવાબ આપ્યો કે આમ તો અલ્લાહનો કરમ છે, પરંતુ હમણાં થોડીવાર પહેલાં મનેં એવુ લાગતું હતું કે જાણે કોઈ બારી તોડી રહ્યું છે, આટલું સાંભળતાં જ અસગર સાહબે કહ્યું કે તો તો પછી તમે કોઈને મારવાનો અવાજ પણ સાંભળ્યો હશે ?! તેમણે કહ્યું કે એ વખતે જાણે કોઈએ બે લાકડીઓ મારી અને કોઈ ભાગ્યુ હોય એવો અવાજ પણ માલૂમ પડયો હતો. અસગર ફારૂકી સાહબ તરત જ બોલી ઉઠયા કે, માં તમને ખબર છે કે એ લાકડી મારનાર કોણ હતા ?! માં એ કહ્યું કે બેટા ! હું નથી જાણતી કે શું બન્યું ? અસગર સાહબે પોતાનો ખ્વાબ બયાન કર્યો. પછી બારી આગળ જઈને જોયું તો બારીને કોઈએ તોડવાનો પ્રયત્ન કર્યો હશે એ બાબતનાં નિશાન જોવા મળ્યાં. અસગર સાહબે કહ્યું કે અલ્લાહની ઘણો મોટી મહેરબાની થઈ અને મારા પીરો મુર્શિદ મારી મદદે આવ્યા કે જેથી તમે સૌ બચી ગયા. તમે જોયું કે અલ્લાહના નેક બંદાઓ પોતાની રૂહાનિયતનો કેવો કમાલ બતાવે છે અને પોતાના મુરીદોની મદદ માટે કેવા કેવા નાઝુક સમયમાં પહોંચી જાય છે. જો કે બિલાસપુરથી બરેલી શરીફ અંદાજે

ચારસો–પાંચસો માઈલ દૂરથી ઓછું નહીં હોય, પરંતુ અલ્લાહના વલીઓ માટે આ અંતરની કોઈ વિસાત નથી.

## ★ બનારસમાં હઝરતનો ફય્ઝાને તસર્રુફ ★

ડોકટર મુહમ્મદ શહાબુદ્દીન સિદ્દીકી સાહબ હઝરતના મુરીદ છે. ગયા વર્ષે ઉર્સે રઝવીના મોકા પર તેમણે મને કહ્યું હતું કે, હઝરતની કરામતનો જબરદસ્ત આશ્ચર્યજનક બનાવ મારી સાથે બન્યો છે. આગામી આવૃત્તિમાં તમે એનો સમાવેશ કરજો. એમણે હાજી રહમતુલ્લાહ ઈદુભાઈ, મુહમ્મદ સઈદ ટેલર, માસ્તર અલ્હાબાદીની હાજરીમાં મને લેખિત આપ્યું છે, ગવાહો તરીકે એમની સહીઓ પણ કરી છે. જો કે કરામતો માટે કોઈની સાક્ષીની જરૂરત હોતી નથી તેમજ લેખિતમાં આપવાની પણ જરૂર નથી હોતી. પરંતુ મેં એમની પાસેથી લેખિત લીધું છે, કેમ કે ટૂંકી દૃષ્ટિ ધરાવનારા હસદખોરોને જરૂર પડયે બતાવી શકાય. કોઈપણ બુઝુર્ગની કરામત પર શક કરવો ગુમરાહી છે. ઔલિયા અલ્લાહથી કરામતો જાહેર થવી એ જાહેરી વાત છે. અલ્લાહ પોતાના પસંદીદા બંદાઓને એ દૌલતથી સરફરાઝ ફર્માવે છે, તે જેને જે ચાહે તે આપે છે એમાં બીજાને શું લેવા દેવા ! ડોકટર શહાબુદ્દીન સિદ્દીકી કહે છે કે બનારસમાં હવામાન ખરાબ હતું, એક રાત્રે હું અજાણતામાં ચાલ્યો જતો હતો, જ્યારે હું બુલ્લાનાળા, લાલ ઈમલીની એજન્સી નજીક પહોંચ્યો તો ત્યાં આગળ એક નવજુવાન આદમી ઊભો હતો, તેણે મને જોયો કે તરત તે મારા તરફ દોડયો અને હું કંઈ સમજી વિચારી શકું તે પહેલાં એણે મારા ડાબા ખભા પર ખૂબ જોરથી બે મુક્કા મારી દીધા અને મને મારતી વખતે તે પોતે જ એકાએક ધ્રુજવા લાગ્યો અને ગભરાતો ગભરાતો ઘણી ઝડપથી નાસી છૂટયો. મેં વિચાર્યું કે આ કેવું ? તેણે મને નિર્દોષને માયો અને પોતે અચાનક ધ્રુજતાં ધ્રુજતાં નાસી છૂટયો ! જ્યારે કે અહીં કોઈ પોલીસ વગેરે પણ નથી ! (કે જેના ડરથી તે નાઠો હોય.) ઉપરાંત સામેથી મેં પણ એને કંઈ કહ્યું નથી ! હું તો વિચારી રહ્યો હતો કે શા કારણે તે નાસી છૂટયો હશે ! મેં વિચાર્યું કે ચાલો, જાન બચી ગઈ. અલ્લાહ તઆલાએ કરમ ફર્માવ્યો, નહીંતર શું ખબર તે કયા ઈરાદે આવ્યો હતો ? કેમ કે તે ઘણો મજબૂત અને કદાવર આદમી માલૂમ પડતો હતો. અલ્લાહપાકનો શુક્ર અદા કરતો કરતો હું ઘેર પાછો ફર્યો. ત્યારબાદ



ઘણા વખતથી જિન્નાત વળગેલ એક છોકરીને મારી પાસે ઈલાજ કરાવવા માટે લાવવામાં આવી. જેવી મેં એ છોકરીને જોઈ કે તરત એણે મને સલામ કરી અને ધારી ધારીને મારા તરફ જોવા લાગી. મેં વિચાર્યું કે એના બારામાં કંઈ પૂછતાછ કરું પણ તે પહેલાં જ એ કહેવા લાગી કે ડોકટર સાહબ ! તમે કહો તો હું તમને એવો બનાવ કહી સંભળાવું જેને તમે બધાંથી છુપાવી રાખ્યો છે, હજુ સુધી તમે કોઈને કહ્યો નથી. હું જિન્નાત છું તમે કહો તો બતાવુ જેથી મારી સચ્ચાઈની તમને ખાત્રી થઈ જશે. મેં બતાવવા કહ્યું તો એણે કહેવા માંડયું કે, એક રાત્રે તમે એકલા જઈ રહ્યા હતા. એક માણસે તમને બે ફેંટો મારી હતી પરંતુ મારતાં જ તે માણસ ધ્રુજવા લાગ્યો હતો, અને નાસી છૂટયો હતો. તમે જાણો છો આવું કેમ બન્યું હતું ?! તે એટલા માટે બન્યું હતું કે જેવા તેણે તમને મુક્કા માર્યા તેવામાં તમારી પીરો મુર્શિદ કે જેમનો સાયો તમારા પર તથા બીજા મુરીદો પર હમેશાં રહે છે તેમણે તેની પીઠ પર જોરથી મુક્કો માર્યો જે એનાથી સહન ન થયો અને ખૂન થૂંક થૂંકીને (મોઢામાંથી લોહી નીકળતું) વીસ મિનિટમાં મરી ગયો. તમે મારી આ વાતની ખાત્રી કરે લેજો, તે જ્યાં રહેતો હતો એના ઘરનું ઠેકાણું હું બતાવું છું. ડોકટર શહાબુદ્દીન એ જિન્નાતની વાત માની અને એણે બતાવેલા ઠેકાણા મુજબ બીજે દિવસે તપાસ કરી તો જાણવા મળ્યું કે એની વાત સાચી છે. તે માણસ જ્યારે દોડતો દોડતો આવ્યો હતો ત્યારે તે એવું બોલતો હતો કે આસમાન તરફથી એક હાથ અચાનક મારી પીઠ પર પડયો, બસ ! એ જ બન્યું. ત્યારબાદ એ મરી ગયો. હકીકતમાં કોઈ બુઝુર્ગની ગુલામીમાં આવવું એ કંઈ ઓછી ખુશનસીબીની વાત નથી. આકા પોતાના ગુલામને હમેશાં પોતાની દુઆઓમાં યાદ રાખે છે અને અલ્લાહ ﷻ પોતાની હિફાઝતમાં રાખે છે એટલા માટે હઝરત ફર્માવે છે કે મુરીદે હર નમાઝ બાદ હિસાર કર્યા કરવો. ઈન્શાઅલ્લાહ ! તે તમામ હાદસાથી હિફાઝતમાં રહેશે, હિસારના કલેમાત શિજરા મુબારકમાં છે એના બેશુમાર ફાયદા અને બરકત છે.

## ★ મુરાદાબાદ જિલ્લામાં અકીદતમંદનો ચોરાયેલો માલ પાછો મળ્યો ★

મુરાદાબાદ જિલ્લામાં બિલારી કસ્બો મશ્હૂર છે. ત્યાંનો એક બનાવ

મૌલાના મુહમ્મદ રફીક સાહબ બતાવે છે. તેઓ કહે છે કે, જનાબ મહમૂદ અલી અશરફી અને મુહમ્મદ સલીમ અશરફી એ બંને જણા એક દુકાનમાં ઘડિયાળ રિપેરીંગનું કામ કરતા હતા. એક રાત્રે એમની દુકાનમાંથી ૧૦૦ ઘડિયાળ ચોરાઈ ગઈ. એના બીજા દિવસે હઝરત મુફ્તીએ આ'ઝમે હિંદ પોતાના પ્રોગ્રામ મુજબ બિલારી આવ્યા, એ લોકો હઝરતને પોતાના ઘેર લઈ ગયા. હઝરત જ્યારે એમના ઘેર પહોંચ્યા તો આગલા દિવસે થયેલી ચોરીની વાત એમણે કરી, હઝરતે તરત જ તાવીઝ આપ્યું અને દુઆ કરી કે એમની ચોરાયેલી ઘડિયાળો પાછી મળી જાય. ત્યારબાદ એમણે હઝરતની ખિદમતમાં ચા પાણી મૂક્યાં તો હઝરતે મુસ્કુરાતા મુસ્કુરાતા કહ્યું કે જ્યાં સુધી તમારો ચોરાયેલો માલ પાછો નહીં મળે ત્યાં સુધી હું તમારી ચા પીવાનો નથી. પછીથી હઝરત બરેલી શરીફ જતા રહ્યા. પોલીસ ચોરીના માલની તપાસ કરી રહી હતી પરંતુ કોઈ પતો મળતો ન હતો. એક રાત્રે મૌલાના રફીક સાહબે ખ્વાબમાં હઝરત મુફ્તીએ આ'ઝમે હિંદને જોયા, હઝરતે મૌલાનાને કહ્યું કે તમે પેલા લોકોને જાણ કરી દો કે, ઘડિયાળો એક કાચી દિવાલમાં ચણી લીધી છે. ઈન્શાઅલ્લાહ ! આજે મળી જશે. રફીક સાહબે તે લોકોને બોલાવીને કહ્યું કે આજે મારા પીરો મુર્શિદ, આકાએ નેઅમત, આરિફ બિલ્લાહ હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદએ કહ્યું છે કે તમારો સામાન મળી જશે, બધો જ માલ કાચી દિવાલમાં રાખેલો છે. સંજોગોવસાત એ દિવસે ચોરીની કડી મળી ગઈ. તપાસ કરતાં તે તમામ ઘડિયાળો એક કાચી દિવાલમાંથી મળી આવી. આ ખબર જાણી પોલીસ પણ નવાઈ પામી ગઈ પરંતુ એમને જ્યારે ખબર મળી કે એક બુઝુર્ગે ખ્વાબમાં એ જગ્યા બતાવી હતી તો એમની હેરાની દૂર થઈ. આ અલ્લાહના નેક બંદાની ખિદમતમાં અર્ઝ કરવાનું પરિણામ છે. હઝરત પોતાની પાસેથી શું આપે છે ? એઓ તો અલ્લાહ ﷻનું પાક કલામ લખીને આપે છે જે તમામનો ખાલિક છે, જે સૌની હાજત પૂરી કરનાર છે, જે બધાંની સાંભળે છે પોતાના નેક બંદાઓનો વસીલો બંદાઓ માટે રાખે છે. જો કે એને એની કોઈ હાજત નથી પરંતુ પોતાને ચાહવાવાળાઓ પર ખાસ કરમ ફર્માવે છે. કેમ કે અલ્લાહ તઆલાનો કોઈ દીવાનો બારગાહે ખુદાવંદીમાં કોઈ જીદ કરે છે તો તે એની જીદ પૂરી કરે છે.



## ★ હઝરતનો કશ્ફ ★

આમ તો હઝરત મુફ્તીએ આ'ઝમે હિંદના કશ્ફના હજારો બનાવો (બન્યા) છે. કેટલા લખવા ? પરંતુ હાલમાં આ વર્ષે મારો છોકરો કોઈને કહ્યા વગર એક દિવસ ઘેરથી ચાલ્યો ગયો, હું ઘણો પરેશાન હતો. મારા પત્ની સખ્ત બીમાર હતાં, હું બહારથી આવ્યો તો મને એ વાત જાણવા મળી જેના કારણે મારા દિલ દિમાગ પર એની ખૂબ અસર થવા પામી. આવી હાલતમાં (મારી આદત મુજબ) હું હંમેશા મારા પીરો મુર્શિદને કાગળ લખતો હોઉં છું. મારાં પત્નીને ડોકટરને બતાવી (દવા લાવી) ઘેર આવ્યો. પછીથી હઝરતને કાગળ લખ્યો, કાગળમાં આખી હકીકત લખી ત્યાર બાદ મને રડવું આવ્યું, મારા પીરો મુર્શિદને મેં રડી રડીને દુઃખી હૃદયે યાદ કર્યા, અને અલ્લાહની બારગાહમાં દુઆ કરી. હઝરતે એક વખત કહ્યું હતું કે તે પીર કેવો જે પોતાના મુરીદના હાલથી નાવાકિફ હોય ! લેટર બોક્ષમાં કાગળ નાંખી આવ્યો, ત્રણ કલાક બાદ અચાનક ઈદુભાઈના ઘેર અલહાબાદમાં હઝરત શરીફ લાવ્યા. હું તરત જ ખિદમતમાં હાજર થઈ ગયો. હઝરતે મારો ઉતરેલો ચેહરો જોઈને પૂછયં કે શું વાત છે ? શું ખબર છે ? આ સાંભળતાં મારું દિલ ભરાઈ આવ્યું, આંખોમાંથી આંસૂ નીકળવા લાગ્યાં. મારા કામિલ શેખ મારી સામે હતા અને મારો હાલ પૂછી રહ્યા હતા. પછી તો પૂછવું જ શું ? મેં મારી મુસીબત કહી બતાવી. હઝરતે કહ્યું કે, ગભરાઓ નહીં ! અલ્લાહ કરમ ફર્માવશે, તમારી પરેશાની દૂર થઈ જશે. મારા આંસૂ બંધ થઈ ગયાં, થોડી ભીડ ઓછી થયા પછી મેં હઝરતને પૂછયું કે, હઝરત ! મારો છોકરો મુંબઈ નહીં ગયો હોય ? જબલપુર નહીં ગયો હોય ? હઝરતે તરત ફર્માવ્યું કે હું શું જાણું કે તે ક્યાં ગયો હશે ? પરંતુ મારી રડતી આંખો જોઈને હઝરતને મારા પર દયા આવી કહેવા લાગ્યા કે જબલપુર ગયો હોય કે જ્યાં ગયો હશે ત્યાંથી એ પાછો આવી જશે, તમે ગભરાઓ નહીં, થોડીવારમાં જ તમને ખબર મળી જશે. જો કે હઝરત કદી પણ આવી વાત કરતા ન હતા પરંતુ હું સમજી ગયો કે મને આ□ાસન આપવા માટે હઝરત આ રીતે કહી રહ્યા છે. મેં અંદાજો લગાડી દીધો કે યકીનન ! છોકરો જબલપુર જ ગયો છે કેમ કે હઝરતે મુંબઈનું નામ લીધુ જ ન હોતું, બલ્કે બંને શહેરોના નામ પૈકી ફક્ત જબલપુરનું જ નામ લીધું.

હઝરત પોતે શરીઅતની પાબંદીઓનો ખ્યાલ રાખીને પોતાના કશ્ફની જાહેરાત કરવા ઈચ્છતા ન હતા. હું જ્યારે હઝરતને વિદાય આપીને ઘેર આવ્યો તો મગરિબની નમાઝ બાદ જબલપુરથી અચાનક તાર આવ્યો જે ત્યાંથી ચાર વાગ્યે કરવામાં આવ્યો હતો. પછીથી તો સંતોષ થઈ ગયો કે છોકરો મુંબઈ ગયો ન હતો પરંતુ જબલપુરમાં મૌલાના નૂર મુહમ્મદ શાહ રઝવીને ત્યાં હતો. હઝરતે જતાં જતાં મારી પત્ની જે બીમાર હતા તેને દમ કર્યો હતો તેની તબિયત સારી થઈ ગઈ. તમે જોયું મારા પીરો મુર્શિદને યાદ કર્યા, તેઓ અચાનક તશરીફ લાવ્યા. એ કોનો કરમ છે ? એ પરવરદિગારે આલમનો જેણે પોતાના મહબૂબ બંદાઓને પોતાના બંદાઓની હાજતરવાઈ માટે કશ્ફો (કરામત) અને તસર્રુફ જેવી દૌલત અતા કરી છે.

## ★ હઝરતના કશ્ફનો બીજો બનાવ ★

મૌલાના અબ્દુલ જલીલ કાનપુરી કહે છે કે, એક વેળા અમે લોકો કાનપુરથી બરેલી શરીફ ઉર્સમાં ગયા હતા, ઉર્સ પૂરો થયા પછી અમે કાનપુર જવા માટે હઝરતથી વિદાય લેવા ગયા તો હઝરતે કહ્યું કે, તમે લોકો મગરિબની નમાઝ અહીં ઈત્મિનાનથી પઢીને, ખાવા ખાઈને પછીથી સ્ટેશન પર જજો. અમે કહ્યું કે, હુઝૂર ! ગાડીનો બિલકુલ ટાઈમ ગઈ ગયો છે અમે સ્ટેશન પર નમાઝ પઢી લઈશું અને રસ્તામાં કોઈ ઠેકાણે ખાવા ખાઈ લઈશું. હઝરતે કહ્યું કે, ગાડી ત્રણ કલાક લેટ છે ! આ સાંભળી અમે ચૂપ થઈ ગયા. નમાઝ પઢયા, ખાવા ખાધું, પછીથી એક કલાક મોડા અમે સ્ટેશન પર પહોંચ્યા. જેવા અમે પ્લેટફોર્મ પર પહોંચ્યા કે એલાન થયું કે ગાડી બે કલાક લેટ છે, અમે એકબીજાના મોં તરફ જોવા લાગ્યા. અમે વિચારતા હતા કે હઝરતે કહ્યું છે કે ગાડી ત્રણ કલાક લેટ છે અમે લોકો ગાડીની રાહ જોતા બેસી રહ્યા. થોડીવાર પછીથી ફરીવાર એલાન થયું કે ગાડી બીજો એક કલાક લેટ આવશે આ એલાન સાંભળી અમે બધા ચોંકી ઉઠયા અને કહેવા લાગ્યા કે હકીકતમાં હઝરત એક કામિલ વલી છે એમની જબાનથી નીકળેલી વાત પૂરી થઈ.

ગુફ્તએ ઉ ગફ્તએ અલ્લાહ બુવદ
ગરચેહ અઝ હલકુમે અબ્દુલ્લાહ બુવદ



તેઓ લખે છે કે, બેશક ! હઝરત મુફતીએ આ'ઝમને હું એક વલીએ કામિલ સમજતો રહ્યો અને મારી સમજશક્તિ કહે છે કે હઝરત આજના યુગના તે ઔલિયાએ કિરામમાંથી છે જેમના ફયૂઝ તથા બરકતનો સિલસિલો આમ તથા ખાસ બંને પ્રકારના લોકોને ફયૂઝયાબ કરી રહ્યો છે. હઝરતની જાત આજે લોકો માટે શરણસ્થાન છે કે જ્યાં પોતાની હકીકત બયાન કરી શકાય છે (પરેશાનીની હાલત વર્ણવી શકાય છે). આજના સમયમાં આવા લોકો ઘણા ઓછા છે કે જે ગરીબ તથા અમીર બંનેને પોતાની દુઆઓથી નવાઝી રહ્યા છે. ખુદાવંદે કુદુસ પોતાના બંદાઓ પર લાંબા સમય સુધી એમનો સાયો કાયમ દાયમ રાખે. આમીન ! ક્યાં છે ? મુસ્તફા ﷺના ઈલ્મે ગેબનો ઈન્કાર કરનારાઓ ! અરે ! એ તો સરકારે દો આલમના ગુલામોમાંથી છે. એમના ગુલામોને જુઓ, એ એમનો ઈલ્મ છે કે એમની કરામત છે અને અલ્લાહના મહબૂબ જેઓ નખશીખ મો'જિઝા જ મો'જિઝા છે. અલ્લાહે એમને કેટલો ઈલ્મ અતા કર્યો છે તેનો અંદાજ આજનો કઠ મુલ્લાં શું કાઢી શકવાનો છે ?!

જબ ખાલિક યકતા ન છુપા ઉનકી નઝર સે
ફિર કૌન સી શૈ ઉનકી નિગાહોં સે છુપી હૈ

આજનો બદ્દીન મારા સરકારના ઈલ્મને ફૂટપટ્ટી લઈને માપવા નીકળ્યો છે કે અલ્લાહે એમને આટલો ઈલ્મ આપ્યો હશે, આટલા આપ્યો હશે ! જો કે તે વિચારે તો પોતાની હકીકતથી જ બેખબર છે. તે શું જાણે કે અલ્લાહના મહબૂબની અઝમતમાં તૌહીનની નજરે શંકા કરવી એ કુફ્ર છે. એક વાત નક્કી જ છે કે જે ઈલ્મ ખુદાવંદે કુદુસને છે તે ઈલ્મ દુનિયામાં બીજા કોઈને નથી. પરંતુ અલ્લાહ પાક ઈલ્મે ગૈબની દૌલત પોતાના નબીઓને, રસૂલોને અતા કરે છે જેનો અંદાજ કોઈ કાઢી શક્તો નથી. ખાલિકે કાઈનાતનો ઈલ્મ (બીજા) કોઈએ અતા કરેલો નથી. એનો (અલ્લાહનો) ઈલ્મ જાતિ ઈલ્મ છે અને નબીઓનો ઈલ્મ અતાઈ (અતા કરેલો) છે. એણે (અલ્લાહે) જેટલો ચાહ્યો એટલો ઈલ્મ પોતાના મહબૂબ સૈયદે આલમ, નૂરે મુજસ્સમ ﷺને ઈલ્મે ગયબ અતા કર્યો. અમે રસૂલે ખુદા ﷺને **આલિમુલ ગયબ** નથી કહેતા, અમારો કે અમારા બુઝુર્ગોનો એ પ્રમાણેનો અકીદો નથી. બલ્કે અમે અને અમારા ઉલમા તેમજ અમારા

અસ્લાફ (બુઝુર્ગો) સરકારે દોઆલમ ﷺને **આલિમે ગેબ** કહીએ છીએ. જાતિ ઈલ્મે ગેબ તો હક્ક સુબ્હાનહૂ તઆલાની ખાસ સિફત છે, અમે નથી ઔલિયાએ કિરામને આલિમુલ ગેબ કહેતા કે નથી એવો અમારો અકીદો. બલ્કે અમારો એવો અકીદો છે કે અલ્લાહે ઔલિયાએ કિરામને કશ્ફની દૌલત અતા ફર્માવી છે નહીંતર હઝરત ઉમર رضي الله عنهનો વાકેઓ કે જેઓ પોતે જુમ્આના દિવસે ખુત્બો પઢતા પઢતા મિમ્બર પરથી એમ કહી રહ્યા હતા કે **યા સારિયા અલ જબલ ! યા સારિયા અલ જબલ ! અય સારિયા ! પહાડ તરફ નજર કરો !** જ્યારે કે હઝરત સારિયા رضي الله عنه તો ત્યાંથી સેંકડો માઈલ દૂર, ઈસ્લામના દુશ્મનો સાથે લડી રહ્યા હતા અને દુશ્મનોનું એક મોટુ લશ્કર પહાડની પાછળથી હુમલો કરવા આવી રહ્યું હતું અને હઝરત સારિયા رضي الله عنه લડાઈમાં આગળના ભાગે જોઈ રહ્યા હતા. અમીરુલ મુ'મિનીન હઝરત رضي الله عنهનો અવાજ હઝરત સારિયા رضي الله عنهએ સાંભળ્યો અને પહાડ તરફ નજર કરી તો જોવા મળ્યું કે હકીકતમાં દુશ્મનનું એક લશ્કર લપાતું છુપાતું ચાલી રહ્યું છે. હઝરત ઉમર رضي الله عنهએ પોતાનું એક લશ્કર એ બાજુ મોકલ્યું, પરિણામે હઝરત સારિયા رضي الله عنهની જીત થઈ. જ્યારે પાછા ફર્યા ત્યારે સહાબાએ કિરામે પૂછયું કે, સારિયા ! ઈસ્લામી લશ્કરની ફતેહ કઈ રીતે થઈ ? એમણે જવાબ આપ્યો કે ખુદાનો લાખ લાખ શુક્ર છે કે બિલકુલ નાઝુક સમયે મને અમીરુલ મુ'મિનીન હઝરત ઉમર رضي الله عنهનો અવાજ સંભળાયો, બાકી ઘણા મુસલમાનો શહીદ થઈ ગયા હોત. આ છે મુસ્તફા ﷺના ગુલામો ! જેઓ સેંકડો માઈલ દૂરથી જોઈ લે છે કે (ત્યાં) શું થાય છે ? આજનો કઠમુલ્લાં હોત તો શું કહેત ? શું સહાબી (રસૂલુલ્લાહ ﷺ)ની સામે છાતી કાઢીને ઊભો રહેત ! એની શી મજાલ હતી ? આજે બિચારો (કઠમુલ્લાં) કહે છે કે સરકાર જે એવી વાતો બતાવે છે (ગેબની) તે ઈલ્મે ગેબ ન હતો પણ પેશનગોઈ હતી (ભવિષ્યવાણી). તમે વિચારો ! આવું કહીને બારગાહે રિસાલતમાં કેવી ગુસ્તાખી કરી રહ્યો છે અને પોતાની આકેબત ખરાબ કરી રહ્યો છે. વિચારવા જેવી વાત એ છે કે આજે રેડિયોવાળાઓ પણ આગાહીઓ કરે છે, આજે જાતજાતનાં (વિવિધ પ્રકારના) સાધનો બનાવ્યાં છે જેનાથી આગાહીઓ કરી શકાય છે. સરકારના આવા પ્રકારના ઈર્શાદોને



આગાહીઓ કહીને તેઓ રેડિયોવાળાઓની બરાબર કહી રહ્યા છે આ કેટલી ઉઘાડી ગુસ્તાખી છે. મૌલાના અમીર મીનાઈનો શું ઈમાન અફરોઝ શેઅર છે :–

હઝરત કા ઈ'લ્મ, ઈ'લ્મે લદુન્ની થા અય અમીર !
હઝરત વહીં સે આયે થે લિખે પઢે હુએ !

## ★ મૌલાના નસીમ બસ્તવીનું બયાન ★

મૌલાના નસીમ બસ્તવી કહે છે કે, એક વખત મુસાફરીમાં મારો એક ચોલો (ઝોલો) જેમાં મારો ઘણો સામાન હતો, કિતાબોનાં બે લખાણો જે બીજાનાં હતાં, કપડાં હતાં, બધું ચોરી થઈ ગયું. જ્યારે હું કાનપુર સ્ટેશને પરેશાનહાલ ઉતર્યો તો ત્યાં મારા પીરો મુર્શિદ એકાએક નજરે પડયા, મારો સામાન ચોરાય જવાના કારણે હું ઘણો જ નર્વસ હતો. હઝરતની ખિદમતમાં જેવો હું હાજર થયો તો એમણે મને હમદર્દીપૂર્વ કહ્યું કે, તમે ગભરાવ નહીં ! અલ્લાહ ઘણુ આપનાર છે, અલ્લાહ ઘણુ આપનાર છે. ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલૈહિ રાજિઊન. **યા કરીમુ, યા માજિદુ** કસરતથી પઢયા કરો. મેં વિચાર્યું કે હજુ તો મેં હઝરતને કંઈ કહ્યું પણ નથી, તેમજ સ્ટેશન પર પણ મેં કોઈને કંઈ કહ્યું નથી. હું હઝરતના કશ્ફ પર નવાઈ પામ્યો, ખરેખર એવું જ બન્યું. મારી જેટલી ચીજો (ચોરાય) કમી થઈ હતી તેનાથી અનેકગણી વધારે મને અતા કરી. મને ખબર નથી કે ક્યાંથી એટલા બધા પૈસાની છૂટછાટ થઈ, હું વારંવાર અલ્લાહનો શુક્ર અદા કરું છું. બેશક !

બ આસ્તાને તૂ હર કસ રસીદ મતલબ યાફ્ત
દવા મદાર કે મન ના ઉમ્મીદીએ ગરદમ

## ★ સરાએ ગની (અલ્હાબાદ)માં એકાએક વરસાદનું બંધ પડી જવું ★

અલ્હાબાદના મશ્હૂર સરાએ ગનીમાં ઈદે મિલાદુન્નબી ﷺનો એક અઝીમુશ્શાન જલ્સો થઈ રહ્યો હતો, એ ગામ ખતીબે મશ્રિક અલ્લામા મુશ્તાક અહમદ નિઝામીનું વતન છે. મૌલાના મુશ્તાક અહમદ સાહબના

સંબંધી હાજી મતીન સાહબ, ઈઝહાર સાહબ વગેરે એ જલ્સાની વ્યવસ્થા કરી રહ્યા હતા. હઝરત જ્યારે સરાએ ગની પહોંચ્યા અને ઘણા આલિમો પણ ત્યાં પહોંચી ગયા તે વખતે ઘનઘોર વાદળ છવાયું હતું. જલ્સાના સમયે વરસાદના છાંટા પડવા લાગ્યા, મૌલાના એજાઝ કામટવીની તકરીર જેવી શરૂ થઈ કે વરસાદ જોરથી પડવા લાગ્યો. આખી મેહફિલ ઊભી થઈ ગઈ એટલે સુધી કે મૌલાના નિઝામી સાહબ જેઓ જલ્સાના વ્યવસ્થાપક હતા તે પણ સ્ટેજ પર ઉતરીને ચાલ્યા ગયા પરંતુ હઝરત સ્ટેજ પર બેસી રહ્યા. વરસાદ ખૂબ જોરથી પડવા લાગ્યો, હઝરતે મૌલાના કામટવી સાહબને કહ્યું કે તમે તમારી તકરીર ચાલુ રાખજો. મૌલાના એજાઝ કામટવી પણ હઝરતના હુકમ મુજબ બેસી રહ્યા. હઝરતે દુઆ ફર્માવી અને વરસાદ બંધ પડી ગયો. હઝરતે મને કહ્યું કે બધાને બાલાવી લો ! મૌલાના એજાઝ કામટવીની તકરીર જરૂર થશે. વરસાદ રોકાયો એટલે લોકો આવીને બેસી ગયા અને રાતના ત્રણ વાગ્યા સુધી જલ્સો ચાલુ રહ્યો. રાતના ત્રણ વાગ્યે જ્યારે અમે સેંકડો લોકો અલ્હાબાદ જવા નીકળ્યા તો અમે જોઈને હેરાન રહી ગયા કે જલ્સાગાહની નજીકનાં તમામ ખેતરો પાણીથી ભરાય ગયાં છે અને ખૂબ જોરથી વરસાદ પડી રહ્યો છે, જ્યારે જલ્સાગાહમાં વરસાદ પડતો ન હતો. બીજે દિવસે પણ એ પ્રમાણે જ બન્યું. ઈઝહારભાઈ એમની કારમાં હઝરતને એમના મકાન પર લાવ્યા તો જલ્સાગાહ સિવાય તમામ ખેતરો પાણીથી ભરાય ચૂક્યા હતાં અને જલ્સામાં કોઈને ખબર પણ પડવા ન પામી કે બહાર આટલો બધો વરસાદ વરસી રહ્યો છે. સાચું જ છે હઝરત મુફતીએ આ'ઝમે હિંદ નાયબે ગૌષુલ આ'ઝમ رضی اللہ عنہ છે.

## ★ આદમભાઈ લંડનથી ઈલાજ માટે આવ્યા ★

હાલમાં બે ચાર મહિના પહેલાં મુબારકપુરમાં અરબી યુનિવર્સિટીનો અઝીમુશ્શાન ઉદ્‌ઘાટન હતું, ત્યાં મૌલાના ગુલામ આસી સાહબે કહ્યું કે, આદમભાઈ નામના એક માણસ લંડનથી આવ્યા છે તેમને ગભરામણ બ્હીક લાગવાની બીમારી છે. કેટલાયે ઈલાજ કરાવ્યા, હજારો રૂપિયો ખર્ચ કર્યા, કેટલાયે એક્ષ રે વગેરે પડાવ્યા પરંતુ દિલમાંથી ગભરાહટ કે ધડ્કન દૂર થઈ નહીં. તેમણે લંડન ખાતે હઝરતના બારમાં સાંભળ્યું અને તેઓ અહીં હિંદુસ્તાન આવ્યા છે અને બરેલી શરીફમાં હઝરતને ત્યાં મુકામ કર્યો



છે. હવે સાંભળો ! આદમભાઈનો હાલ, આદમભાઈ હઝરતના મુરીદ બની ગયા છે. તેઓ દરરોજ જોતા રહ્યા કે હઝરત પાસે સવારથી જ હજારો માણસો આવે છે, તે બધાંને હઝરત તાવીઝ વગેરે આપે છે, જ્યારે મને તો હઝરત કંઈ આપતા જ નથી, બલ્કે હઝરતે આદમભાઈને કહ્યું કે, તમે હમેશાં મારી સામે જ બેસી રહો તમારો એ જ ઈલાજ છે. આદમભાઈને સમજ ન પડી કે આ કઈ રીતે ઈલાજ થઈ રહ્યો છે. તેઓ થોડી પણ ભીડ જોતા કે તરત જ ગભરાય જતા અને કોઈ એક ખૂણામાં સંતાય જતા. પરંતુ હઝરત કહેતા કે તમે કાયમ મારી સાથે રહો તેઓ ઘણા પરેશાન હતા. એક દિવસ હઝરતે આદમભાઈના દિલ પર ખાસ નજર (નિગાહ) નાંખી. દિલમાંથી ગભરામણ (બ્હીક) દૂર થઈ ગઈ, એમને ઘણી નવાઈ લાગી કે હઝરતે મને નથી કોઈ તાવીઝ આપ્યું કે નથી પાણી દમ કરી આપ્યું, આખરે હું સારો કઈ રીતે થઈ ગયો ?! પરંતુ એમને શું ખબર કે અલ્લાહના અવલિયાની નિગાહોમાં એવી અસર હોય છે કે જો તેઓ પોતાની નજરે કરમ કોઈ જિંદગીભરના પાપી પર નાંખી દે તો એને મર્દે મો'મિન બનાવી દે છે.

આ વર્ષે ઉર્સે રઝવીના મોકા પર હઝરતની એક ચાહક ઔરત પોતાના બાળકોને લઈને આવી. હઝરત પણ એને બહુ માનતા હતા. અકીદતમંદોની એટલી બધી ભીડ હતી કે હઝરતને એની વાત સાંભળવાનો મોકો જ ન મળ્યો. ત્રીજા દિવસે તે (ઔરત) નાસીપાસ થઈને પોતાના ઘેર પાછી ફરવાની હતી, એના દિલમાં એ વાતનું દુઃખ હતું કે તે પોતાના બાળકો માટે હઝરત પાસેથી તાવીઝો પણ ન લઈ શકી. હઝરત જતા રહ્યા હતા. જ્યારે તે જવા લાગી તો તેણીએ પોતાનો ઝોલો ખોલ્યો તો શું જુએ છે કે તેના તમામ મકસદના તાવીઝો એક દુપટ્ટાના છેડે બાંધેલા જોયા ! તેણીએ કહ્યું કે મેં હઝરતને કંઈ કહ્યું પણ ન હતું, વળી સવારમાં મેં દુપટ્ટાને ઝોલામાં મૂક્યો તે વખતે તો કંઈ ન હતું, તાવીઝો કઈ રીતે આવી ગયાં ?! અને તે પણ હઝરતની કલમે લખાયલાં ! મારા પત્ની એ વખતે હાજર હતાં એણે મને આ વાત કરી.

આ વર્ષે આ'લા હઝરત, અઝીમુલ બરકત, હઝરત મૌલાના શાહ અહમદ રઝા, ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہના ઉર્સના મોકા પર અલ્હાબાદવાળાઓ

તરફથી એક ખૂબસૂરત ચાદર લઈ જવા ઈચ્છતો હતો. ચાદર માટેની હું વ્યવસ્થા કરી રહ્યો હતો તેવામાં એક એવી પરેશાનીમાં મૂકાયો કે બધો ઈરાદો ખત્મ થઈ ગયો. અમુક માણસોએ ચાદર માટે પૈસા પણ આપ્યા હતા. હાજી લાલ મુહમ્મદ બીડી ફાર્મના  માલિક હાજી અબ્દુલહમીદ સાહબ, જેઓ હઝરતના અકીદતમંદોમાંથી છે એમનાં પત્ની અને એમનો મોટો પુત્ર ફિરોઝ અહમદ હઝરતના મુરીદ છે, હાજી અબ્દુલહમીદ સાહબના પત્નીએ ચાદર માટે સો રૂપિયા આપ્યા હતા, હું વિચારતો હતો કે ચાદર નહીં લઈ જાઉં એના બદલામાં બધા જ પૈસા ઉર્સમાં આપી દઈશ. એ રાત્રે મેં ખ્વાબમાં જોયું કે એક બુઝુર્ગ ખ્વાબમાં મને કહી રહ્યા છે કે, મિયાં ! આ'લા હઝરત رضی اللہ عنہને ત્યાં (ઉર્સમાં) ચાદર લઈ જાવ અને ફાતેહા ખ્વાનીની વ્યવસ્થા કરો, બે દિવસ પછી તમારી પરેશાની દૂર થઈ જશે ! હકીકતમાં બન્યું પણ એવું જ, ચાદરની વ્યવસ્થા કરવામાં આવી. અલ્હાબાદમાં ચાદર મુબારકના સંબંધમાં કેટલીયે જગ્યા પર જલ્સા થયા. જામિયહ્ હબીબીયહ્વાળાઓએ ચાદરો મદ્રસામાં મંગાવી ત્યાં પણ હઝરત (رضی اللہ عنہ)ના ફાતેહા થયા. બરેલી શરીફમાં કેટલાયે શહેરોના લોકો ચાદરો લાવ્યા હતા પરંતુ અલ્હાબાદની ચાદરને ઘણી જ મકબૂલિયત હાંસલ થઈ અને મને સરકાર આ'લા હઝરત رضی اللہ عنہએ પોતાના ફયૂઝ અને બરકતોથી મને કેટલી હદે નવાઝયો તેની શી વાત કરું ?!

## ★ વિલાયતની નજરો ક્યાં સુધી જુએ છે ? ★

અલ્હાબાદમાં કેટગંજ મહોલ્લામાં એક છોકરાને વળગણ હતું, તેની હાલત ઘણી ખરાબ થઈ ગઈ. ડોકટરોએ ના પાડી દીધી, કોઈ આલિમે જોઈને (છોકરાને) કહ્યું કે જો દસ તારીખ સુધી એ જીવતો રહે તો પછી એના જીવવાની આશા છે અને કોઈ સાહબે કમાલ (બુઝુર્ગ) મળી જાય તો એ શક્ય છે (બની શકે છે). એનાં માં બાપ ઘણા પરેશાન હતા. હઝરત અલ્હાબાદ ખાતે દારુલ ઉલુમ ગરીબ નવાઝના વાર્ષિક જલ્સામાં તશરીફ લાવ્યા હતા, એમનો પહેલો જલ્સો સરાયે ગનીમાં થયો. મેં હઝરતને છોકરાની ખરાબ હાલત વિશે બધી વાત કરી. હઝરત ખામોશ રહ્યા અને હું આશાભરી નજરોથી હઝરત તરફ જોતો રહ્યો. લગભગ પાંચ મિનિટ બાદ હઝરત અચાનક ઊભા થયા અને વુઝૂ કરવા લાગ્યા અને ઈન્ના લિલ્લાહિ



વ ઈન્ના ઈલૈહિ રાજિઊન પઢવા લાગ્યા. મને કંઈ સમજ ન પડી. બીજે દિવસે ૧૧ વાગ્યે હઝરત અલ્હાબાદ તશરીફ લાવ્યા તો તે છોકરાનો ઈન્તેકાલ થઈ ચૂક્યો હતો. રાતમાં હઝરત ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલૈહિ રાજિઊન કેમ પઢયા હતા તે વાતની સમજ મને પાછળથી આવી ગઈ.

## ★ આસનસોલમાં હઝરતના આગમનની બરકતો ★

એક વખત આસનસોલમાં હઝરત આવવાના હતા. હઝરત આવવાના છે એવી ખબર જાણી ત્યાંના લોકોમાં ખુશીની લેહર દોડતી ગઈ, લોકો આરિફ બિલ્લાહ તાજદારે અહલે સુન્નત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની બેચેનીથી રાહ જોઈ રહ્યા હતા. બીજી બાજુ હઝરતના આગમનને કારણે બદ અકીદા લોકોમાં હલચલ મચી ગઈ હતી. ત્યાંના એક જાણીતા વહાબીએ વિચાર્યું કે જ્યારે એમનું જુલૂસ શહેરમાંથી પસાર થશે તે વખતે હું ઘરની બહાર નહીં નીકળું, એના દિલના દરવાજા તો પહેલેથી બંધ જ હતા તેમાં વળી એણે પોતાના ઘરના દરવાજા પણ બંધ કરી દીધા અને સૂઈ ગયો. પરંતુ એને શી ખબર છે કે અલ્લાહ તઆલા હિદાયત આપે છે ત્યારે દિલના દરવાજાને ખોલી દે છે. તે ઊંઘતો હતો ખ્વાબમાં તેણે એક બુઝુર્ગને જોયા ઘણા જ ખૂબસૂરત ચેહરાવાળા (નૂરાની ચેહરાવાળા) હતા. તેમણે તે વહાબીનું નામ લઈને કહ્યું કે તુ ઘણો જ કમનસીબ છે, તારા જ શહેરમાં એક કામિલ વલી પોતાનો ફયૂઝ અને બરકતો લૂટાવવા માટે આવ્યા છે અને તું સૂઈ રહ્યો છે ?! તું જઈને ઓછામાં ઓછું એમની ઝિયારત તો કરી લે ! એમના ચેહરાને જોવો પણ ઈબાદત છે. તે માણસ ઉઠયો, અને દિલથી તૌબા કરી અને હઝરતના મુકામ તરફ દોડયો જ્યારે ત્યાં પહોંચ્યો તો લોકોએ એને ઓળખી લીધો કે આ તો ખુલ્લો વહાબી છે તેને લોકોએ કહ્યું કે તારું અહીં શું કામ છે ? શા માટે આવ્યો છે ? તેણે જવાબ આપ્યો કે હું શાહઝાદાએ આ'લા હઝરતની ઝિયારત કરીશ ! એમના હાથ પર તૌબા કરીશ. લોકોએ કહ્યું કે તું તો વહાબીઓના ખુર્રાંતનો મુરીદ છે ! એણે કહ્યું કે મોડું ન કરો, મને એમના હાથ પર તૌબા કરવાની ઈજાઝત આપો. હઝરતની સેવામાં હાજર થયો, તેણે હઝરતને ખ્વાબની આખી વાત કહી સંભળાવી. હઝરતે કહ્યું કે, તારા ખ્વાબનો જિમ્મેદાર તું પોતે છે હું નથી જાણતો કે તેં કેવો ખ્વાબ જોયો (તું

જાણે અને તારો ખ્વાબ જાણે), હવે રહ્યો મુરીદ બનવાનો સવાલ તો સૌ પ્રથમ તું તારા બાતિલ અકીદાઓથી તૌબા કર અને કલમો પઢ, ત્યાર પછી મુરીદ બન ! પરિણામે સેંકડો માણસોની હાજરીમાં તે તૌબા કરી મુરીદ બન્યો. આજે પણ તે સહીહુલ અકીદા સુન્ની મુસલમાન છે. (સુબ્હાનલ્લાહ !)

## ★ મરતા પહેલાં તૌબાની તૌફીક ★

હઝરત મૌલાના કમરુઝ્ઝમાં આઝમી, રઝવી જેઓ પોતાના સમયના અજોડ મુકર્રિર છે એમની તકરીરનો અંદાઝ ફિક્રો અમલની ગેહરાઈ ધરાવે છે. તેઓ આમ તો નદવહના તાલિબે ઈલ્મ રહી ચૂક્યા. નદવહ લખનવમાં બાતિલોનો એક દારુલ ઉલૂમ છે પરંતુ અકીદાની બાબતમાં સહીહુલ અકીદા સુન્ની છે અને હઝરતના મુરીદ છે. તેઓ કહે છે કે મારા કાકા જેઓ આઝમગઢમાં રહેતા હતા તેઓ એક વહાબીના મુરીદ હતા જેનો ભારતભરમાં પ્રોપેગન્ડો કરવામાં આવ્યો હતો. અમારા ખાનદાનમાં ફક્ત એક જ તે બાતિલ અકીદાના માણસ હતા. મૌલાના સાહબ કહે છે કે તેમની બીમારી જોઈને અમે કોઈ કોઈ વખત એવું કહેતા કે એમની ઉંમર ઘણી છે જ્યારે એમનો ઈન્તેકાલ થશે ત્યારે અમે લોકો એમના જનાઝાની નમાઝ પણ પઢી શકવાના નથી. એ બાબતનું બધાંને દુઃખ હતું, એક વખત તેઓ સખત બીમાર પડયા. લાખ વાર સમજાવવા છતાં એ બગડેલા દિલના પઠાણ કોઈની વાત માનતા ન હતા. એક દિવસ સવારમાં ઊઠીને અમને બોલાવીને કહેવા લાગ્યા કે મૌલ્વી કમરુઝ્ઝમાં ! આજે આખરી રાત્રે મેં તમારો પીરો મુર્શિદને ખ્વાબમાં જોયા કે તેઓ આવીને મને તૌબા કરાવી રહ્યા છે અને કહી રહ્યા છે કે હજુ પણ સારું છે, હજુ પણ સારું છે ! હજુ પણ સમય (વખત) છે ! અલ્લાહ તૌબા કબૂલ કરનાર છે. હું વિચાર કરું છું કે શું હકીકતમાં હું બાતિલ અકીદા પર છું ?! મૌલાના કમરુઝ્ઝમાં સાહબ કહેવા લાગ્યા કે કાકા સાહબ ! જો આપના આત્માનો અવાજ એવું જ કહેતો હોય તો તમે તૌબા કરી લો ! નહીંતર, અમે લોકો તમારા જનાઝાની નમાઝથી મેહરૂમ રહી જઈશું. (જનાઝાની નમાઝ નહીં પઢીએ) તેઓ કહેવા લાગ્યા કે, ભાઈ ! તે બુઝુર્ગ જ્યાં પણ હોય ત્યાં મને લઈ જાવ, હું એમના દીદાર જોઈશ અને તે જ ચેહરો (ખ્વાબમાં જોયેલો ) હશે તો હું જરૂર તૌબા કરીશ.



મૌલાના કમરુઝ્ઝમાં સાહબે બરેલી શરીફ ફોન કર્યો તો જાણવા મળ્યું કે હઝરત આઝમગઢ તરફ કોઈ ઠેકાણે ગયા છે તેઓ વિચારી રહ્યા હતા કે હવે શું કરવું ? એવામાં જાણવા મળ્યું કે અહીંથી નજીક ગામમાં કોઈના ઘેર હઝરત આવેલા છે, મૌલાના ખૂબ ઝડપે ત્યાં પહોંચ્યા અને હઝરતને લઈ આવ્યા (બોલાવી લાવ્યા). મારા કાકાએ જેવા હઝરતને જોયા કે તરત જ બોલી ઉઠયા કે, વાહ ! શું કહેવું ? આ તે જ નૂરાની ચેહરો છે જેને મેં ખ્વાબમાં જોયો છે ! એમણે તે જ વખતે પોતાના બાતિલ અકીદાઓથી તૌબા કરી અને હઝરતના મુરીદ બન્યા. બે દિવસ પછી એઓ ગુજરી ગયા, સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! શું ઈમાન અફરોઝ બનાવ છે ! અલ્લાહથી દુઆ છે કે તે બધાને ઈમાન પર ખાતમો નસીબ કરે. આમીન ! ષુમ્મ આમીન !

## ★ હુઝૂર પોતાના ગુલામોની લાજ રાખે છે ★

મારા મહોલ્લાના કેટલાક નવજવાનોએ મેઅરાજુન્નબી ﷺના પ્રસંગે જલ્સાનો પ્રોગ્રામ રાખી તેમાં સારામાં સારું લાઈટ ડેકોરેશન કર્યું હતું. એક દારોગા જે ઘણો જ તુંદમિજાઝ મુતઅસ્સીબ હતો તેણે એક નિર્દોષ છોકરાને કોઈપણ જાતના કારણ વગર માર્યો. પરિણામે મુસલમાનોએ લાઈટ બંધ કરી દીધી અને એક મોટો હંગામો થતાં થતાં રહી ગયો. મેં આ મામલામાં દરમ્યાનગીરી કરી. શહેરના અધિકારી આવ્યા તેમણે કહ્યું કે, લાઈટ ચાલુ કરી દો કારણ કે મુસલમાનોએ આખા મહોલ્લાની લાઈટ બંધ કરી દીધી. મેં અધિકારીઓ સાથે વાતચીત કરી અને પછીથી મારા મહોલ્લાના મુસલમાનોને સમજાવ્યા અને કહ્યું કે દારોગાને (છોકરાને મારવાના બદલામાં) જરૂર સજા મળશે, ઈન્શાઅલ્લાહ ! હું એની બદલી કરાવી આપીશ. તમે લોકો મારી વાત પર વિ□ાસ રાખી લાઈટ ચાલુ કરી દો. જ્યાં સુધી એની બદલી નહીં થાય ત્યાર સુધી હું ચેનથી બેસીશ નહીં. મુસલમાનોએ મારી વાત માની લાઈટ ચાલુ કરી દીધી. ત્યારબાદ મેં સરકારે ગૌષે આ'ઝમ رضی اللہ عنہની બારગાહમાં મારા પીરો મુર્શિદનો વસીલો લઈને ફરિયાદ રજૂ કરી કહ્યું કે, હઝરત ! તમારા ગુલામે હજારોના સમૂહમાં (સમક્ષ) જબાન આપી છે એની લાજ રાખજો. બીજી બાજુ તે દારોગાએ પણ પોતાની બદલી ન થાય તે માટેના પ્રયત્નો શરૂ કરી દીધા. પરંતુ એને

શી ખબર છે કે હું હઝરત ગૌષુલ આ'ઝમ رضی اللہ عنہની બારગાહનો કૂતરો છું ! કોઈ એમના ગુલામને રુસ્વા કરવા ચાહે અને તેઓ એને મદદ ન કરે ?! એ જ રાત્રે લગભગ ચાર વાગે મેં ખ્વાબમાં જોયું કે હઝરત તશરીફ લાવ્યા અને મને તથા મારા ઘરવાળાઓને એક ટાંગામાં બેસાડી મારી જાણ પહેચાનવાળી સડક પર લઈ ચાલ્યા. સડકની બાજુઓ પર મોટા મોટા બંગલા હતા, ત્યાં આગળ એક પાનની દુકાન મારી નજરે પડી, જેમાં સારી જાતનાં પાન જોવા મળ્યાં એટલે મેં ટાંગો ઊભો રખાવ્યો અને વિચાર્યું કે હઝરત માટે એક પાન બનાવી લાવું. એ દરમ્યાન એક બુઝુર્ગ આદમી દેખાયા તેમના હાથમાં મીઠાઈની ટોપલી અને ફૂલહાર હતો. તેઓ મને પૂછવા લાગ્યા કે હઝરત ક્યાં છે ? મેં જવાબ આપ્યો કે હઝરત ટાંગામાં બેઠા છે તે માણસ ફૂલહાર તથા મીઠાઈ લઈને હઝરતની સેવામાં હાજર થયો અને હઝરતને હાર પહેરાવી મીઠાઈની ટોપલી હાથમાં આપી. હઝરતે મને કહ્યું કે જલ્દી ચાલો ! એટલામાં મારી આંખ ખૂલી ગઈ, જોયું તો રાતના ચાર વાગ્યા હતા. સવારમાં હું ડોકટર સાહબ પાસે ગયો, ત્યાં ઉપરી અધિકારીઓની પણ મુલાકાત થઈ. કલેકટર સાહબે મને કહ્યું કે રાઝ સાહબ ! તમારા મહોલ્લામાં શું બન્યું ?! મેં આખી વાત કહી સંભળાવી અને મહોલ્લાવાળાઓ તરફથી આવેદનપત્ર આપ્યું. એમણે જવાબ આપ્યો કે તમે બેફિકર રહેશો, હું એનો બંદોબસ્ત કરી આપું છું. અને બીજે દિવસે (દારોગાની) બદલી થઈ ગઈ. તમે જોયું ! મારા પીરો મુર્શિદ પોતાના ગુલામોની કઈ રીતે લાજ રાખે છે ! અને સૈયદના ગૌષુલ આ'ઝમ رضی اللہ عنہની બારગાહમાં રજૂ કરેલી દરખાસ્ત એમના વસીલાથી ખુદાવંદે કુદૂસ કઈ રીતે કબૂલ કરે છે ! ખુદાવંદે કુદૂસ તમામ મુસલમાનોને બાઅમલ સાચા પીરો મુર્શિદની પેરવી કરવાની તૌફીક આપે. જો પીરથી મજબૂત નિસ્બત હોય તો મુરીદને દીની તથા દુનિયવી એટલા બધા ફાયદાઓ પહોંચે છે કે જેનું બયાન કરી શક્તો નથી, પરંતુ અત્યારે તો પીરી મુરીદીને લોકોએ એક ફેશન બનાવી દીધી છે. જ્યારે પણ બીજાઓને કોઈના મુરીદ બનતા જોયા કે તરત મુરીદ બની ગયા અને પીર જે કંઈ આદેશ આપે તેનો અમલ કરતા નથી. બલ્કે નમાઝ વગેરેની પાબંદી પણ કરતા નથી અને કેટલાયે ગલત કામોમાં મશ્ગૂલ રહે છે, તેઓ એવું પણ નથી જાણતા કે અમે કોઈના



હાથમાં હાથ આપીને બુરા અમલોથી હમેશાં માટે તૌબા કરી છે અને અમારે શરીઅત વિરૂધ્ધનું કોઈ પણ કામ ન કરવું જોઈએ. પછી જ્યારે એમને કોઈ ફયૂઝ નથી મળતો તો શિકવા કરવા લાગે છે, હું કોઈ બહુ મોટો બાઅમલ નથી પરંતુ પોતાના પીરો મુર્શિદની તેમજ તમામ ઔલિયાએ કિરામની અકીદત (જેટલા પ્રમાણમાં) રાખવી જોઈએ તેનો મામુલી હિસ્સો પણ મારામાં નથી, પરંતુ (મારા) પીરો મુર્શિદનો કરમ છે કે તેઓ મને નવાજે છે.

અલ્લાહ તઆલાનો એહસાને અઝીમ છે એનો બેપનાહ કરમ છે કે એણે મારા દિલમાં એના મહબૂબ બંદાઓની અકીદત અને મહોબ્બત પેદા કરી છે.

મેરી તલબ ભી તુમ્હારે કરમ કા સદકા હૈ
યે પાંઉ ઉઠતે નહીં હૈં ઉઠાએ જાતે હૈં

મિયાં ! એની તૌફીક જ સર્વસ્વ છે જો તે તૌફીક ન આપત તો હું પણ કોઈ નફ્સાની ખ્વાહિશમાં પરોવાઈને દુનિયાના પૂજારીઓની ખુશામત કરતો રહેત. તે એની બારગાહમાં મને, તમને માથુ ઝુકાવવાની તૌફીક અતા કરે છે એનો શુક્ર અદા થઈ શક્તો નથી. નહીંતર, અમે કોના કોના દરવાજા પર માથુ ઝુકાવતા, હકીકત એ છે કે મેં જેમને અલ્લાહવાળાઓથી મહોબ્બત કરતા નથી જોયા તેઓ દુનિયાના પૂજારીઓના દરવાજા પર ચક્કર લગાડતા રહે છે. ખુદા બચાવે ! ખુદા બચાવે !

## ★ જમદાશાહી (જિલ્લે બસ્તી)માં હઝરતની રૂહાનિયતના જલ્વા ★

આ વર્ષે બસ્તી જિલ્લાના જમદાશાહી બસ્તીમાં હઝરત તશરીફ લઈ ગયા હતા. ત્યાંના સખીદાતાઓમાં હઝરત શેઠ શમ્સુલહક્ક અલીમી, જનાબ ગુલામ મુસ્તુફાભાઈ રઝવી, જનાબ અબ્દલ વહ્હાબ છોટક અલીમી વગેરે એ ઈદે મીલાદુન્નબી ﷺનો એક શાનદાર જલ્સો ગોઠવ્યો હતો. બીજે દિવસે સવારમાં શમ્સુલહક્ક અલીમી સાહબે હઝરતને બે ઔરતોના બારામાં વાત કરી કે હઝરત એ બંને ઔરતોને વળગણની શિકાયત છે. હઝરતને મને કહ્યું કે, કઈ રીતે જાણ્યું કે વળગણ છે ? કેટલાક જાહિલ

મૌલ્વીઓએ મૌલ્વીયતને બદ્‌નામ કરી છે અને લીલાં પીળાં કપડાં પહેરી, મોટા મોટા વાળ વધારીને લોકોએ પીરી ફકીરીને બદ્‌નામ કરી છે, જે મોઢામાં આવ્યું તે બકી નાખ્યું અને પૈસા લઈને ચાલતા થયા. હું હઝરતના ઈર્શાદને સમજી ગયો, મેં અંદાજો લગાડયો કે એ ઔરતને વળગણ જેવું કંઈ નથી બલ્કે મામલો એનાથી ઉલ્ટો હતો. જો કે એ બંને ઔરતો હઝરત સમક્ષ (રૂબરૂ) હાજર ન હતી, તેઓ તો દૂર બીજે બેઠેલી હતી. મેં એમના ઘરવાળાઓથી એમની હાલતની પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે ગોંડાના કોઈ શાહ સાહબ જેમણે લીલા રંગનાં કપડાં પહેરેલાં હતાં અને મોટા મોટા વાળવાળા હતા અને તેઓ પોતાની જાતને ખૂબ પહોંચેલી બતાવતા હતા તેમણે કહ્યું હતું કે એ બંને ઔરતોને વળગણ છે. તેમને અમલ વગેરે કરવા માટે આશરે ૪૦ રૂપિયા આપ્યા હતા. તે (પૈસા લઈને) ગયા પછી ફરીથી દેખાયા નથી. તમે જોયું ! હઝરતે જે વાત કહી હતી તે કેટલી બધી સત્ય હતી ! હઝરત એ બંને ઔરતોને અલગ અલગ તાવીઝો આપ્યાં.

## ★ માંગ્યા વગર તાવીઝ આપ્યું ★

મારા મહોલ્લામાં ગુલામ સરવર સાહબ મુરીદ બન્યા. હઝરત બીજી વખત આવ્યા ત્યારે તેઓ હાજી ઈદુભાઈને ત્યાં ગયા. તે વખતે હઝરત બધાંને તાવીઝ આપી ચૂક્યા હતા અને અસરની નમાઝ પઢીને બરેલી જવાના હતા. ખૂબ ભીડ હતી અને હઝરત થોડા ગરમ હતા, સરવર સાહબ પોતાના નાના છોકરાને સાથે લઈને એટલા માટે ગયા હતા કે હઝરત પાસેથી તાવીઝ લઈ લઈશ. હઝરત વુઝૂ કરવા માટે ઊભા થયા તો ગુલામ સરવરમિયાંએ હઝરતને હાથનો ટેકો આપ્યો. જ્યારે હઝરત વુઝૂ કરવા માટે બેઠા તે વખતે ગુલામ સરવરમિયાંને કહ્યું કે આ તમારો બાળક છે ? તેમણે જવાબ આપ્યો કે હા, હુઝૂર ! પરંતુ બીકના માર્યા એ વધારે આગળ કંઈ બોલી શક્યા નહીં. હઝરતે એમને એક તાવીઝ આપ્યું જે અગાઉથી લખીને એમના હાથમાં રાખેલુ હતું અને જાણે કોઈ જરૂરિયાતવાળાની રાહ જોઈ રહ્યા હતા. અલ્લાહ ! અલ્લાહ ! પોતાના ગુલામો પર આ કરમ ! અલ્લાહની મખ્લૂકની ખિદમત તો જુઓ કે સવાલી સવાલ પણ નથી કરતો અને એની ઝોલી ભરવામાં આવી રહી છે. હઝરતે કહ્યું કે આ તાવીઝને તમારી પાસે રાખજો, જ્યારે પણ કોઈ બીમાર પડે તો એના ગળામાં



પહેરાવી દેજો, અલ્લાહ શિફા અતા કરશે. ગુલામ સરવરને ખૂબ નવાઈ લાગી તેમણે મને આ વાત કરી. મેં કહ્યું કે, મિયાં ! તમે ખુશનસીબ છો, તાવીઝને સંભાળીને રાખજો (જરૂર) કોઈ બીમારી આવનાર છે. એક અઠવાડિયા પછી ગુલામ સરવર ખૂબ બીમાર પડયા, એમના ગળામાં ગંભીર રોગ થયો, જેનો ઈલાજ મુશ્કેલીથી થાય છે, મોઢું બંધ થઈ ગયું, બોલી શકાતુ ન હતું (ખૂબ તકલીફ પડતી હતી) ખાવા પીવાનું મુશ્કેલ બન્યું, દુકાન વગેરે બંધ થઈ ગઈ. મને ખબર મળી એટલે મેં કહ્યું કે, પેલુ તાવીઝ પહેરી લો. એમણે તાવીજ પહેરી લીધું. એ જ રાત્રે (ગળાનો) ફોલ્લો ફૂટી ગયો અને મોઢું ખુલી ગયું, તાવ ઉતરી ગયો. ગુલામ સરવરને શું ખબર કે શો રોગ હતો ? એ એક બહુ મોટી બલા હતી જેને ટાળવા માટે હઝરતે પહેલેથી જ તાવીઝ આપી દીધું હતું, નહીંતર એ ગરીબ માણસને હજારો રૂપિયાનો ખર્ચ થાત તો પણ શિફા મળવી મુશ્કેલ હતી, ગુલામ સરવરે હમેશાં ખુદાનો શુક્ર અદા કરવો જોઈએ કે એણે પોતાના મહબૂબ બંદાને મોકલીને એમના માટે શિફાનું એક બહાનું બનાવ્યું.

## ★ જબલપુરમાં હઝરતની રોશનઝમીરીનો અજીબ બનાવ ★

હાલમાં હું મૌલાના મુહમ્મદ શાહ રઝવી, કાદરીના પુત્ર રશીદ સલ્લમહુની શાદીમાં ગયો હતો, ત્યાં મુહમ્મદ હનીફ સાહબ જેઓ હઝરતના મુરીદ છે, હઝરત એમના પ્રત્યે ખૂબ કરમ ફર્માવે છે. તેઓ કહેવા લાગ્યા કે, એક માણસે મને કહ્યું કે, હવે પછી જ્યારે મુફતીએ આ'ઝમે હિંદ આવશે ત્યારે હું એમની પાસે કોર્ટમાં કેસ ચાલે છે તેના માટે તાવીઝ માંગીશ. સંજોગોવશાત બન્યું એવું કે બીજે જ દિવસે હઝરત તશરીફ લાવ્યા અને હમેશાં મુજબ બુરહાને મિલ્લત હઝરત મૌલાના મુફતી બુરહાનુલ હક્ક સાહબ મુફતી મધ્યપ્રદેશના મકાનમાં એમનો મુકામ રહ્યો. સવારમાં જ તે માણસ મારી પાસે આવ્યો. મેં સલામ આપી કે જાઓ હઝરત પાસેથી તાવીજ લઈ લો. તો એ પોતે નોકરી પર જતો રહ્યો અને એની પત્નીને મોકલી. એની ઔરત હઝરતના મુકામ પર જઈને બીજી બધી ઔરતો સાથે બેસી ગઈ, તેણીએ હઝરતને કંઈ વાત કરી નહીં અને કંઈ પણ કહી

શકાય એમ ન હતું કારણ કે ભીડ જ ખૂબ હતી. વળી હઝરત થોડા કલાકો માટે જ પધાર્યા હતા અને દરેક માણસ તાવીઝ માંગી રહ્યા હતા. હઝરતે એક માણસને ચાર તાવીઝ આપ્યાં અને કહ્યું કે જુઓ ! ફલાણી ઔરત એટલે કે એનું નામ પણ લીધું એને આ તાવીઝ આપી દો. તે ઔરતને ઘણી જ નવાઈ લાગી કે, હજુ તો મેં કંઈ કહ્યું પણ નથી અને મને તાવીઝ આપી રહ્યા છે ! એણે (ઔરતે) કહ્યું કે, આ મારા તાવીઝ નહીં હોય ! મેં તો હઝરતને હજુ સુધી કંઈ વાત કરી નથી. હઝરતે કહ્યું કે એ તાવીઝ તમામ જાઈઝ મકસદો માટે એના જ (ઔરતનાં જ) છે, એને કહો કે લઈ લે. અલ્લાહ કામયાબી અતા કરશે.

એ જ મુહમ્મદ હનીફ સાહબ કહે છે કે, એક વખત હું ઘણી જ તંગદસ્તીમાં આવી પડયો. મારા ઘરમાં કંઈ પણ ન હતું, રાતમાં મેં મારા પીરો મુર્શિદને (બેઈખ્તિયાર) યાદ કર્યા એ જ રાત્રે હઝરતે ખ્વાબમાં મને પોતાના દીદાર કરાવ્યા. હઝરતની સામે ખાવાનું મૂકવામાં આવ્યું હતું, હઝરતને મને કહ્યું કે તમે પણ ખાઓ, એમ કહીને પોતાની સાથે મને પણ ખાવા ખવડાવ્યું અને કહેવા લાગ્યા કે ગભરાવ નહીં ! ગભરાવ નહીં ! અલ્લાહ મહાન કુદરતવાળો છે ! સવારમાં તે જરૂર કોઈ વ્યવસ્થા કરી આપશે. તેઓ કહે છે કે સવાર થતાં જ એક માણસ આવ્યો જે વર્ષોથી મારા બાકી પડતા પૈસા મને આપી ગયો અને કહ્યું કે આવતી કાલથી તમે મારું કામ કરજો અને એના માટેની એડવાન્સ રકમ પણ મને આપી દીધી. સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! પોતાના ગુલામની હાલતથી પીર વાકેફ થઈ જાય છે, પરંતુ મુરીદ યાદ તો કરે ! અને પોતાના દિલમાં ગુલામીની સાચી નિસ્બત તો રાખે !

મુરીદોએ ખાસ કરીને પાંચ વક્તની નમાઝની પાબંદી કરવી જોઈએ, દરેક નમાઝ પછી પંજગંજ કાદરી જરૂર પઢે અને હિસાર (ઝિક્રનો એક પ્રકાર) કરે.

ફજરની નમાઝ પછી પહેલાં (આગળ પાછળ) અને છેલ્લે ત્રણ વખત દુરૂદ શરીફ, યા અઝીઝુ યા અલ્લાહ, ઝોહરની નમાઝ બાદ યા કરીમુ યા અલ્લાહ, અસરની નમાઝ બાદ યા જબ્બારુ યા અલ્લાહ, મગરિબની નમાઝ બાદ યા સત્તારુ યા અલ્લાહ અને ઈશાની નમાઝ પછી યા ગફ્ફારુ યા



અલ્લાહ સો સો વખત પઢે અને હિસાર કર્યા કરે અને કાદરિય્યહ્, રઝવિય્યહ્ સિલસિલાના તમામ બુઝુર્ગોને ફાતેહા પઢયા કરે. હઝરતના ચેહરા મુબારકને નજર સામે રાખે અને જો સમય હોય તો શૈખનો (પીરનો) તસવ્વુર કર્યા કરે, પછી જુઓ કેટકેટલા ફયૂઝ અને બરકતો હાંસલ થાય છે. આમ તો શજરા શરીફમાં ઘણી દુઆઓ લખેલી છે પરંતુ કહેવા મુજબ જેટલો ગોળ નાખશો એટલી મીઠાશ આવશે.

## ★ ખ્વાબમાં રૂહાની હિમાયત પાસબાનીની બશારત ★

મૌલાના નસીમ કાદરી બસ્તવીએ માહે ઝિલ્કઅદ હિજરી ૯૩માં અલ્હાબાદમાં "તાજદાર"ના કાર્યાલયમાં એક મુલાકાત વેળા શૈખુલ મશાઈખ હઝરત સૂફી અલ્હાજ શાહ મુહમ્મદ યાર અલી સાહબ عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ના તસલ્લુબ ફીદીન અને મસ્લકે આ'લા હઝરતની પાબંદી તથા ઈદારએ ફયૂઝે રસૂલ, બ્રાઉન શરીફની ચર્ચા કરતા કહ્યું કે, હઝરત શાહ સાહબને આ'લા હઝરતથી ઘણો જ ગેહરો તઅલ્લુક હતો અને તેઓ મસ્લકે આ'લા હઝરતના ઘણા પાબંદ બુઝુર્ગ હતા. એમના બારામાં મૌલાનાએ કહ્યું કે હઝરત શાહ સાહબે અનેકવાર સેંકડો મુરીદો, અકીદતમંદો અને આલિમો, મશાઈખની હાજરીમાં પોતાનો આ ખ્વાબ ઘણી જ ખુશી ફખ્ર સાથે બયાન ફર્માવ્યો છે કે બસ્તી જિલ્લામાં જે વખતે બદ્દીનો અને શાને રિસાલતના મુન્કિરો સાથે ઉલમાએ અહલે સુન્નતનો મુનાઝરો થઈ રહ્યો હતો (તેવામાં) હઝરત શાહ સાહબે એક રાત્રે ખ્વાબમાં જોયું કે ફયૂઝે રસૂલ (ઈદારા)ના એક કમરામાં અહલે સુન્નતના આલિમો અને ઘણા મુસલમાનોનો સમૂહ છે અને અશરફઅલી થાનવી વગેરે સાથે મુનાઝરો થઈ રહ્યો છે, આ મુનાઝરાને જોઈને હઝરત શાહ સાહબ થોડા ડરી ગયા, પરંતુ બીજી જ પળે જોયું તો આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી قدس سرہٗ પોતાના હાથ મુબારકને શાહ સાહબની પીઠ પર મૂકીને ફર્માવી રહ્યા છે કે, "તમે જરા પણ ગભરાશો નહીં, અલ્લાહ તઆલા પોતાના દીનની હિમાયત માટે દુશ્મનો પર તમને ફતેહમંદી અતા કરશે. એ બદ્મઝહબો તમારું કંઈ બગાડી શકવાના નથી અને તમારા મુકાબલામાં તેઓ કદી પણ કામિયાબ થવાના નથી.

આ ખ્વાબની હકીકત બયાન કર્યા પછી હઝરત શાહ સાહબ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ કહ્યા કરતા હતા કે, એ આ'લા હઝરત قدس سرہની રૂહાની નિગાહનું પરિણામ છે કે હું અહલે સુન્નતના આલિમો ખાસ કરીને મઝહરે આ'લા હઝરત, શેર બેશએ અહલે સુન્નત લખનવી ષુમ્મ પીલીભીતી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُને સાથે લઈને જે જે ઈલાકામાં ગયો તો અમને દેખીતી સફળતા મળી અને વિરોધીઓના મોટા મોટા મનસૂબા ધૂળ માં મળી ગયા. ઈસ્લામ અને સુન્નતનો પરચમ લહેરાવા લાગ્યા અને મસ્લકે આ'લા હઝરતનો ખૂબ ખૂબ ફેલાવો થયો. તે ઈલાકાઓ આજે એ વાતની ગવાહી આપે છે કે જ્યાં વર્ષોથી બદ્‌મઝહબોનો કાબૂ રહ્યો હતો ત્યાંનો માહોલ આજે હક્ક અને સદાકતની રોશનીથી ઝગમગી રહ્યો છે. બદ્‌દીનોએ પોતે હારીને તૌબા કરી લીધી કે પછી મુર્દાની જેમ ખામોશ થઈ ગયા.

ક્યૂં "રઝા" આજ ગલી સુની હૈ
ઉઠ ! મેરે ધૂમ મચાનેવાલે

## ★ સૈયદના ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ના પીરો મુર્શિદ ★

સૈયદુલ ઉલ્મા હઝરત મૌલાના સૈયદ શાહ આલે મુસ્તફા સાહબ કિબ્લા, સદર ઓલ ઈન્ડિયા જમીયતુલ ઉલ્માની ખિદમતમાં જ્યારે પણ હું બેસું છું તો મૌસૂફની પવિત્ર જબાનથી હું એવા એવા ઈમાન અફરોઝ વાકેઆ સાંભળું છું કે જેનાથી રૂહ ઝુમી ઉઠે છે. એક વખત હું હઝરત સૈયદુલ ઉલ્માની ખિદમતમાં બેઠો હતો, સૈયદમિયાં મારેહરા શરીફના બુઝુર્ગોના વાકેઆ બયાન કરી રહ્યા હતા, આ તે જ મારેહરા શરીફ છે કે જ્યાં જલીલુલ કદ્ર ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ મુરીદ બનવા માટે તશરીફ લઈ ગયા હતા. આ'લા હઝરત કિબ્લાના પીરો મુર્શિદ સૈયદના શાહ આલે રસૂલમિયાં رحمۃ اللہ علیہપોતાના સમયના એક જબરદસ્ત વલીએ કામિલ હતા, એમની પાકબાઝીનો એક વાકેઓ આ પ્રમાણે છે કે, સૈયદના આલેરસૂલ رحمۃ اللہ علیہપોતાના કમરામાં બેઠા હતા, અંદરથી ખાદિમાએ એક અફસોસનાક સમાચાર કહ્યા કે આપની અહલિયા મોહતરમાનો ઈન્તેકાલ



થઈ ગયો. સૈયદના શાહ આલે રસૂલ સાહબ رحمۃ اللہ علیہએ એ સાંભળીને ફર્માવ્યું કે તેમનો ઈન્તેકાલ થઈ ગયો ! ઔરત (પત્ની) બનાવીને મેં એને જોઈ હતી, યા અલ્લાહ ! હવે મારી આંખો બીજી કોઈ ઔરત ન પડે માટે તું મારી આંખોની રોશની પાછી લઈ લે ! આમ કહેતાં દુઆ માટે હાથ ઉઠાવ્યા. અલ્લાહના એક પાકબાઝ બંદાની દુઆ બેકાર ન ગઈ, અલ્લાહ તઆલાએ દુઆ કબૂલ કરી લીધી, સૌએ જોયું કે એમની મુબારક આંખોમાંથી આંસૂંઓનાં બે ટીપાં પડયાં અને તે વખતે એમના સાહબઝાદાને કહ્યું કે, મિયાં ! મને ઊભા કરો , સહારો આપો ! મારા રબ્બુલ ઈઝઝતે મારી દુઆ કબૂલ કરી લીધી, હવે હું જોઈ શક્તો નથી. સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! આ હતો મારા આ'લા હઝરત કિબ્લાના પીરો મુર્શિદની પાકીઝગીનો વાકેઓ. એ જ કારણ હતું કે આ'લા હઝરત કિબ્લા જેવા મહાન વલીએ કામિલએ મારેહરા શરીફના આસ્તાનાના બચ્ચે બચ્ચાની તા'ઝીમ કરી અને એ જ હાલ તાજદારે અહલે સુન્નત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદનો છે. આમ પણ સાદાતે કિરામનો એહતેરામ કરવો આપણા બધા દીની ફર્ઝ છે.

કોઈ પાબંદે મહોબ્બત હી બતા સક્તા હૈ
એક દીવાને કા ઝંજીર સે રિશ્તા ક્યા હૈ

હવે હું આપને ખૈરો મહોબ્બતની સાંકળની તે ઈમાન અફરોઝ સોનેરી કડીઓ બતાવવા ઈચ્છું છું કે જેનો સિલસિલો આપણા સૌના પીરો મુર્શિદ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લાથી શરૂ થઈ મહબૂબે ખુદા હુઝૂર પૂરનૂર સૈયદે આલમ, નૂરેમુજસ્સમ અહમદે મુજતબા, મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلمના દસ્તે હક્ક પરસ્ત પછી ખુદાવંદે કુદુસના દસ્તે કુદરત સુધી પહોંચે છે. એની અઝમત (જલાલત)નો અંદાજ તે લોકો જ લગાડી શકે છે જેમને ખુદાવંદીએ એ નેઅમત અતા કરી છે કે તેઓ કોઈ બુઝુર્ગના દામનથી વાબસ્તા છે આ એક નક્કર હકીકત છે કે કોઈ પણ માણસે કોઈપણ સિલસિલાના બુઝુર્ગથી બયઅત કરી હોય તો તેનો સિલસિલો તાજદારે મદીના صلی اللہ علیہ وسلمના દામને રહમત સુધી પહોંચે છે.

હમ હુએ, તુમ હુએ કે "મીર" હુએ
ઉસકી ઝુલ્ફોં કે સબ અસીર હુએ

કોઈપણ બુઝુર્ગના હાથ પર બયઅત કરવી અલ્લાહ તઆલા તથા એના મહબૂબ ﷺને પસંદ છે. એની ગવાહી કુર્આને કરીમ આપે છે :–

لَقَدْ رَضِیَ اللّٰهُ عَنِ الْمُؤْمِنِیْنَ اِذْیُبَا یعونَكَ تَحْتَ الشَّجَرَةِ

**અર્થાત** : બેશક ! અલ્લાહ રાજી થયો ઈમાનવાળાઓથી જ્યારે તેઓ તે ઝાડ નીચે તમારી બયઅત કરતા હતા. પરંતુ હાલના દૌરમાં લોકોએ પીરી મુરીદીને પણ બદ્‌નામ કરી દીધી છે. બેઅમલ પીરોએ એક ધંધો બનાવી રાખ્યો છે એટલા કારણે મુરીદોને હિદાયત મળતી નથી. જેની ઈચ્છા થઈ તેણે કુર્તો પહેરી લીધો, લાંબા લાંબા વાળ વધારી દીધા, રંગબે રંગી કપડાં પહેલી લીધાં અને પોતાને પીર કહેવડાવવાનું શરૂ કરી દીધું. શરીઅત તરીકતથી અજાણ પરંતુ વાતો એવી એવી કરશે કે જાણે હમણાં જ સીધા જન્નતુલ ફિરદૌસથી ઉતરી આવ્યા છે, પાછળથી ખબર પડે છે કે એ ધંધાદારી પીર હતો. એટલા માટે આ એક સારામાં સારી ચીજ પણ બદ્‌નામ થઈ રહી છે. ગાલિબે એ કારણ જ કહ્યું કે :–

હર બુલ હવસને હુસ્ન પરસ્તી શિઆર કી
અબ આબરૂએ શેવએ એહલે નજર ગઈ

અલ્લાહ તઆલા આપણને સૌને એવા ધંધાકીય પીરોથી મેહફૂઝ રાખે અને ખુદાવંદે કુદુસ બાઅમલ બુઝુર્ગોથી આપણા દામનને વાબસ્તા કરે કે જેથી આપણી આખેરત સુધરી જાય. હઝરત મુફતીએ આ'ઝમે હિંદના મુરીદો બલ્કે દરેક મુરીદને જોઈએ કે તે નમાઝ, રોઝા, હજજ, ઝકાતની સખ્તીથી પાબંદી કરે અને હરામ હલાલનો ખ્યાલ રાખે, ઔરતો પર્દાનો ખ્યાલ રાખે અને પોતાના પીરો મુર્શિદથી બયઅત કરતી વખતે જે જે વાયદા કર્યા છે તેની પાબંદી ઉમ્રભર કરતા રહે. પાંચ વખતની નમાઝ અદા કરતા રહે અને પંજગંજ કાદરી જે નમાઝ પછીનો વઝીફો છે એને પઢયા કરે. અલ્લાહ તઆલા એની દરેક જાઈઝ મુરાદ પૂરી કરશે અને એને માટે દુનિયા અને આખેરતમાં બેહતરી રહેશે. ઘણા લોકોને જોયા છે કે તેઓ મુરીદ બન્યા અને આસમાનમાંથી છ કરોડની ચોથાઈ વરસવાની રાહ જોવા લાગ્યા ! તેઓ એવું નથી જાણતા કે તમે અલ્લાહની રાહમાં કદમ મૂક્યો છે અને તે ઘણી જ કઠીન રાહ છે.



રહ રવે રાહે મહોબ્બત કા ખુદા હાફિઝ હૈ
ઈસમેં દો ચાર બળે સખ્ત મકામ આતે હૈં

અલ્લાહ તઆલા એના ચાહવાવાળાઓના કેવા કેવા ઈમ્તેહાન લે છે, કેવી કેવી મુશ્કેલીઓ એમની સામે આવે છે, અને જ્યારે તેઓ એ પરીક્ષામાં પૂરેપૂરા કામ્યાબ થાય છે ત્યારે અલ્લાહ ﷻ એની મહોબ્બતનો તાજ તેના માથા પર મૂકે છે, આપણે એની પરીક્ષાના કાબિલ તો નથી પરંતુ એક એવા રસ્તા પર કદમ મૂક્યો છે જે રસ્તો કાંટાળો છે આપણે આપણા મુર્શિદના દામનને મજબૂતીથી પકડી (પરીક્ષામાંથી) પસાર થઈ જઈશું. પરંતુ શર્ત એ છે કે (પીરનો) દામન મજબૂતીથી પકડી રાખો. ઘણા લોકો મુરીદ બન્યા પછી દીની ફરાઈઝને અદા કરવામાં કસર રાખે છે, હરામ હલાલનો ખ્યાલ રાખતા નથી, એવા લોકોને ફયૂઝ નથી મળતો તો એમાં કસૂર કોનો ? ખુદાવંદે કુદુસ મને પણ નેક અમલ કરવાની તૌફીક અતા કરે અને મુર્શિદે કામિલ પાસે કરેલા વાયદાને પૂરા કરવાની તૌફીક આપે. (આમીન)

## ★ આ'લા હઝરત رحمۃ اللہ علیہના આસ્તાના પર યુ.પી.ના ગવર્નરની હાજરી ★

ચાલુ વર્ષે યુ.પી.ના ગવર્નર જનાબ અકબરઅલી ખાન સાહબ ઘણી જ અકીદત અને મહોબ્બત સાથે બરેલી શરીફમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہના આસ્તાના પર હાજર થયા. ગવર્નર સાહબ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદની ઝિયારત પણ કરવા ઈચ્છતા હતા, પરંતુ એમના આવતા પહેલાં જ હઝરત એક ઘણા જ બીમાર ગરીબ મુસલમાનની બીમારપુરસી માટે નીકળી ગયા હતા. અલ્લાહવાળાઓ હાકિમોને મળવાનું ક્યા પસંદ કરે છે ? અને એ જ કારણે તો ગવર્નર સાહબને એક મર્દે મો'મિનની ઝિયારત ન થઈ શકી. જો કે ગવર્નર સાહબ આ'લા હઝરતના અકીદતમંદોમાંથી છે અને તમામ ઔલિયાએ કિરામના માનવાવાળા છે. એમણે ઈમામે અહલે સુન્નતના મઝાર શરીફ પર ચાદર ચઢાવી, સલાતો સલામ પણ પઢયા. હઝરત મૌલાના શાહ રહમાનીમિયાંએ આ'લા હઝરતના તર્જુમાવાળુ કુર્આન શરીફ એમને આપ્યું અને એમના

માટે આસ્તાના પર દુઆ કરવામાં આવી.

## ★ હઝરત તરફથી ખાવાની દા'વત ★

ફાઝિલે જલીલ અલ્લામા ખ્વાજા મુઝફ્ફરહુસૈન પૂર્નવી બિહારી જેઓ હાલમાં જામિયહ, અરબિયહ, સુલતાનપુરમાં મુદર્રિસ છે. હઝરત મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ એમને ખિલાફત અર્પણ કરેલી છે, તેઓ કહે છે કે, જ્યારે અમે લોકો હઝરતની દેખરેખ હેઠળ ચાલતા દારુલ ઉલૂમ મઝહરે ઈસ્લામ, બરેલીથી ફારિગ થઈને અમારા ઘર તરફ જવાના થયા, અમે બધા બિહાર તરફના રહેવાસી હતા અને એ બાજુ (વતનમાં) જવાની તૈયારી કરી. છેલ્લે અમે બધા તાજદારે અહલે સુન્નત આરિફ બિલ્લાહ મુફ્તીએ આ'ઝમે હિંદની ખિદમતમાં રજા લેવા ગયા તો હઝરત ફર્માવ્યું કે તમે લોકો આજે ન જશો, આજે મારા મહેમાન બનો, તમારા બધાની આજ સાંજની દા'વત મારા ઘેર રહેશે, તમે બધા અહીં ખાવા ખાજો અને આવતી કાલે જતા રહેજો, એકબાજુ હઝરતનો રહી જવાનો આદેશ અને બીજી બાજુ વિદ્યાર્થીઓ પોતાના ઘેર જવાની માટે તલપાપડ થતા હતા. ટિકિટ પણ લઈ લેધીલી હતી. બધાએ રીઝર્વેશન પણ કરાવી લીધેલું હતું, પરંતુ મેં વિચારી લીધું કે જરૂર કંઈક છે ! હઝરતે બીજા વિદ્યાર્થીઓને ન રોક્યા ફક્ત બિહાર તરફ જનારાઓને જ રોકી રાખ્યા. દા'વત તો એક બહાનું છે. બહારહાલ ! છોકરાઓ એ વાત પર રાજી થઈ ગયા કે અમે લોકો આજે દિવસની ગાડીમાં જવાના બદલે રાતની ગાડીથી જઈશું અમને લખનઉથી બિહાર જનારી ગાડી મળી જશે. કેમ કે ત્યાં પોત પોતાના ગામમાં ઘેર તારથી ખબર પણ આપી દેવામાં આવી હતી. બધાના ગામમાં સ્વાગતની તૈયારી થઈ ચૂકી હતી કેમ કે એ લોકો કેટલાયે દિવસોની મહેનત પછીથી આલિમ, હાફિઝ વગેરેની સનદો લઈ પોત પોતાના વતન જઈ રહ્યા હતા, ખ્વાજા મુઝફ્ફરહુસૈન કહે છે કે, રાત્રે ખાધા પછી હઝરતની રજા લઈને ઘણા વિદ્યાર્થીઓ જેઓ આલિમ બન્યા હતા તેઓ ચાલ્યા ગયા, પરંતુ હું અને બીજા થોડા વિદ્યાર્થીઓ રહી ગયા. રાતની ગાડીથી જે આલિમો ગયા તેઓ લખનઉ એટલા મોડા પહોંચ્યા કે બિહાર જવા માટેની એક્ષપ્રેસ ગાડી ઉપડી ગઈ હતી અને એ લોકો સ્ટેશન પર બીજી ગાડીની રાહ જોવા લાગ્યા. એ લોકો વિચારી રહ્યા હતા કે અમારા ગામના લોકો શું કહેશે ? કે પ્રોગ્રામ



મુજબ ન આવ્યા ? પરંતુ એ લોકોને શી ખબર કે એક આરિફ બિલ્લાહે, અલ્લાહના કામિલ વલીએ, અલ્લાહ તઆલાના એક નેક બંદાએ એમને દા'વત આપીને કેટલા મોટા અકસ્માતથી બચવા માટેનું બહાનું બનાવી દીધું હતું. આ બાજુ એ લોકો બિહાર તરફ જવાની ગાડી ઉપડી જવાનો અફસોસ કરતા બેસી રહ્યા અને તે જ ગાડીમાં બિહાર તરફ જતાં રસ્તામાં સેંકડો માણસો મૃત્યુ પામ્યાં અને સેંકડો માણસોને જખ્મી હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. એ વિદ્યાર્થીઓએ તો એ ગાડીથી આવવા માટેના તાર પોત પોતાને ઘેર કરી દીધા હતા. હવે કહેવું જ શું ?! દરેકના ગામમાં એક હલચલ મચી ગઈ. તેઓ તો એવું જ સમજી રહ્યા હતા કે જે ગાડીને અકસ્માત થયો તે જ ગાડીથી બધા આવી રહ્યા હશે જે પુલ કરથી ગબડી પડી. બધા રડતા કકડતા તપાસ કરવા માટે કઠિયાર તરફ ગયા તો કેટલાક લોકો અકસ્માતના સ્થળે પહોંચ્યા. બરેલી શરીફ ફોનથી તપાસ કરવામાં આવી તો ત્યાંથી ખબર આપવામાં આવી કે હઝરત મુફ્તીએ આ'ઝમની દા'વતને કારણે એ લોકોએ એ ગાડી છોડી દીધી હતી, એ લોકો એ ગાડીથી નીકળ્યા નથી. આ હાદસા પછીથી બીજા દિવસે એ બધા જ્યારે પોત પોતાના ઘેર પહોંચ્યા તો હઝરતની દા'વતનો ભેદ ખૂલ્યો. અલ્લાહના વલીઓની વાતોમાં કેવા કેવા રાઝ (ભેદ) છુપાયેલા હોય છે.

## ★ હઝરત મખ્દૂમ સિમનાની رحمۃ اللہ علیہ ની ઝિયારત ★

ખ્વાજા મુઝફ્ફરહુસૈન સાહબ કહે છે કે, એક રાત્રે મેં ખ્વાબમાં જોયું કે હું કછોછા શરીફમાં છું, જો કે એ પહેલાં હું કદી પણ કછોછાશરીફ ગયો ન હતો, પરંતુ હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہ એ મને ગરીબને પોતાની ઝિયારતથી નવાઝયો. એ એમની બંદાપરવરવી છે. તેઓ કહે છે કે મેં ખ્વાબમાં જોયું કે, મખ્દૂમ رحمۃ اللہ علیہનો આસ્તાના મુબારક છે અને હજારો લોકો એમના આગમનની રાહ જોઈ રહ્યા છે. જે રસ્તા તરફ બધા લોકો જોઈ રહ્યા હતા તે બાજુ હું પણ આશાભરી નજરે જોવા લાગ્યો, એટલામાં મેં જોયું કે મખ્દૂમ અશરફ رحمۃ اللہ علیہ આવી રહ્યા છે, એમની આગળ આગળ આગના ગોળા નીકળી રહ્યા હતા અને મખ્દૂમ સાહબ رحمۃ اللہ علیہ પુરજલાલ નજરોથી જે બાજુ નજર કરે છે, આગના ગોળા નીકળી

રહ્યા છે અને તેમાં કોણ જાણે કેટલા આસેબ (જિન્નાત) એમની જલાલતભરી નજરોથી બળીને ખાક થઈ રહ્યા છે. ચોતરફ ચીખોની પુકાર છે, દરેક માણસ ગભરાઈને નાસી રહ્યો છે. કેટલો બધો ખુશનુમા અને નૂરાની ચેહરો હતો ! જ્યારે પણ એ મુબારક ચેહરાનો તસવ્વુર કરું છું ત્યારે એક અજીબ પ્રકારની ઈમાની લિજ્જત અનુભવું છું, હઝરત મખ્દૂમ અશરફ رحمۃ اللہ علیہની પુરજલાલ શખ્સિયત આજે પણ પોતાના અકીદતમંદોને સૈરાબ કરી રહી છે. હા ! તો એ જ હાલતમાં હું પણ હઝરત મખ્દૂમ સાહબના આસ્તાનાનો દાદર ચઢવા લાગ્યો, એકાએક દાદર પર મેં જોયું તો હઝરત મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લા ઊભા છે. મને જોઈને કહેવા લાગ્યા કે મુઝફ્ફરહુસૈન ! તમે ક્યાં હતા ? હું તમને શોધી રહ્યો હતો. લો ! આ તમને મારા મખ્દૂમ સાહબે આપી છે. એમ કહીને હઝરતે મારા માથા પર એક ટોપી મૂકી દીધી તે વખતે મારી આંખ ખુલી ગઈ. હું એ ખ્વાબની તાબીર વિચારવા લાગ્યો અને બુઝુર્ગોની કરમનવાઝી પર હૈરત પામી વિચારતો રહ્યો કે ક્યાં હું, અને ક્યાં હઝરત મખ્દૂમ સાહબનો આસ્તાના ! તેઓ કહે છે કે મેં કોઈને આ ખ્વાબની વાત ન કરી, એ વર્ષે બરેલી શરીફમાં ઉર્સે રઝવીમાં ગયો. હઝરત મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લા બેઠા હતા. હઝરતે મને જોઈને કહ્યું કે તમે અહીં બેસો, હું હમણાં આવું છું, એમ કહીને હઝરત ઘરમાં ગયા. અને જ્યારે બહાર આવ્યા તો હાથમાં એક પાઘડી હતી, મને કહેવા લાગ્યા કે હું તમને ખિલાફત આપું છું, એવું બોલીને મારા માથા પર પોતાના મુબારક હસ્તે પાઘડી બાંધી દીધી. અચાનક થયેલી કરમનવાઝી પર હું ખુશ હતો, સાથે હેરાન પણ હતો અને એ ખિલાફતનો બોજ ઉઠાવવાની મારામાં હિંમત પણ અનુભવતો ન હતો. પરંતુ એ મારા પીરો મુર્શિદનો કરમ હતો કે તેઓ જેને ચાહે તેને નવાઝે છે. એ વખતે મને કેટલાયે મહિના પહેલાં હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہના મુબારક આસ્તાનાવાળો પેલો ખ્વાબ યાદ આવી ગયો. અલ્લાહ ! અલ્લાહ ! આ તરીકતના ભેદ (રાઝ) છે જે કમઝર્ફો, કમસમજવાળાઓની અક્કલ કરતાં કેટલાયે ઊંચા છે. તેઓ પોતાના માંગનારાઓ (ગદાઓ, ભિખારીઓ)ને કઈ કઈ રીતે નવાઝે છે.



**નોંધ :** આ આવૃત્તિ છપાતાં પહેલાં હઝરત મૌલાના મુશ્તાક અહમદ સાહબ નિઝામી, હઝરત મૌલાના મુફ્તી ઝૈનુદ્દીન સાહબ શૈખુલ હદીષ દારુલ ઉલૂમ ગરીબ નવાઝ–અલ્હાબાદ, હઝરત મૌલાના નસીમ બસ્તવી સાહબ વગેરેએ એનો અભ્યાસ કર્યો છે (વાંચી છે) મને અફસોસ છે કે હઝરત બુરહાને મિલ્લત મૌલાના શાહ બુરહાનુલ હક્ક સાહબ કિબ્લા જબલપુરી અને ખતીબે મશ્રિકના બે લખાણો જે એમણે આપ્યા હતાં તેને શામિલ કરી શક્યો નથી. ઈન્શાઅલ્લાહ ! આગામી આવૃત્તિમાં એને શામિલ કરી લેવામાં આવશે.

*ફકત –"રાઝ" અલ્હાબાદી, ગુફિરલહૂ મુસ્તફવી, રઝવી, કાદરી*

## ★ દુરૂદે જુમ્આ ★

જુમ્આના દિવસે જુમ્આની નમાઝ બાદ ઊભા થઈને સરકારે દો આલમ صلی اللہ علیہ وسلمના રોઝા મુબારક તરફ ચેહરો રાખીને દુરૂદે જુમ્આ અર્થાત સલ્લલ્લાહુ અલન્નબીય્યીલ ઉમ્મીય્યિ વ આલિહી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ, સલાતંવ વ સલામન અલૈક યા રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم સો વખત પઢે. જેની ફઝીલત હદીષોમાં આવી છે. એ દુરૂદ શરીફના ચાલીસ ફાયદા છે. હઝરત સૈયદી વ મુર્શદી હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લા નિહાયત પાબંદીથી પઢે છે, તેઓ જ્યારે પઢે છે તે વખતની ઈમાન અફરોઝ હાલતનું તો પૂછવું જ શું ? જે વખતે હઝરત પોતાના આકા વ મૌલા મદની તાજદાર, સૈયદે આલમ, નૂરે મુજસ્સમ صلی اللہ علیہ وسلمની બારગાહમાં દુરૂદે જુમ્આ પેશ કરે છે તે વખતે એમના પર એક નૂર વરસે છે અને એમની આજુબાજુ ઊભેલા લોકો પણ એ નૂરની કૈફિયતનો એહસાસ કરે છે.

એ દુરૂદ શરીફથી મને તો ઘણી જ બરકતો હાંસલ થાય છે. દુરૂદ શરીફ પઢયા પછી જાઈઝ દુઆઓ માંગો ઈન્શાઅલ્લાહ ! અલ્લાહ પાક જરૂરથી કબૂલ ફર્માવશે.

મુકદમાની કામિયાબી માટે તેમજ દિલી સુકૂન માટે ઉપરાંત દુનિયાવી મામલાતમાં સફળતા મેળવવા માટે **હસ્બુન્નલ્લાહુ વ નિઅ્મલ વકીલ** પઢયા કરો. અસલ શજરા શરીફમાં તો ઘણી દુઆઓ તથા ફાયદામંદ વાતો લખી છે એ શજરા શરીફને પઢયા કરો.

## ★ દુરૂદે જુમ્આની બરકત ★

બિલારી મુરાદાબાદના એક ભાઈ કહે છે કે, હું મારા એક દોસ્તને લઈને હઝરતની ખિદમતમાં હાજર થયો, ઘણી ભીડ હતી અને એક માણસ ઘણીવાર હઝરતને તાવીઝનું કહી રહ્યો હતો. હઝરતે કહ્યું કે, જુમ્આની નમાઝ બાદ હું તાવીઝ લખી આપીશ, પરંતુ તે દૂરના કોઈ સ્થળે જવાનો હતો પરંતુ હઝરત તે વખત ખૂબ ગરમ હતા એટલે મારા દોસ્ત એવું કહીને જતા રહ્યા કે, મારાથી એમને નહીં મળાય કેમ કે અત્યારે તેઓ ખૂબ ગરમ છે. તેમના ગયા પછી હઝરત મસ્જિદે જતા રહ્યા. જુમ્આની નમાઝ બાદ હંમેશ મુજબ હઝરતે જ્યારે ઊભા થઈને દુરૂદે જુમ્આનું પઢવાનું શરૂ કર્યું તો મારા અઝીઝ માસ્તર સાહબ કસમ ખાઈને કહે છે, હું જોઈ રહ્યો હતો કે મસ્જિદની છતથી લઈને હઝરતના મુબારક મસ્તક સુધી નૂરનો વરસાદ વરસી રહ્યો છે, તે જોઈને એ હેરાન હતા. દુઆ પછીથી જ્યારે લોકો હઝરતથી હાથ મેળવવા લાગ્યા(દસ્તબોસી કરવા લાગ્યા) તો હઝરતે લોકોની ભીડમાં સૌ પ્રથમ તે માણસનું નામ લઈને કહ્યું કે તમે મારી પાસે આવો. તમે ઘણા વખતથી મળવાનો ઈરાદો કરીને આવ્યો છો તે ઘણા શરમાયા અને હઝરત પાસે માફી માંગવા લાગ્યા.

દુરૂદે જુમ્આના ઘણા ફઝાઈલ છે, મુરીદોએ જોઈએ કે દુરૂદે જુમ્આ જરૂર પઢયા કરે.★★★


## ★ એક નવીન પ્રકાશન ★

**તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં**

**(પેજીસ : ૩૦૪, કિંમત : રૂા. ૫૦/-)**

**અનુવાદક : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમીવાલા ઝંઘારવી**

**લેખક : રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી-જમશેદપુરી** علیہ الرحمۃ والرضوان

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ. દયાદરા-૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,

ફોન : ૦૨૬૪૨-૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧




## તાકીદે ઈમાની

લઝ્ઝતે ઈશ્કે નબી ﷺ દિલમેં છુપાએ રખના
યે ખઝાના હૈ લૂટેરોંસે બચાએ રખના

અપની આંખોમેં મદીને કો બસાએ રખના
સબ્ઝ ગુંબદ સે નિગાહોં કો લગાએ રખના

જાને ઈમાન ભી વહી, હાસિલે ઈમાન ભી વહી
યાદે સરકાર કો સીનેસે લગાએ રખના

આજ જાહિલ ભી હૈ, આલિમ કા લિબાદા ઓળ્હે
ઐસે મુલ્લાઓંસે ઈમાન બચાએ રખના

ગુલશને તયબાહ કે કાંટે હી બહોત હૈ તુઝકો
કાગઝી ફૂલોંસે દામન કો બચાએ રખના

રબ્બે કાઅબા કે લિયે સરકો ઝુકાના લેકિન
જાને કાઅબા તરફ આસ લગાએ રખના

તેરે સજદોં કો ભી મિલ જાએગી મેઅરાજે વફા
સર ઝુકાના તો ઝરા દિલ ભી ઝુકાએ રખના

**વરફઅના લક ઝિકરક** હૈ ઉન્હીં કે ખાતિર
ઉનકી અઝમત કો હર એક લમ્હા બળ્હાએ રખના

કૂછ ન પાઓગે મુહમ્મદ ﷺ કે વસીલે કે બગૈર
"રાઝ" ઈસ રાઝ કો સીનેમેં છુપાએ રખના



## સલામ બહુઝૂર તાજદારે અહલે સુન્નત સરકારે મુફ્તીએ આ'ઝમ رضی اللہ عنہ

અઝ : હુઝૂર ''રાઝ'' ઈલાહાબાદી دامت برکاتہم العالیہ

**અસ્સલામ અય તાજદારે અહલે સુન્નત ! અસ્સલામ**
**અસ્સલામ અય મખઝને ઈલ્મે શરીઅત ! અસ્સલામ**

**અસ્સલામ અય કુત્બે આલમ ! શયખે આલમ દસ્તગીર**
**અસ્સલામ અય રવનકે બઝમે વિલાયત ! અસ્સલામ**

**અસ્સલામ અય નાઈબે ગૌષુલ વરાએ બહરો બર !**
**અસ્સલામ અય રહબરે રાહે તરીકત ! અસ્સલામ**

**અસ્સલામ અય આરિફે હક્ક જાંનિષારે મુસ્તફા !**
**અસ્સલામ અય આબરૂએ અહલે સુન્નત ! અસ્સલામ**

**અય અનીસે બેકસાં ! અય ચારહ સાઝે આશિકાં !**
**અસ્સલામ આખોંકી ઠંડક દિલકી રાહત અસ્સલામ**

**તેરા એક એક લફ્ઝ થા ઈશ્કે મુહમ્મદકા અમીં**
**તેરી હર હર સાંસ થી ઝિંદા કરામત અસ્સલામ**

**તેરે દરવાઝેસે ખાલી હાથ કબ સાઈલ ગયે ?**
**અસ્સલાબ ઈબ્ને સખી બહરે સખાવત અસ્સલામ**

**સારી દુન્યાને કિયા તસ્લીમ અપના રહનુમા**
**તેરે હી સર પર રહા તાજે ઈમામત અસ્સલામ**

**તેરી સૂરત દેખકર મુઝકો ખુદા યાદ આ ગયા**
**ઈસસે ઝાહિર હૈ તેરી શાને વિલાયત અસ્સલામ**

**મુફ્તીએ આ'ઝમ ભી તુમ થે મુફ્તીએ આલમ ભી તુમ**
**અસ્સલામ અય મેરે મુર્શિદ ! મેરે હઝરત અસ્સલામ**

**'રાઝ' મેરે રુએં રુએં સે સદા આને લગી**
**અસ્સલામ અય જાનસીંને આ'લા હઝરત ! અસ્સલામ**



## ફૌજે ગ઼મ કી બરાબર ચળ્હાઈ હૈ

**અઝ : હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખાં** رحمۃ اللہ علیہ

ફૌજે ગ઼મ કી બરાબર ચળ્હાઈ હૈ
દાફ એ ગ઼મ તુમ્હારી દુહાઈ હૈ

ઉમ્ર ખેલોં મેં હમને ગંવાઈ હૈ
ઉમ્ર ભર કી યહી તો કમાઈ હૈ

જબ ખુદા ખૂદ તુમ્હારા હુઆ તો ફિર
કૌન સી ચીઝ હૈ જો પરાઈ હૈ

તાજ રખ્ખા તેરે સર **ર-ફઅ-ના** કા,
કિસ કદર તેરી ઈઝ્ઝત બળ્હાઈ હૈ

અંબિયા કો રસાઈ મિલી તુમ તક
બસ તુમ્હારી ખુદા તક રસાઈ હૈ

મેરા બેળા કિનારે લગે પ્યારે
નૂહકી નાવ કિસને તિરાઈ હૈ

કાશ ! વો હશ્ર કે દિન કહેં મુઝસે
નારે દોઝખ સે તુઝ કો રિહાઈ હૈ

પ્યારે ખૂશ્બૂ તુમ્હારે પસીને કી
ખુલ્દ કે ફૂલોં સે ભી સિવાઈ હૈ

તય્બાહ જાઉં વહાંસે ન વાપસ આઉં
મેરે જી મેં તો અબ યે સમાઈ હૈ

મર રહા હૂં તુમ આ જાઓ જી ઉઠું
શરબતે દીદ મેરી દવાઈ હૈ

શૌકે દીદારે નૂરીમેં એ **''નૂરી''**
રૂહ ખીંચ કર અબ આંખોમેં આઈ હૈ